Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ગ્રંથોદય મંડળી.

આધિવનાશ યા હકિનોદોસ્ત

કર્તા.

ચન્દુલાલ મુકુંદરાય માસ્તર

કિમ્મત રૂપીઆ: દોઢ પોસ્ટેજ જુદું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યાધિવિનાશ યા દર્દિનો દોસ્ત.

શુદ્ધ ગુજરાતી ભાષામાં

બનાવનાર

**ચન્દુલાલ મુકુન્દરાય માસ્તર.**

પ્રાચીન ગ્રંથોદય મંડળી મેનેજર

અને

**ગુર્જ્જર વિજય માસિકપત્ર એડીટર.**



## અમદાવાદમાં

મામાની હવેલીમધ્યે અમદાવાદ યુનાઇટેડ પ્રીન્ટીંગ અને
જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના મુદ્રાલયમાં
**રણછોડલાલ ગંગારામે મુદ્રાંકિત કર્યું.**

સને ૧૮૮૯. સંવત ૧૯૪૫.

**કિમ્મત રૂપિઆ દોઢ ટપાલ ખર્ચ જુદુ.**

ગ્રંથ સ્વામિત્વના સર્વ હક કર્ત્તાએ સ્વાધિન રાખ્યાછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેરખબર.

આ ગ્રંથ—વ્યાધિવિનાશ યા દર્દિનો દોસ્ત—નામે પ્રગટ થયેલા પુસ્તકના અગાઉથી અને હવે પછીથી થનાર ગ્રાહકોએ, આ પુસ્તક ખરીદ કરતી વખતે; પ્રગટ કર્ત્તાની સહી લેવી તે શીવાયના (એટલે સહી વગરના) પુસ્તક કોઇએ લેવા નહી, છતાં કોઈ લેશે, તો તેની ઉપર કાયદેસર ઈલાજ લેવામાં આવશે.

નંબર. વ્યાધિવિનાશ યા દર્દિનો દોસ્તબુકની કિમ્મત. રૂપીઆ. આના. પાઈ. આપી આ બુક અમે ખરીદ કર્યો છે.

બક્ષીસ.

પ્રગટ કર્ત્તા તરફથી બક્ષીશ આપવામાં આવેલ છે.

સહી.

પ્રા. ગ્રં. મં. મેનેજર અને ગુર્જ્જરવિજય એડીટર. મેનેજરની ગેરહાજરીમાં આકટીંગ તરીકે કામ કરનારે સહી કરવી.

સહી.

તા. માહે સને ૧૯૮

ચન્દુલાલ મુકુંદરાય માસ્તર.

વ્યવસ્થાપક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ग्रन्थार्पण.

मे. रा. बा. चुनीलाल माणेकलाल फर्स्ट क्ला
स सबोर्डिनेट जडज साहेब अमदावाद.

आप साहेब राज्य नितिनुं उत्साहथी कार्य
करवा छतां विद्योत्तेजक काममां आगेवा
न थइ स्वदेशनुं श्रेय अने भारतीनो
उदय करवा तन, मन, अने धनथी
जे परिश्रम ल्योछो तथा आपनी मारा
प्रये अगाध प्रीतिनी यादगीरी चि
रकाल राखवाना हेतुथी हुं आ
पुस्तक आपने नम्रता पूर्वक
अर्पण करूं छुं ते
स्वीकारशो.

चं. मु. मास्तर.

प्राचिन ग्रंथोदय मंडली.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ગ્રંથની છેવટમાં "પ્રસિદ્ધ થયેલા અને હવે પછીથી પ્રસિદ્ધ" થવાના ગ્રંથની જાહેરખબર આપવામાં આવીછે તે ઉપર વાંચનારનું ખાસ ધ્યાન ખેંચવામાં આવેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથકર્તાનો પ્રસ્તાવના.

**વ્યાધિ વિનાશ યા દર્દિનો દોસ્ત.**—નામે ગ્રંથ બહાર પડેછે જેની લખવા શરૂઆત મેં કેટલાક દિવશ થયા કરી હતી પણ તેમના પુરતાં સાધન ન મળવાથી તે ગ્રંથ પ્રસિદ્ધ કરવા વિચાર મૂલતવી રાખ્યો હતો, પણ પાછળથી જેવાં જોઇએ તેવાં સાધનો મળવાથી એક સમુદાય વિષયનું પુસ્તક કરવાનો વિચાર થયો, આ વિચાર પાર પાડવામાં કેટલીક મુશ્કેલી પડી હતી, કારણ કે **આ પુસ્તકનાં** પ્રત્યેક વિષય સમજુતી સાથે પ્રગટ કરવા જોઇએ, તેવા વિષય મેળવવામાં કેટલી અડચણ આવી પડી કે તે પુસ્તક ન છપાવવું એમ પણ એક વખત વીચાર થયો હતો, પણ કેટલાક મિત્રોની ઉસ્કેરણીથી તે વીચાર બંધ રાખી જોઇતાં સાધન મેળવી તે પુસ્તક છાપવું શરૂ કર્યું.

ગુજરાતી ભાષામાં વૈદક સમ્બંધી ઉપયોગી પુસ્તક મારા ધારવા પ્રમાણે ઘણા નથી પણ ઈંગ્રેજી ઢબને અનુસરી ઘણા પુસ્તક જોવામાં આવેછે. પણ તેની અન્દર કેટલાક વિષય એવા કઠણ હોયછે કે પુસ્તક વાંચવાથી પુરૂં જ્ઞાન ન મળે તો પછી રોગનું નિદાન કરી ઔષધોપચાર શી રીતે કરી શકે? એવા હેતુથી ફક્ત ખરો જે તત્વ તેને શોધી દેશી ઢબને અનુસરી. "**વ્યાધિ વિનાશ યા દર્દિનો દોસ્ત**" નામે પુસ્તક પ્રગટ કર્યુંછે જે પુસ્તકને એક વખત આદિથી અન્ત સુધી વાંચે ખાત્રી થશે, તેમજ કેટલાક પુસ્તકમાં ઈંગ્રેજી ઔષધો વાપરવામાં આવેછે, અને તેનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોલ માપ પણ ઇંગ્રેજીમાં દર્શાવ્યા હોયછે જેથી કેટલાક મનુષ્યોને તે દવા વાપરતાં કેટલી હરકત આવેછે કારણ કે કેટલેક સ્થળે ઇંગ્રેજી ઔષધો તે દેશને અનુસરી દાખલ કર્યા છે, પણ આપણે તે દેશના તોલ માપ સાથે સમ્બંધ નથી, એવા હેતુથી આ પુસ્તકની અન્દર તમામ દેશી વનસ્પતી (એટલે કાષ્ટોષધી) આપણા દેશને અનુસરી તોલ માપ સાથે દાખલ કરીછે, તથાપિ વાપરતી વખતે રોગ અને વયનું નિશ્ચે કરી ઔષધ આપવું. કારણ કે વૈદકશાસ્ત્ર ઘણું બારીકછે અને તેનો પુરતો અનુભવ હોવો જોઇએ કારણ કે આપણા પ્રાચીન વૈદક શાસ્ત્ર ઘણા વર્ષ થયા લખાયલા છે અને ત્યાર પછી તેના ઉપર વિશેષ અવલોકન તથા વિચાર થયો નથી તેમાં કાળે કરી ફેરફાર થયો હશે. હાલમાં વૈદક શાસ્ત્રનું સોધન થવા માંડ્યુ છે પણ તે ઉપર વધારે લક્ષ અન્યદેશ નિવાસી સ્વદેશી ભાષામાં ગ્રંથો બનાવી પ્રગટ કરેછે પણ જેવી ખુબીથી પ્રાચીન ગ્રંથકર્તાઓએ સંસ્કૃત ભાષામાં રચ્યાછે તેવી રચના કદી પણ આવવાની નહી એમ નકી જાણવું. આ વાક્ય ઉપરથી વીપરીત ન સમજવું, અને અમારૂં એમ પણ કહેવું નથી કે તે ભાષામાં રચેલાં પુસ્તકો નિરઉપયોગી છે, યા તેનો કોઈ ઉપયોગ કરતું નથી. એવો મતભેદ નથી પણ એટલું તો નકી કે પૂર્વે ગ્રંથકારોની રચના અને હાલના ગ્રંથકારોના ગ્રંથની રચનામાં અવશ્ય ફેર પડશેજ, તથાપિ જો પ્રયાસ શરૂ હશે તો કાળે કરી ઉપરની ખોટ પુરી પડશે અને ધારેલી મુરાદમાં ફતેમંદ નિવડીશું.

આ પુસ્તકમાં સાત પ્રકરણનો સમાવેશ કરવામાં આવ્યોછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેના દરેક પ્રકરણ લંબાણથી અને બહુ વિસ્તારથી નહીં લખી શકાય એતો સ્પષ્ટ છે કારણ કે તેમ કરવા જતાં પુસ્તકનું કદ હદ ઉપરાંત જતું રહે, જો કે દરેક પ્રકરણનો બહુ વિસ્તાર નથી કર્યો તથાપિ દરેક પ્રકરણમાં અગત્યનો ભાગ કોઈપણ રહી ન જાય એવી કોશીશ કરવામાં આવી છે.

આ પુસ્તકની અન્દર વપરાતી સર્વ કાષ્ટ ઔષધી દાખલ કરીછે અને પ્રત્યેક ઔષધીની બનાવટ અને તેની ઉપર નંબર દાખલ કરવામાં આવેલછે તે નંબર જોઈ બીજા વીભાગમાં આવેલા રોગોનું નિદાન અવલોકન કરી ઔષધો વાપરવાં. આની અન્દર રસાયણ એટલે ધાતુ અને ખનીજ પદાર્થનો પણ સમાવેશ કર્યો છે કારણ કે દેશી ઔષધિમાં ધાતુ અને તેની ભસ્મ અને માત્રા બહુ વપરાય છે પણ તે સર્વને આ પુસ્તકમાં લેવા દુરસ્ત ધાર્યું નથી કારણકે તેમની બનાવટ યા કૃતી માટે એક મત નથી, માટે જેટલી આ પુસ્તકમાં દાખલ કરી છે જેમાંની કેટલીક વિશે અમને ખાત્રી છે કે તે અવક્રિયા નથી કરતી—દેશી ઔષધી અને ધાતુથી કેટલાંક ચમત્કારીક ઔષધો બને છે પણ તેનો અનુભવ લેવાય તથા બનાવટ કરી ઉપયોગ કરી શકાય તેવાં સાધનો નથી કારણ કે તેમાં રાજ્યકીય આશ્રય સિવાય બની શકે તેમ નથી તેથી વધારે ડોળમ ડોળાં ન કરતાં તત્વરૂપે સંક્ષેપથી દર્શાવ્યો છે. દેશી ઔષધીઓના ગુણ દુષણ, માત્ર. બનાવટ, અને ઉપયોગનું વર્ણન કર્યુંછે, દેશી વૈદકનું પ્રકરણ ઘણું અપૂર્ણ છે એમ હું સારી રીતે જાણુંછું, અને આ પુસ્તકની બીજી આ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતીનો પ્રસંગ આવશે તો આ ખોટ પૂરી પાડવા આશા રાખુંછું.

આ પુસ્તકમાં સરળ અને સ્હેલી ગુજરાતી ભાષા વાપરવામાં આવીછે, સંસ્કૃતના શબ્દો ઘણી જગ્યાપર બાદ કરવા પ્રયત્ન કર્યોછે છતાં કોઈ જગ્યાએ સંસ્કૃત શબ્દો રાખવા દુરસ્ત ધાર્યું છે કેમકે તેને ઘણાખરા વૈદક સંબંધી જ્ઞાન ધરાવનાર સમજી શકેછે.

આ પુસ્તક તૈયાર કરવામાં ઈંગ્રેજી અને દેશી પુસ્તકોનો લાભ લેવામા આવ્યો છે. મારા ઇષ્ટમિત્ર કલ્યાણરાય આરતલાલ તરફથી દેશી ઔષધી તથા બીજા વિષય લખવામાં અમૂલ્ય મદદ મળી છે તથા આ પુસ્તક તૈયાર કરવામાં પ્રુફ સુધારવામાં અને પુસ્તકની ગોઠવણ કરવામાં જે જે મદદ મળીછે એથી એ ગ્રહસ્થનો આ પ્રસંગે મ્હોટો ઉપકાર માનુંછું.

ઘણા અગત્યનાં કામોમાં એકજ વખતે મન રોકવાથી આ ઉપયોગી પુસ્તક છપાવવા પાછળ જેટલો વખત રોકવો જોઇએ તેટલો મારાથી રોકી શકાયો નથી તેમ તેના પ્રુફશીટ સુધારવામાં જેટલી કાળજી રાખવી જોઇએ તેટલી રાખી શકાઈ નથી તેથી ઘણે ઠેકાણે દ્રગ્ દોષિત ભૂલો રહી ગઈ હશે તેને માટે હું આશા રાખુંછું કે શુજ્ઞ વાંચનાર દરગુજર કરશે.

ચં. મુ. માસ્તર.

For Private and Personal Use Only

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મંગળાચરણ | ૧ |
| **પ્રકરણ ૧ લું.** | |
| આરોગ્યના વિષે સુચના | ૧ |
| હવા ક્યારે ને કેવી લેવી | ૩ |
| કપડાં | ૪ |
| હજામત | ૫ |
| સ્નાન | ૬ |
| નીત્યકરમ | ૬ |
| ચા | ૭ |
| ભોજન | ૮ |
| ભક્ષ પદાર્થની સમજુતી | ૮ |
| વાયુના પ્રકોપની સમજ | ૧૧ |
| પીતના પ્રકોપની સમજ | ૧૧ |
| કફના પ્રકોપની સમજ | ૧૨ |
| દેશભેદ | ૧૨ |
| રૂતુવિચાર | ૧૨ |
| છ રૂતુની સમજ | ૧૨ |
| એક રૂતુમાં સંચય થએલો બીજી રૂતુમાં પ્રકોપ પામે તેની સમજ | ૧૩ |
| એક દીવસમાં છ રૂતુઓની સમજ | ૧૩ |
| રૂતુની પરીક્ષા | ૧૩ |
| રૂતુની અન્દર ભક્ષાભક્ષ વિધી | ૧૫ |
| સાધારણ નીયમો | ૧૮ |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| **પ્રકરણ ૨ જું.** | |
| રોગોની ઉત્પતીની સમજ | ૧૯ |
| રોગોનું નિદાન | ૧૯ |
| સામાન્ય રીતે રોગોના ઉપદ્રવની સમજ | ૨૦ |
| ઝાડો રોકવાથી થતા રોગ | ૨૧ |
| પેશાબ રોકવાથી થતા રોગ | ૨૧ |
| ઓડકાર રોકવાથી થતા રોગ | ૨૧ |
| છીંક રોકરવાથી થતા રોગ | ,, |
| કામ રોકવાથી થતા રોગ | ,, |
| આંસુ રોકવાથી થતા રોગ | ,, |
| વોમીટના રોકવાથી | ,, |
| નિંદ્રા રોકવાથી થતા રોગ | ૨૨ |
| ઉધરશ રોકવાથી થતા રોગ | ,, |
| તરસ રોકવાથી થતા રોગ | ,, |
| મહેનતથી દમ ભરાય અને તે રોકવાથી થતા રોગ | ,, |
| ભુખ રોકવાથી થતા રોગ | ,, |
| દુત પરીક્ષા | ,, |
| શુભાશુભ શુકુનની સમજ | ૨૩ |
| ,, શુભ શુકુન | ,, |
| નાડી પરીક્ષા | ૨૩ |
| નાડી કેવા દરદીની ન જોવી તેની સમજ | ૨૪ |
| નાડીની ગતી તથા તેથી ઉત્પન્ન થતા દોષોની સમજ | ૨૪ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




મુત્ર પરીક્ષા..................૨૫
જીવ્હા પરીક્ષા..................૨૬
ઝાડાની પરીક્ષા.............,,
નેત્ર પરીક્ષા ................,,
ચેહેરા ઉપરથીદરદીની પરીક્ષા ,,
વૈદને સુચના.................૨૭
વૈદ કેવો જોઇએ..............૨૭
કેવા વૈદનું ઔષધ ન ખાવું ૨૮
ખરાબ પાણીથી રોગોની ઉત્પતી ..................૨૮
કાળ જ્ઞાન ....................૨૯
રોગોના ત્રણ પ્રકાર છે ... ..૩૦
રોગોના નિદાન ..............૩૧
જ્વર ઉત્પન્ન થવાનો મુખ્ય ભેદ ૩૨
જ્વર આવવાની અગાઉનાં ચીન્હ .....................૩૨
વાયુના તાવના લક્ષણ......૩૨
વાતપીતના તાવના લક્ષણ...૩૩
પીતના તાવના લક્ષણ .....૩૩
પીત કફના તાવના લક્ષણ...,,
કફના તાવના લક્ષણ ....... ૩૪
વાત કફના તાવના લક્ષણ...,,
સન્નેપાતના તાવના લક્ષણ...,,
કામવીકારનો તાવ ... ...૩૫
એકાંતરીઆ તાવના લક્ષણ ૩૫
હાડજ્વરના લક્ષણ........૩૬
બીકના તાવનાં લક્ષણ.....,,
જીર્ણજ્વરના લક્ષણ ........,,
અજીર્ણ તથા મળના તાવના લક્ષણ ...............,,
સુવાવડી સ્ત્રીના તાવના લ. ૩૭
કાળજ્વરના લક્ષણ ........૩૭
અતીસારનું નિદાન .........,,
વાયુના અતીસારના લક્ષણ ૩૮
પીતના અતીસારના લક્ષણ ,,
કફના અતીસારના લક્ષણ...,,
સનેપાતના અતીસારના લક્ષણ,,
અફસોસ તથા શોકાદીકથી થતા અતીસારના લક્ષ...૩૯
આમાસયથી મળ પેદા થવાથી અતીસાર થાય તેના લક્ષણ ..................,,
સંગ્રહણીના લક્ષણ.........,,
વાયુપ્રકોપથી સંગ્રહણીના લ૦ ૪૦
પીત સગ્રહણીના લક્ષણ .....,,
કફની સંગ્રહણીના લક્ષણ...,,
સનેપાતમાં સંગ્રહણીનાલક્ષણ૪૧
હરસ રોગનું નિદાન........,,
વાયુના હરસના લક્ષણ......૪૨
પીતના હરસના લક્ષણ .....,,
કફના હરસના લક્ષણ......,,
લોહી પડતા ખુની હરસનાં લ.૪૩
કૃમીરોગનું નિદાન............,,
પાંડુરોગના લક્ષણ........૪૪
વાયુથી થતો પાંડુરોગ.....,,
કફથી થતો પાંડુરોગ........,,
પીતનો પાંડુરોગ..........૪૫
ત્રીદોષનો પાંડુરોગ...... ..... ,,


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




કમળાનું નિદાન...........,,
રક્તવીકારના રોગની સમજ ૪૬
અજીર્ણ વીકારની સમજ...૪૭
ઉધરશના રોગની સમજ ...,,
વાયુની ઉધરશના લક્ષણ.....૪૮
કફની ઉધરશના લક્ષણ......,,
પીતની ઉધરશના લક્ષણ.....,,
અસાધ્ય ઉધરશના લક્ષણ...,,
ક્ષયરોગની સમજ..............,,
દમની સમજ... ...........૪૯
અરૂચીની સમજ...........૫૦
ઉલટીની સમજ ..........૫૦
ઉન્માદની સમજ............૫૧
વાયુના પ્રકોપથી ઉન્માદની સ.૫૨
પીતના ઉન્માદની સમજ...,,
કફના ઉન્માદની સમજ......,,
ઝેરી વસ્તુઓ ખાવાથી થતા
દરદની સમજ............૫૩
ફેફરાનાંલક્ષણ............. ૫૩
પક્ષઘાતનાંલક્ષણ...........૫૫
સૂળરોગ.... ...............૫૬
ગુલ્મવાયુના રોગના લક્ષણ...૫૭
બરોળના લક્ષણ..........૫૯
મૂત્રગાંઠના લક્ષણ............૬૧
પથરીના રોગના લક્ષણ .. ..૬૨
પ્રમેહની સમજ............૬૩
મધુ પ્રમેહ થવાનાં કારણ...૬૪
મેદરોગની સમજ............,,
ઉદરરોગની સમજ.........૬૫
જળોદરના લક્ષણ........૬૬
સોજાની સમજ..............૬૭
આંતરગળના રોગની સમજ ૬૮
સારણગાંઠના લક્ષણ.........૬૯
બદ ........................,,
કંઠના રોગના લક્ષણ........૭૦
ભગંદરનો રોગ.............,,
ઉપદંશના રોગની સમજ......૭૨
પાંડુરોગની સમજ...........૭૩
દાદર ગજકરણના લક્ષણ...૭૪
ખરજવાનું નીદાન............૭૪
વાળો નારૂનું નીદાન ........૭૫
વીસફોટકના રોગનું નીદાન...૭૬
શીતળા બળીયા કાકાનું નીદાન.૭૭
મસ્તક રોગ ...............૭૮
સંધીવાનું નિદાન..........૮૦
રક્તપીતના રોગનું નીદાન...૮૧
રતવાનું નીદાન ..........,,
કોગળીયું યા મરકીનું નીદાન ૮૩
મુંઝારાની ગાંઠનું નીદાન...૮૪
સલેકમનું નીદાન............૮૫
પીનસના દરદનું નીદાન......૮૬
વરાધનું નીદાન..............૮૬
લુ લાગવાનું નીદાન ........૮૭
શીળસનું નીદાન............૮૮
કખવાનું નીદાન..........,,
લુખસનું નીદાન..........,,
ખાલનું નીદાન............૮૯
ખસનું નીદાન..............,,


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




દાઝવાનું નીદાન...........૯૦
હડકવાનું નીદાન...........,,
ધનુરઆંચકીનું નીદાન ....૯૧
આંચકી તથા ધનુરના લક્ષણ ૯૨
કર્ણરોગની સમજ...........,,
નેત્રરોગની સમજ ..........૯૪
આંખમાં રશપડનું વધવું...૯૬
આંખમાં વાવલાની સમજ ,,
આંખમાં ખીલ તાપોડીઆની સમજ.............૯૭
આંખની અન્દર ફુલાનું પડવું,,
આંખનું તેજ કમી થવાની સમજ ................૯૮
ઝામરવાની સમજ .. ... ...૯૯
પરવાળાની દરદની સમજ...,,
મુખરોગ.................૧૦૦
હોઠરોગ....................,,
દાંતરોગ....................,,
મુખપાકની સમજ ........૧૦૧
ગાળપચોળીઆની સમજ.. ,,
ગળાનું દરદ...............,,
વાજીકર્ણની સમજ.........૧૦૨
સ્ત્રી રોગની સમજ... ....૧૦૨
યોનીના સોજાની સમજ.....૧૦૩
નાના બાળકોને પ્રદરની સમજ૧૦૩
યોની ઉપર થતા દર્દની સમજ૧૦૩
મુત્રદ્વારની ઉપર સોજાની સમજ...................૧૦૪
યોની હર્દની સમજ........,,
યોની પ્રદરની સમજ.........,,
રજોદર્શન પ્રકાર...........૧૦૫
સુવા રોગની સમજ.........૧૦૬
બાળકના રોગની સમજ ..૧૦૭


## પ્રકરણ ૩ જું

ઔષધીઓના ગુણ અને દુ-ષણ પાના ૧૦૭—૧૨૨ સુધી.

વિષ પ્રકરણની સમજ.


સોમલ.....................૧૨૨
રસકપુર....................૧૨૩
ત્રાંબાનું ઝેર..............૧૨૩
ભીલામાનું ઝેર ...........૧૨૩
થોરનું ઝેર.................૧૨૪
તમાકુ ......................,,
વછનાગ....................૧૨૫
અફીણ ....................૧૨૫
ધંતુરો ......................,,
દારૂ .......................૧૨૬
ઝેરકોચલાં ..................,,


## પ્રકરણ ૪ થું.


સાદો તાવ.................૧૨૬
વાયુનો તાવ...............૧૨૭
પીતજ્વર...................૧૨૮
કફજ્વર સાથે ઉધરસ ....૧૨૯
વાયુ ને કફના તાવનો ઈ...૧૩૦
કફ પીતના તાવનો ઈલાજ.૧૩૧
સનેપાત .................. ૧૩૫
અતિસાર ..................૧૩૭
વાયુનો અતીસાર..........૧૩૮


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પીતનો અતીસાર ... ...૧૩૯
કફનો અતીસાર......... ,,
લોહી પડતો અતીસાર......૧૪૦
સંગ્રહરણી ૧૪૦
હરસનો ઉપાય..........૧૪૫
કૃમી રોગના ઉપાય.........૧૪૮
પાંડુ રોગનો ઉપાય........,,
કમળો ........ .........૧૫૦
રક્ત વીકારનું ઔષધ......૧૫૧
વાતરક્તનો ઉપાય ......૧૫૩
અજીર્ણના રોગનું ઔષધ. ૧૫૪
ઉધરસના ઈલાજ.........૧૫૪
ક્ષયનો ઈલાજ...........૧૫૯
દમનો ઉપાય.............,,
શ્વાસના ઉપાય...........૧૬૧
અરૂચીના ઔષધ...... ..૧૬૩
ઉન્માદના ઉપાયો .........૧૬૭
ફેફરાના ઉપાયો ...........૧૬૭
પક્ષઘાતના ઉપાયો ........૧૬૯
સુળના ઉપાયો........... ૧૬૯
ગુલ્મવાયુના ઉપાયો ......૧૭૨
બરોળના ઉપાય ............૧૭૪
મુત્રકૃચ્છના ઉપાય......... ,,
પથરીના ઉપાય ............૧૭૭
પ્રમેહના ઉપાય ...........૧૭૮
મધુ પ્રમેહના ઉપાય ......૧૭૯
મેદરોગના ઉપાયો .........૧૮૧
ઉદરરોગના ઉપાયા ......૧૮૨
જળોદરના ઉપાયો........૧૮૫
સોજાના ઉપાયો.. .........૧૮૬
આંતરગળના ઉપાયો ......૧૮૭
સારણગાંઠના ઉપાયો ...... ,,
બદના ઉપાય ........... ,,
કંઠમાળાના ઉપાયો........૧૮૯
ભગંદરના ઉપાયો .........૧૯૧
ઉપદંશના ઉપાયો .. ......૧૯૨
પાઠાના ઉપાયો ............૧૯૩
દાદર અથવા ગજકરણના ઉપાય .... ... .... ...૧૯૪
ખરજવાના ઉપાયો ......૧૯૫
વાળાના ઉપાયો............૧૯૬
વીસ્ફોટકના ઉપાયો.........૧૯૭
વીસ્ફોટકરોગ ઉત્પન્ન થવાનાં કારણ ............... ૧૯૮
શરીરે ચાંદીના ઉપાય......૨૦૦
પારાની વીક્રીયાની સમજ...૨૦૧
શીતળાના ઉપાયો .........૨૦૨
મસ્તકરોગના ઉપાય... ......૨૦૩
મગજ ખાલી પડે તેનો ઉ...૨૦૪
સન્નિવાના ઉપાયો .........૨૦૬
રક્તપીતના ઉપાયો ........૨૦૯
રતવાના ઉપાયો............૨૧૧
કોલેરાના ઉપાયો............ ,,
મુઝારાની ગાંઠના ઉપાયો...૨૧૨
સળેખમના ઉપાયો ........૨૧૩
પીનસના ઉપાયો........... ,,
સસણી તથા વરાધના ઉપાયો૨૧૪
લુ લાગે તેના ઉપાયો......૨૧૬


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીલસના ઉપાયો........ ,,
બામલાઈના ઉપાયો ..... ૨૧૭
લુખસના ઉપાયો ......... ,,
ખીલના ઉપાયો .. ...... ૨૧૭
ખસના ઉપાયો............ ,,
દાઝાના ઉપાયો.......... ૨૧૮
હડકાવના ઉપાયો ......... ૨૧૮
કરણરોગના ઉપાયો....... ૨૧૯
નેત્રરોગના ઉપાયો........ ૨૨૦
મુખરોગના ઉપાયો......... ૨૨૧
હોઠ રોગ ...... ........... ,,
સ્ત્રી રોગના ઉપાયો...... . ૨૨૫
પ્રદરરોગના ઉપાયો........ ૨૨૬
સુતીકારોગના ઉપાય ..... ૨૨૭
બાળરોગના ઉપાયો........ ૨૨૮
બાળકને બંધકોશ ......... ૨૨૯
બાળકને ઉધરસ............ ૨૨૯
બાળકને ઝાડાનો ઉપાય ..... ,,
બાળકને કૃમીનો ઉપાય .. .. ,,
બાળકના તાવના ઉપાયો ... ૨૩૦
બાળકને માથુદુખવાનાં ઉપાયો ,,
બાળકના માથામાં ગડ નીકળેતે ,,

**પ્રકરણ ૫ મું.**

ધાતુનું સોધન અને મારણ ૨૩૧
હીંગળોક .................. ૨૩૨
ગંધક ........... ........ ,,
ઝેરકોચલાં................ ,,
કલઇ ... ................ ,,
અફીણ ............... .. ,,
ટંકણખાર.................. ,,
સોમલ સંખીયો ........... ૨૩૩
સોમલ.................... ,,
રસકપુર .. ...... ... ..... ,,
હીંગળોકમાંથી પારો કહાડવાની રીત .............. ,,
ચોનીકપુર .............. ૨૩૪
રૂપીમસ્તકી................ ,,
શીલાજીત................. ,,
પારો ...................... ૨૩૫
હડતાલ .................. ,,
મનસલ .................. ૨૩૫
હીરા મોતી પરવાળા ...... ,,
નેપાળો.................... ,,
સુવર્ણાદીક ધાતુનું સોધન.. ,,
સોનાનું મારણ ......... .. ૨૩૬
રૂપરસનું મારણ.......... ,,
તામ્ર ભસ્મ ............... ,,
પીતળ મારવાની વીધી ..... ,,
સીશું મારવાની વીધી...... ,,
બંગ મારવાની વીધી ...... ૨૩૮
લોહ મારણ વીધી......... ,,
સોનામખીનું મારણ ...... ૨૩૮
અભ્રક ભસ્મ.............. ૨૩૯
સુરમાનું સોધન........... ,,
મનસીલ ................ ,,
હડતાલ ................. ,,
પારો ..................... ૨૪૦
ખાપરીયું.................. ,,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




प्रकरण ६ ठुं.

રોગોની સંખ્યા ... ......૨૪૧

પ્રકરણ ૭ મું.

શરીર પ્રકરણ......... .....૨૪૨

શરીરનાં અસ્થિની સમજ...૨૪૪

આધારણ સ્નાયુની સમજ...૨૪૮


અસ્થિભંગનું નીદાન......૨૫૦

પાતાલયંત્રની સમજ ......૨૫૩

ડમરૂયંત્રની સમજ ............,,

ઔષધોના પ્રતિનિધીની સમજ ......... ......૨૫૪

અગત્યની સૂચના .........૨૫૬

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમદાવાદ.
# પ્રાચિન ગ્રંથોદય ઓફીસમાંથી પ્રગટ થયેલાં પુસ્તકોની યાદી.

## પ્રગટ થયેલાં.

જ્યોતિષ સિદ્ધાન્ત ભાગ ૧ લો—જ્યોતિષશાસ્ત્રનો ગ્રંથ—શુદ્ધ ગુજરાતી ભાષામાં.

વ્યાધિવિનાસ યા દર્દિનો દોસ્ત—વૈદ્યક શાસ્ત્રનો ગ્રંથ—શુદ્ધ ગુજરાતી ભાષામાં.

બીરબલ વૃતાંત—અકબર અને બીરબલની વાત

ગુર્જર વિજય—માસિક ચોપાનીઉં હાલ પ્રથમ વર્ષ ચાલેછે. કિંમત રૂ૦—૮—૦

## હવે પછીથી પ્રગટ થનાર પુસ્તકો.

ચન્દ્રકોશ—સંસ્કૃત શબ્દનો ગુજરાતી અર્થ.

ભગવદ્ગીતા—પદ્યમાં.

ગ્રહસ્થો પયોગી ભોમીઓ.

વૈદ્યવત્સલ—માસિક ચોપાનીયુ વૈદ્યકશાસ્ત્રનું.

અમદાવાદ.
પ્રાચિન ગ્રંથોદય ઓફીસ. } ચન્દુલાલ મુંકુંદરાય માસ્તર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અથ વ્યાધિવિનાશ યા દર્દિનોદોસ્ત.

## अथ मंगळाचरण.

### श्लोक.

कंठेयस्यविराजितेहिगरलंशिरषेचमंदाकिनि ।
वामांगेगिरजानमूकटिटटेशार्दूलचर्माम्बरं ॥
मायायस्यरुणाद्विविश्वमाखिलंतस्मैनमःशंभवे ।
जंबुवत्जलबिन्दुवत्जलजवत्जंबालवत्जालवत् ॥

અર્થ—જેના કંઠને વિશે જાંબુના રંગની પેઠે વિષ સોભી રહ્યું છે અને મસ્તકને વિશે, જળ બીંદુવત ગંગાજી બીરાજમાન છે, અને ડાબા અંગે કમળની પેઠે પાર્વતી સોભેછે, કટીને વિષે શાર્દુલ, ચર્મ, શેવાળની માફક સોભી રહ્યુંછે જેની માયામાં આખુ જગત, જાળ રૂપે લપટાઈ રહ્યું, એવા જે શંકર, તેને નમસ્કાર કરી આ ગ્રંથનો પ્રારંભ કરૂંછું.

---

## પ્રકરણ ૧ લું.

### આરોગ્યતા વિષે સુચના.

શરીર સુધારી આરોગ્યતામાં વધારો કરવો, તે પ્રાણી માત્રનો મુખ્ય ધર્મ છે, કારણ કે "શરીરે સુખી તે સર્વ વાતે સુખી" આ કહેવત પ્રમાણે જેમ બને તેમ તન મન અને ધનવડે તંદુરસ્ત થવું,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જેથી નાના પ્રકારના ભોગનો લાભ લઈ શકાય, એટલુંજ નહી પણ આપણી કાન્તી તથા કીર્તિમાં વધારો થાય; આપણી ઉત્પન્ન થતી પ્રજા નીરોગી થાય, આપણા આયુષમાં વધારો થાય, જીંદગી સુખી અવસ્થામાં કદાચ, શરીરે નીરોગી રહેવાય, અને તેથીજ સારાં ફળ ઇ. ની પ્રાપ્તી થાય. મનુષ્ય માત્રને શરીરની અંદર જે દર્દો પેદા થાયછે, તેના બે પ્રકાર છે—એક શારીરીક તથા બીજો માનસીક, શારીરીક પ્રત્યેક શરીર યા બહાર રહેછે, અને માનસીક જેને "આધી એવી સંજ્ઞા કહેછે" તે માત્ર શરીરની અંદરજ રહેછે. આ બન્ને દરદો શરીરમાં કુપથ્યના પ્રકોપથી પેદા થાયછે, તે કુપથ્યથી ત્રીદોષ પેદા થાયછે. ત્રીદોષ કોપાયમાન થઈ, શરીરની અંદર આપી નાના પ્રકારના અવયવોને ખરાબ કરી અનેક પ્રકારનાં દરદો પેદા કરેછે; જેમાંનાં કેટલાંએક દરદોતો કાળે કરીને અસાધ્ય થઇ દેહાંત પર્યંત રહેછે, ને કોઈ ઉપાય તેને લાગુ પડતો નથી. કેટલાંક દરદો એવાં થાયછે કે જેનો યોગ્ય ઉપાય થાય તો મટીજઈ શરીર સુધરેછે; પણ શરીરમાં કોઈ પ્રકારનો વ્યાધી થઈ બહુ ફેલાવ પામે તો તેને દુર કરતાં બહુ દુઃખ સોસવું પડે, પૈસાની અવશ્ય બહુ રહે; છતાં તેનો ખરો ઈલાજ ખબર ન હોય તો તે સાધ્યનો અસાધ્ય થઈ જીંદગીને ખરાબ કરેછે, એટલુંજ નહીં પણ પ્રજાને રોગીષ્ટ નીરબળ તથા કૌવતહીણુ કરે જેથી વંશ વૃધી પણ તેવીજ થાય, ને સારૂ પરીણામ પણ તેથી ભાગ્યેજ નીપજે તેટલાજ માટે દરેક મનુષ્ય હજાર કામ પડતાં મુકી લાખોની આપપત્ત ત્યાગી પ્રથમ શરીર સુધારવું એમ પ્રત્યેક જણને કહેવાની અમારી ફરજ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવા ક્યારે ને કેવી લેવી.

પ્રત્યેક મનુષ્યને દરરોજ હવાની જરૂર છે, જે ચોખ્ખી ખુલ્લી ૧૫૦ ફીટ લંબાઈ તથા ૪૦ ફીટ ઉચાઇને આશરે સુગંધીદાર લેવી જેથી શરીરને પુષ્ટી મળેછે; ને તેથી કરીને આરોગ્યતા સુધરે છે. તે હવા જંગલ મેદાન બાગ નદી તળાવ; ને બને તો દરીયા કીનારાની લેવી તે અત્યંત પુષ્ટી આપે છે; તેમજ સાંજના છ વાગ્યાથી આઠ વાગ્યા સુધીની હવા પણ બળવાન છે. માટે તે પણ લેવાની જરૂર છે. સબબ; તમામ દીવસ કામ કરવાથી મગજ ધુમરાઈ જાય છે, તે હવાથીજ સુધરે છે, ને તેના સુધરવાથી સારા સારા વિચારો પેદા થાય છે; તેટલાજ માટે દરેક મનુષ્યને હવાની જરૂર છે. મગજ તર રાખવાને સુગંધીદાર પુષ્પો (ફુલો)નું સેવન કરવું, સબબ, તેને સુધારવાનો આધાર હવા ઉપર છે, માટે જેમ બને તેમ ચોખ્ખી હવા લેવી. પાછલી રાત્રે (૩)થી પાંચ વાગ્યા સુધીની હવા ઝેરી હોય છે તેથી તેનો ત્યાગ કરવો. ચોમાસામાં તથા સખ્ત તાડ પડતી શીઆળાની હવાનો ત્યાગ કરવો. ગરમ, ખરાબ ઝાડની, ગંદા પાણીની તથા ઘણા માણસની ગીરદીની હવાનો પણ ત્યાગ કરવો. શીઆળામાં હવાની જરૂર નથી માટે તન તથા મનને શરીરની શકતી માફક કસરત આપવી જેથી શરીરનાં અવયો છુટાં રહે. મગજ સુધારવાને પ્રત્યેક મનુષ્યે ચોખ્ખુ ગાયનું તાજુ ઘી તેની અંદર કેસર અથવા એલચી ઝીણી વાટી હમેશાં સવારે નાકમાં સુંઘવાં, જેથી મગજમાં બહુ સુધારો થશે, તબીયત સુધરશે અને તેથી આપણે સારો ફાયદો થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કપડાં.

દરેક મનુષ્યે સ્વચ્છ તથા ધોયેલાં કપડાં પેહેરવાં. એક વાર પેહેર્યાં ને પરશેવો બહુ લાગ્યો હોય તો તેમને ધોઈનેજ બીજે દીવસે પેહેરવાં સબબ; તેવાં કપડાંમાં ગંદકી તરત પેદા થાયછે. જેથી કરીને જુ, ઈત્યાદી નાના જીવોની ઉત્પતી બહુ થાયછે ને શરીરને નુકસાન બહુ કરેછે; તેટલાજ માટે સ્વચ્છ તથા ધોયેલાં વસ્ત્ર પેહેરવાં જોઈએ પણ બહુ જાડાં ને વધારે સખ્ત નહિ પેહેરવાં. ફક્ત બે અગર ત્રણ પેહેરવાં બને તો ફલાટીન અગર ઉનનાં કપડાં અંદરના ભાગમાં પેહેરવાં જેથી કરીને ગરમીથી પરશેવો અંદરજ રહી, શરીરને થંડુ રાખેછે. થંડી હવામાં વધારે ફરવાનું હોય તો હાથે ને પગે મોજાં રાખવાં તેથી તેમનું રક્ષણ થાય છે. દેશી રીવાજ મુજબ પાગડી બહુ મોટી તથા તોલમાં ભારે પેહેરવી નહિ. સબબ વધારે બોજાથી મગજને નુકસાન પોહોચે છે, તથા વ્યાધી થઈ નેત્ર દોષ પેદા કરેછે તેથી જેમ બને તેમ હલકા વજનની પેહેરવી. બીજુ આપણા અસલ રીવાજ પ્રમાણે રંગીન કપડાં પેહેરવાં પડેછે તે કેટલેક દરજે રીવાજ સારો છે, પરંતુ લીલા રંગનાં બનાતી, તથા, સાદાં કપડાં બનતા સુધી ન પેહેરવાં, કારણ કે તે રંગમાં ઝેરની અસર હોવાને લીધે, કોઈ વખત, શરીરને નુકસાન પોહોચાડે છે. બીજા રંગનાં કપડાં માટે કાંઈ હરકત નથી. કોઈ કોઈ ઠેકાણે રૂતુને અનુસરી કપડાં રંગબેરંગી, ચીત્રવીચીત્ર, પેહેરવાનો ચાલ ઘણો ઉતમ છે. પણ ઘણાં તંગ ને બદનને ચોટીજાય તેવાં સખ્ત ન પેહેરવાં તેમ ઘણાંજ ઢીલાં ને નરમ ને પાતળાં પેહેરવાં નહિ. શરીરના ભાગથી ૪ અં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શે નરમ પેહેરવાં. સબબ, તંગ કપડાં પેહેરવાથી, શરીરનાં અવયો ઉપર દબાણ થઈ ફરતા લોહીને અટકાવ થાયછે. તેથી બ્યાધી પેદા થાયછે. પગના રક્ષણને માટે, જોડા પણ જરા ઢીલા પેહેરવા, સખ્ત જોડાથી પગમાં ફરતા લોહીને અટકાવ થઈ, ચાલવામાં હરકત કરે ને પગમાં ઘસારા પડે, ને જો તે પાકે તો નાના પ્રકારના બ્યાધી પેદા થાય. માટે શરીરને અનુકુળ પડતાં કપડાં, ઈત્યાદી કામમાં લેવાં.

## હજામત.

હજામત કરાવ્યાથી મનુષ્યની કાંતી શોભેછે. જેથી ચાર, પા, આઠ દીવસને અંતરે, હજામત કરાવવી. તે વખતે સાવચેતી બહુ રાખવી, સબબ, સખ્ત હજામતથી નેત્ર ને મસ્તકનો બ્યાધી થાય છે માટે તે વખતે દાબીને વાળ લેવરાવવા નહિ તેમ તેમને ચીમટાથી ચુપાવવા (ખુંચાવવા) નહિ. તેમ વધારે વાર અસ્ત્રો ફેરવાવવો નહિ માત્ર એક બે વખતમાં બાળ સાફ થયા એટલે બસ. પછી હજામ પાસે તેલ ખુબ માથા ઉપર ચોળાવવું, સબબ, ઉતરેલા વાળમાં, તે તેલ પ્રવેશ કરી તેમાં ઠંડક રાખેછે. વળી માથાપર વધારે તથા લાંબાવાળ ન રાખવા, અગર શોખ હોય તો દર ચોથે દીવસે સાફ કરવા જેથી કરીને તેની અંદર જુ ખોડો, ઈત્યાદી થાય નહિ. વાળ સુકવી હમેશાં તેમાં તેલ નાંખવું તેથી માથામાં થંડક રહે છે. હાથ પગના નખ દાબીને ન લેવરાવવા. (કપાવવા) સબબ, તેથી, તે ભાગમાં પીડા થાયછે, જેથી શરીરને નુકસાની પોહોચે. હજામત કરાવવાને દીવસે ખાંડ ને ખટાશ એ બે વસ્તુઓ ખાવી નહિ કાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુ કોઈ જગાએ અસ્ત્રો દાબીને લેવાયો હોય, યા વાગી લોહી નીકળ્યું હોય તો તે ખાંડ ખટાશની અસરથી વખતે ધનુર થઈ જઈ પ્રાણુનો નાશ થાય; માટે હજામત વખતે સાવચેતીની ઘણી જરૂર છે. હજામત બહુ વધાર્યાથી પણ રોગો ઉત્પન્ન થાયછે. તેટલા માટે ઉપર કહેલી વખતે હજામત અને નખ લેવરાવવા.

## સ્નાન.

દરેક મનુષ્યે હમેશાં નાહાઈ શરીરને સ્વચ્છ રાખવું. નાહાવાની જગ્યા એકાંત હોવી જોઇએ. ગરમ તથા નીરમળ પાણીએ હમેશાં સ્નાન કરવું. સ્નાન કરવા પેહેલાં શરીરે તેલ ચોળવું, પછી સાધારણ ગરમ પાણીવડે સાબુ લઈ શરીર ખુબ ચોળીને નાહાવું, બની શકે તો તે ગરમ પાણીમાં સુગંધી પદાર્થો નાખવા પછી ખુબ પાણીએ નાહી શરીર સાફ લોહી નાંખવું. જેથી, શરીર સાફ નીરમળ થઈ, પરશેવો નીકળવાનાં અવયો સાફ ચોખ્ખાં રહેશે; તેથી કરીને શરીર નીરોગી થશે. ઘણા ગરમ, ઘણા થંડા, ગંદા, ચતુષ્પદના વધારે પસારાવાળાં, બંધેજ, સડેલા, ખારા, ગળ્યા વગરના, ગંદકીવાળા ઈત્યાદી વીકારવાળા પાણીથી કદી સ્નાન કરવું નહિ. તેમ કર્યાથી રોગોની અવશ્ય વૃધી થાયછે. માટે સ્વચ્છ, ગળેલું તથા નીરમળ પાણીવડેજ હમેશાં સ્નાન કરવું. સ્નાન નહિ કરવાથી શરીરની આરોગ્યતામાં બીગાડ થાયછે, ને તેથી આપણા શરીરને હરકત આવેછે, માટે ઉપર કહેલી રીત પ્રમાણેજ સ્નાન કરવું.

## નીત્યકર્મ.

સ્નાન કર્યા પછી સ્વધર્માનુસારી ઈશ્વર પ્રાર્થના કરવી. તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું કારણ માત્ર એટલુંજ કે જન્મ ધારણ કરતા મનુષ્ય માત્રને પોતાના સરજનહારને ભુલી.ન જતાં તેનું સ્તવન કરવું, સબબ, તે સર્વવ્યાપક છે. બીજુ કારણ, એ કે સ્નાન કર્યા પછી શરીરમાંનાં તમામ અવયો સ્વચ્છ થાયછે, તેથી અવયો નરમ થઈ શરીરમાંનું લોહી સ્નાયુના ભ્રમણથી ફરેછે, તથા તે ફરવાની ગતીમાં પણ ફેરફાર થાયછે, માટે કલાક અગર તેથી વધારે વખત સુધી એકાગ્રહ ચીતે ઈશ્વર સ્તવન કરવું; જેથી મન કેળવાશે, શરીરના તમામ અવયોમાં થએલો ફેરફાર દુર થશે, અવયો નીયમમાં રહેશે, ને તેથીજ આપણને સુખ મળશે.

ચા.

સવારમાં ઉઠ્યા પછી ત્રણ કલાકને અંતરે ચા અગર કોફી પીવી; તેથી શરીરમાં ગરમી પેદા થઈ અપક્વ ખોરાક પાચન થઈ શરીરને પુષ્ટી મળેછે. તે પીધા પછી સારો હલકો ખોરાક ખાવો.(ફ્રુટ, મેવો પાંઉ, બીસકુટ વીગેરે, સ્વધર્માનુસારી) તેથી ત્રીદોષ ટળેછે. ચા કાફી ઓછામાં ઓછાં દશ તોલા, ને વધારેમાં વધારે વીસ તોલા સુધી પીવાં. તેથી વધારે લેવામાં નુકસાન કરેછે. તેમાં દુધ ખાંડ નાંખી પીવાનો રીવાજ છે પરંતુ તેની કાંઈ જરૂર નથી. મોળી ચા, અગર તેમાં મરી સુંઠ બારીક પીસી નાંખી પીવું; તેથી વાયુને નાશ કરી, ત્રીદોષને ટાળી, શરીરમાં કૌવત વધારશે. ચા પીવાના માવરા કરતાં કાફીનો માવરો થોડો રાખવો. સબબ તે વીર્યને તથા લોહીને હરકત કરેછે. ઉજાગરો થયો હોય અગર ખુબ મેહેનત કરી હોય ત્યારેજ કાફીની જરૂર છે. તેમના પીવાથી શરીરમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્ટી આવેછે, આળસ દુર થાયછે માટે તે રીવાજ સારો છે.

## ભોજન.

ભોજન કરતી વખતે નીરઉપાધીવડે ને સ્વચ્છપણે ભોજન કરવું. તે વખતે ઉતાવળ ન કરવી, મીષ્ટાનની સાથે ખારાશ, ખટાશ, તથા તીખાશ, વાપરવી; તેથી ભોજન સ્વાદીષ્ટ લાગે છે ને શરીરને પુષ્ટી મળેછે. મનુષ્ય માત્રે નીયમીત આહાર કરવો, વધારે કરવાથી રોગ ઉત્પન્ન થાયછે; તેમજ સ્વલ્પાહારથી મનુષ્ય નીરબળ થાયછે. માટે મધ્યમાં પંક્તીનો એટલે ૬૪ તોલા એક દીવસની અંદર આહાર કરવાની જરૂર છે. તેની અંદર મીષ્ટાન, ખારાશ, ખટાશ, તીખાશ વીગેરે પદાર્થોને ભક્ષણ, કરવા. શાક, પત્ર, એટલે કંદમુળાદીક તીખા પદાર્થોને પરીપકવ કરી ખાવા. એટલે શરીરને પુષ્ટી મળશે. પેહેલા પોહોરની અંદર જમવું નહિ, બીજે પોહોરે ભુખ્યાં ન રહેવું. જમતી વખતે ગમે તેવી ઉપાધી હોય તથાપી એકાંતપ્રતીવડે શાન્ત પ્રકૃતીથી ભોજન કરવું. જમતી વખતે અર્ધ ભોજનની અંદર પાણી પીવું તથા અંતે થોડુંક પાણી પીવું, જેથી શરીર બળવાન થશે, જમતી વખતે પુષ્કળ પાણી પીવાથી શરીર રોગીષ્ટ થાયછે, માટે ઉપર બતાવ્યા નીયમે પાણી પીવું તથા જમવું.

## ભક્ષ પદાર્થની સમજુતી.

જમીનનો જડ ગુણ પાણીનો સ્નીગ્ધ ગુણ, ગરમીનો તીખો વાયુનો લુખો, ને આકાશનો પોગળ, (હલકો) ગુણ છે. એ પ્રમાણે પાંચ તત્વોના ગુણો પ્રત્યેક પદાર્થની અંદર હોયછે, દરેક માણસના ખાવામાં મીઠું તીખું, કડવું, તુરૂં, ખારૂં ખાટું એ છ ગુણો સહીત પદાર્થો

For Private and Personal Use Only

આવેછે; જેમાંના પ્રત્યેક પદાર્થ કેવી રીતે નિપજેછે તથા તેમાં શા ગુણો છે તે નીચે મુજબ.

જમીન તથા પાણીવડે મીઠો રસ નીપજે. જેમકે **શેલડી**, જમીનની અંદર ઉગેછે, તેને પાણી પાવાથી તે પેદા થાયછે ને તેથી તેમાં **મધુર રસ** ઉત્પન્ન થાયછે. જમીન તથા ગરમીથી **ખાટો રસ** પેદા થાયછે, જેમકે **આંમલીનું** ઝાડ, વગર પાણી પાએ ઉગેછે ને તે ગરમીના દીવસમાંજ પાકેછે તેથી તેમાં **ખાટો રસ** હોયછે. ગરમી ને પાણીના સંયોગથી **ખારો રસ**; ઉપજે છે. જેમકે, કેળ, ગરમીના જોર વગર પેદા થતી નથી, ને તેની અંદર જે પાણી રહેલું છે, તેનો કનીવડે ખાર બનાવી લેવામાં આવેછે. આકાશ, ને વાયુથી ખારો રસ પેદા થાય છે. જેમકે મરચીને, શીઆળામાંજ મરચાં લાગેછે તેનું કારણ કે તે રૂતુમાં વાયુનું પરીબળ વીશેષ રહે છે. માટે તેનો પાક **તીખો**, રહેછે. વાયુ ને અગ્નીથી **કટુ રસ** પેદા થાય. જેમકે લીંમડાને ઉનાળામાં ફળ લાગેછે સબબ, તે વખતે ગરમી પ્રબળ રહેછે તેથી **કડવો રસ**, પેદા કરેછે. જમીન, તથા વાયુના સંજોગથી તુરો રસ નીપજેછે જેમકે, આબળાં શીઆળામાંજ નીપજેછે, સબબ, તે રૂતુ વાયુની છે, માટે **તુરાશ**, પેદા કરેછે, એ પ્રમાણે પાંચે તત્વોથી રસોની જુદી જુદી ઉત્પતી જાણવી. પદાર્થોને અંગે ઉષ્ણ, વીર્ય, તથા શીતવીર્ય, એવા બે ગુણ રહેલા છે ઉષ્ણ તથા શીત વીર્ય કેમ જાણવું.

ગરમીના જોરથી દીવસમાં જે પદાર્થો નીપજે, તેને ઉષ્ણવીર્ય કહેછે, તેમ રાત્રીના ભાગમાં જે બને તેને શીત વીર્ય કહેછે. ઉષ્ણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર્ય એટલે રૂક્ષ પદાર્થ જેવું જાણવું, ને શીતવીર્યની અંદર સ્નીગ્ધ ગુણ પ્રબળ છે. મીષ્ટ તથા ખારાશ એ બે થકી મધુર રસ પેદા થાયછે. ને તે થકી કફ પેદા થાયછે. (મધુર રસથી) તેમ ખટાશથી ખટાશ પેદા થઈ પીતને ઉત્પન્ન કરેછે તુરાશ, તીખાશ અને કડવા શથી તીખો, રસ પેદા થઈ વાયુ ઉપજાવેછે. મધુર રસ, ખાટો રસ ને તીખોરસ, એ ત્રણ પ્રકારના રસ ખાવાથી શરીરને પુષ્ટી મળેછે; પણ વધારે ખવાયાથી વીપરીત એટલે શરીરને હાની કર્તા છે. ઉદાહરણ; પદાર્થોની અંદર કોઈ જગ્યાએ રસ કોઈમાં ગુણ, કોઈમાં વીર્ય, કોઈમાં વીપાક, કોઈમાં શકતી એ પ્રમાણે સર્વને અંગે રહેલાં છે; તેથી પ્રસંગોપાત વપરાય તો પરીબળ બતાવે છે, જેમકે ગળોનો રસ, કડવો તથા ઉષ્ણ છે તેથી પીતનું સમાધાન કરેછે. મૂળાનો તીખો ગુણ છે, તેથી તે કફની વૃધી કરેછે સબબ તેમાં સ્નીગ્ધ ગુણનો સમાવેશ છે; પણ તેનો રસ આપ્યાથી કફનો નાશ થાયછે. વીર્યનું ઉદાહરણ, પંચમૂળ, તુરૂ, ને કડવું છે છતાં વાયુને સમાવેછે. સબબ, તેમાં ઉષ્ણ વીર્ય રહેલું છે. બીપાક ઉદાહરણ, સુંઠ તીક્ષણ છતાં વાયુને સમાવેછે. કારણ કે તેમાં મધુર રસ છે. શકતીનું ઉદાહરણ રસ, ગુણ, વીર્ય ને વીપાક એ ચારવડે જે જે કાર્યો નથી થતાં તે કર્મ શકતીના પ્રભાવે કરી થાયછે. જેમ ખેરસાર, કુષ્ટનો નાશ કરેછે, સબબ, તેમાં વીપરીત, ગુણ રહેલો છે. તે મુજબ પ્રત્યેક પદાર્થની, છાલની મુળની, ને ફળોની અંદર તથા તેમના રસની અંદર જુદા જુદા ગુણો રહેલા છે; માટે દરેક ચીજનો ઉપયોગ કરતાં પૂર્ણ સાવચેતી રાખવી જરૂર છે. પદાર્થનો ઉપયોગ કરવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વેદક શાસ્ત્રનો નીયમ છે, હલકો, લુખો, ને શીતળ પદાર્થ વાયુકો, જાણવો, બળેલું, તીખુ, ને ખાટુ તે પીતના ગુણને ઉત્પન્ન કરવાવાળો, ને મધુર સ્નીગ્ધ તે કફને પેદા કરનાર છે. માટે ઉપર કહેલા પદાર્થો જેમ બને તેમ થોડા ખાવા. સબબ, તેથી શરીરને ઉલટી નુકસાની છે. વાત પ્રકૃતીવાળાને ભારે સ્નીગ્ધ ને ખારો પદાર્થ ખાવો નહિ. પીતવાળાને તળેલા, મધુર ને સીતળ પદાર્થ ખાવાથી, ઉલટુ પીત વધારેછે; તેમ કફવાળાએ કડવું ઉષ્ણ ને રૂક્ષ પદાર્થો ખાવા નહી.

## વાયુના પ્રકોપની સમજ.

લઘુ, રૂક્ષ. થંડા પદાર્થોનું શેવન કરવાથી, અતીશય શીતકાળમાં ફરવાથી, શીત પદાર્થના શેવનથી ઘણું ફરવાથી, ઉપવાસ કરવાથી, સંધીકાળે સંભોગ કરવાની ઇચ્છા રહીત થવાથી, ધન, બંધુ વીયોગથી, જનીત દુઃખથી, ભય, ચીંતા રાત્રીના જાગરણથી, શસ્ત્ર વાગવાથી જળમાં સુવાથી, અન્નાદીક પરીપક્વ ન થવાથી તથા ધાતુ ક્ષયથી વાયુનો પ્રકોપ થાયછે; પણ ઉપર કહ્યું તેથી ઉલટું હોય તો તે વાયુને શાંત પમાડે છે.

## પીતના પ્રકોપની સમજ.

બળેલા, તીક્ષણ, અતી ખાટા, અતી ઉષ્ણ, અગ્નીમાં શેકેલા પદાર્થો ખાવાથી, ઘણા તાપને લીધે. બપોરે ભુખ્યાં રહેવાથી મધરાત્રે ખાવાથી ઈ. પ્રકારથી પીતનો પ્રકોપ થાયછે. તેને શાંત કરવા સારૂ મધુર, શીતાદીક પદાર્થોના શેવન કર્યાથી તે શાંત પામછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કફના પ્રકોપની સમજ.

મધુર સ્નીગ્ધ, તાડાં (કેળાં, ઈ. ) પદાર્થોના ખાવાથી અથવા જડ પદાર્થોના શેવનથી, દીવસે સુવાથી, જઠરાગ્ની મંદ પડવાથી, ભુખ નહીં લાગવાથી, જમવાથી, શરીરને શ્રમ નહીં દેવાથી, (નકામાં બેશી રહેવાથી) કફનો પ્રકોપ થાયછે, તેને શાંત કરવા સારૂ ઉષ્ણ તથા રૂક્ષ પદાર્થોનું શેવન કરવું.

## દેશ ભેદ.

દેશ ત્રણ પ્રકારનાછે. અનુંપ, જાંગળ, ને સાધારણ. તે પ્રત્યેક દેશના રહેવાશીઓએ વીચાર કરવો કે તેમને ત્યાં વાતપીત કે કફમાંથી વીશેષ પ્રબળ કોનુંછે તેને અનુસરીને ઔષધ કરવું.

## ઋતુ વિચાર.

હીંદુ શાસ્ત્ર પ્રમાણે છ ઋતુ મળી એક વર્ષ ઠરાવ્યુંછે. તેના બે વીભાગ કર્યાછે—૧ સૂર્ય મકર શશીના થવાથી છ, સંક્રાંતી સુધી, ઉતરાયણ જાણવું. ૨ કર્ક રાશીથી છ, રાશી સુધી, દક્ષણાયણ જાણવું. ઉતરાયણમાં શશી, વસંત ને ગ્રીષ્મ એ ત્રણ ઋતુછે. તેની અંદર મનુષ્યને આહાર તથા બળમાં વધઘટ થાયછે; ને તીખા, તુરાને કડવા રસનું ઉતરતું, બળ, ઘટેછે. દક્ષણાયણમાં વર્ષા, શરદને હીમન્ત એ ત્રણ ઋતુછે. તેમાં દરેક માણસને ખોરાક તથા શક્તિમાં ખારો, ખાટો, ને મધુરરસ ચડતા ક્રમે વૃદી પામેછે.

## છ ઋતુની સમજ.

મેષ તથા વૃષ સંક્રાંતીમાં ગ્રીષ્મ ઋતુ જાણવી. તેમાં વાયુનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંચય થાયછે. મીથુન ને કર્ક એ બે સંક્રાંતીમાં ગ્રીષ્મ રૂતુ, તેમાં વાયુનો પ્રકોપ થાયછે. સીંહ ને કન્યામાં વર્ષારૂતુ, તેમાં પિત્તનો સંચય. તુલને વૃશ્ચીકના સૂર્યમાં, શરદ રૂતુ તેમાં પિતનો પ્રકોપ ધન તથા મકરમાં હેમન્ત રૂતુ તેમાં કફનો સંચય થાયછે. કુંભને મીનમાં વસંત રૂતુ જાણવી ને તેની અંદર કફનો પ્રકોપ સમજવો.

### એક રૂતુમાં સંચય થએલો બીજી રૂતુમાં પ્રકોપ પામે તેની સમજ.

ગ્રીષ્મ રૂતુમાં વાયુનો સંચય થઈ પ્રાવૃટ રૂતુમાં પ્રકોપ પામે છે, હેમન્તમાં એકઠો થએલો કફ વસંત રૂતુમાં પ્રકોપછે. વર્ષા રૂતુમાં એકઠું થએલું પીત શરદમાં કોપેછે. વર્ષા હેમન્ત અને ગ્રીષ્મ રૂતુમાં એકઠો થએલો જે દોષ તે શરદ, વસંત ને પ્રાવૃટ, કાળમાં કોપ પામેછે. હેમન્તમાં પીત, ગ્રીષ્મમાં કફ, ને શરદમાં વાત, વ્યાધીઓ શાંત થાયછે.

### એક દીવસમાં છ રૂતુઓની સમજ.

પ્રાતઃકાળે વસંત, મધ્યને ગ્રીષ્મ, સાયંકાળે પ્રાવૃટ, પોહોર રાત જાય તે વખતે વર્ષા, અર્ધ રાત્રીએ શરદ, અને પાછલી પોહોર રાત્રીએ હેમન્ત, એ પ્રમાણે પણ રૂતુઓની ગણના થાયછે. તેમાં પણ ઉપરની રીત મુજબ સંચય પ્રકોપ તથા પ્રશમ જાણી લેવો. રૂતુને અનુસરી ચોમાસું શીઆળો ને ઉનાળો સમજવો.

### રૂતુની પરીક્ષા.

વસંત—નીરમળ દિશાઓ, શુશોભીત વન, આંબા તથા કેસુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનું પ્રફુલીત થવું, કોયલ, તથા ભ્રમરો (ભમરાઓ)ના શબ્દ સંભળાય, દક્ષીણ દીશાના પવનનો પ્રવેશ થાય, અને નાના પ્રકારનાં વૃક્ષો નવપલ્લવ દેખાય ઇત્યાદીક ચીન્હોથી વસંત રૂતુ જાણવી. ગ્રીષ્મ—તાપ સખ્ત પડે, ગરમીથી જીવને સુખ ન મળે. પૃથ્વીનું પાણી સોષાય, લુ વરસે, હવા ગરમ આવે, અરણ્યમાં મૃગાદીક તૃષાતુર થઈ ફરે ત્યારે ગ્રીષ્મ રૂતુ જાણવી.

પ્રાવૃટ—આકાશમાં વાદળાં થાય, વીજળી ચમકે, વરસાદ ગાજે, સકોમળ લીલું ઘાસ ઉગે, કેવડાદીક વૃક્ષો પ્રફુલીત થાય, આ ચીન્હોથી પ્રાવૃટ રૂતુ જાણવી.

વર્ષા—નદીમાં પાણી ભરપુર રહે, સરોવરમાં કમળ પ્રફુલીત થાય, પૃથ્વી લીલી દેખાય, વગર ગાજે વરસાદ આવે. આકાશમાં મેઘાડંબર થાય. ઈ. લક્ષણોથી વર્ષારૂતુ સમજવી.

શરદ—સૂર્ય અને આકાશ નીરમળ થાય, સરોવરમાં કમળ તથા હંસોનાં જોડાં દેખાય, નીચાંણ ભોંયપર કાદવ રહે ને ઉંચી સુકી દેખાય. સમાન (સરખી) જમીનપર વૃક્ષાદીકની ઉત્પતી થાય અને ધાસ નીપજે આ ચીન્હોથી શરદ રૂતુ જાણવી.

હેમન્ત રૂતુ—ઠંડો પવન વાય, ધુમાડ તથા ઝાકળથી દીશાઓ ઘેરાય, ઠંડ તડકો ન દેખાય, ગેંડા, ભેંશ, હાથી ઇત્યાદીક જાનવરો મસ્ત થાય. આંબા, લોદરના અંદર પુષ્પ દેખાય ઈ. ચીન્હોથી હેમન્ત રૂતુ જાણવી. ઉપર કહેલી રીતે દોષના પ્રકોપ થવાથી બળ, વર્ણ, કૃમ, કલ્યાણ અને જીવીત નાશ કરનારા વ્યાધીઓ ઉત્પન્ન થાયછે. તેમના બે પ્રકાર છે. તેઓને રહેવાનું સ્થાનક, મન, તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર છે; ને અનુક્રમે માનસ અને શારીર કહેવાય છે. માનસ વ્યાધી રજ, તમ, આદી દોષોના કોપના કારણોથી થાયછે, તેમ શારીર વ્યાધીઓનું કારણ આહાર તથા વ્યાહાર છે. આહાર બે પ્રકારના છે. મીથ્યા અહારથી રોગોની ઉત્પતી છે; ને યુક્ત અહાર રોગોની નીવૃતી કરેછે. છ રસ (ખટરસ) ની અંદર અહાર સમાયેલો છે; તેમ તે દ્રવ્ય એટલે ઓષધીમાં પણ તેઓ રહેલા છે. તેના બે પ્રકાર—૧ સ્થાવર. ૨ જંગમ. દ્રવ્યોમાં રસ, ગુણ, વીર્ય, વીપાક અને શકતી ઉત્તરોત્તર બળવાનપણાથી રહેલા છે; દ્રવ્યોની ઉત્પતી પૃથ્વી, જળ, તથા કાળાદીકથી થાયછે. રૂતુની ખરાબી થવાથી ઔષધ, જળ ને હવા પણ ખરાબ થાયછે. બગડેલા પદાર્થોનું શેવન કર્યાથી પ્રાણ, આયુષ્ય, બળ, વીર્ય અને ઓજવીકાર સંઘાત કરી નાના પ્રકારના રોગોને પેદા કરેછે, તેમજ સારી રૂતુની અંદર સારૂં શેવન કરવાથી સારાં ફળ મળેછે.

### રૂતુની અંદર ભક્ષાભક્ષ વીધી.

વર્ષા—આ રૂતુમાં વાયુનો પ્રકોપ થવાથી જઠરાગ્ની મંદ થાયછે. માટે રેચ લઈ કોઠો સાફ રાખવો તથા જુનું અનાજ વાપરવું. ઘણા વરસાદની અંદર જઠરાગ્નીને પ્રદીપ્ત કરનારો હલકો ખોરાક ખાવો. ખટાશ, ખારાશ, સ્નેહવાળા પણ સુકા ને મધવાળા હોય તેવા પદાર્થો ખાવા. ગરમ વસ્તુઓ સાથે મધ કદી ન ખાવું. ઘી ને મધ સમભાગે ઝેર સમાન છે, માટે વધારે ઓછો તેમનો ભાગ લેવો. દહી ઘણું ન ખાવું પણ ઇચ્છા થાય તો મરી મીઠું નાખી વાપરવું. બાહાર જવું પડે તો વાહન ઉપર કે પગમાં જોડા પેહેરી જવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉઘાડે પગે કદી ન જવું. નદીને કીનારે રેહેવું નહીં. શરીરે સુગંધીદાર પદાર્થોનું શેવન કરવું. વસ્ત્ર સાફ, સારાં, સ્વચ્છ ને ગરમ પેહેરવાં. નદી તળાવનાં જળ ન પીવાં દીવસે સુવું નહીં. તડકામાં અતીશય ફરવું નહીં. અગ્ની તથા સ્ત્રીનું શેવન સાધારણ કરવું. ઘી, તેલમાં, તળેલી વસ્તુઓજ ખાવી. પાણી ઉકાળેલું, વરસાદનું, અધર ઝીલેલું, અગર કુવાનું પીવું. પણ પેહેલા વરસાદના પાણીનો ત્યાગ કરવો, થંડો પવન લેવો નહીં, ભીનાં કપડાં પેહેરવાં નહીં.

શરદ—આ રૂતુમાં પીતનો પ્રકોપ થવાથી, તીખુ, ઘૃત અને રેચ લેવો. તૃષાતુર, મંદાગ્ની, તરતના તાવવાળા, સુવાવડી સ્ત્રી, વૃદ્ધ, બાળક, અતીસ્થુલ, ક્ષયવાળા, ગર્ભણી સ્ત્રી આટલાને જુલાબ આપવો નહીં તેમ ફસ ખોલાવી લોહી પણ કઢાવવું નહીં, સારી પેઠે ભુખ લાગે ત્યારેજ જમવું. તથા ખોરાક તદન હલકો, જેવો કે ચોખા, મધ, મગ, સાકર, શેલડી અને ફરૂટ એમનું શેવન કરવું. પ્રાતઃકાળે ઉઠીને નરણે કોઠે નવ અંજળી જળ પીવું. સંધ્યાકાળે, સ્વચ્છ વસ્ત્ર પેહેરી સુગંધી, ચંદન ઈ. નો લેપ કરી, પુષ્પની માળા પેહેરી અગાશીમાં બેસવું. ખારૂં, ખાટું, દીવસમાં સુવું પૂર્વ દીશાનો પવન, કસરત, સ્ત્રીનું વધારે શેવન તથા સૂર્યનો તડકો, આ સર્વે ત્યાગ કરવાં.

હેમન્ત—આ રૂતુમાં જઠરાગ્ની પ્રબળ થવાથી પુષ્ટીકારક તથા પુરો ખોરાક લેવો. નહીંતો ધાતુને બાળેછે. પ્રાતઃકાળે દાતણ કરી શરીરે તેલ ચોળી ગરમ પાણીથી સ્નાન કરવું. પછી નિત્યકર્મ, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજન કરવું. આ ઋતુમાં પ્રથમ મધુર, ભોજન, પછી ખારા, ખાટા, પદાર્થોનું શેવન કરવું. થોડો તડકો તથા અગ્નીનું શેવન કરવું. આ ઋતુમાં પુષ્ટીકારક, મશાલા વીગેરે પાકો વાપરવા. ભુખ વેઠવી નહીં, અગાશીમાં બેસવું નહી, તેમ ઉલટી તથા જુલાબનાં ઓસડો ખાવાં નહીં.

**વસંત**—આ ઋતુમાં કફ, પ્રકોપ થવાથી ચીકણા પદાર્થો, ખાવા નહીં. ઉલટીથી યા તીક્ષણ પદાર્થોના શેવનથી કફનો નાશ કરવો. ભારી તથા ચીકણી વસ્તુનું શેવન ન કરવું, દીવસનું સુવું નહીં, કસરત ન કરવી, સુગંધી પદાર્થો શરીરે મરદન કરવા, ગરમ પાણીએ નાહાવું તથા સુગંધીવાળા ને થંડા પદાર્થોનો ઉપયોગ કરવો.

**ગ્રીષ્મ**—આ ઋતુમાં પીતનો પ્રકોપ થવાથી ખારા, ખાટા, તીખા, ઉના પદાર્થો, અતીશય જળ, એનો ત્યાગ કરવો. સ્ત્રીસંગ તજવો (પક્ષાંતરે કરવો) તડકો, નીરજળ દેશમાં પ્રવાસ, કસરત ઈ. કરવાં નહિ. દીવસે જરા સુવું; રાત્રે ચંદ્રની શીતળતામાં જરા સુવું. થંડી ચીજોનું સેવન કરવું; થંડો ને હલકો ખોરાક ખાવો. ફળાદીકમાં થંડા પદાર્થોનું શેવન વધારે કરવું. આ ઋતુમાં સ્વચ્છ, તથા સારી હવાવાળા ઘરમાં રહેવું, અને સુગંધીદાર પદાર્થોનો વધારે ઉપયોગ કરવો.

**પ્રાવૃટ**—આ ઋતુમાં તુરા લુખા તથા કડવા પદાર્થોનું શેવન કરવું. જેથી વાયુ નાશ પામે તેવા તથા સ્નીગધાદી પદાર્થો ભોજનમાં વાપરવાં; વસ્ત્ર, સ્વચ્છ, પેહેરવાં. છત્રી વગર ફરવું નહિ. આ ઋતુમાં વાયુનો સંચય થાય છે. ઉપર કહેલી પ્રત્યેક ઋતુમાં ભક્ષણની, વીધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી તેમાં જે રૂતુ મુખ્ય હોય તે રૂતુનો જે મુખ્ય ખોરાક તે વધારે ભક્ષ કરવો, ને બીજાઓનો થોડો ઉપયોગ કરવો, પણ છેકજ ત્યાગ ન કરવો. છ રસનો રૂતુને અનુસરી સામાન્ય ઉપયોગ કરવો.

**સાધારણ નીયમો**—નીયમીત વખતે શરીરની પ્રકૃતીને અનુસરી ખોરાક ખાવો; તૃષાતુર થવાથી; બાહાર ફરીઆવી; બોજો ઉચકી; કસરત કરી, મૈથુન કરી ઈ. બીજા શ્રમથી શરીર નબળુ થયુ હોય, તે વખતે, તરત પાણી પીવું નહિ. ભુખ લાગ્યા વગર ખાવું નહી; તાઢ તડકો વધારે શેવન કરવો નહિ; થંડુ ભોજન કરવું નહિ. ધાતુના સ્વચ્છ વાસણ કલઈ દીધેલામાં જમવું. પાણી ગળીને પીવું; જમતાં પેહેલાં ને જમી રહ્યા પછી પાણી પીવું નહિ. મધ્ય ભોજને પાણી પીવું. જેથી શરીરને પુષ્ટી મળે. રાત્રે વેહેલાં (દશ વાગ્યાની અંદર નહિ પણ પછી) સુવું ને વેહેલાં ઉઠવું. વધારે ઉજાગરા કરવા નહીં; રાત્રે ભારે આહાર કરવો નહિ; ભોજનને અંતે છાશ પીવી; જમી રહ્યા પછી તાંબુલ મુખવાસ કરી ૧૦૦ કદમ ફરવું. સીંગડાવાળાં ઝેરી ઈ. જનાવરનો ભરૂંસો ન કરવો. અવાવરૂ (કામમાં ન લેવાતું) કુવાના પાણીનો ત્યાગ કરવો, ફાંસીની જગ્યા, અરણ્ય; ઉજડ ઘરમાં; સ્મશાનમાં સુવું નહિ. બગડી ગએલી કે જેમાં જીવનો પ્રવેશ થયો હોય તેવી ચીજો જોવી નહિ; રાત્રે વાળુ વખતે દુધનું શેવન રાખવું. અતી મૈથુન કરવું નહિ; પોતાથી સ્ત્રીની ઉમર વધારે હોય તો તેની સાથે સંભોગ ન કરવો; હમેશાં પાંચ વર્ષ ઓછામાં ઓછી સ્ત્રી નાની હોય તેમ વધારે સારૂં, મૈથુનને અંતે ઘી તથા દુધનો ભક્ષ કરવો. ત્રાસદાયક પદાર્થોમાં હમેશ ચીત ગોડ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવું નહિ; સાંજે સારી હવામાં ફરવું, મોટા તથા ઉંડા વીચાર કરવા નહીં. રાત્રે સુતી વખત તથા જમતી વખત બીલકુલ વીચાર કરવા નહિ. સમયને અનુસરી ચાલવું. રૂતુને અનુંસારી પથ્યાપથ્ય ભક્ષ કરવો; સત્યથી ચાલવું, કાર્ય વીચારી કરવું. શત્રુ કરજ તથા વ્યાધીને વધવા દેવાં નહીં પણ બને તેમ જલદીથી તેમનો નાશ કરવો; મદ્યપાન, માંસ તથા પરનારીથી અળગુજ રહેવું.

# પ્રકરણ બીજું.

## રોગોની ઉત્પતીની સમજ.

શારીરીક ૧૪ પ્રકારના રોગછે—તેમનાં નામ, ૧ સહજરોગ, ૨ ગર્ભરોગ, ૩ જાતજાતના રોગ, ૪ પીડાજનીત રોગ, ૫ કાળજનીત રોગ, ૬ પ્રભાવ જનીતરોગ, ૭ સ્વભાવ જનીતરોગ, ૮ દેશજનીતરોગ, ૯ આગંતુક રોગ, ૧૦ કાયીકરોગ, ૧૧ અંતરરોગ, ૧૨ કર્મજરોગ, ૧૩ દોષજરોગ, ૧૪ કર્મદોષ, એ પ્રમાણે ચૌદ જાતના રોગ છે.

**તેમનું નિદાન**—કેટલાએક રોગો; એક બીજાના સંસર્ગથી થાય છે. જેવા કે હરસ; કોહોડ; જેને સહજ રોગ કહેછે; કુબડા; વીચીત્ર વર્ણના; પાંગળા; છ આંગળીઓવાળા; ઈ. રોગો ગર્ભસ્થાનમાંથી થાયછે. માબાપના અનીયમીત આહાર તથા વેહેવારથી બાળકને રતવા; મુંગાપણું; નઠારૂં શરીર; તેને જાત જાતના રોગ કહેછે. શસ્ત્રના પ્રહારથી અવયની અંદર અસ્થીનું ભાગવું; તેને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીડાજનીત રોગ કહેછે. શીઆળા ઉનાળાને ચોમાસાની રૂતુમાં પેદા થતા રોગોને કાળરોગ કહેછે; દેવતાઓના શ્રાપથી કીંવા ગ્રહપીડાથી થતા રોગોને પ્રભાવ રોગ કહેછે. ક્ષુધા; તૃષા; જરા ઈત્યાદીકથી ઉત્પન્ન થતા રોગોને સ્વભાવ જનીત રોગ કહેછે, દેશમાં ચીત્ર વીચીત્ર રંગના કાળા, ભુરા, તથા લાલ રંગનાં મનુષ્ય પેદા થાયછે તેને દેશજ રોગ કહીએ. શરીરમાં ભૂતાદીકના પ્રવેશથી; મંત્ર મારણ ઉચાટણથી, લોભ, રાગ દ્વેશ કામક્રોધ; ઈ. જે જે રોગ ઉત્પન્ન થાય છે તેને આગંતુક રોગ કહીએ; બાવળાપણા અથવા ચીતભ્રમ તેને અંતર રોગ કહીએ. જવરાદીક રોગોને કાયક રોગ કહીએ. પૂર્વજન્માન્તરના પ્રાયશ્ચીતના યોગવડે અથવા આ જન્મમાં બ્રહ્મહત્યાદીક પાપોથી થતા રોગને કર્મરોગ કહેવા. વાતપીત કફથી ઉત્પન્ન થતા રોગોને દોષજ રોગ કહીએ. વાતપીત કફની સાથે બ્રહ્મહત્યાદીક પ્રાયશ્ચીત મળવાથી થતા રોગને કર્મદોષ રોગ કહીએ. ઉપર કહેલા ૧૪ પ્રકારના રોગના સાધ્ય અને અસાધ્ય એવા બે પ્રકારછે. સાધ્ય રોગ ઔષધીથી જાયછે; પણ અસાધ્ય રોગ કદી જતો નથી; ને માહા અસાધ્ય રોગની તો ચીકીત્સા પણ થઇ શકતી નથી; સબબ; તેમાં બહુ રોગોનો સંયોગ હોય છે.

## સામાન્ય રીતે રોગના ઉપદ્રવની સમજ.

શરીર સંરક્ષણને અર્થે નીચેના પ્રકાર ધ્યાનમાં રાખવા. ૧ જે માણસ અધોવાયુને બંધ રાખે તેને ગોળા બડોળ (તીલી-ફીઓ) આફરાથી પેટ ચડવું; પેટમાં દુખાવો અધોવાયુનું બંધ થવું; મુત્ર કૃચ્છ; બંધકોષ્ટ; નેત્રરોગ મંદાગ્ની; છાતીની પીડા ઈ. રોગો થાયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ ઝાડો રોકવાથી થતા રોગો**—જે માણસ ઝાડાની હાજતને રોકેછે તેને હાથ પગમાં કળતર, ઉર્ધવાયું, (વાયુનું ઉંચે ચડવું) અધોવાયુનો ફેલાવો, તાલવામાં રોગ થઈ તેનું બેશી જવું, પીનસ રોગની ઉત્પતી, ગળામાં દરદ, કાળજાનો દુખાવો, અધોવાયુમાં બતાવ્યાં તે દરદોનું થવું ઈ. રોગ એથી થાયછે.

**પેશાબ રોકવાથી થતા રોગ**—ઝાડો રોકવાથી જે દરદો થાય તે શીવાય, ગોળો ચડે, બડોળવધે, સાંધા દુઃખે, ઇન્દ્રીમાં દરદ, પથરી, તથા આખા શરીરમાં દુખાવો થાય, ઈત્યાદીક રોગો એથી થાય છે.

**ઓડકાર રોકવાથી થતાં દરદો**—ઓડકાર રોકવાથી હેડકી (હીચકી વાધણી) ઉધરસ, અરૂચી, કંપવા ,કાળજાનું ધડકવું, અન્નનો અભાવ ઈ. દરદો તેથી થાયછે.

**છીંક રોકવાથી થતા દરદો**—જે માણસ છીંક રોકેછે તેને મોં વાંકુ થાય, માથામાં દરદ તથા શરીરની તમામ ઈન્દ્રીઓ નીરબળ થઈ જાય છે.

**કામ રોકવાથી**—અજીર્ણ, અન્નપર અરૂચી, પ્રમેહ, ઈંન્દ્રીમાં દરદ, સોજો, જીર્ણજ્વર ઈ. રોગો થાયછે.

**આંસુ રોકવાથી**—કાળજા તથા બોચીમાં દરદ, માથામાં દુખાવો, અન્ન ઉપર અરૂચી, ભ્રમણ વાયુ ગોળાનું ચડવું, નેત્ર રોગો ઈ. રોગો થાયછે.

**વોમીટ (ઉલટી)ના રોકવાથી**—ખુજલી, પીત, પ્રકોપ, આંખનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરદ, પેટનું ફુલવું. દેહનું ગળવું, દમ, ઉધરસ, કાળજાનો દુખાવો ઈ. રોગો પેદા થાયછે.

**નીંદ્રા રોકવાથી**—માથુ દુઃખે, આંખો ભારે થાય, બગાસાં આવે, આળસ આવે, શરીર અકડાઈ જાય તથા દુખે ઈ. રોગો થાય છે.

**ઉધરસ રોકવાથી**—વાધણી, કાળજાનો દુઃખાવો, શ્વાસ, દમ ઈ. થાય છે.

**તરસ રોકવાથી**—કાળજામાં દરદ, મુર્છા ભ્રમણ, બેહેરાશ, બેહોશી. સોસ તથા શરીર બધામાં કળતર ઈ. થાય છે.

**મેહનત કરતે દમ ભરાય તે રોકવાથી**—મુર્છા, પ્રમેહ, કાળજામાં દરદ, ગોળાનું ચઢવું, ઈ. થાય છે.

**ભુખ રોકવાથી**—શરીરમાં આતસ ચેહેરો ફીકો, શરીર ભારે માથાનું દુઃખવું, અન્નપર અરૂચી, તથા આળસ ઈ. થાય છે.

**દુત પરીક્ષા**—વૈદને બોલાવવા જનાર માણસની ચેષ્ટા ઉપરથી વીચાર કરી દરદીને જોવા તેણે (વૈદે) જવું. તેની સમજ—વીકળ અંગવાળો, પાંગળો, કંગાળ, દુર્બળ, અમંગળઉચ્ચારવાળો. મલીન વસ્ત્ર ધારણ કરી આવેલો, દંડ હાથમાં ગ્રહણ કરી આવેલો, રોગી દુષ્ટ કર્મ કરવાવાળો, રાતું ચંદન તથા રાતા પુષ્પની માળા ધારણ કરેલી હોય, તેલ મર્દન કરેલું હોય. કાદવ શરીરે લગાવેલો હોય, અપવીત્ર ચમર ધારણ કરેલું હોય, બીજાને સંગાથે તેડી લાવ્યો હોય, માથા પર જટા વધારેલી હોય, વૃધ, વીચીત્ર વસ્ત્ર પેહેર્યાં હોય, એક વસ્ત્ર ધારણ કરેલી સ્ત્રી હોય, ગધેડું, ઊંટ, પાડા ઉપર બેઠેલો માણસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય. ખરાબ શબ્દ ઉચ્ચાર કરનારો હોય, છેટેથી બુમ પાડતો આવે, આ પ્રમાણે વૈદને બોલાવવા આવે તો તેણે દરદીને જોવા જવું નહિ, પણ વીપરીત હોય તો બેશક જવું.

## શુભાશુભ શુકનની સમજ.

**અશુભ શુકન**—દરદીને જોવા વૈદ જાય ત્યારે ઘરમાંથી નીકળતાં, જે શુકન થાય, તે ઉપર વિચાર કરી જવું. દુર્ગંધી પદાર્થ, દુષ્ટ શબ્દ બોલનાર, લવણ—છીંક થાય. મોઢેથી રૂદન કરતો કોઈ આવતો હોય, અડદ, તલાદીક ધાન્ય સામું મળે, ગોળ, વામીટ કરતો માણસ સામો મળે, કાષ્ટ—છાણાં બળેલું ઘાસ—વીષ્ટા, દુષ્ટ જનાવરનો શબ્દ સંભળાય યુદ્ધ—ચોકલ, તેલ ઘી-નું વાસણ ઢળી જાય—ઘરે; પતાકાનું પડવું—ચાંડાલ—દુષ્ટ ક્રુર માણસનું મળવું—બીલાડી, ગધેડું ચાંદરાંનું આડું ઉતરવું—આ પ્રમાણે હોયતો વૈદે જોવા ન જવું.

**શુભ શુકન**—વૈદને ઘરમાંથી નીકળતાંજ ડાબી બાજુએ પુરૂષને જમણી બાજુએ. ખચ્ચર, હાથી, સ્ત્રી, મળે તો શ્રેષ્ઠ જાણવું—છત્ર—ગાય—બ્રાહ્મણ, કન્યા—માંસ—વેશ્યા સ્ત્રી—ગોરોચન—મંગળકારી પદાર્થ ઘી—ઘોડા—હાથી—દહીં—કોઈ ભણતું સામું આવે—ગાયન કરતું સામું મળે—બાળક યોગી સ. શુકન શુભ સમજવાં—ફકત હાથી ડાબી બાજુએ નેષ્ટ જાણવો (ખરાબ) પણ સનમુખ શ્રેષ્ટ છે.

**નાડી પરીક્ષા**-હાથનો અંગુઠો બંદ કરતાં તર્જની મધ્યમાં ને અનામીકા એ ત્રણ આંગળીઓ વડે વૈદે નાડી પરીક્ષા કરવી—તે વખત સ્વસ્થ તથા એકાગ્રહ ચીત્તે તપાસવું—પુરૂષનો જમણો ને સ્ત્રીનો ડાબો હાથ લઇ નાડી જોવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નાડી કેવા દરદીની ન જોવી તેની સમજ.

તરત, નાહીને આવેલો, ભયભીત, દસ્ત, પેશાબ ન થયો હોય કામી, ચીતાતુર, હર્ષયુક્ત, ક્ષુધાતુર, તૃષાતુર, શ્રમ કરેલો હોય, (મેહેનત કરી આવેલો) ઘણું ચાલીને આવ્યો હોય સુઇને તરત ઉઠ્યો હોય, તરત ભોજન કર્યું હોય, તેવા દરદીની તરત નાડી જોવી નહિ. સબબ—નાડીની ચાલમાં ફરક બહુ પડી જાયછે. તેથી કાંઈ સમજાતું નથી.

## નાડીની ગતી તથા તેથી ઉત્પન્ન થતા દોષોની સમજ.

પેહેલી આંગળીએ નાડી વાયુની જાણવી, બીજીએ પીત ને ત્રીજીએ કફ સમજવો. વાયુની નાડી વાંકી તથા અમળાતી ચાલે પીતની ઉતાવળી ને કુદતી, ને કફની સ્થીર ને સરખી ચાલે, વાંકી ને કુદતી નાડી વાત પીતની, વાંકી ને ઠસકાબંધ વાતકફની, ને ઉ-તાવળી તથા કુદતી ને ઠસકામાં ચાલતી નાડી પીતકફની સમજવી. તંદુરસ્તીમાં નાનાં બચ્ચાંની નાડી એક મીનીટમાં ૧૨૦ ઠસકા મારે, ત્રણ વરસની અંદરના બચ્ચાંની ૧૧૦ ઠસકા મારે. સાત ને પંદરની વચે ૮૦થી ૯૦, જુવાનીમાં ૭૫થી ૮૫ ને ઘડપણમાં ૬૦ થી ૭૫ સુધી ઠસકા મારે છે. ઘણા તંદુરસ્ત માણસની નાડી ધીમી ને જોર વાળી હોયછે. જમ્યા પછી ધીમી પડી જાય છે. પેટમાં અસુખ ને દસ્ત પેશાબ ન ઉતર્યા હોય તે વખતે, ઉતાવળી ચાલે છે, વીશેષ આહારીની નાડી પાતળીને ઉતાવળી હોય—તેમ ઘણી ભુખ લાગી હોય ત્યારે પણ તેજ મુજબ ચાલેછે. પેટમાં બદ હજમી, મરડો, કબજીઅતવાળાની નાડી ઘણી ભારે ચાલેછે. શરીરમાં લોહી તપેલું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા બગડી ગયું હોય તો નાડી ઉતાવળીને ભારે ચાલે.

ચીંતાતુર, ધાસ્તી ભારે હોય, મંદાગ્નીને ધાતુ ક્ષીણવાળાને ક્ષીણને મંદગતીએ ચાલે. તાવવાળો, કામાતુર, ક્રોધાવેશી તથા ભયભીતવાળાની નાડી બહુ ઉતાવળીને જોસમાં ચાલે, બહુ જુસામાં ચાલે, વચે અટકી જાય, વળી ચાલને અટકે તે નાડી સનેપાતની સમજવી,—આ પ્રમાણે નાડી પરીક્ષા કરવી.

## મુત્ર પરીક્ષા.

પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે દરદીને પેશાબ કરાવવો પેહેલી તથા છેલી ધાર ત્યાગ કરવી, બીજી ધારથી કાચના વાસણમાં મુત્ર ઝીલાવવુ. તે ઠરી ગયા બાદ પરીક્ષા કરવી. વાયુના પ્રકોપવાળાનું મુત્ર પાણી જેવું, કાળું, વાદળી તથા જરા રતાશ પડતું હોય છે. ગરમીના વીકારવાળાનું ગરમ ને રંગે લાલ કસુબા જેવું, કફવાળાનું ચીકણું ધોળુંને થંડું હોયછે. પેશાબ કર્યા પછી બે કલાક બાદ તેમાં તેલનાં ટીપાં મુકવાં. તેલ ફેલાઈ ગયું તો તરત દરદી સારો થાય. એમનું એમજ રહેતો ઘણું કષ્ટ વેઠી સારો થાય; પણ નીચે જાય કે જઇને દાણા દાણા થઈ વેરાઇ જાયતો દરદી નીચે મરે. તાવવાળાનો પેશાબ ગરમ ને પીળા રંગનો હોય, અજીર્ણ વીકારવાળાને બહુ ગંધ મારે, વાયુના દરદીના પેશાબમાં તેલ મુકતાં ઉપરજ પસરી જાય. પીતવાળાને મુકતાં વારજ ફીણ આવે ને પેશાબ રંગે પીળો તથા ગરમ હોય, કફવાળાને મુકતાં સફેત દેખાય સનેપાતવાળાને પેશાબ રંગ બેરંગી એટલે કાળો લાલ પીળો તથા મેલો દેખાય, તેમાં તેલ મુકતાં નીચે બેસે તે અસાધ્ય રોગ ગણાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે દરદીની પરીક્ષા પેશાબમાંથી વૈદ કરી લેવી.

**જીવ્હા પરીક્ષા**—વાયું પ્રકોપવાળાની જીભ ખડબચડી તથા ફાટેલી હોયછે. પીતવાળાને લાલ તથા જરા કાળાશ પડતી, તથા કફવાળાને સફેદને ચીકણી હોયછે, તે ઉપરથી વાત પીત તથા કફનું નીદાન કરવું.

**ઝાડાની પરીક્ષા.**—વાયુના પ્રકોપવાળા માણસનો ઝાડો વખતે ફીણવાળો. બકરાની લીંડી જેવો સુકો ગંઠાયેલો, કાળાસપરને કુચા પાણી જેવો થાય. પીતવાળાનો રંગે પીળો દુરગંધે ભરેલો હોય, ને કફવાળાનો સફેત જરા સુકોને જરા ભીનો હોયછે. ત્રીદોષવાળાનો ઉપર કહેલા ત્રણે રંગનો મીશ્ર હોયછે—આ પ્રમાણે નીદાન કરવું.

**નેત્ર પરીક્ષા.**

**વાયુના** પ્રકોપવાળાને નેત્રમાં જરા બળત્રા બળે ચપળ રહે. સુકાં તથા ધુમાડાના રંગ જેવાં રહે. **પીતવાળાની** આંખો પીળી કે લાલ ને જરા બળે. તડકો, કે ઘણું અજવાળું સહન થઇ ન શકે. **કફવાળાને** આંખે ઝાંખ તથા તેજ રહીત, સફેત, પાણી ટપકતી, ને ચીકણી હોયછે.

**ચેહેરા ઉપરથી દરદીની પરીક્ષા.**

વાયુના પ્રકોપવાળાનો ચેહેરો જરા કાળાશ પડતો ને ફીકો જણાય. પીતવાળાનો જરા સુજેલોને રંગે પીળાશપર દેખાય છે. કફવાળાનો નીરતેજ ને જરા ચીકણો હોયછે. વાયુ પ્રકોપવાળાનું શરીર કરકરૂં થંડું તથા હાથ પગ પણ થંડાં હોયછે. પીત પ્રકોપવાળાને હાથ પગ તથા શરીર ગરમ હોયછે. કફ પ્રકોપવાળાને હાથ પગ ને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરિર પરશેવાવાળું, ને થંડું હોયછે. તેમજ વાયુવાળા માણસનો અવાજ ઘણો તીનો, ને મંદ હોય પીતવાળાનો તીક્ષણને મોટો, તથા કફવાળાને ભારી તથા ગળામાંથી ખોખરો અવાજ નીકળે છે.

## વૈદને સુચના.

દરેક વૈદે દરદીની બરાબર પીછાન કરવા સારૂ ઉપર કહેલી આઠ પરીક્ષાઓથી નિશ્ચય કરવો. પછી તેની ઉમર, શરીરની પ્રકૃતી, દેશનું માન જોઈ, દરદની તેનાજ મુખથી પુરી હકીકત સાંભળી દરદોનાં ચિન્હ જોઇને વ્યાધીનો નિશ્ચય કરવો, અને ત્યાર પછી ઔષધ આપવું.

## વૈદ કેવો જોઇએ.

નીર્માણ કરેલાં કૃત્યોનાં કર્મ સંયોગે પ્રાણીમાત્રને દીવસ નિર્ગમન કરવા સારૂ ઇશ્વરે દેહ ( જન્મ ) ધારણ કરાવી, તે નીર્ગમન કરવાનું મુખ્ય સાધન દેહછે. શરીરનું તમામ બંધારણ દ્રવ્યપર છે. તેમાંથી ખટરસ ઉતપન્ન થાયછે. જેના પ્રકોપ વડે નાના પ્રકારની વ્યાધીઓ પેદા થાયછે. તેના નીવારણને માટે ઇશ્વરે ધનવંત્રીને પેદા કર્યો જેમણે આયુર્વેદ ગ્રહણ કરીને અઢારભાર વનસ્પતીઓના ગુણ દુષણ તથા વ્યાધીઓના નીદાનો પ્રગટ કર્યાં. તેવા ગ્રંથના અભ્યાસ કરનાર વૈદો તથા ડાક્ટરોએ સારા ગુરૂ પાસે રહી અભ્યાસ કરવો, ઔષધો બનાવવામાં હસ્ત ક્રીયાથી સંપૂર્ણ રીતે વાકેફ થવું; પછી તેમણે વૈદકનો ધંધો કરવો તેમણે સદાકાળ સાવચેત રહેવું ધર્મમાં નીષ્ટા રાખવી, પરોપકાર કરવો સ્પષ્ટ વક્તા થવું અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગનું નીદાન કરી અહીંસક પદાર્થો વાપરી દરદીઓની દવા કરવી જેથી કીર્તી, દ્રવ્ય, અને જસની પ્રાપ્તી થાય.

### કેવા વૈદનું ઔષધ ન ખાવું.

જે વૈદ વ્યભીચારી, દુષ્ટ સ્વભાવવાળો, દારૂ ગાંજા વીગેરેનો વ્યસની, ચીતભ્રમવાળો, નવું વૈદક ભણેલો (વગર અનુભવી) આંધળો બહેરો, સ્વાર્થિ. મદોન્મત, ઘણી ઉપાધીવાળો, મંત્ર, યંત્ર, જાણનારો વશીકરણ કરનારો, મ્લેચ્છ, અભણ, રોગીષ્ટ, પરદેશી, અને નીરગુણી. આટલામાંનું કોઈ પણ લક્ષણવાળાનું કદી ઔષધ ન ખાવું. અને નેત્રનું ઔષધ તો કરાવવુંજ નહિ સબબ—આખા શરીરનું તત્વ નેત્ર છે.તેમાં કાંઈ દોષ થયો હોય તો આખી જીંદગી રદ ગઈ સમજવી.

### ખરાબ પાણીથી રોગોની ઉત્પતી.

હમેશાં સાધારણ રીતે રોજ વપરાતુ પાણી ગાળીને વાપરવું. પરદેશમાં જવાથી ઠેકાણા ઠેકાણાનું પાણી એકઠું થાયછે, તેથી પેટમાં બરોળ, ગળું સુજી જાય, પગે રસ ઉતરે, સંગ્રહણી, નારૂ જળોદર ઇત્યાદી રોગો પાણીવીકારથી થાયછે. માટે ઉકાળેલું પાણી અથવા ઈટ, પથર કે ધાતુની વસ્તુ તપાવી લાલચોળ કરી પાણીમાં ઠારી ગાળીને વાપરવું. ગંદું, ચતુષ્પદના પ્રવાહવાળું, બંધેજ, જીવ વાળું. જે પાણી પીવાથી દરદ થતું હોય, ખારૂં મેલું, કાદવવાળું, ભારે, તપેલું પાણી, પેહેલા વરસાદનું, અતીશય થંડુ, એવાં પાણી પીવામાં આવે તો તે માણસને અજીર્ણ બડોળ, નારૂ (વાળો) જળોદર, સફોદર, અતીસાર, સંગ્રહણી, મરડો, ઝાડો, પથરીનો રોગ. ત્વચાના નાના પ્રકારના રોગ ગડગુંબડ ઇત્યાદીક રોગો પેદા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયછે, માટે ઉપર બતાવ્યા મુજબનાં પાણીનો ત્યાગ કરી તેમને સુધારી પીવું.

## કાળજ્ઞાન.

અરૂંધતી, ધ્રુવ, વીશ્નુત્રણપદ તથા માત્ર મંડળ એમને રોગીએ હમેશાં જોવાં, એ ચારે પદાર્થો ઉપર જ્યારે દ્રષ્ટી ન પડે ત્યારે એમ સમજવું કે કાળ હવે નજદીક આવ્યોછે. અરૂંધતી એટલે જીભ. વિશ્નુ ત્રીણીપદ એટલે બે ભમરની અંદરનો ભાગ. ધ્રુવ એટલે નાકનો આગલો ભાગ; ને માત્ર મંડળ એટલે બે ભમર, નાકનો અગ્રભાગ, જીભનું ટેરવું તથા કાન પાસે શબ્દ ઉચ્ચાર કર્યો તે જાણવામાં ન આવે તો સમજવું કે તે દરદી કદી નહીં બચે. ભમર જોવામાં ન આવે તો સમજવું કે નવ દીવસમાં મ્રત્યું થશે. મધ્ય ભાગ ન દેખાય તો પાંચ દીવસે. કર્ણ ઘોષ ન સંભળાય ત્યારે સાત દીવસે, નાકની ડાંડીની ટોચ ન દેખાય ત્યારે ત્રીજે દીવસે, ને જીભનું ટેરવું ન દેખાયું તો પેહેલેજ દીવસે મૃત્યું સમ, જવું. જે માણસ એકદમ શરીરે ફુલી જાય, યા દુરબળ થઇ જાય કે પ્રકૃતી બદલાઈ જાય, વાયુ શાન્ત કે અશાંત થાય ત્યારે છ માસની અંદર મ્રત્યુ થશે એમ જાણવું. જીભનું ટેરવું કાળું દેખાય. મુખ ત્રાંબાવર્ણું જણાય જીભમાં કાંઇ સ્વાદ ન સમજાય તો તે માણસ ભાગ્યે જીવે.

વૈદ રોગીને જોવા જાય તે વખતે જે લગ્ન હોય તેનાથી પેહેલ ૧–૪–૭–૧૦ જે સ્થાનમાં કેન્દ્ર લગ્ન હોય અને તેમાં સૂર્ય હોય તો જવર યુકત રોગી જાણવો. એ પ્રમાણે કેન્દ્રી ચંદ્ર મંગળ હોય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કૃમે કરી કફ વાત રક્ત દોષ રોગીને છે એમ જાણવું, બુધ ગુરૂ શુક્ર કેન્દ્રમાં હોયતો રોગી બ્યાધી યુક્ત જાણવો, શની કેન્દ્રમાં હોય તો લાંબા વખત સુધી રોગ રહે. તેથી રાહુ કેન્દ્રમાં હોય તો રોગી જીવે નહીં. રાહુના ફળ પ્રમાણે કેતુનું ફળ જાણવું. આવી રીતે જ્યોતીષ શાસ્ત્રને અનુસરીને વૈદે ઓષડ કરવું.

જે રોગીને રાત્રે દાહ થાય, દીવસે થંડી લાગે, ગળામાં કફનો ઘસારો સંભળાય, અરૂચી, કંકુ જેવાં લાલ નેત્ર, જીભ કાળી, નાડી ફુલેલી, વખતે બારીક જણાય, તેવા દરદીને ઓષધની જરૂર નથી પણ ઇશ્વરનું નામ તેજ ઔષદ તેણે સમજવું.

જે દરદીની દ્રષ્ટી સારી, બરાબરભાષણ હાથ પગ ગરમ, દાહ થોડો, રૂચી, જીભ કોમળ, નાકનો શ્વાસ સરળ વહેછે, પરસેવો ન થાય, તથા જવર હોય, એવાં સંયુંક્ત લક્ષણ હોય તો રોગ સાધ્ય સમજવો ને યોગ્ય ઔષધ વડે આરામ થાય.

## રોગના ત્રણ પ્રકારછે.

સાધ્ય રોગ ઓષધી વડે આરામ થાય. કષ્ટ સાધ્ય ઘણે પ્રયાસે તથા કષ્ટ જીવને મટે! પણ અસાધ્ય રોગતો માણસ મરે ત્યારેજ જાય. પ્રત્યેક રોગ ઉત્પન્ન થતી વખત સાધ્યનું સ્વરૂપ ધારણ કરેછે, પણ તેને ધ્યાનમાં ન લઇએ ત્યારે કુપથ્યતા પ્રકોપથી કષ્ટ સાધ્યનું રૂપ પકડેછે, અને તેની વીક્રીયાથી અસાધ્ય થઈ શરીરને નુકસાન કરેછે. માટે નાનો કે મોટો ગમે તેવો રોગ થયો કે આળસ ન રાખતાં તેનો નાશ કરવો.

અસાધ્ય રોગોમાંના નીચે, દરશાવેલા ભયંકર રોગોનો વૈદે જા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાબર ચીકત્સા કરી તેવા દરદોને વધવા દેવાં ન જોઇએ જે વાંકે, હાડગંભીર, નાસુર, ભગંદર, સુવાવડમાંથી થતા રોગો, સંગ્રહણી, કોલેરા, પ્રમેહ, વરસોળીઓ, સનેપાત, વાઈ, જીર્ણજ્વર, ત્રતીય-જ્વર, ચીતભ્રમ, પીનસ,ક્ષય, શરીરમાં અસ્થીનું ભાંગવું, નેત્રવ્યાધી, હરસ ટાંકી, કાળજાના રોગ અરૂચી, ચાંદી, કોઢ, વાયુના જોરથી ઓળાનું ચડવું, સારણગાંઠ, વૃષણ વૃધી, આંતરગળ બરોળ ગુલ્મ-વાયુ, જળોદર, કઠોદર, વાયુથી શરીરનું ફુલવું, કાળી તથા ઘણા દીવસની દાદર, ખરજવું, પથરી ગજચર્મ, રક્તપીત (હાથ પગનાં આંગળાં ખવાઈ જઈ તુટી પડે ને વહેછે તે) વીસ્ફોટક, પાંડુરોગ, ત્વચાગરમીના રોગ, રતવા, શ્વેતકોઢ, બંધકોશ યોનીના રોગ ગર્ભ-રોગ, સ્તનમાં હાડગંભીર, પ્રદર, યોનીસૂળ યોનીમાં અસ્થીનું આડું આવવું, આંચકી, સ્વાસ, ધનુર, વાજીકરણ (નપુસકપણું) છર્દી (જમી રહ્યા કે તરત ઉલટી થાયતે) કંઠમાળ, પાઠું, બોલતા જીભ ઝલાઈ જાય, ઉન્માદરોગ, શીતાંગ સંધીકવાયુ (સંધીવા) યોનીના કમળનું બહાર નિકળવું, અદ્ધાસીસી શરીરમાં અસ્થીનું વધવું, મેદનું વધવું અસાધ્યવ્રણ, ઘોરાનસનું કપાઈ જવું, લુતારોગ ઘંટીકારોગ, મુંગાપણું, બેહેરાપણું, ઇત્યાદી અસાધ્ય રોગછે, માટે જેમ બને તેમ વધવા ન દેતાં તરત ઉપાય લેવા જોઇએ,કારણ, જો તે રોગે શરીરમાં ઘર કર્યું તો જીંદગી પર્યંત જવાનો નહીં, માટે વૈદ્ય સાવચેતીથી આ દરદોનો નાશ કરવો, ઉપર બતાવ્યા તે શીવાયના બીજા રોગો સાધ્ય જાણવા અને તેઓ ઓષધી વડે દુર થાયછે.

## રોગોનાં નીદાન.

મનુષ્ય માત્રને જે જે રોગો ઉત્પન્ન થાયછે તેમાં જ્વર મુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યછે. જ્વર શીવાય જન્મ પણ નથી, તેમ મૃત્યુ પણ નથી. જ્વરની ઉત્પતી દક્ષ પ્રજાપતી ઉપરે માહાદેવજીનો કોપ થયો તે વખત ક્રોધમય સ્વાસ નીકળ્યો તેમાંથી તે પેદા થયોછે.

### જ્વર ઉત્પન્ન થવાનો મુખ્ય ભેદ.

મિથ્યા આહારે અને વીહાર, પુષ્કળ ખાધાથી, શક્તી ઉપરાંત ખાવાથી, ઘણું ફરવાથી, આમાશયના આશ્રય વડે જે દોષ ઉત્પન્ન કરે તે દોષને બાહારે પ્રગટ કરી, રસ ધાતુની અંદર જઈ જ્વર ઉત્પન્ન કરેછે, પ્રત્યેક રોગ મળના પ્રકોપ વડે ઉત્પન્ન થાયછે.

### જ્વર આવવાની અગાઉનાં ચીન્હ.

કેટલીક વખત હવામાં ફરવાથી, તેમાં ફેરફાર થવાથી, ઘણી મેહેનત કરવાથી, શરદી, ગરમી ઈત્યાદીકના લાગવાથી, તાવ આવે છે, તે આવતા પેહેલાં શરીર નરમ પડવા લાગે, કામમાં ચીત ગોઠે નહિ, માથુ દુખે, ભુખ બંધ થઈ જાય, કમર તુટે તાડ વાય, ઉપરાછાપરી આળસ બગાસાં આવે ને સુવાનું મન થાય, સુતા પછી તાડ જઈ તપી તાવ આવે, ચેહેરો લાલ થઈ જાય આંખો બળે ને તેમાંથી પાણી ઝરે, તરસ બહુ લાગે, જીભ સુકાય, દસ્ત કબજ થાય, નાડી, ખુબ જોરમાં ચાલે. ઇત્યાદીક ચીન્હો તાવના સંજોગે થાય આંખે અંધારાં આવે ને શરીર બહુ નબળુ પડી જાય. આણુંકરી તાવ પરશેવો આવી ઉતરી જાય છે.

### વાયુના તાવનાં લક્ષણ.

વાયુના તાવવાળાને બગાસાં આવે, દસ્ત કબજ, પેટમાં સુળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોંચાઈ દરદ થાય પેટ ચડે, શરીર દુખે, મોં બદસ્વાદ થઈ જાય, માથુ દુખે, કંઠે સોસ પડે, સુવાય નહીં. તેને આટલાં લક્ષણો થાય છે.

## વાતપીતના તાવનાં લક્ષણ.

બગાસાં બહુ આવે, ખાલી બકારી, ઉલટી થાય તેમાં કડવાં પીળાં પીત નીકળે, આંખે અંધારાં આવે માથુ દુખે, ઊંઘ ન આવે, જીભ ગણુ સુકાઇ જાય, અન્ન ભાવે નહિ ને શરીર બધું દુઃખે આટલા લક્ષણ આ દરદીને થાય.

## પીતના તાવનાં લક્ષણ.

મોં આળુ રહે, સોસ પડે, જરા કડવાશ પણ રહે, ઉલટીમાં કડવાં પીત નીકળે, શરીર નરમ થાય ને તાવ સખ્ત આવે. આંખો લાલ તથા જરા પીળી દેખાય, દસ્ત પીળો ને પાતળો થાય પીશાબ પીળા રંગવાળો, આંખો બહુ બળે, પરશેવો બહુ છુટે, ચકર આવે, ઊંઘાય નહિ. પીતજ્વરવાળાને આ લક્ષણો થાયછે. તેમાં જો લોહીનો બગાડ હોય તો સ્વાસ ભરાઈ જાય, બદન થંડુ પડે ને બહુ દુખે; ચકર આવે સોસ પડે; પેટ ચડે ને આંખો લાલ થાય.

## પીત કફના તાવનાં લક્ષણ.

મોં ગળચટું, તથા ચીકાશવાળુ. જીભ ધોળી ને રાતી તથા ચીકણી, અન્ન ભાવે નહી, પાણીનો સોસ બહુ રહે, ઉધરસ આવે અવાજ ખોખરો થાય, ચકર આવે, પેશાબ ચીકણો રાતો ને જરા સફેદીપર થાય. ઝાડો ફીણવાળો તથા લાલ રંગનો હોય શરીર અ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કડાઈ જાય, છાતી દુઃખે, શરીરે દાહ બળે પણ બહારથી થંડુ માલમ પડે. આ લક્ષણો હોય તેને પીતકફનો તાવ સમજવો.

### કફના તાવનાં લક્ષણ.

શ્વાસ બહુ રૂંધાય, ઉધરસ, સળેખમ, મોં ગળચટુ, શરીર થંડુ, ઉંઘ બહુ આવે, પેશાબ ચીકણો ને સફેદ, તાવનું જોર કમ, અન્નપર અરૂચી તથા શરીર વજનદાર ને ભારે લાગે, આ દરદીને આટલાં લક્ષણ હોય છે.

### વાતકફના તાવનાં લક્ષણ.

પરશેવો બહુ છુટે ઉધરસ આવે દમ રૂંધાય હાથ પગના સાંધા ઝલાય, શરીરે કળતર થાય શ્લેષ્મ (સળેખમ) થાય, શરીર કાંપે ને ભારે લાગે અન્ન ભાવે નહીં, માથુ દુખે, ખોપ્રી ઉપર ભાર લાગે, ઉંઘ ન આવે, પેટમાં દુખાવો થાય, અવાજ ભારી ને ખોખરો નીકળે, શરીર સ્થુળ ગળામાં કફ બોલે, ખરખરી પડે, મોઢું બદસ્વાદ ને ગળચટું બગાસાં આવે, પેશાબ સફેત તથા આશમાની ને ચીકણો, ઝાડો ફીણવાળો ચીકણો ને કાળાશપડતો તથા જીભ ભીની ને આશમાની રંગની હોય. આ દરદીને ઉપર બતાવ્યા મુજબ લક્ષણ હોય છે.

### સનેપાતના તાવનાં લક્ષણ.

આ દરદ થવાનું કારણ કે જે માણસ ઘણું ગરમ ખાણું ખાય, સ્વાદીષ્ટ પદાર્થો બહુ ખાય, રૂચી ઉપરાંત જમ જમ કરે, અણગળ ને નેષ્ટ પાણી પીએ, ઘણો ભારે ખોરાક ખાય ઇત્યાદીક કારણોથી આ દરદ થાય છે. તેનાં લક્ષણ—મગજ ભમી જાય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીજાજ ફરી જાય. શરીર કળાહીણુ થતું જાય નાકોવતી વધતી જાય. તમામ સાંધા તુટે, હાડકાં દુઃખે, શરીર ઘણું અકડાઈ જાય, તથા દુખે, આંખો ઝમે, માથુ અત્યંત દુખે, આંખો લાલ તથા તેની નીચેનો ભાગ કાળાશપર હોય, ગળુ સુકાય, જીવ રૂંધાય, સ્વાસ ઘુંટાય, અન્ન ખવાય નહિ, લોહીનો બળખો પડે, જીભ કાળી ને ખડખચડી થાય, ગરમ જગ્યામાં ઊંઘ આવે, ચમકી ઉઠે, વખતે ચીત્રવીચીત્ર ચાળા કરે, હસે, રૂવે, બીછાનામાંથી ઉછળી ઉછળીને પડે, કંઠમાં કફ બહુ બોલે, પેટ ભારે તથા તેમાં દુખાવો બહુ થાય પેશાબ ને દસ્ત બહુ ઉતરે કે કબજીઅત રહે, નાડી ઠેકાણા વગરની થઈ જાય (વખતે ખુબ કુદે ને જરાકમાં ડુબી જાય) આસમાની રંગનો ઝાડો, પેશાબ બગડેલા લોહી જેવો થાય આ દરદીને આરામ થાય.

## કામવીકારનો તાવ.

આ તાવ સ્ત્રી પુરૂષ બનેને અન્યોઅન્ય બહુજ માયા હોય તેમાં અમુક વીઘ્નો નડવાથી તેમની ઇચ્છા ન થવાને લીધે ઇન્તેઝારીમાં કામાન્ધ થાય તેથી આ તાવની અસર તેમને થાય છે. તેનાં લક્ષણ આ દરદીનું ચીત હમેશાં વીષયારક્ત રહે. કાળજું દુઃખે બુધી ભ્રષ્ટ થાય ભુખ તરસ નીંદ્રા લજ્જા (બેશરમો થઇ જાય) વીગેરેનો ત્યાગ કરે તથા આખે શરીરે અગ્ની બળેછે.

## એકાંતરીઆ તાવનાં લક્ષણ.

શરીર તુટે, ઉપરા ઉપરી બગાસાં આવે બેસવું કે કામ કરવું ગમે નહીં કેડો ફાટે તાડલાય તાવ ભરાઈ આવે ચેન પડે નહીં દમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફેંકાય નાડી બહુ જોરથી ઉતાવળી ચાલે તરસ બહુ લાગે શ્વાસો-શ્વાસ બહુ જોરમાં ચાલે પેશાબનો રંગ બહુ લાલ દેખાય. ઓકારી આવે, અન્નપર અરૂચી થાય આટલાં લક્ષણ તરીઆ તથા ચોથીઆ તાવનાં જાણવાં.

### હાડજ્વરનાં લક્ષણ.

આ તાવવાળાને અન્નપર અરૂચી પાણીની તરસ બહુ લાગે માથું ભારે રહે નાક બંધ યું રહે જરા થંડ તથા કમકમાટી આવી તાવ ભરાય. ચેહેરો ફીકોને નીસ્તેજ જણાય. કુવા પાણી જેવો ઝાડો આવે. પેશાબ બહુ થાય. દિનપર દીન શરીર ગળતું જાય. ક્રોધના આવેશથી તે દરદીનું શરીર કાંપેછે પીતનો પ્રકોપ થાયછે તથા પીતજ્વરમાં બતાવ્યાં સઘળાં લક્ષણ તેને થાયછે.

### બીક લાગવાથી તાવ આવે તેનાં લક્ષણ.

એકા એક ચમકી ઉઠવાથી, ડર બહુ લાગવાથી, ભયાનક પદાર્થ જોવાથી ને તેના ત્રાસથી તાવ આવે, ચીતભ્રમ થાય, મળમુત્રનું ભાન ન રહે તથા ખાવું પીવું સારૂં લાગે નહીં.

### જીર્ણ જ્વરનાં લક્ષણ.

આ જ્વરનું પ્રમાણ ૨૧ દીવસનું છે, અને તે પછી શાન્ત થાયછે. પણ કુપથ્યના પ્રકોપથી દરરોજ શરીરમાં એ રહેછે. અન્ન ખવાતુ નથી પાણીની તરસ બહુ લાગે શરીર થંડુ તથા નીરબળ થતું જાય તેમ પેટમાં કબજીઆત રહે તેથી બરોળનું જોર વધતું જાય છે.

### અજીર્ણ તથા મળવીકારનો તાવ.

આ દરદીને પેટ ચડે ને તેમાં ગરગડાટ થાય, દુખે મોળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે ને મોંમાં પાણી ભરાઈ આવે. ઉલટીની ચાહના રહે, પેશાબ છુટે, ઝાડો પાતળો: ખારા ઓડકાર આવે, આટલાં લક્ષણ. અજીર્ણવાળાને થાય મળવીકારવાળાને પેટમાં દુખે, ને ચુંક આવે, સોસ પડે શરીરે દાહ ઉઠે માથું દુખે, વાયણી વારંવાર આવે તથા ચકર આવે.

### સુવાવડી સ્ત્રીને તાવનાં લક્ષણ.

શરીર ગરમ ધ્રુજે જારે લાગે શરીરના ઘણા ભાગમાં સોજો ચઢે કળતર થાય તથા ઝાડો છુટી જાય આટલાં લક્ષણ તેને થાય.

### કાળજ્વરનાં લક્ષણ.

કંઠમાં કફ બોલે, શરીર કાળું પડી જાય જીભ કાળી પડે તથા બોલતાં બોલતાં અચકી જાય, શ્વાસ ઉઠવાનાં સર્વ લક્ષણ જણાય. શ્વાસ ચાલે ત્યાંસુધી લાગુ પડતી દવાની અસર સારી પેડે થવાનો સંભવ રહે છે પણ ભરૂંસો રાખી શકાય નહી. એ લક્ષણો કાળજ્વરનાં છે.

ઉપર લખેલા જ્વરોનાં નીદાનો તથા મુખ્ય જ્વરનાં લક્ષણો સેહેલથી સમજી શકાય તેવી ભાષામાં પ્રગટ કર્યા છે તે શીવાય બીજા જાણવાની આશ્ય હોય તો અન્ય ગ્રંથમાં જોવાં; સબબ; વધારે ડોહોળવાથી કેટલીએક બાબતપર શંકાઓ બહુ ઉત્પન્ન થાયછે તેથી વાંચક વર્ગ ગુચવાડામાં આવી પડેછે તેમ રોગોનું નીદાન બરાબર ન થતાં કેટલીએક અડચણો આવી પડેછે માટે સરળ તથા સેહેલી રીતે સમજાય તેવો અને જરૂરી વીષય દાખલ કર્યા છે.

### અતીસાર (ઝાડો) ના રોગનું નીદાન.

**અતીસારનાં કારણો**—અતીશય ભારે, ચીકણી, લુખી ખારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાટી, અપક્વ, તાડી વસ્તુઓના ખાવાથી, નઠારૂ ગંદુ પાણી પીવાથી, રૂતુના પ્રકોપથી, ગરમીમાં ફર્યાથી; લુ લાગવાથી, ગરમ ને પાતળી વસ્તુઓ ખાવાથી ઝાડો રોકવાથી એવા કારણોથી આ દરદ પેદા થાય છે. લક્ષણ—આંતરડામાં મળ ભરાઈ રહે, દસ્ત પીળો ને થોડો થોડો પાતળો આવે પેટમાં આંકડી આવે દરદ થાય શરીરે કળતર કાળજામાં દુખાવો, પેડુ ભારે પેટ ચડાને અન્ન ખવાય નહિ.

## વાયુના અતીસારનાં લક્ષણ.

આ દરદીને દસ્ત ઉતરતી વખતે પેડુ દુઃખે ને દરદ બહુ થાય. પરૂ ઈત્યાદીક સાથે મળ ઉતરે પણ લુખો ચીકણો ફીણવાળો ને જરા લાલાશ પડતો હોય ત્યારે વાયુનો અતીસાર સમજવો.

## પીતના અતીસારનાં લક્ષણ.

શરીરમાં દાહ ઉઠે આંખે અંધારાં ને ચકર આવે કંઠ સુકાય ને પાણી પીવાનું મન બહુ થાય ઝાડો પચરંગી પાતળો ને બહુ ગંધ મારે; ગુદા સ્થાનપર સોજો, પીડા થાય અને પરશેવો બહુ છુટે.

## કફના અતીસારનાં લક્ષણ.

આ દરદીને અજીરે અરૂચી શરીર ભારે પેશાબ સફેત દસ્ત જાડો ફીણવાળો સફેદ ને બહુ ગંધ મારે ગળામાં કફ બોલે શરીર થંડુ રહે, એ સર્વ લક્ષણ કફના અતીસારનાં સમજવાં.

## સંનેપાતના અતીસારનાં લક્ષણ.

આ રોગ અસાધ્ય છે. તે દરદીને માથુ દુખે ને ભારે લાગે શરીર કળાહીણ સાંધા તુટે શરીર તમામ દુખે આંખો ઝમે તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ ને કાળી થાય ગળુ સુકાય ઝાડો પાતળો આસમાની રંગનો, પેશાબ કાળા લોહી જેવો, આંખો આડી ડોઢી ઠેકાણા વગરની ફરે નાડી સ્થાનભ્રષ્ટ થાય ને ઠેકાણાપર ન રહે.

**અફસોસ તથા શોકાદીકથી થતા અતીસારનાં લક્ષણ.**

આ દરદીને અન્નપર અરૂચી લોહી બગડી જાય પેટમાં મળ બંધાય ને જમી જઈ મરડો થઈ લોહી પડવા માંડે શરીરમાં આતસ ઉઠેછે. સદરહુ લક્ષણોથી આ દરદની પરીક્ષા થાયછે.

**આમાશયમાં મળ પેદા થવાથી અતીસાર થાય તેનાં લક્ષણ.**

આ દરદીની પાચન શક્તી બીલકુલ મંદ પડી જાય છે. ને સાદો હલકો ખોરાક પણ હજમ થઈ શકતો નથી, તેથી તેને અપચો થઈ મળાશયને બગાડે છે. પેટ પેડુમાં સૂળ પેદા કરે, મળ કઠણ થઈ જાય, તેથી ઝાડો સાફ આવતો નથી. વાતપીત કફનો પ્રકોપ કરેછે, નાભી આગળ ચુંક લાવે છે, ઝાડો પાતળો કરેછે, ને પેટમાં દુખાવો રાખેછે. ઝાડો સફેત કે રાતા રંગનો, ગુદામાં દરદ કરે છે. ધાતુને બીગાડી નબળાઈ લાવે છે. સરીર સુકવી તાવ પેદા કરેછે ગળામાં સોસ પાડે દરદને વધારો લોહી પાડવું શરૂ કરે છે. આંખો ઊંડી ઉતારે વાધણી આણે શરીરમાં ગંધ પેદા કરે ને પગે સોજા આણે.

**સંગ્રહણીનાં લક્ષણ.**

આ રોગ સુકો જડ ગરમ ખોરાક ખુબ ખાવાથી, ખાઈને સુઈ રહેવાથી અજીર્ણમાં ઉપરા છાપરી ખાવાથી અને ન ખાવાની વસ્તુઓ ખુબ ખાવાથી આ દરદ પેદા થાયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**લક્ષણ**—ઝાડો બહુ થવાથી શરીર કળહીણ થઈ જાયછે અશક્તી બહુ આવે દરદ પેદા થાય બરોળ વધે આંતરડાં સખ્ત થાય. ખાધેલું પાચન થતું નથી તેથી એમનું એમ ઝાડાવાટે નીકળે. શરીરે આતસ તથા ગળું સુકાઈ જાયછે.

### વાયુપ્રકોપથી સંગ્રહણીનાં લક્ષણ.

આ દરદીને ઝાડો ફીણવાળો ગંધ મારતો ને જરા લાલ રંગનો; ઝાડે જવાનો નીયમ ન રહે. અન્નપર રૂચી ન રહે, મોં બદ સ્વાદ રહે, પેટ પેડુમાં આંકડી તથા દરદ બહુ થાય, શરીર છેક લેવાઈ જાય, તમામ સાંધા દુખે, ગળે કાચકી બાઝે, સોસ પડે, પેટ પેડુ ભારે લાગે, તથા વાયુને અજીર્ણના ઓડકારો આવે, આ સર્વેનું મૂળ ખાવા પીવામાં અનીયમીતપણું છે.

### પીતસંગ્રહણીનાં લક્ષણ.

આ દરદીને લીલો કાળાશપર પીળો ઝાંખા રંગનો ઝાડો તેમાં ખાધેલું અન્ન એમનું એમ નીકળે; ખાટા ઓડકાર આવે; કંઠે સોસ પડે; શરીરે દાહ ઉઠે; અશક્તી બહુ વધતી જાય; હાથ પગમાં વાંટા ને ગોટલા ચઢે પેટ પેડુમાં દરદ રહે; કાળજામાં ચુંથારો. આ લક્ષણો તેને થાય તે સરવનું કારણ અનીયમીતપણે ખટરસ; બહુ ગરમ ભારી ચીકણી ઈત્યાદીક વસ્તુ ખાવાથી થાય છે. તેને વળી ખાલી બકારીઓ થાય તે વખતો વખત વામીટ (ઉલટીઓ) પણ થાયછે.

### કફની સંગ્રહણીનાં લક્ષણ.

આ દરદિનું શરીર ફુલી જાય, કમજોરી, શરીરમાં આળસ ને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવાનું વારંવાર મન થાય, સુતો એટલે પછી તેના મોંનો સ્વાદ ગ- ળચટો રહે ઉધરસ આવે, ગળામાં કફ બોલે, પેટ પેડુ ભારે રહે, કામદેવ બહુ જાગે, જમ્યા પછી જેમ મીઠા ઓડકાર આવે તેવા તને વગર ખાધે આવે, ઝાડો સફેત ફીણવાળો લોહીપર સાથે ઘણી મેહેનતે ઉતરે ને હાજત બની રહે, શરીર અકડાઈ જાય હાથપગ તુટે ગોટલા ચડે આંખે અંધારાં આવે, તથા જીવને ચેન ન પડે, આ સર્વનું કારણ ઘણી ચીકણી વાસ્તુઓ ભારે ચીજો ઘતાદીક અજીર્ણમાં અનીયમીતપણે ખાવાથી છે.

## સનેપાતમાં સંગ્રહણીનાં લક્ષણ.

ત્રીદોષમાં અનીસારનાં લક્ષણો બતાવ્યાં તે સર્વ આ દરદીને થાય છે. તેમ વાતપીત કફના પ્રકોપનાં સર્વ ચીન્હો તેમાં સાથે હોય છે આ રોગ અસાધ્ય ગણાય છે.

## હરસ રોગનું નિદાન.

હરસ છ પ્રકારનો છે તેમાં ખુની હરસ ઔષધવડે પણ જતો નથી, તેથી તેને અસાધ્ય રોગ ગણેછે. બીજા સરવ સાધ્ય તેથી દવાઓથી આરામ થાયછે. તેની ઉત્પતી—વાતપીત ને કફના પ્ર- કોપથી તે પેદા થાય છે (એટલે ખટાશ ખારાશ ચીકણી ચીજો અનીયમીતપણે બહુ ખાવાથી ત્રીદોષ પેદા કરી તેને ઉત્પન્ન કરે છે) તે ગુદાની અંદર તથા કીનારી ઉપર થયછે. તે ભાગને બગા ડીને માંસમાં મસા પેદા કરેછે. તેમાંના ઘણાખરા દુઝેછે, ને પીડા બહુ કરેછે. લક્ષણ—આખુ શરીર દુખે તથા ગળતું જાય, અન્ન ખવાય નહી તેમ ખાધુ તે પચે નહિ; ઓડકાર ખુબ આવે, ઝાડો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેશાબ કબજ રહે, આળસ બહુ આવે, કાળજે દુખાવો, શ્વાસ ચઢે, ઝીણો તાવ રહે, ઉધરસ બહુ આવે. ઇત્યાદીક નાના પ્રકારની વ્યાધી શરીરમાં રહે છે.

### વાયુના હરસનાં લક્ષણ.

આ દરદીને અન્ન પચે નહિ, સોસ પડે, મગજ ભમી જાય આખુ શરીર તથા સાંધામાં દુખાવો, તાવની અસર રહે, સળેખમ થાય, ગુદામાં કપાસીઆ જેવડા અણીદાર મસા દેખાય, એવાં ચિન્હો આ દરદીને દેખાય છે.

### પીતના હરસનાં લક્ષણ.

આ દરદીને ઝાડો લીલા પીળા રંગનો થાય તે સાથે લોહી પડે, શરીરનો રંગ પીળાશપર થતો જઈ ગળતું જાય, અન્ન ભાવે નહિ, સોસ ઘણો પડે તથા દાહ ઉઠે, મગજ ભમી જાય, ચકર આવે, તથા પરશેવો બહુ છુટયાં કરે, મસા નરમ કોમળ તથા તેઅનાં મોં લાલ પીળા ને ધોળાં દેખાય.

### કફના હરસનાં લક્ષણ.

આ દરદીને માથુ દુખ્યાં કરે, ઝાડો પેશાબ કબજ રહે, ને ઉતરે ત્યારે પીડા બહુ કરે, તાડ વાય ઝાડો પાતળો પરપોટીવાળો ફીણયુક્ત થાય, પેશાબ સફેત ચીકણો, શરીર અશકત થતું જાય, મોં ગળચટુ, ઉલટી થયાં કરે, અન્ન ભાવે નહિ; તથા ખાતી વખત ઉસાળા (ઓકારી) આવે, ગળામાં કફ બોલે, અવાજ ખોખરો થાય, કાળજામાં ને પેટમાં દરદ થયા કરે, અજીર્ણ થાય, ચાલતાં સ્વાસ રૂંધાય તેને મસા મોટા તથા કફથી વીંટાએલા રહે, ખરજ બહુ આવે આટલાં લક્ષણ તેને હોયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લોહી પડતા (ખુનીં) હરસનાં લક્ષણ.

આ દરદને ખુની હરસ કહેછે. તે અસાધ્ય ગણાય છે. તેને મસા લાલ ઘેરા રંગના હોયછે, તેમાંથી લોહી ગરમ નીકળેછે. શરીર ઘેવાતું જાય, કળતર, દુખાવાનું જોર વધતું જાય, વાછુટ બીલકુલ ન થાય, ઝાડો સફેત ફીણવાળો ચીકણો તથા કફયુક્ત હોય છે. કફ પ્રકોપી ઝાડાને પાતળો તથા ફીણવાળો ને ચીકણો કરી નાંખે છે. દરદી બહુ દુખ પામે અને ત્રણ વરસ સુધીમાં તે મૃત્યુ પામે.

## કૃમી રોગનું નીદાન.

કૃમી એક જાતના સફેત રંગના જીવડા થાયછે. તેમનો આકાર પાતળો, લાંબો તથા અણીદાર હોયછે. તે મીષ્ટાન દુધ ખાંડ ઇત્યાદીક પદાર્થોના ખાવાથી, અજીર્ણથી પેદા થાયછે. તેઓ આંતરડાંમાં રહેછે. તેમનું જોર વધવાથી પેટમાં પીડા; ગોળો, વોમીટ (ઉલટી) તથા પેટ ચડી આવે. તેમની ત્રણ જાતછે. એક તો જે આંતરડામાં રહેછે તે. ઝાડા વાટે ને વખતે ઉલટીમાં પણ તે બહાર નીકળી પડેછે. બીજી જાતના ઝીણા ને પાતળા દોરા જેવા ગુદા તરફના ભાગમાં તથા મોટાં આંતરડાંમાં રહેછે. ત્રીજી જાતના બહુજ લાંબા થાયછે. તે હજારો નાના કકડાના બનેલા હોયછે. તેઓ આંતરડામાં ચોંટી રહેછે. સાધારણ જુલાબથી તે ઉખડી પડતા નથી પણ ફક્ત ઓસડોના ઝેર પોહોચે ત્યારેજ છુટા પડે. તેથી તેના સાંધાના કકડા થઇ થઇ ઝાડા વાટે નિકળેછે પણ જો મોંનો ભાગ અંદર રહી ગયો તો કેટલેક દીવસે તેવોને તેવોજ કૃમી પેદા થાયછે. આ સર્વ પ્રકારનાં કરમનાં ઇંડાં પાણી અગર ખોરાક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે પેટમાં જઈ વધી જઈ દુઃખ બહુ દેછે. લક્ષણ તાવ આવે અરૂચી થાય. વખતે ઝાડો થઈ આવે કે કબજીઆત કરી નાંખે. ઉબટી થાય, ચમડી ઉઠાય, માથામાં દરદ પેદા કરે અને શરીરને પણ વખતે અશક્ત કરી નાંખે. કાળજામાં દરદ કરે ને બમણુ કરી નાંખે.

## પાંડુરોગનાં લક્ષણ.

આ દરદીને શરીરમા લોહી ઘણુંજ કમ રહેછે. તેમ થવાનાં ઘણાંક કારણોછે—જેવાં કે સંગ્રણી, હરસ, જખમ વાગવાથી. બરોળ વધવાથી. નાના પ્રકારના જ્વરથી ઇત્યાદીક કારણોથી શરીરનું લોહી ઘટી ચેહેરો ફીકો ને નીસ્તેજ થઈ જાયછે. હાથ, જીભ, પગ, મોં ઈ. સફેત થઈ જાય. હાથ પગપર સોજા આવે; પેટ વધે, શરીર ગળે, મળમુત્ર પીળા રંગનાં થઈ જાય. અન્ન પચે નહીં; દમ ભરાઈ જાય, છાતી ધડકે તથા માથું બહુ દુઃખે. એ દરદીને આ સર્વ લક્ષણો હોયછે.

## વાયુથી થતો પાંડુરોગ.

શરીર ધ્રુજે. ઘડી ઘડીના શ્રમમાં પરશેવો છુટી જાય, શરીર બહુ દુખે, અજીર્ણ રહ્યા કરે, શરીર કાળુ પડતું જાય, આંખો લાલ ને પેશાબ કાળો તથા લાલાશ પડતો થાય આ દરદીને આ સર્વ લક્ષણો થાય છે.

## કફથી થતો પાંડુરોગ.

આંખો ધોળી, નાડી કફના જોરમાં, શરીર સફેત, પેશાબ જરા પીળો ને સફેત, ગળામાં કફ બોલે, બળખો ચીકણો નિકળે, શરીરના સર્વ ભાગપર ઘોથર આવે, માથું પેટ પેડુ ભારે; ને દુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવો બહુ રહે, બગાસાં ઉપરા ઉપરી આવ્યાં કરે અન્ન ભાવે નહીં ને ખવાય પણ નહી. મોં ગળચટું રહ્યા કરે આટલાં લક્ષણ આ દરદીને હોય છે.

### પીતના પાંડુરોગનાં લક્ષણ.

તાવ આવે, સોસ પડે, ગળું સુકાય, શરીરે દાહ બળે ચેહરો પીળો ને શરીરે થોથર આવતી જાય, આંખો પીળી પેશાબ ગરમ ને પીળાશ પડતો, ઝાડો, પાતળો, પીળો ને ગરમ, અન્નપર અરૂચી, મોંઢું કડવું, દમ ચડે શરીર બધુ દુખે, ને શરીર કમજોર થઈ ગળતું જાય. આટલાં લક્ષણ આ દરદીને થાય.

### ત્રીદોષથી થતો પાંડુરોગ.

આ દરદીના લોહીનું પાણી થતું જાય, નસો બધી ફુલતી જાય. અવયો સર્વ નાકૌવત થતાં જાય, શરીર છેકજ પીળું પડે દમ ઘણો ચઢે, તાવ ભરપુર જોસમાં રહે, શરીરપર બધે સોજે, શૂળ, અતીસાર, સંગ્રહણી, એ સર્વ લક્ષણો તેને થાય.

### કમળાનુ નીદાન.

આ રોગની અંદર કાળજામાં પીત પેદા થાય છે. પછી તે આખા શરીરમાં ફેલાવા માંડેછે, ને આખરે લોહી સાથે મળી જાય છે, તે વખતે દરદ ભરપુર જોસમાં હોયછે, તેને આપણે કમળી કહીએ છીએ, લક્ષણુ પીત પીળું હોવાથી, ને, શરીરમાં પસારવાથી તેનો રંગ પીળો દેખાય છે, નેત્ર નખ પણ તેવાજ દેખાયછે. શરીર દુખે, ચેન પડે નહીં, તથા આળસ બહુ આવે, શરીરે ચળ બહુ આવે, પેશાબ પીળો, ને પચરંગી દેખાય તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઘણો છુટે; ફક્ત દસ્ત જરા રંગે સફેત હોયછે. પરશેવો પીળો તેથી જ્યાં લાગે તે સરવ પીળું દેખાય. જીભ, થુંક, બળખો, લીંટ ઇત્યાદી પીળાં દેખાય. ઝાડો કબજ, વાયુ છુટે નહીં. પેટ પેડુ દુખે, અન્ન ભાવે નહીં. ખાધું પચે નહીં, જ્યારે ભરપુર જોસમાં આવી કમળી થઈ ગઈ ત્યારે દરદી બેશુધ, ભાન વગરનો, જેમ આવે તેમ બકે તથા અંતે મૃત્યુ પામેછે. એ અસાધ્ય ગણાયછે. તેનો ઇલાજમાં મુખ્ય દસ્ત સાફ લાવવા કોશીશ કરવી. આ દરદનો ઉપદ્રવ મુખ્યત્વે કરી તાવમાં દુધ ખાવાથી પાંડુરોગથી ભારી દીલગીરીથી, ચીંતા ફીકરથી, જબરી બીક હોવાથી, અજીર્ણ વીકારથી, ઇત્યાદીક કારણોથી લોહીવીકાર થઈ પીત પ્રકોપ પામે છે તેથી થાય છે.

## રક્તવીકારના રોગની સમજ.

અનીયમીતપણે ખાવાથી, ખારી ચીજો ખુબ ખાવાથી અજીર્ણવીકારથી, અતીમૈથુનથી, મહા શોક ભયઇત્યાદી કારણોથી શરીરનું લોહી ઉડી જઈ, માસ બળી જાયછે ત્યારે લોહી પડવા માંડેછે. તેનાં લક્ષણ શરીર છેકજ લેવાતું જાય, ખવાય નહીં તો પણ ખાવા જાય કે ઉલટી થઈ પાછું નિકળે, ખરાબ ઓડકાર આવે, કાળજુ, પેટ પેડુ સરવ દુખે. સોસ પડે ને કંઠ સુકાય. સૂળ ચાલે, મગજ ભમી જાય ચેહેરો લાલ થઈ જાય, તેમ બધુ લાલ ને લાલજ દેખાય જો ગુદામાં, નાકમાં, ને ગૂહ્યસ્થાનમાં રૂધીરસ્રાવ થાયતો તેને અસાધ્ય રોગ સમજવો. તેને ત્રીદોષ રક્ત પીત કહેછે. જો પીતનો પ્રકોપ હોયતો નાકવાટે ચીકાસ પડતું લાલ કાળું લોહી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય, કાળુંને લુખ્ખું લોહી વહેતો વાયુ પ્રકોપ અને પીળું ચીકણું તથા આશમાની રંગનું લોહી વહે તો કફ પ્રકોપ જાણવો. એ ત્રણે સાધ્ય સમજવાં પણ ગુહ્યસ્થાનેથી જોસભર વેહેવા માંડ્યું તો તે દરદીની આશા જીવવાની મુકી દેવી.

## અજીર્ણ વીકારની સમજ.

અજીર્ણ થવાનું કારણ ખોરાક હજમ થવાની જગ્યાએ વીક્રીયા થવાથી આ દરદ પેદા થાયછે. અનીયમીતપણે ખુબ ખોરાક ખાવાથી, કાચાં ફળ અન્ન ઈત્યાદીક વીશેષ ખાવાથી, અન્ન પાચન થઈ નહિ શકવાથી, ઘણું પાણી પીવાથી, કાચી ભુખમાં ખાવાથી, નાના પ્રકારના નીશા તથા દુરવ્યસનો કરવાથી, ફીકર, ધાસ્તીથી શરીર નબળુ પડી જવાથી, જ્વર ઈત્યાદી કારણોથી એ પેદા થાયછે. લક્ષણ—ખાટા તરેહવાર ઓડકાર આવે, પેટ ચડે, ઝાડો થઈ જાય કે કબજીઅત રાખે ઉલટીનાં ચીન્હ માલમ પડે, મોઢુ બદસ્વાદ રહે પેટ છાતી ને ગળુ બળ્યાં કરે, કાળજુ પેટ પેડુમાં દરદ ઝીણી ચુંક, અરૂચી થાય, ઉંઘ બહુ આવે ને દુષ્ટ સ્વપ્ના બહુ આવે પેટમાં ગડગડાટ ઈત્યાદીક થાય છે. આ દરદથી ગુલ્મવાયુ પ્રકોપી ને ગોળો વારે વારે ચડેછે, તથા તાવ સખ્ત આવેછે આ સર્વ લક્ષણ તે દરદીને થાય છે,

## ઉધરસના રોગની સમજ.

ઉદરસ થવાનું કારણ ગરમ તથા પીતકારક વસ્તુઓ ખાઈ ઉપર પાણી પીવાથી, ધુમ્રપાન (અફીમ ઈ. પીવાથી) ગળામાં ધુમાડો ઈત્યાદીક જવાથી, પેટ કબજ રેહેવાથી, બહુ ચીકણી વસ્તુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવાથી બદ પરેજીથી રસવોકારથી. ઈત્યાદીક કારણોથી તે થાયછે

### વાયુની ઉધરસનાં લક્ષણ.

અન્ન બરાબર પચે નહિ, ગળુ બળે, છાતી દુખે તેમ પેટ પેડુ આંતરડાં બહુ દુખે. જીરણ તાવ આવે, માથુ હાથ પગના સાંધા કેડ ઈત્યાદીક તુટી પડી કળી પડે છે વાંસો ને પાંસળામાં શૂળ ઉઠે, ચહેરો ફીકો પડે ને શરીર અશક્ત થતુ જાયછે.

### કફની ઉધરસનાં લક્ષણ.

ગળામાં કફ બોલે, મોં ચીકણું રહે, ચેહેરો ફીકો થઈ જાય, તથા સફેત ને પીળાશ પડતો દેખાય, શકતી હીણ થાય ખવાય નહી ને ગળુ બળ્યા કરે આટલાં લક્ષણ તે દરદીને થાય.

### પીતની ઉધરસનાં લક્ષણ.

તાવ આવે માથું દુખે તરસ લાગી સોસ પડે, દાહ ઉઠે, અન્ન ખવાય નહી. સુકી ઉધરસનો ઠાંસો, વખતે ઉલટી થાય ત્યારે કડવાં પીત નીકળે, શરીર અશક્ત તથા નબળુ થતું જાય.

### અસાધ્ય ઉધરસનાં લક્ષણ.

વાતપીત ને કફ ત્રણેના પ્રકોપથી ઠાંસો થાય, તેને જીવવાની આશા ન રાખવી.

### ક્ષયરોગની સમજ.

ક્ષય ઉત્પન્ન થવાનું કારણ—ફેફસાની અંદર સોજો ચડવાથી અવય સડી જઈ બળખો નિકળેછે. તેને ક્ષય કહેછે. બળખાનો રંગ પરૂ જેવો હોયછે, તે રોગ અસાધ્ય જાણવો. તેનાં લક્ષણ. આ દરદી દીનપરદીન ગળતો જાય. તાવ લાગુ થઈ કાયમ દેહમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેછે તેથી શરીર છેકજ લેવાઈ જાયછે, તથા ગંધ તેમાંથી બહુ આવે, પરશેવો બહુ છુટે, શ્વાસ ચડે, અગ્ની મંદ થાય, અજીર્ણ રહ્યાં કરે, ઝાડો વખતે છુટી જાય, ગળુને છાતી દુખ્યા કરે, બલખામાં લોહીને પરૂ પડે, રોગની શરૂઆતમાં ફકત ઉધરસ ખાલી આવે, પછી વધતે વધતે બલખો, તેમાં પછી કફ ને આખરે લોહી સંયુકત પડેછે કોઈ વખત લોહીનીજ ઉલટી થઈ આવેછે, વીકાર ઘણો પડવા માંડે ત્યારે તે દરદીનું મોત તરત થવા સંભવ રહેછે, તે વખત પેટ છુટી જાય, રોગ વધતો ચાલ્યો ને શરીર ગળી જઈ ફકત હાડપીંજરજ બાકી રહેછે. નાનપણમાં રંડીબાજીથી; અતી મૈથુન કરવાથી, ઉજાગરા કરવાથી. અતી મેહેનત કરવાથી, બેહદ ચીંતાથી, લાંબા વખત સુધી સુકો ખોરાક ને તે પણ પુરતો નહીં મળવાથી ઇત્યાદી, બીજા કારણથી આ દરદ પેદા થાયછે. આ રોગથી ઘણું સાવચેત રહેવું સબબ—તે અસાધ્ય તરત થઈ જાય છે, ને તેના સપાટામાંથી ભાગ્યેજ કોઈ સારો થાયછે.

## દમની સમજ.

દમ ઉત્પન્ન થવાનું કારણ—બહુઠંડી હવા ખાવાથી અજીર્ણ વીકારથી, અતી શોક કર્યાથી, પેટમાં ખૂબ ધૂળ જવાથી, પીતકારક વસ્તુઓ ખાવાથી, લુખી ચીજો ઘણી ખાવાથી, ઘણીવાર ઉજાગરા કર્યાથી તથા ખરાબ થંડો ખોરાક બહુ ખાવાથી આ દરદ પેદા થાયછે. લક્ષણ—દરદની શરૂઆતમાં પેટમાં બાદ છાતીમાં દરદ, સસણી બોલે, પરશેવો બહુ થાય, શરીર થંડુ રહે, ઘડી ઘડી ઉધરસ આવે તેથી મોં ફાટ્યું રહે, ચેન પડે નહીં, રાત્રે નીરાંતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંઘાય નહીં, વાંસો ફાટે, પીઠમાં દરદ થાય. છાતીનાં પાટીઆં ફુલે, કફ બહુ ચીકણો પડે છાતીમાં ને ગળામાં સસણી બોલે, સૂળ આવે, પેટ ચડે, માથું દુખે, અન્ન ભાવે નહીં દસ્ત કબજ રહે, થોડો થોડો પેશાબ ઘણી મુસ્કેલીથી ઉતરે, નાક બંધ રહે ગળામાં કફ બોલે, આંખો ઉપર સોજો રહે, મોં ઉપર થોથર, સોસ પડે, આ લક્ષણો સાધ્ય દમનાં છે, સ્વાસ પુરજોસમાં ચાલે દમ લેતાં દરદથી આંખો ફાટી રહે, તેના જોરથી બોલવાની શક્તી હીણ થઈ જાય, માથું ભમી જાય જરા જરામાં પરશેવો છુટે, આંખો લાલને ફાટેલી રહે, આટલાં લક્ષણ અસાધ્ય દમના સમજવાં ને તે જલદી મૃત્યુ પામે.

## અરૂચીની સમજ.

અરૂચી પેદા થવાનું કારણ—તાવ, અજીર્ણ, ખરાબ હવાથી અતી ક્રોધથી, ડરથી ઈત્યાદી કારણોથી આ દરદ થાયછે. **લક્ષણ** અન્ન ખાવાની ઈચ્છા રહેતી નથી, કોઈ વખત છાતી પેટ દુખે, મોંમાં ખાટો તરેહવાર સ્વાદ રહેછે, શરીરે દાહ ઉઠે, સોસ પડે, વખતે મોં કડવું ને કટાણું રહે, શરીર તથા તમામ સાંધા દુખે, અજીર્ણ દેખાય, મોંમાં પાણી ભરાઈ આવે, ઉધરસ આવે, ભુખ લાગે પાણી ગળે ઉતરે નહિ તેમ ખાવાની ઈચ્છા પણ ન થાય, આટલાં લક્ષણ આ દરદીને માલમ પડેછે.

## ઉલટીની સમજ.

આ દરદ વાતપીત તથા કફ પ્રકોપથી, અજીરણ તથા ક્રમી વીકારથી, ગરમ ચીકણી ભારે તથા થંડી વસ્તુ બહુ ખાવાથી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી ઉતાવળે, દુર્ગંધવાળી, બગડી ગએલી ચીજો ખાવાથી, તાવના જોરથી, ઈત્યાદીક બીજા ઘણાં કારણોથી આ દરદ પેદા થાય છે તેનાં લક્ષણ—મોંમાં પાણી ભરાય, પેટમાં દુખે તથા ઝીણી ચુંક આવે, ખાટા ઓડકાર આવે, પરશેવો બહુ છુટે, મગજ ભમી જાય, ને બહુ મેહેનતે ઉલટી થાય ત્યારે વાયુનો પ્રકોપ સમજવો, ચકર આવી આંખે અંધારાં આવે, શરીરે દાહ બળે, સોસ પડે માથુ દુખે, આંખો લાલ થઈ જાય, અન્ન ભાવે નહિ, ઉલટી ગરમ કડવી પીળા રંગની થાય, મોંમાં સરવ જગ્યાએ કડવાસ ફેલાય ત્યારે પીતપ્રકોપ સમજવો. આંખો જરા પીળાશપર થાય, મોંમાં ગળચટો સ્વાદ આવે, ઉલટીમાં કફ જાડો ને પદાર્થ થંડો નીકળે શરીર જડ થઈ જાય, માથુ દુખે, પેટ પેડુ ને આંતરડાંમાં દુખાવો, આ સર્વે ચીન્હ તેનાં સમજવાં.

## ઉન્માદ (ઘેલછા) ના રોગની સમજ.

ઉન્માદ પેદા થવાનું કારણ—ઝેરી વસ્તુઓ ખાવાથી તરેહવાર અનીયમીતપણે ખોરાક ખાવાથી, અજીર્ણ કાયમ રહેવાથી, સંનેપાતથી, અતી હર્ષ શોક ધર્માધપણાથી, વેહેમથી ઈત્યાદીક બીજા કારણોથી એ થાયછે. તેનાં લક્ષણ—માથુ દુખે મગજ ખાલી પડે, ને તરેહવાર સારા માઠા બિચારો આવે, સૌના ઉપરથી પ્રેમ ઉઠી જાય, ગમે તેમ બક્યાં કરે અગર મુગાની પેઠેજ બેશી રહે ને વીચાર કર્યાં કરે, મસ્તી કરે મારવા ઉઠે, ભુખ તરસ, મળમુત્ર, હરવું ફરવું, ઇત્યાદીકનું તેને ભાનજ ન રહે, આંખો ઇત્યાદીક ઇન્દ્રીઓની શક્તી કમ થઈ જાય, સ્વભાવ વીસ્મૃતીવાળો થઈ જાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ભુલકણો) ચીડ બહુ ચઢે, નીરાંતે ઉંઘ નહીં સબુરી રહે નહીં તથા શરીરની કળા દીનપરદીન ક્ષીણ થતી જાય ઇત્યાદીક બીજાં લક્ષણો આ દરદીને થાયછે.

### વાયુના પ્રકોપથી ઉન્માદનાં લક્ષણ.

આ દરદીનું શરીર કાળાશ પડતું, ખડબચડુ થઈ જાય, તરસ લાગે, ખોટી ભુખ લાગે, નાચે, કુદે, હસે, બકે, મસતી કરે, મારવા ઉઠે, પહોતાની મરજી પ્રમાણે, ને થાકે એટલે બંધ રહે જેમકે ખાધાપર ઇત્યાદી, ભુતના આવેશ વાળા જેવા ચાળા કરે, મનમોજી તથા આપ અખત્યારી થઈ જાય.

### પીતપ્રકોપ પ્રકોપથી ઉન્માદનાં લક્ષણ.

આ દરદીનુ શરીર લીલા પીળા રંગનું હોય થંડી, તરાવટ ચીજો ખાવાપર દીલ ચાહે, ભુખ વધતી જાય સોસ દાહ ખુબ થાય, કોઈનું બોલવું કે સાંભળવું ગમે નહીં, વસ્ત્ર ઇત્યાદીકનું તેને ભાન રહે નહીં, હસે, રડે, નાચે, કુદે ઇ૦ નાના પ્રકારના મોજ મુજબ ચેષ્ટા ચાળા કર્યા કરે, ઇત્યાદીક લક્ષણો તેને થાયછે.

### કફ પ્રકોપવાળાને ઉન્માદનાં લક્ષણ.

આ દરદીને મીઠી ચીજો ખાવાનું મન બહુ થાય, ખટરસ પર પ્રીતી રહે તેથી વીષય ઇન્દ્રીઓ જોરવાળી બહુ થાય છે. પોતાનાજ હાલમાં મસ્ત રહે, થોડું બોલે, બહેરો મુંગાની માફક વરતે ને વેગળો ને વેગળો રહે, ઉંઘ બહુ પ્યારી લાગે, ભુખ બીલકુલ મંદ રહે, વોમીટ, (ઉલટી) કર્યા કરે, શરીરનો વરણ સફેત ડેફરાએલો, કળાહીણ દેખાય, ને ધાતુ ક્ષીણ પડતી જાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ત્રણેનો પ્રકોપ થાય તેને ત્રીદોષી સનેપાત કહેછે, તે મોતને સમયે થાય ત્યારે આંખો ફાટી જાય પછી નજર ઉંચી હોય કે નીચી, જેમ હોય તેમની તેમજ રહે, ઉંઘ બીલકુલ જતી રહે. દેહમાં હાડકાંને ચાંમડાંજ રહે, ત્યારે તરત મૃત્યુ થાય.

**ઝેરી વસ્તુઓ ખાવાથી આ દરદ થાય તેની સમજ.**—તે દરદીને મનનો ગભરાટ બહુ વધે, ઉંઘ જતી રહે, ચેન પડે નહીં, શરીર અને બીજા ભાગો કાંપી ઉઠે, ભુખ મંદ, ઝાડો કબજ મોઢું ગંધાય, ઘણો ડર લાગે, ભયંકર સ્વપ્નાં આવે, જાણે તેને કોઈ મારે છે, ખાઈ જાય છે ઇત્યાદીક, એમ સમજી ત્રાસ પામી બુમ પાડે, પડે આખડે, મતલબ અનેક પ્રકારથી વેહમાઈને બીકણ, બની જાયછે, તરસ, ઉલટી બહુ થાય, આટલાં સાધ્યનાં લક્ષણ, પણ જો જીભે કાંટા પડે ને સુકાયાં કરે, શરીર ક્ષીણ થતું જાય, બેશુધી વધે, ફેફરૂં ઇત્યાદીક તરેહના એંચાટ, વીશેષ પેશાબના ચાળા માલમ પડે, આંખો ઉંડી ઉતરી જાય, તથા નાડી ઘણીજ નરમ ચાલે ઈત્યાદીક ચીન્હો વધતાં જાય ત્યારે સમજવું કે હવે મૃત્યુ નજીકછે.

## ફેફરૂં (વાઇ)ના રોગનાં લક્ષણ.

આ રોગ ઘણું કરીને મગજમાં કોઇ એક પ્રકારની વ્યાધી થવાથી ઉત્પન્ન થાયછે, જેવા કે અતીચીંતા, શોક, ખોપરી ઉપર સખ્ત ચોટ લાગવાથી, કમીવીકારથી, વાતપીત કફ પ્રકોપથી, હાયરસ ઘણું કરવાથી, અતી મૈથુનથી, વીર્ય નાશક ચીજો બહુ ખાવા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી, મળ મુત્રના વીકારથી, માથાનાં દરદોથી, સ્ત્રીઓને ગર્ભસ્થાનમાં કાંઈ વ્યાધી થવાથી, આ રોગ પેદા થાયછે.

**તેનાં લક્ષણ**—આ રોગની શરૂઆતમાં દરદીને ચકર આવે, કાનમાં ભણકારા (કાંઈ ખાલી અવાજ) સંભળાય છે, ઘડી ઘડી ચમકી ઉઠે, ભ્રમ જેવું દેખાય, ઉલટી થાય, માથુ દુખ્યાં કરે, તથા ઘણીજ બીક લાગે, વાઇ આવવાની શરૂઆતમાં હાથ પગ આખુ શરીર ખેંચાવા લાગે. દરદ થવાથી જોરથી બુમ પાડી ઉઠાય. કપડાં ઝાડો પેશાબનું ભાન રહેતું નથી. મોં ઉપર ફીણ આવે દાંત કકડાવે. ને વખતે જીભ પણ કચરાઇ જાય. સ્વાસ બહુ રૂંધાય, આંખો ફાટી જાય, આ પ્રમાણેનું દરદ પાએક કેલાક સુધી રહી તરત સમાઇ જઇને હોશમાં આવેછે. પણ દરદીને તે વખતે શું શું થાય છે તેનું તેને ભાન નથી રહેતું, આ દરદ પ્રથમ છછ મહીને શરૂ થાય પછી ત્રણ ત્રણ મહીને, મહીને મહીને દર પખવાડીએ દર અઠવાડીએ અને આખરે દરરોજ થઈ આવે, ને વખતે દીવસમાં સાત આઠ વખત પણ થઈ આવે છે. આ દરદીનું શરીર બહુજ ક્ષીણ પડતું જાય છે, યાદદારત જતીજ રહે છે. કેટલાએક લોકો કહે છે કે વાયુના પ્રકોપજથી થાય ત્યારે નીચે મુજબ લક્ષણો થાય છે, આંખો ફાટી જાય, લીલું પીળું દેખે, શરીર તમામ ધ્રુજી ઉઠે સ્વાસ બહુ રૂંધાય, મોંએ સફેત ફીણ આવે દાંત બહુ કકડાવે. **ચીત પ્રકોપથી થાય** ત્યારે શરીરે દાહ તથા આતશ બહુ જણાય, જાણે તાવ હોય તેવું શરીર ગરમ રહે, પાણીની તરસ બહુ લાગે, આંખના ડોળામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીળાશનો ભાગ દેખાય, ચકર આવે મગજ ભમી જાય, શરીર પીળું ફીકું ને કમજોર થતું જાય, પેટ કાળજામાં દુખાવો ચુંથારો થઈ હાથપગ બહુ તુટે, સાંધાઓ દુખે, મોમાંથી પીળાશ પડતાં ફીણ નીકળે. કફ પ્રકોથી થયું હોય ત્યારે ગળામાં કફ બોલે અવાજ ખોખરો નીકળે, આંખો સફેત તથા ફટિલી રહે, દમ બહુ ખેંચાય, છાતી પેટ પેડુ ઉછળે, શરીર કમાન માફક થઈ જાય, હાથ પગ કોકડાં વળી જાય પચરંગી વસ્તુઓ પણ સફેત દેખાય, મોઢાનાં ફીણ સફેત તથા હાથ પગને શરીર થંડાં થઈ જાય. એમ પણ કહેવાય છે કે વાઇ જો દર મહીને નીયમસર આવ્યાં કરેતો કફનો પ્રકોપ દર પખવાડીએજ આવે તો પીતપ્રકોપ ને દર અઠવાડીએ, બારમે દીવસ કે રોજ નીયમસર આવેતો તે વાયુ પ્રકોપથીજ ઘણું કરીને હોય છે. પરંતુ ઊપર લખેલાં લક્ષણો ઉપર ખુબ ખ્યાલ રાખીનેજ ઇલાજ કરવા. તથાપી તે સાધ્ય છે; ને તેનો ઉપાય થઈ શકે છે. અસાધ્યનાં લક્ષણો જે દરદીની આંખોનાં ચણીઆરાં ડોળાઇ જઇ બીલકુલ બદલાઇ જતાં હોય કાને બેહેરાશ આવે. ભ્રમણતા બહુજ વધી ગઈ હોય. શરીર બેહેરૂં ને હાડકાં ચામડાંજ રહી ગયાં હોય, ઘડી ઘડી દેહ કાંપી ઉઠે, ઇત્યાદીક ચીન્હો થાય ત્યારે મૃત્યુ પાસેજ આવ્યું સમજવું.

## પક્ષઘાતનાં લક્ષણો.

આ રોગ એક જાતના વાયુના પ્રકોપથી પેદા થાય છે, મગજમાં એકાએક લોહી ચડી જવાથી, તેપર ચોટ સખ્ત લાગવાથી, તેમાં કોઈ પ્રકારનો વ્યાધી થવાથી, તેની શકતી બીલકુલ કમી થઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાથી, ઇત્યાદીક બીજાં ઘણાં કારણોથી એ દરદ થાયછે, **લક્ષણ.** અરધું શરીર ગમે તે બાજુનું જુઠું (બેહેર) પડી જાયછે, તેથી તે ભાગને હલાવી ચલાવી શકાતો નથી, તેમ તેના પર કાંઈ વાગે તોપણ જણાતું નથી, શીઆળામાં તે ભાગ બહુ થંડો લાગે છે, તે ભાગ તરફનો મોંનો ચેહેરો જરા ખેંચાઇને લાંબો થાયછે, ગાલ ઢીલો પડી જાયછે, હોઠનો ભાગ લબડી પડી મોંમાંથી થુંક નીકળી પડેછે, તે તરફની જીભ લુલી થઈ જાયછે, તેથી સ્પષ્ટ બોલાતું નથી, તે તરફની પાંપણો મીચાય નહીં, તે દરદીને મગજમાં દુખ થાય, વખતે ભ્રમણ જેવું થઈ ચેન પડે નહીં, યાદ શક્તી, અક્કલ, વીવેક, વીચાર ઇત્યાદીક કમ થઇ જાય, ડર લાગે, ને હીમત તુટી જાય, સ્વભાવ ચીડીઓ થતો જાય, આંખો ગળે, બોલવા ચાલવાનું ભાન ન રહે, આ દરદ અસાધ્ય ગણાયછે, થતા દરદમાં જો યોગ્ય ને સારો ઇલાજ થાય, તેથી દરદી વખતે સારો થાય, પરંતુ હાથ વાંકો, પગ લંગડો ઇત્યાદીક ખોડ રહેછે, શરીરમાં લોહીનો જુસો સારો હોયતોજ આરામ થવાની આશા રહે, નહીં તો કદી સારો થાય નહીં તેમજ બાળક, વૃધ, સુવાવડી કે ગર્ભવંતી સ્ત્રી, જુવાન પુરૂષ, શરીરે છેકજ લેવાઇ ગયું હોય, સખ્ત જખમ ઈત્યાદી વાગવાથી લોહી તરછટ શરીરમાં ન રહ્યું હોય, ને આ દરદ ઉપડે તો કદી દરદી સારો થાય નહીં.

## સૂળ રોગ.

કોઇવાર અતીશય નબળાઇને લીધે, મગજની બાધીથી વાતપીતને કફના પ્રકોપથી, ઘણી શરદી થઈ જવાથી, એવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણોથી આ દરદ એકદમ ઉઠેછે, અતી મૈથુન, મેહેનતથી, લુખુ અન્ન બહુ ખાવાથી, અજીર્ણ પ્રકોપથી, પડી જતાં સખ્ત ચોટ લાગવાથી, અતીશય વાયડી ચીજો ખાવાથી, ઉજાગરા કરવાથી, પાણી વીકારથી, પાણી બહુ પીવાની ટેવ હોય તેથી, મળમુત્ર, તથા સ્તંભનની દવાઓ ખાઈ વીર્ય રોકવાથી, વીગેરે કારણોથી શરીરમાંનો વાયુ પ્રકોપ પામેછે, ત્યારે તેથી જે દરદ થાય તેને વાયુનું સૂળ કહેછે, દરદીને પેટ, કાળજું તથા બને પડખામાં સૂળ બહુ ચાલે, વખતે પીતકારક ચીજો ખટરસ ઇત્યાદીક બહુ ખાવાથી શરીરનું લોહી તપી જઈ નાકોવતી થઈ જાય તેથી ક્રોધ, બહુ વધેછે, ભ્રમણ થાય, ચેન ન પડવાથી ઉદાસી તથા શોકાતુર રહેછે, વીગેરે કારણોથી સૂળ ચાલે ત્યારે પીતપ્રકોપનું સૂળ જાણવું. કોઇ વાર ઘણી મીઠાશવાળી ભારે જડ વસ્તુ ખાવાથી કફનો પ્રકોપ થાય છે તેથી દસ્ત કબજ થઈ જાય, અન્ન ભાવે નહીં, પેટમાં દુખાવો માથું ચડે, ઘણી ઉધરસ તથા ઉલટીઓ થઈ સુળ આવે તેને કફપ્રકોપી સૂળ કહેછે, દરેક જાતના સૂળવાળા માણસને શરીર ભારે તથા દુખાવો તેમાં રહે, બેચેની જણાય, અજીર્ણ રહે, કાળજુ ચુંથાય, ઉલટીઓ થાય, ઉધરસ ઉપડે, પેટ પાસાં ઇત્યાદીક કપાઇ જતાં હોય તેમ દુખે વીગેરે લક્ષણો જણાયછે.

## ગુલ્મવાયુના રોગનાં લક્ષણ.

આ દરદ એક જાતની ગાંઠ વાતપીત ને કફના પ્રકોપથી, અનીયમીતપણે લુખું અન્ન, ખટરસ પદાર્થો ખાવાથી, અપવાસો કરવાથી, મળમુત્ર વીર્ય વીગેરેને રોકવાથી, ભારે શોક સખ્ત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર પડવાથી, વીગેરે બીજા કારણોથી પેટમાં ગાંઠ બંધાય છે, તે કાળજાથી માંડી પેડુ સુધી ફર્યા કરેછે, **તેનાં લક્ષણ**—તેના દરદીને બહુ કબજીઅત રહે, પેશાબ ખુલાસાથી ઉતરે નહીં પાણીની તરસ ઘણી લાગે, સુકુ લુખું વાયડું ખાવામાં આવે તેથી પેટ પેડુમાં દરદ ઘણું ઉઠે, અજીર્ણ રહ્યાં કરે, તથા ખારા ખાટા ઓડકારો વારંવાર આવે, ઝીણો તાવ હાડમાં રહી શરીરને તીરબળ જેવું કરે, શરીરની કાંતી ફીકી પડી જાય, ગરમ તથા તરાવટની ચીજો ખાવામાં **આવે** ત્યારે દરદ જાણે કમી પડતું હોય તેમ લાગે ભ્રમણતા, વીચાર વાયુ ઈત્યાદીકને વધારે, ચેન પડે નહીં, ને કામ કરવું ગોઠે નહીં તેથી શુસ્તી બહુ આવી જાયછે, આટલાં લક્ષણો હોય તો **વાયુના પ્રકોપથી ગુલ્મ સમજવો.** કોઈ વખત પીત ઉછળે એવી ચીજો જેવી કે દરેક જાતનો નીશો ગરમ, લુખું અન્ન ઈત્યાદીક ખાવાથી પીતપ્રકોપેછે ત્યારે, આખે શરીરે બારે માસ પરશેવો છુટે પેટ પેડુમાં કાયમ દુખાવો તથા કાયમ ઝીણો તાવ રહે, કંઠ સુકાય ને જીભે કાંટા પડે, મોઢું કડવું ને બદ સ્વાદ રહે, પુરૂ અન્ન પચે નહીં ઘણી મેહેનતે દસ્ત રંગે પીળો ને તેવોજ પેશાબ થોડો થોડો ઉતરે તમામ સાંધા, તથા માથામાં દુખાવો રહે, સૂળ ચાલે ને જરા ચેન પડે નહીં, કડવી ઉલટી થાય, થંડી તથા તરાવટની ચીજો ખાવાથી જાણે દરદ કમ પડતું હોય તેમ લાગે, ત્યારે **પીતપ્રકોપનો ગુલ્મ સમજવો** કોઈ વખત ન પચે તેવી ભારે થંડી તરાવટની ચીકણી વસ્તુઓ ખાવાથી, એક આસને એક સરખી રીતેબેશી રહેવાથી, તથા શરીરે બીજી કોઈ પ્રકારની કસરત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં હોવાથી, એવા કારણોથી કફપ્રકોપેછે ત્યારે, તેના દરદીને ગળામાંથી કફ ઉધરસ આવી બળખા સાથે નિકળે. મોઢું ગળચટું ને ચીકાસવાળું રહે, મગજ ધુમ ને ભારે થાય, નવા નવા તુરંગો આવે, જરા તાડવાઈ તાવ આવે, અન્નપર ઇચ્છા ન થાય, ઉંઘ બહુ આવે, પેટ પેડુ ભારે ભારે લાગે, દસ્ત ચીકણો ફીણવાળો લીલો તથા જરા સફેતીપર ને પેશાબ ગંધાતો સફેત ઉતરે, દીનપર દીન કમજોરી વધતી જાય, સુળ ચાલે પેડુ પેટને કાળજા સુધીમાં ફાટ થાય, ચાલી શકાય નહીં. એવા લક્ષણો હોય તો કફ પ્રકોપી સમજવો. આટલાં લક્ષણો હોય છતાં પીત સાધ્ય ગણાયછે. પણ જ્યારે ત્રણેનું જોર એકદમ વધી પડે અગર ઘણા દીવસે પ્રથક પ્રથકનું જોર વધી તમામ શરીરનું લોહી ખરાબ કરે તથા શરીરે બધે સોજા ચડે, અન્ન ખવાય નહી, ને પાણી પીધાં કરે, ત્યારે તે દરદીનું આયુષ્ય અલ્પ સમજવું, ને અસાધ્ય લક્ષણ સમજવાં.

## બરોળના લક્ષણ.

ઘણું કરીને શીતજ્વર એટલે તાડવાઇને જે તાવ આવે તેથી શરીરમાં લોહીના વધારાથી ઘણી તરાવટને ચીકણી ચીજોના ખાવાથી તેનો અપચો થઈ પાચન શકતી અતી મંદ થઈ જાય છે. તેથી લોહી બધુ વીકારી બનેછે. તેમાં વાત પીત કે કફ જેનું ફાવે તેનો પ્રકોપ થઈ આ ગાંઠને વધારેછે **લક્ષણ.** આ ગાંઠ ડાબે પડખે પાંસળામાં હોયછે. તે ઉંચી નીચી થઈ શકેછે. શરૂઆતમાં તેનું કદ લીંબુ જેવડું થાયછે તે વધતે વધતે આખા પેટમાં જાણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાણું મુક્યુ હોય તેવું દેખાવછે. આ દરદીને નબળાઈ બહુ થાય, ભુખતો લાગેજ નહી, દસ્ત કબજ રહે પણ પેશાબ બહુ છુટે ઉલટીઓ થાય શરીર ફીકું પીળુંને નીરમાલ્ય દેખાય દમ બહુ રૂંધાય હીંડવાની શકની કમ થતી જાય. ને જરાજરા મહેનતમાં થાક બહુ લાગે, વખતે નાકમાંથી લોહી બહુ નીકળ્યા કરે. કયારેક ખાલી બકારીઓ આવે ખાધું કે પેટ ચડે ને અજીર્ણ થાય. પેટમાં ગડગડાટ થયા કરે. તથા ઝીણી આંકડી આવે ત્યારે **વાયુ પ્રકોપી બરોળ સમજવી.** વખતે જીણો તાવ રહે, સાંધા તુટે મગજ ભમી જાય, ચકર આવે આંખો ખાડામાં પેસતી જાય, તથા તેની આશપાશને નીચેના ભાગપર કાળાશ માલમ પડે, મોઢું કડવું ને ઉલટી કડવી થાય, તથા રંગે લીલી થાય, પેટ પેડું દુઃખે, ઘણી મુશકેલીથી લીલો પીળો ઝાડો ઉતરે ગળું સુકાય ને ચેન પડે નહીં. આંખો બળે એવાં લક્ષણો થાય ત્યારે તે **પીતપ્રકોપી બરોળ સમજવી.** વખતે ખાલી ઠાંસો ને ગળામાં કફ બોલ, દસ્ત પીળો ચીકણો ફીણવાળોને બહુ ગંધાય તાડવાઈ તાવ આવે, માથુ ભારે, આંખોનાં પોપચા ભારે, ચેહેરો થોથરાએલો રહે, ખવાય નહીં, શરીર ગળતું જાય, ને અશક્તી વધતી જાય ત્યારે તેને કફ પ્રકોપી બરોળ સમજવી, તથાપી તે સર્વે સાધ્યનાં લક્ષણો છે. જ્યારે ત્રણેનો દોષ અગર અલગ અલગ ગમે તેનું જોર વૃધી પામી જીર્ણ થાય ત્યારે અસાધ્ય થઈ જાય, ને દેહને મરતા સુધી છોડે નહી, વખતે શરીરમાં લોહી વધી જઈ બગડી જાયછે, ત્યારે શરીરનો રંગ વીચીત્ર માલુમ પડેછે. તે સમયે વાત પીતમાં બતાવ્યા તે સર્વ લક્ષણો જણાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પણ તે સર્વનું મૂળ લોહી વીકાર તથા પેટમાં ભાર થવાથીજછે.

## મૂત્ર ગાંઠનાં લક્ષણ.

આ રોગને **સંસ્કૃતમાં** મુત્રકચ્છ્ કહેછે, તે અતીશય શોક કરવાથી અજીર્ણમાં વારંવાર ખાવાથી ગરમ પીતકારી તથા લોહી બીગાડનારી વસ્તુઓ ખુબ ખાવાથી લુખું ભારી અન્ન ખાવાથી ઘણું દોડવાથી થંડી મીઠી ચીજો બહુ ખાવાથી ઘણીવાર તડકામાં ફરવાથી ઇત્યાદિક બીજાં કારણોથી પેશાબનો રસ્તો સાંકડો થઈ જાયછે. અથવા ઉપરનું પડ સુજી જાયછે, તેમ ચાંદી પ્રમેહ હરસ ગડગુંમડ બદ ઇત્યાદી રોગો થવાથી ઇન્દ્રીમાં જખમ પડ્યો હોય તે રૂઝાયાથી પણ મુત્ર માર્ગ સાંકડો થઈ આ દરદ પેદા થાયછે. **લક્ષણ**—પેશાબ થતી વખત ઘણું જોર કરે ત્યારે ધાર ઝીણી નીકળે ને ટીપે ટીપે બહુ વારે નીકળે. પેશાબ સફેત, કેડ ગુદા ઇન્દ્રી જાંગ પેડુ ઇત્યાદિક ભાગમાં દરદ થાય તો વાયુપ્રકોપી મુત્રકચ્છ સમજવો. પેશાબનો રંગ પીળો તથા લાલ બળે બહુ તથા ટીપેટીપ માહાકષ્ટે ઉતરે તો **પીતપ્રકોપી સમજવો.** વખતે પેડુ ઇન્દ્રી ને વૃષણ નીચેની નસ ઉપર સોજો ચડે, પેશાબ ચીકણો ફીણવાળો સફેતને ગંધાતો મહાકષ્ટે થોડો ઉતરતો **કફ પ્રકોપી જાણવો.** ઘણીવાર સુધી વીર્યને રોકી રાખવાથી પણ આ દરદ થાયછે ત્યારે વૃષણ ઇન્દ્રી પેડુ ને ગુદાના ભાગમાં બહુ દરદ થાય ને સૂળ આવે ઘણી મેહનતે પેશાબ ઉતરે, પથરીના જોરથી અગર દરદ થયું હોય તો કાળજું પેટ પેડુ ઇત્યાદિમાં દરદ ઘણું થાય ભ્રમણ થાય આખુ શરીર ફુએ તથા દીવસે દીવસે ગળતું જાય કંપારો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(શરીર ધ્રુજી ઉઠે) વાંસો પાંસળાં ઇત્યાદિક ભાગમાં સૂજી ઉઠે આં- એ અંધારાંને ચકર આવે, અપચો થાય પેટ ચડે તથા અજીર્ણનું જોર વધે ત્યારે આ દરદીને જીવવાની આશા રખાય નહીં.

## પથરીના રોગનાં લક્ષણ.

આ શબ્દનો સાધારણ માયનો રેતી, માટી, ઇત્યાદીકનો જમાવ થએલો થર, તેને પથરી કહેછે પરંતુ એમાંનું આ રોગમાં કોઈ પણ ચીન્હ જોવામાં નથી આવતું. ઘણું કરીને એમ મનાયછે કે, પેશાબમાં લોહી વીકારથી, અજીર્ણ વિકાર એવા કારણોથી પાચન શકતીમંદ પડી જાય તેથી લોહી સાથે ક્ષાર વસ્તુએ મળી જઇ નળી ઉપર થર બંધાય છે, તે જેમ જેમ વધારે મોટો થતો જાય તેમ તેમ પીડા બહુ કરતો જાય, કોઇ દેશોમાં પાણીમાં ક્ષાર બહુ હોવાથી આ આ દરદ બહુ જણને થાય છે. શરૂ આતમાં તેનું કદ નાનું, લીસું ને કઠણ ચપટી કે ગોળ વખતે હોય છે, તેનો રંગ કાળાશપર ભુરો ને જરા લાલ હોય છે, એ નાંનાં બચ્ચાં સ્ત્રી પુરૂષ સર્વને થાય છે પણ ઘણું કરીને પુરૂષ વર્ગને બહુ થાય છે.

**તેનાં લક્ષણ**—આ દરદીનો પેશાબ બકરા જેવો ગંધાય, તાવ લાગુ પડે, અન્ન ખવાય નહીં, પેશાબે બળત્રા બળે, તેમ ફરવા, હરવાથી, ચાલવા દોડવાથી વાહન ઇત્યાદીક ઉપર સ્વારી કરવાથી દરદીને પેશાબે તથા તમામ શરીરે બળતર બહુ થાય; અજીર્ણ રહે પેડુ, ગુદા, અંડ, કમર એવા ભાગોમાં વખતે દરદ ઘણું ઉપડે કોઈ વાર પેશાબમાં લોહીને પરૂ પણ નીકળે છે, પેશાબ બહુ વ- ખત અને ટીપે ટીપ ઘણા કષ્ટે ઉતરે, પથરીનો રંગ કાળાશ પર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તથા જરા ચીકાસ પડતીને પેશાબ બહું ગંધ મારતો હોય તો કફ પ્રકોપથી સમજવું.

**પ્રમેહની સમઝ**—આ રોગ ઘણોજ સાધારણ છે. તે બંને જાતીનાં મનુષ્યને થાય છે, ઘણી ગરમ તથા પીતકારી વસ્તુઓ ખાવાથી, ખાંડ ખટરસ બહુ ખાવાથી રજસ્વલા (અટકાવવાળી) સ્ત્રી સાથે સંગ કરવાથી સ્ત્રીને ગમે તે પ્રકારની ધાત જતી હોય, અથવા અંદર કોઈ પણ જાતનો બ્યાધી હોય, ઇત્યાદી પ્રકારથી આ રોગ થાયછે. એ રોગ ચેપી છે. હાથ રસ વીગેરેથી પણ એ રોગ થવા સંભવ રહે છે, આ રોગના બે પ્રકાર છે; ૧ ખરો તથા બીજો ખોટો—ખરો પ્રમેહ રજસ્વળા, જેને પ્રદર ઇ. ગુહ્ય રોગવાળી સ્ત્રીઓથી સંગવડેજ થાય છે; તેમ ખોટો પરમો બીજી ઉપર બતાવેલી વસ્તુ ઇ. કરવાથી થાય છે તેમાં વખતે પરૂ નિકળે ને ખ ખરા પ્રમેહનાં ઉનવાને લીધે ચીન્હ દેખાય પણ તે ખરો ન સમજવો, ને એકજાતનો ઇન્દ્રીનો સોજો છે, લક્ષણ ઉપર બતાવેલી સ્ત્રીઓથી ગમન કર્યા પછી આશરે પા અરધા કલાક બાદ ઇન્દ્રી પર ખરજ આવી લાલ થઈ જઈ સોજો આવે છે, ત્રણ દીવસ બાદ એકાએક તેમાંથી જાડું ને પીળું પરૂ વહી ધોતીઆંપર દાગ પડેછે, કોઇ વખત વૃષણ સુજી આવે છે. કામદેવ જાગૃત થઈ ઇન્દ્રી વાંકી થઈ પીડા બહું કરે, વખતે તેમાંથી લોહી પણ નીકળે. કોઇવાર એકલું ગંધાતું મુત્ર ચીકણું આવે છે. કોઇને પેશાબપર કીડીઓ બહુ વળગે છે. તેને મીઠો પરમીઓ કહે છે; તેમ કોઇને પેશાબે ધાત વહેછે. આ દરદીને ખાવું ગમે નહી, ને ખાય તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચે નહીં, ઉલટી થાય; ઉધરસ આવે, કોઈને તાવ આવે. ઝાડો થાય, આખું શરીર તુટે, ચકર આવે. કોઈને અન્નપર બહુ રૂચી થાય, ને નાના પ્રકારની સ્વાદીષ્ટ ચીજો ખાધાપર મન દોડે, ઊંઘ બહુ આવે, પેટ પેડુ ઈન્દ્રી ઇત્યાદિક ભાગમાં ફાટ ને બળત્રા બહુ થાય આ દરદ જેમ જુનું થતું જાય તેમ મરવાની આશા કમ રાખવી, અને તેમાંથી નાનાં પ્રકારનાં બીજાં હજારો દરદ પેદા થાય છે.

### મધુ પ્રમેહ થવાનાં કારણ.

આ રોગ અસાધ્ય છે. જેમને જુનો થાય, ને પેશાબમાં તે મીઠી ચીજો નિકળે તે વખતે તે પર માખો, કીડીઓ ઈ. બહુ બેસે ઘણી થંડી, મીઠી ચીજો, ગમે તે પ્રકારનો અતીશય નીશો, અતી હરખ શોક દીલગીરી ઇત્યાદી કારણોથી આ રોગ થાય છે.લક્ષણ આ દરદીને બહું પેશાબ ઉતરે, ને તેમાં શરીરનો મીઠાશવાળો સાકર જેવો ભાગ બહુ નીકળે જેને લીધે કીડી ઇ. બેસે છે. મુત્રરંગ ઝાખું હોયછે. તેને તરસ બહુ લાગે, કંઠ સુકાયાં કરે, દસ્ત કબજ બહુ રહે શરીર અશકત પડતું જાય, આંખો, મગજ, કામદેવ ઈત્યાદીક ભાગોની શકતી ઘણીજ મંદ પડતી જાય. તેના મોઢામાં છાલા ને અવાળુ આબાંજ કરે, શરીરના ઘણા ભાગપર થોથર આવે ને શરીર પીળું ને ગળતું જાય. તેને પેશાબમાં બળતર ને તે ટીપે ટીપે આવ્યાં કરે—આથી કરી તમામ શરીરનું લોહી બગડી જઈ શરીર ઉપરનાં તથા અંદરનાં હજારો નાના પ્રકારનાં દરદો પેદા થાય છે.

### મેદરોગની સમજ.

ઘણી તરાવટની ભારે ચીકણી વસ્તુઓ ખાવાથી, ઘણો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એશઆરામ કરવાથી, એકજ સ્થળે બેશી રહેવાથી એવાં બીજા કારણોથી શરીરનાં તમામ અવયો ભારી જાડાં, ને સ્થુળ થઈ જાયછે, તેમાં વિશેષે કરી પેટનો ભાગ ઘણો વધેછે. દરેક મનુષ્યને પેટમાં મેદ હોયછે, પણ વાતપીત કફ ઇત્યાદિકના પ્રકોપથી અથવા પ્રેત્સિકના જોરથી જીંદગી ટુંકી કરી નાખેછે. **લક્ષણ.**—આ દરદીનું શરીર હમેશાં ગળતું જાય, પછાડીનો ભાગ જાંગ પેટ ઈ. ભાગ બહુ જાડાં થતાં જાય, હીંડાય નહીં, દમ ભરાઈ જાય, શરીરમાંથી ગંધ બહુ મારે, કામદેવ બીલકુલ શાંત પડી જાય, કંઠ સોષાય તાવ રહે, શરીર ધ્રુજે ને સેહેજ શ્રમમાં પરશેવો બહુ છુટે.

## ઉદર રોગની સમજ.

જે દરદીને મંદાગ્ની હોય તેમાં ભારી, ચીકણી ઇત્યાદીક વસ્તુઓ બહુ ખાય તેથી, અજીર્ણ વીકારથી, મળવીરોધથી, ધુળ માટી કાંકરી, ઝેર એને ખાવાથી, એવાં બીજાં કારણોને લીધે પેટની નસોમાં વીકાર ભરાઈ જાય ત્યારે વાતપીત કફ પ્રકોપ પામી નાના પ્રકારની વ્યાધી પેદા થાયછે. **લક્ષણ.** આ દરદીને પેટમાં ગડગડાટ થયા કરે અજીર્ણ રહે, પેટ ચડે, આંખે અંધારાં આવે, તથા તેની (આંખની) આસપાસની ચામડી કાળી પડી જાય, શરીર તમામ લુખું, તેજ વગરનું તથા અશક્ત થતું જાય, લુખી ઉધરશ આવે. શરીર દુખે, સાંધા તુટે, વખતે કબજીઅત ને વખતે ઝાડો બહુ થઈ જાય, ને પેશાબ બહુ છુટે તો **વાયુ પ્રકોપ સમજવો.**

તાવ આવે, શરીરની ચામડી નરમાશ લાગે, પરશેવો બહુ છુટે ઓડકાર ખાટા તીખા જેથી નાક બળી ઉઠે તેવા આવે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતશ બહુ થાય, પેશાબ લાલ, ઝાડો લીલો પીળો વારંવાર થયા કરે મોઢું કડવું, માથું દુખ્યાં કરે, સાંધા ટુટે, મગજ ભમી જાય, ગળું બળે તરસ છીપે નહીં. ઇત્યાદી લક્ષણ હોય તો **પીત પ્રકોપથી દરદ સમજવું.**

મોંઢું ગળચટુ રહે, મીઠી ચીજો ખાવાનું મન બહુ થયા કરે, ગળામાં ઉધરશ આવે, મગજ ઘુંમ થયેલું તથા ભારે રહે. જરા તાડવાઈ ને તાવ ભરાય, અન્નપર ઇચ્છા ન થાય, ઉંઘ બહુ આવે, પેટ પેડુ ભારી લાગે, દસ્ત લીલો જરા સફેત ચીકણો ને ફીણવાળો તથા પેશાબ ગંધાતો સફેત ઉતરે કમજોરી પ્રતીદીન વધતી જાય. વખતે સૂળ પણ ચાલે, હીંડાય નહીં. તથા શરીર ગળતું જાય એવા લક્ષણો હોય તો **કફ પ્રકોપ સમજવો.**

## જળોદરનાં લક્ષણ.

આ રોગ બહુ ભયંકર છે શરીરમાં લોહી વધે પણ તેમાં સોસણ થવાનો જે પાણીનો ભાગ તેને ખેંચી લેનારી નસો વીકારી થઈ નબળી પડી જાય ત્યારે તે લોહી બગાડી જાય, ને તેમાંથી મેલું પાણી ઝમી ઝમીને પેટની બીજી નસોમાં ભરાઈ જાયછે. તેથી તે નસો ફુલવા માંડેછે. ને પેટ વધતાં વધતાં એક મોટા ગોળા જેવડું થઈ જાયછે, રોગની શરૂઆતમાંજ જો ચાંપતા (યોગ્ય) ઉપાયો કર્યા હોય તો બળાત્કારે પણ એ રોગ કાંઇક મટે, પણ જોર તેનું વધી પડ્યું, એટલે તે બીલકુલ અસાધ્યજ થઈ પડેછે. તેનાં **લક્ષણ.** આ દરદીને તાવ લાગુ પડેછે, પેટમાં બરોળ વધે; શરીર ગળતું જાય આંખો ધોળી પડી ઝાંખ આવે, ને પાણી બહુ ઝરે, દમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડે, ચલાય નહીં. અન્ન ખવાય નહી. ઝાડોને પેશાબ બંને કબજ રહે; શરીર કાંપે આ દરદી બહુજ દુખ પામી મૃત્યુ પામે છે; તેનું કાળજુ ચુથાઈ જાય, છાતી માથું ઈ. બીજા શરીરના ઘણા ભાગો-પર સોજા ચડે, ઉલટી બહુ થાય, શરીરમાં સૂળ ચાલે અતીસાર થાય આ દરદીનું દરદ થયા પછી સાડા ત્રણ વરસ લગીજ ઘણું કરીને જીવે.

## સોજાની સમજ.

તાવ ઇત્યાદીક કારણોથી શરીર છેકજ નબળું પડી ગયું હોય, તે વખતે વાતપીત કફ યુક્ત ચીજો ખાવાથી, ખટાશ, શાક ભાજી ઈ. દહી, ઝેરી વસ્તુઓ વીગેરે બીજા પદાર્થો ખાવાથી એ રોગ પેદા થાય છે, તેમજ સ્ત્રીઓ ગર્ભપાત કરે તેથી, ઘણી ઉચી જગ્યાએથી પડી જવાથી પેટમાં લોહીની ગાંઠ બંધાયછે, તેથી, હરસ, પાંડુરોગ, પેટનાં મોટાં દરદોથી, અતીશય નબળાઈથી, ઈ. બીજા કારણોથી પણ તેમજ થાયછે, **તેનાં લક્ષણ.** શરીર બહુ ભારે થઈ જાય, અવયો ફેરવતાં બહુ દરદ થાય, શરીર કાળું, લાલ કે વખતે પીળુ પણ પડી જાયછે, પણ ચામડી નરમ ઘણી તથા તેજી બહુ મારેછે, ચામડી કાળી પડી જાય તેને શેક બહુ સારો લાગે, અને રાત્રે સોજો નરમ પડે તો વાયુ **પ્રકોપથી સમજવો.** ચામડી લાલ રંગની હોયતો તેને ઝીણો તાવ રહે, ને બળત્રા બહુ થાય, આંખો લાલ થઈ અંધારાં આવે, તરસ બહુ લાગે, ચકર આવે, શરીરમાંથી એક તરેહની દુરગંધ નિકળે, ત્યારે પીત **પ્રકોપથી સમજવું.** ચામડીનો રંગ પીળાશપર હોય અન્ન ભાવે નહી કદાપી ખાવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય તો બકારી આવે, યા પાચન ન થતાં અજીર્ણ જણાય, દીવસે સોજો કમ પડી જાય ગળામાં કફ બોલે, મોઢું ગળચટું રહે, તમામ સાંધામાં દરદ થાય, ઝાડો પેશાબ ઉતરે નહીં ને ઉતરે તો સફેત કફ યુક્ત ચીકણો થાય, ત્યારે કફ પ્રકોપથી દરદ સમજવું. ઝેરી વસ્તુઓના સ્પર્શથી અથવા ખાવાથી પણ સોજા આવેછે, ત્યારે આખે શરીરે બળત્રા ઉઠે, ચેન પડે નહીં, ઉધરસ આવે, દમ ચડે, ને તાવ રહે, તથાપી ઉપર બતાવ્યાં લક્ષણો હોય તો ઘણું કષ્ટ વેડે પણ દરદી સારો થાય, જો સોજો પગથી શરૂ થઈ માથા લગી પોહોચે, તેમ પેટમાંથી જો શરૂ થઈ માથા લગી પોહોચે તે દરદી કદી સારો થાય નહીં.

## આંતરગળના રોગનાં લક્ષણ.

આ રોગ સામાન્ય છે, હરેક પ્રકારનું અતી જોર કરવાથી કસરત કરવાથી, ઝાડે જતી વખત ઘણું કરાંજવાથી, જોરભર ઉધરસ ખાવાથી, પેડું ઉપર કોઈ વાતે દબાણ થવાથી, ઘણું ચાલવાથી, મળમુત્ર રોકવાથી, વાયડો ને તાડો ખોરાક હમેશાં ખાવાથી, ઈ. બીજા કારણોથી વખતે આંડ ઉપર સોજો ચડેછે, તેથી તેમાં પાણી ભરાઈ જવાથી, લોહીવીકાર થઈ તેમાં ઉતરવાથી, તેમાં મેદ વધવાથી, ઈ. બીજા કારણોથી ગોળીઓ વધી મોટા નાળીએર જેવડી થઈ જાયછે. તેનાં લક્ષણ, આંડ વધીને મોટા થાયછે, પેટ, પેડુ, કમર, ઈ. ભાગમાં દરદ ઘણું થાય છે, તાવ આવે, માથું દુખે, ઉલટી થાય, દસ્ત કબજ રહે, આંખે અંધારાં આવે, ચેન પડે નહીં ને આંડ ઉપર ખરજ બહુ આવે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેમાં **પાણી ભરાયુંછે સમજવું.** કોઈ વખત વૃષણ ઉપર વાગવાથી, યા દબાણ થવાથી કોથળી કઠણ થઈ જાયછે, ઝાંખ મારે, વખતે અંદરનું લોહી સોસાઈ જઈ, કે પાકી ફુટી જઈ નાનાં થઈ જાય અથવા એમનું એમ રહે, કમર પેટ પેડુમાં દુખાવો રહે ત્યારે, તેનું કદ નારંગી મોટી, જેવું રહે, વગાડી જોતાં અવાજ બોદો (બોખરો) આવે તો લોહી વીકારથી **લોહી ગોળીમાં ઉતરી તે દરદને પેદા કર્યું સમજવું.** સારણ ગાંઠ કોથળીમાં ઉતરે ત્યારે પણ તેનું વધવાપણું થાયછે.

## સારણગાંઠનાં લક્ષણ.

આ એક જાતની ગાંઠ તમામ મનુષ્યના શરીરમાં હોય છે, એકશ કારણોથી તે પોતાની જગ્યા છોડી કોથળીમાં, જાંગના મૂળ કે વખતે નાભી રસ્તે તે ઉતરેછે, તે થવાનાં કારણો આંતરગળના રોગમાં બતાવ્યાં તેજછે, **લક્ષણ.** આ ગાંઠ ધીમે ધીમે વધીને મોટી થતી જાયછે, જોરથી ઉધરસ ખાય ત્યારે, મોટો ઘાંટો પાડી બોલાવે, કે ચાલે તે વખત તે બાહાર આવે છે ફક્ત સુવે યા અઢંગીને બેસે ને પગ લાંબા રાખે ત્યારે અંદર ઠેકાણે પેસી જાય, આ દરદીને અજીર્ણ, ચુંક, સૂળ, તથા મળમુત્ર કબજ, રહેછે, શરૂઆતમાં જો તેનો બરોબર લાયક ઇલાજ ન થાય તો ધીમે ધીમે વધી જઈ મોટા ડોઘલા જેવડી થાયછે, ને તેજ કદની થઈ કોથળીમાં પણ રહે છે,

## બદ.

આ એક જાતની ગાંઠ ઘણું કરીને જાંગના મૂળમાં જરા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેના ભાગપર ઉપદંશ (ગરમી ટાંકીયાંદી) ના જોરથી થાય છે. આ દરદીને તાવ આવે સૂળ ચાલે ને તમામ શરીરનું લોહી બગાડી નાના પ્રકારના બીજા વ્યાધીઓ પેદા કરેછે.

## કંઠમાળનો રોગ તથા તેનાં લક્ષણ.

આ રોગ ઘણોજ અસાધ્ય છે. તે થવાનાં કારણ—અજીર્ણ વીકાર, તમામ લોહીનું બગડવું, તથા છાતી, મગજ ગળું ઇ. ભાગમાં બાધી થઈ, નસો સઘળી નબળી કરી નાખી ખરાબ લોહીનો ગળાના ભાગમાં જમાવ કરેછે. તેમાંથી પ્રથમ બદામ આકરની ગાંઠો કંઠમાં કાનની નીચેના ભાગથી શરૂ થવા માંડેછે, તે વખતે અંદરના કે બહારના ભાગમાં દરદ તથા ખરજ આવવા માંડ છે; ત્યાર બાદ ધીમે ધીમે ફેલાઇ જઇ ગળામાં જાણે રૂદ્રાક્ષની માળા પેહેરી હોય તેમ દેખાય છે; એમ વધતે વધતે છેક પેડુ લગી, ને વખતે જાંગ સુધી ગાંઠો ફેલાઈ જાયછે; પણ તે પેહેલાં તો ઘણું કરીને દરદી મૃત્યુજ પામે છે. તેનાં લક્ષણ આ દરદીને પ્રથમ સેહેજ જીર્ણ તાવ લાગુ પડે, ઉધરસ ઉલટી થાય, દસ્ત કબજ રેહે, પેશાબ રંગે લાલ ઉતરે, આખે શરીરે દુખાવો, ને નબળાઇ વધતી જાય, આંખે ઝાંખ પડવા માડે, પેટ પડખાં ઇ. ભાગોમાં સૂળ આવે, તરસ બહુ લાગે, અન્નપર રૂચી થાય પણ ખવાય નહીં, છેવટ બહુ દુખ પામી ત્રણ વરસની અંદર તે દરદી દેહાંત થાય.

## ભગંદરનો રોગ.

આ રોગ બહુ ભયંકર છે, તેમ અસાધ્ય પણછે. ગુદા (ગાંડ) ની આસપાસ બબે આંગળને છેટે વૃષણને નીચેથી તે ગુદાના ઉ·

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરના ભાગ સુધીમાંજ આ રોગ થાયછે. તે થવાનાં કારણો—ઘણી વખત એકજ આસને થંડી તથા ભેજવાળી જગ્યાએ બેશી રહેવાથી, લુખું, બગડેલું, અતીવાયુડું, ઇ. અન્ન ખાવાથી વાયુ પ્રકોપ પામી જઇ, તે જગ્યાએ ફોલ્લીઓ થઈ વેહેવા માંડેછે. અતીશય ભાંગ દારૂ પીવાથી, મરચાં અને પીત્તપ્રકોપે તેવી ચીજો ખાવાથી, તે કોમળ જગ્યાપર લાલ ચાંદુ પડવાથી, તેપર ચોટ લાગવાથી, હરસ, ઈ. થી તે જગ્યાપર ચેપ, કોહો, ગડગુંમડ વીગેરે થવાથી તેમ બીજાં અનેક કારણોથી આ દરદ થાયછે. તેનાં લક્ષણ. ઉપર બતાવ્યાં તેમાંનાં કોઇપણ કારણથી શરીરમાં નબળાઇ, તથા લોહીનો બીગાડ થઇ આ દરદ થાયછે. પેહેલાં આસપાસ ઝીણી ઝીણી ફોલ્લીઓ થઈ પાકે છે, તે એકા એક રૂઝાતીઓ નથી, ને દરદ બહુ કરેછે, પછી, એક બીજા વચ્ચે ચેપ લાગી જગ્યા કોહી સરવ એકઠી મળી જઈ ચાળણીના જેવાં છીદ્રો પડી જાયછે. કોઇ વખત એકાએક આ છીદ્રોનાં મોઢાં બંધ થઇ જઇ એક નવું મોં અંદરના ભાગમાં કે બાહાર કરેછે, કોઈ વખતનો એક ગાંઠ જેવું થઇ માંહે બહાર નવું મોં કરેછે; ને તેમાંથી પરૂ મળ મુત્ર વીર્ય ઈ. વગર રોકી શકાએ નીકળી પડેછે; તથા બહુજ ગંધ મારેછે, વખતે પરૂ ઇ. માંહેલો ભાગ પાકી ઉડવાથી ભેગું થઇ રહેલું હોય તે જુદેજ ઠેકાણે મોં કરેછે, તેનો વેગ જાંગોથી તે કુલાના ટેકા સુધી છે. (તેટલી જગ્યામાં અંદર આ બહાર ગમે ત્યાં મોં કરી શકછે) વખતે પાંચ સાતથી વધારે પણ મોં કરેછે. ફોલ્લા કે ગડ જે થયું હોય તેનો રંગ લાલ, નાના મોટી થઈ તરત પાકી જતી હોય તો ગરમીના જોરથી સમજ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વું. જો સફેત હોય, ચળ બહુ આવે, ને પરૂ બહુ ગંધાય તો કફનો દોષ સમજવો. ગુદાના ભાગમાં ખરજ બહુ આવે ત્યારે ખણતાં નખ વાગી જવાથી, અસ્ત્રો, ઇ. વાગવાથી, તથા લાત ચોટ વીગેરે કોઇ વાગવાથી આવું દરદ થઇ જાયછે; શરૂઆતમાંજ જો તેનો ચાંપતો યોગ્ય ઇલાજ કર્યો હોય તો વખતે આરામ થવાનો સંભવ રેહે, પણ ફોલા કાળા પડવા લાગે, તરેહવાર દરદ થાય, ઘણાજ પાકી ઉઠે, ને સોજો ઠેઠ નાભી સુધી આવી ગયો હોય તેમાં તાવ, સનેપાત ઇ. લક્ષણો થવા માંડે તો તે દરદી કદી ન બચે. (જો દરદ સાધ્યનું અસાધ્ય થયું, તો થયું તે દીવસથી સાડા ત્રણ વરસની અંદર ગમે તેવાં દરદનો દરદી હોય તો મૃત્યુ પામે. એવો અસાધ્ય રોગનો કાયદોછે એમ મનાય છે.)

## ઉપદંશનો રોગ તથા તેની સમજ.

આ રોગ વીચીત્ર તથા અસાધ્ય ગણાયછે, તે થવાનાં મુખ્ય કારણો—સ્ત્રી પુરૂષને મૈથુન કરે, સૃષ્ટી વીરૂધ ગુનો કરે, હાથરસ કરે, ગમે તે પ્રકારના પ્રમેહ, ચાંદી, ટાંકી ઈ૰ થી દવાઓ લગાડવી અગર ખાઇ ઘણા જોરથી તથા બંધેજ રહેવાથી ઈન્દ્રી ઉપર સખ્ત ચોટ લાગવાથી, ઈ૰ બીજાં ઘણાં કારણોને લીધે, ઈંદ્રી સુજી જઈ તેમાં ચાંદાં પડી પાકી ઉઠે છે, તેમાં જીવાત પડીને, અંતે ખરી પડેછે. તેના દરદને લીધે તે રોગી ઘણું દુઃખ સહન કરી પેઠે રીબાઈ રીબાઈ મરણ પામે છે તેનાં લક્ષણ ફોલા કાળાશપર હોય; ઇન્દ્રીમાં ચેતન થઈ (કામદેવ જાગૃતી) અથવા ખાલી ખરજ આવી ફાટ થાય ને બહુ દરદ કરે તો વાયુપ્રકોપનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાધી સમજવો. કંઠે સોસ પડે, શરીર બળી ઉઠે, પેશાબ, ને દસ્ત ઉતરેતે પ્રાણ જાય તેવું દરદ થાય, ફોલ્લા લાલને પીળા હોય; તથા પરૂ બહુ ગંધાતું નિકળે તો **પીત પ્રકોપ સમજવો.** ફોલ્લા સફેત, ચળ બહુ આવે, પરૂ જાડું ગંધાતું, દરદ બહુ કરતું, ધીમેધીમે વધ્યાં કરે ત્યારે **કફ પ્રકોપથી દરદ સમજવુ.** આવો દરદી સ્ત્રી સંગ કરે તો તે સ્ત્રીને, તથા તેની ઉત્પંન થતી પ્રજાને તેજ રોગ થાય, જો તેને દરરોજ સોજો વધતો જાય ને આખરે જીવાત પડી લીંગ ખરી પડે તો તેનું મૃત્યુ નજીક સમજવું.

## પાંડુ તથા તેની સમજ.

આ રોગ બહુ ભયંકર છે, તે ઘણું કરીને પીડના ભાગમાંજ થાય છે. ઘરડાં, બાળક, કે જુવાનને, નબળાઇ વધી લોહી બગડી જવાથી; ગમે તે પ્રકારના પ્રમેહથી, યા બીજાં દરદોને લીધે આ દરદ જલદીથી થાય છે.

**તેનાં લક્ષણ**—આ દરદીને પીડની અંદરથી તથા બાહારથી સોજો ચડતો આવે છે. ગડ નીકળવાનું હોય તે જગ્યાપર પેહેલાં લાલાશ તથા ત્યાંનું માંસ કડણ દેખાઈ બહુ દરદ કરે છે. આસપાસની જગ્યા તતડીને તેપર નાની નાની ફોલીપો થાય છે. પછી ધીમે ધીમે તેઓ પાકપર ચડી, ઘણે દીવસે મોકુ કરી તેમાંથી પાતળુ પરૂ વેહેવા માંડે છે. તેનો ચેપ લાગી આસપાસની જગ્યા સડી જઇને, આખરે મોટો ખાડો માંસમાં પડી જાય છે. તેને રૂઝાતાં ઘણા દીવસ લાગે છે, ગડ દેખાતાંની સાથે તેને તાવ શરૂ થઈ, પીડા વધતી જાય, શરીર બળી ઉઠે, કંઠે સોસ પડે, આંખોમાં ખાડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેસતી જાય. ચકર આવે, નબળાઇ વધતી જાય, અન્ન ખવાય નહી. તેમ ખાધું પચે નહીં ને આખરે માહા કષ્ટે રીબાઇ રીબાઈ તે દરદી મૃત્યુ પામે છે.

## દાદર ગજકરણનાં લક્ષણ.

શરીરમાં એક જાતનો કીડો લાગવાથી આ દરદ થાય છે. આ દરદ પણ ચેપીચું ગણાય છે સબબ—જે માણસને તે થઈ હોય, તેની પાસે હમેશના બેસનારાને પણ તે થવાનો સંભવ રહેછે જેને દાદર થઈ હોય તેને ખરજ બહુ આવે એટલે તે ખણે, તેથી પેલો કીડો તેના નખ ઇ. માં ભરાઈ બીજા માણસને, કે તેનો પોતાને બીજે ઠેકાણે વળગે, એમ વધતે વધતે છેક પગથી તે માથા સુધી કોઇને વધી જાય છે. શરૂઆતમાં તેનો રંગ લાલ હોય છે પણ જેમ તે જુની થતી જાય તેમ તેમ છેક કાળો રંગ પકડતી જાય છે. પ્રથમ તેનું એક ચાકું થાય, તેને ખણવાથી ચેપ લાગી બીજે ઠેકાણે એમ તે નાકાની કીનારીએ જાડી થઈ વધતી જાય, ને વચલા ભાગની ચામડીની ફોતરી ઉખડતી જાય છે, તેનાપર બહુ મીઠી ખરજ આવે છે પણ જરાવાર પછી ઘણી બળત્રા બળે છે. લાલ દાદર ઝટ મટે છે, પણ કાળી કેમે કરી મટતી નથી, તેમાંથી પછી ખરજવું ઇ૦ નાના પ્રકારના ઉપવ્યાધીઓ પણ થઈ આવેછે. માથામાં ઊંદરી થાય છે તે પણ, એક જાતની દાદરજ સમજવી.

## ખરજવાનું નીદાન.

આ દરદ ઘણું સાધારણછે. તે શરીરના સર્વ ભાગમાં થાયછે, પણ વીશેશ કરીને પગનાં ભાગમાં બહુ જોવામાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ તે ભાગની ચામડી લાલ થઈ જઈ આસપાસ મોતીના દાંણા જેવડા ફોલ્લા થઈ આવેછે, તે ફુટતા જાય છે, ચેપ લાગી લાગીને એક બીજા સાથે મળતા જાયછે, વળી સુકાઈ જાયછે ને ભીંગડાં વળી જાણે મટી ગયું હોય તેમ દેખાય છે; પણ પાછી ખરજ આવી ચામડી લાલ થઇ જઇ દાવા ઉપડે છે અને બહુ દરદ કરેછે. ખરજવું ઘણા વરસ લગી રહેછે. એમ કહેવાય છે, તેમાં ચીરા પડી જગા સડી સડીને મોટાં કાંણાં પડેછે, આસપાસની તમામ જગા સુજી જાય છે અને તે દરદ ફેલાતું જાયછે. આ દરદીને તાવ આવે, અનપર રૂચી રહે નહી, ઉલટીઓ થાય, શરીરે અગ્ની બળે સાંધા તમામ દુખે, આંખે અંધારા આવે, શરીર ગળતું જાય, ઉધરશ બહુ આવે ને કોઈ પણ પ્રકારે શરીરે ચેન પડતું નથી.

## વાળો, નારૂંનું નીદાન.

આ દરદ સામાન્ય છે જે દેશોમાં પાણી સાફને સ્વચ્છ, નથા ગળેલું પાણી, પીવામાં નથી આવતુ તે દેશોમાં આ દરદ બહુ જોવામાં આવે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે એ એક જાતનો કીડો પાણીમાં રહેછે. તે પેટમાં ગયાથી મોટો થાય છે. તેના લક્ષણ—વાળો મોટો થઈ બાહાર પડવા કરે ત્યારે કોઈને શીસળ, તાવ, જુલાબ, ઉલટી, થઇને નીકળે છે. કેટલાકને ફકત ઝામરા જેવો ફોલોજ થાયછે; ને કોઇકને તો લાલરંગની ફક્ત ગાંઠ થઇને તે પાકે એટલે તે બાહાર નીકળવા લાગે તેમાં પીડા બહું થાયછે. તાવ આવેછે, અન્ન ભાવતું નથી, તરસ બહુ લાગેછે ને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરદની અકળામણને લીધે શરીરે પરસેવો બહુજ થઆં કરે છે. ભોગ જોગે વાળો બાહાર આવતાં ટુટી જાય તો અત્યંત પીડા કરેછે. તે ઘણું કરીને પગ ઉપર બહુ નીકળે છે. કોઇકને હાથ, પેટ, પેડુ, ઈન્દ્રી, ગુદા, વાંસો, ઇ. શરીરના કેટલાકેક વીઆત્ર ભાગપર પણ નીકળે છે.

## વીસફોટકના રોગનું નીદાન.

આ રોગ બહુજ ભયંકર છે, તે થવાના મુખ્ય કારણો— વખતે ચાંદી પ્રમેહ બદ, ટાંકી, વીગેરે દરદોથી શરીરનું અંદરનું માંસ, લોહી ઇ. બીજો બગડી જવાથી, અજીરણ પ્રકોપથી, વાતપીતના પ્રકોપથી, ન ખાવાની ચીજો હદ ઉપરાત ખાવાથી ઇ. બીજાં કારણોથી પણ લોહી, માંસ, બગડીને તમામ શરીરે ફોલા ઉઠી આવેછે. તેના લક્ષણ. તાવ સખ્ત આવે આખુ શરીરને સાંધા દુખે, ને જાણે ટુટી પડતા હોય, તેમ કળતર થાય, પાણીની તરશ બહુ લાગે અન ખવાય નહી, દસ્ત ઉતરે નહી, ને ઉતરે તો બકરીની લીડીઓ મુજબ ગંઠાઈ ને કુચા પાણી જેવો ઉતરે પીશાબ પીળો થાય, શરીરે આતસ બળ્યા કરે તથા ફોલા અલગ, અલગ ને કાળા રંગના હોય તો વાયુ પ્રકોપ. સમજવો. કોઈ વખત ફોલા વહેલા વહેલા ઉઠે રંગે પીળા હોય ને પાકવા માંડે તેમાંથી રસી વહે, અગ્નીનો સુમાર ન રહે, સખ્ત તાવ આવે, બકારીઓ આવે, વખતે કડવી ઉલટી પણ થયા કરે મોંમાં કડવાશ રહે ને અન ભાવે નહી ઇ. બીજા લક્ષણ હોય તો પીત પ્રકોપ. સમજવો. વખતે શરીર ઘણું ભારી લાગે ફોલા સફેત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ગંધાતી રસી વહે, પીશાબ ચીકણો ને ગંધાતો નીકળે, દસ્ત ગંધાતો ચીકણોને કફયુક્ત નીકળે. તો કફપ્રકોપ સમજવો. આ ફોલ્લાઓ વખતે પગના નખથી તે માથાના વાળ સુધી પણ ઉઠી આવેછે. આ રોગ થતા થતાંમાં યોગ્ય તથા માપના ઉપાયો કરવામાં આવે તો વખતે આરામ થાય, પરંતુ લાંબુ ચાલે, ને શરીરે ધુજારી થાય, અશકતી વધે, ફોલા એકએક મળીને મોટાં ચાંદાં પડી ખાડ પડી જાય, ને રંગે લાલ હોય તાવ કેડો મુકે નહી, વીચીત્ર ચાળાકરે મનમાં આવે તેમ બકે આંખ્યો ખાડામાં પેશીજાય, તથા શરીરમાં સણકા બહુ મારેતો તે દરદી ઘણું જીવે નહી, પણ થોડા દીવસમાં મૃત્યુ પામે.

## શીતળા બળી કાકાનું નીદાન.

આ રોગ સામાન્ય તથા ઘણો ભયંકર છે તે થવાનાં ચોકસ કારણો કોઈથી પણ કળી શકાતાં નથી, દરેક માણસ વેહેલા મોડો બચપણમાં, કે જવાનીમાં, કે ઘડપણમાં, તેનો ભોગ થઈ પડે છે, તેમ કોઈને બેચાર વખત પણ નીકળેછે, તબીબો, હકીમો, વઈદો, ઈ૦વીદ્વાનો એમ માને છે કે, તે વાત પીત, નેકફ જે દરેક મનુષ્યના શરીરનું બંધારણ છે; તેમના પ્રકોપથી લોહી વીકાર પામી, માંસ ઈ૦ ચીજો તે સાથે બગડી તેના ફોલા વધારે ઓછા તેના પ્રમાણમાં નીકળે છે. તેને કેટલાક વીદવાંનો તો એક જાતનો **વીસફોટકજ** કહે છે **તેનાં લક્ષણ** આ દરદની ત્રણ જાત છે, **બળીઆ, અછબડા, ને ઓરી,** બળીઆ એટલે શીતળાના દાંણા મોતી જેવા સફેત નીકળે છે. દરેક નીરોગી માણસને તે નીકળતાં પેહેલાં સકત તાવ આવી શરીરના જેટલા ભાગ ઉપર નીકળવાના હોય, તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ તમામ લાલ થઈ જાય ને પછી તે દાણા દેખાય છે. ચારેક દીવસમાં પાકી ઉઠી તરત રૂઝાવા માંડે છે ને થોડા દીવસમાં સાફ મટી જઈ શરીરપર જરાભર તેનું ચીન્હ રહેતું નથી. જેનું લોહી વીશેષ બગડયું હોય, તો તેને એકદમ તાવ આવી શરીર લાલ પડતાંજ, દાણા ભેગાભેગા નીકળીને પાકી ઉઠી ઉંડા ખાડા પડવા માંડે તે રંગે કાળા હોય,તાવ તે સાથે લાગુ પડે; ઝાડો, ઉધરસ, કફ મરડો, સ્વાસ ઈ૦ થાય જીભ, ગાલ, મોં, આંખો ઈ૦ જગા ઉપર પણ ફોલાઓ હોઈ, અન્ન ખવાય નહી ત્યારે તે દરદીની જીવવાની આશા મુકવી, તેમ છતાં કદાપી જીવે તો આંધળુ, કાંણુ, બેહેરૂ, બોબડુ, અપંગ, ઈ. એવી કોઈ પણ પ્રકારની જબરી ખોડ રહી જાય, અછબડા ઓરીમાં તો દાણા છુટા છુટા તથા ગણી શકાય એવા નીકળે, તાવ આવે પાકી ફુટી જઈ તરત આરામ થઈ જાય આમાંથી કોઈક ભાયગેજ મૃત્યુ પામે યા ખોડ ખાંપણ વાળુ થાય.

## મસ્તક રોગ—માથાના રોગનું નીદાન.

આ રોગ થવાના મુખ્ય કારણો—મગજ ખાલી પડી જવાથી નાના પ્રકારની નખાવાની ચીજો બહુ ખાવાથી ખટરસ, લુખ અન્ન, ઈ. બહુ ખાવાથી, લોહી વીકારથી પવન બહુ લાગવાથી, વીગરે બીજાં કારણોથી વાત, પીતને કફ પ્રકોપ પાંમી માથામાં નાના પ્રકારની બ્યાધી પેદા કરેછે. તેને મસ્તક રોગ કહીએ છીએ. તેના **લક્ષણ**—કોઈ વખત દીવસ કરતાં રાત્રે માથામાં ઘણીજ પીડા થાય, ચેન પડે નહી, માથુ ભમી જાય, કોઈ બોલે તે સહન ન થાય, અન્ન ભાવે નહી તરસ લાગ્યા કરે નાક બંધ રહે, ઉપરા ઉપરી બગાસાં આવે છીકો ન આવે, શરીર નબળુ થતુ જાય, ચ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર આવે, આંખે ઝાપ વળે હાથ પગટુટે, ઊંઘ બરોબર ન આવે ને દુષ્ટ સ્વપના આવે, આ દરદી કબજ રેહેછે. આ લક્ષણ હોય તો **વાયુ પ્રકોપથી દરદ સમજવું.** કોઈ વખત માથામાં અગ્ની બહુ બળે આંખોમાં બળતરા, દીવો, તેજ ઈ. પ્રકાસીત વસ્તુ, બરાબર જોવાય નહી, તેમ નીચુ પણ જોવાય નહી, મગજમાં સણકા નાખે કોઈ અડે તે ખમાય નહી, ને દરદ બહુ થાય, જીરણ તાવ રેહે, મોં કડુચુ રહે પેસાબ લાલ થાય, તમામ શારીરે આતસ થાય ઈ. ચીન્હો હોય તો **પીત પ્રકોપ સમજવું**–વખતે શરીર ઠડું, ભારે, થાય ગળામાં કફ બોલે, માથુ ટુટી પડે, તમામ ચહેરા ઉપરા ફેફર આવેલી હોય તથા તેજ મારે સ્વાસ રૂધાય શરીર ગળતુ જાય માથુને ગરદન ઉપર જાણે બોજો મુકયો હોય તેમ ભારલાગે શરીર ધુજે તાવની અસર રહે ઈ. બીજા લક્ષણ જણાય તો **કફપ્રકોપ સમજવો.** કોઈ વખત નાક યા કાનને રસ્તે કોઈ પ્રકારનું જનાવર મગજે ચડી જાય ત્યારે દરદી માથુ પછાડી નાખે એક તેને દરદ થાય ઘડી ઘડી ચમકી ઉઠે નાક વાટે લોહીને પરૂ નીકળે, ઉની રેતી અગર દેવતા આગળ માથુ ધરે ત્યારે તેને ચેન પડે, ને લગાર ખસેડયું કે બળતરા તથા બેચેની શરૂ થાય. કોઇને સુર્યોદય થયો કે માથુ અડધુકે વખતે આખું દુખવા માંડે ભુખ્યાને બહુજ દુખે ને ચેન પડે નહી, ને જેમ સુર્ય અસ્ત પામવા લાગે તેમ તેમ દરદ કમી થતું જાય અને રાત્રી પડી કે જાણે દરદ છેજ નહી તેને વીદવાન લોકો **આધાશીશીનું દરદ** કહેછે, કોઇને તો અમસ્તીજ માથામાં પીડા થયા કરે આંખે પુરૂ દેખાય નહી વાયુની પ્રકૃતી જણાય ઘડીમાં આંખો બળવા મંડી જાય માથુ ટુટી પડે જીર્ણ તાવ અથવા તાહાડીઓ તાવ આવે બકારીઓ આવ્યા કરે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલટીઓ થાય, મોંહે થોથર આવે ગરદન માથુ કાનના મુળ કપાય તથા લમણા વીગેરે ભાગો જાણે તુટી પડે તેમ લાગે, બળતરા બળે ને અનંત પીડા થાય શરીર કાંપી ઉડે પરશેવો બહુ થાય, તથા કોઇને તો વળી ઝાડો ને પીશાબ દરદના જોરમાં નીકળી પડેછે.

## સંધીવાનું નિદાન.

તે થવાના મુખ્ય કારણો આ દરદ ઘણુંકરીને ઉપદંશથી શરીર નબળુ પડી જવાથી, ખટાશ વાળી વસ્તુઓ બહુ ખાવાથી શરદ, અને વાયડી ચીજો ઘણી ખાવાથી, હવા તથા ભેજવાળી જગ્યામાં ઘણું રેહેવાથી થાયછે. તેનાં લક્ષણ. આ દરદ ઉપડવાની શરૂઆતમાં તાવ આવે, પરશેવો બહુ છુટે, દસ્ત કબજ, પેશાબ રંગે લાલ ઉતરે, આખા શરીરમાં કળતર તથા દુખાવો થાય, માથુ બહુ દુખે, ખભો, કોણી, ઢીંચણ, ઇ. ભાગોમાં દુખાવો બહુ, ને વાળી શકાય નહીં. તેપર સોજો ચઢી આવે, એમ ધીમે ધીમે તમામ શરીરના સાંધાં ઝલાઈ જાય. તે વખતે નાડીનું પ્રમાણ નથી રહેતું. તેમ થવાનું મુખ્ય કારણ લોહી વીકાર; તેમાં વાયુ પ્રકોપ પામી ફરવા લાગે ત્યારે છાતી બહુ દુખે, પછી ધીમે ધીમે મૃગી, ચકરી, ઈ. બીજા નાના પ્રકારના વાયુના રોગો ઉત્પન્ન કરેછે. આ દરદ કષ્ટ સાધ્ય છે. ઉપદંશ, ચાંદી ઈ. રક્ત વીકારથી જો આ દરદ થાય તોપણ આવાંજ ચીન્હો થાયછે; તેની દરકાર ન કરતાં, તે દરદને જેમ જુનું થવાદે તેમ તેમ તે ભયંકર રૂપ ધારણ કરે છે. આ દરદીને આખો દહાડો સૂઈ રેહેવું પડે, શરીરના કોઈપણ ભાગવડે તે પોતાનું કામ કરી શકતો નથી, કોઈ ઉચકી ઉઠાડે ત્યારે ઉઠે ને બેસાડે ત્યારે બેસે, આ અવસ્થામાં દરદ અસાધ્ય ગણાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રક્તપીતના રોગનું નીદાન.

આ રોગ દુનીઆના સર્વ ભાગમાં જોવામાં આવે છે. તે ઘણો ભયંકર, ને અસાધ્ય છે. માંસ અહારી, માછલાં ખાનારા, ને બહુ દારૂ પીનારા લોકોમાં આ રોગ બહુ જોવામાં આવેછે. લોહીના બગડવાથી, અંદર માંસમાં વાતપીત, કફનો વીકાર ઘણો થઈ શરીર તમામ સાંચા બગડે ત્યારેજ આ રોગ થાય છે. તેનાં ચીન્હ કોઈને પ્રથમ શરીરમાં ગાંઠો બંધાઈ, તમામ શરીર બેહેરૂં પડી જાય છે. તેપર ધીમે ધીમે સોજો ચડી, તે ગાંઠો ફુલતી જાયછે, પછી પાકે ને ફુટે; કોઈને એકદમ સખત તાવ આવી, શરીર ઉપર નાની ફોલ્લીઓ થઇ, પાકી ચાંદાં પડી, તમામ શરીર પાકી ઉઠે. જે ભાગપર પ્રથમ આ દરદ ઉઠે, તે ભાગનાં હાડકાં સડી, ખરવા માંડે માંસ ગંધાઇ ઉઠે, તથા પરૂ વહી દુરગંધી એટલી મારે કે કોઇથી પાસે ન જઈ શકાય. જો દરદ ચેહેરા ઉપર ઉતરે તો પ્રથમ કપાળ ને લમણા પાકે, ધીમે ધીમે નાક, કાન, ખરી પડે, ગળુ પાકી ઉઠે, મોનું તાળવું સડી, નાસુરો પડી જાય, માથાપર એક વાળ ન રહે, ધીમે ધીમે દરદ નીચે ઉતરી હાથ પગનાં આંગળાં ખરી પડી માત્ર ઠુંઠાંજ રહી જાય, તાવ લાગુ રહે, તમામ શરીર બેહેરૂં થઈ જાય, અશકતી વધતી જાય, બળતરાનો પારજ ન રહે. જેમ ઘણાંખરાં અસાધ્ય દરદોમાં ત્રણ વરસની અંદર દરદી મૃત્યુ પામે તેમ આ દરદને નથી, આ દરદી ઘણા દીવસ લગી દુઃખ સહન કરી છેવટે મૃત્યુ પામે.

## રતવાનું નીદાન.

આ રોગ સાધારણ પણ ભયંકર છે. ઘણું મલીન રહેવાથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરાબ હવામાં ફરવાથી, જખરો ઘા વાગ્યાથી પ્રમેહ, ગંઠીઓ, સં ધીવા, વીગેરે રોગોથી, જીવ, જંતુ કરડવાથી તેમના ઝેરને લીધે,ઇ, કારણોથી આ દરદ થાય છે, **તેનાં લક્ષણ**—આ દરદની શરૂઆ. તમાં તાડીઓ તાવ આવે, જે ભાગમાં તે નીકળવાનો હોય તે ભાગ લાલ થઈ જઈ સુજી જાય છે. તેમાં અગન બળે, સણકા નાંખે, ને પાકે છે. કોઈ વખત તે મોઢું રૂઝાઈ બીજી જગ્યાઓમાં ફરે છે કે વખતે એમનો એમજ ફેલાતો જાય છે. આ દરદીને તાવ કાયમ રહે, ને તાડવાઈ બીજો તાવ ભરાય, વખતે કબજીઅત રહેછે કે, ઝાડો થઈ આવે, ભ્રમણા થાય. ચકર આવે, વીચીત્ર ચાળા કરે ગાળો દે, ઉઠીને નાસવા માંડે, બડ બડ્યાં કરે, ઉલટીઓ બહુ કરે પેશાબ લાલને જરા પીળો નીકળે, શરીર, આંખે અગ્ની બળે, ત. રસ બહુ લાગે, ખવાય નહી, ગળુ સુજી, માહે ગાંઠો ઘાલે, મોં આવી જાય, તેથી પાણી પણ ઉતરવું મુસ્કેલ પડે, આટલાં ચી- ન્હો થઇને વખતે રતવા બાહાર પડેછે, તે લોહી, માંસમાં મળી તેમને બીગાડે નહી તો થોડી મુદતમાં તે દરદ મટી જાય પણ તેમ ન હોય, ને અંદર પ્રવેશ કર્યોહોય તો, દરદ બહુ કરે, શરીર બી. લકુલ અશક્ત થઈ જાય, જે ભાગપરે નીકળવાનો હોય, તે ભાગ સુજી જઈ, સફેત ફોલા ઉઠે, પાકી જાય, પાણી વહ્યાં કરે, માંહેનું માંસ સડતું જાય, ફાલતું જગામાં મોં કરે અને અંતે હાડકાં પણ સળવા લાગે; તેથી કરીને તે દરદી રીબાઇ રીબાઇને મૃત્યુ પાંમે અગર તેમાંથી બચેતો મોટી ખોડ રહે છે. આ દરદ માથાથી માંડી પગ સુધીમાં ગમે તે ભાગમાં ઉતરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કોગળીયું યા મરકીનું નીદાન.

આ દરદ જગત પ્રસીધ છે, નાનાથી તે મોટા સુધી સૌ, એને નામે ત્રાસ પામે છે. એ દરદ ઉત્પન્ન થવાનું કારણ—પીવાના પાણીમાં કોઈ પણ જાતની ગંદકીવાળું પાંણી મળવાથી તે લોકોના પીવામાં આવે છે ત્યારે, દુરગંધવાળી જગ્યામાં ઘર પાસે હોય, ઈ૦ એવાં બીજાં ઘણાં કારણોથી આ રોગ પેદા થાય છે, તે બહુ જલદીથી ફેલાઈ જાય છે, ઘણીએક વખત એ રોગ ફેલાયો હોય તેની બીક લાગવાથી પણ કેટલાક એના ભોગ થઈ પડે છે. તેનાં લક્ષણ—પ્રથમ ઝાડો તથા ઉલટી થવા માંડે, તે સાથે તાવ આવે, ત્યારે દરદીને હાથે પગે ગોટલા ચઢવા માંડે, પેટમા ગુછળાં વળે; હાથ, પગ,ને તમામ શરીર ખેચાય, સ્વાસ મંદમંદ ચાલે પાણીની તરસ બહુજ રહે, શરીર કાળુ તથા ઠંડું પડતુ જાય, પરશેવો બહુ છુટે, નાકવાટે સ્વાસ નીકળે તે પણ ઠંડો લાગે સ્વાસ રૂંધાય, છાતીમાં ડચુરો બાઝે, શરીરમાં આતસ ઉઠે, ચેહેરો ફીકો ને કાળાશ પડતો, આંખો ઊંડી પેશી જાય, ને નાડીનું ઠેકાણું રહેતુ નથી. આવાં ચીન્હો થાય કે, ચોવીસ કલાકની અંદર ગમે તે વખતે તેનો દેહ નાશ પામે, અગર તે ઉપરાંત, ચાલે, તાવ કમી થાય, ઝાડો, ઉલટી, બંધ થાય, કે શરૂ રહે, નાડી ઠેકાણે આવવા લાગે શરીર ગરમ થવા લાગે, નાક વાટે ગરમ સ્વાસ નીકળવા માંડે તો દરદી બચી જાય; પણ તે સાથે ઝાડો તથા ઉલટી રંગે સફેદ હોવા જોઈએ, જો ઝાડો રાતો ને ઉલટી કાળારંગની થાય તો તે દરદી કદી બચે નહી. પીસાબનો સુમાર નથી રહેતો દરદી વખતે બચવાનો હોય તો પીશાબ છુટે ને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે પીશાબ છુટ્યા કરે તોય પણ મૃત્યુ પામે છે. આ દરદ ગરમીનું કહેવાય છે, તેથી તરત લોહીનું પાણી કરી આદમીનો દમ એકદમ લેઈ લે છે.

## મુંઝારાની ગાંઠનું નીદાન.

આ દરદમાં કાળજામાં કે પેટમાં એક જાતની ગાંઠ બંધાય છે. તેને કેટલા એક વીદ્વાન લોકો એક જાતનો સનેપાત કહેછે, તે ઘણો ભયંકર છે. તેનાં કારણ—ચોકસ રીતે કહી શકાતા નથી, પરંતુ મુખ્યત્વે કરીને એમ મનાય છે કે, તાવના સબબથી, શરીર અસક્ત પડી જાય, તેમાં કુપથ્ય થાય ત્યારે, પીતપ્રકોપી, આ દરદ ઊભું થાય છે. કોઈ વખત સનેપાતમાં પણ તે દેખાવ દેછે. દારૂ, ઈ. નીશાની ચીજો ખાનાર માણસનું કાળજુ બળી જાય છે, તેનાથી પણ એ ગાંઠ પેદા થાયછે, મતલબ કે ગમે તે કારણથી શરીરમાં અસકતી બહુ વધી પીતપ્રકોપે છે ત્યારેજ આ ગાંઠ થાયછે તેના લક્ષણ—આ દરદીને તાહાડીઓ તાવ સખ્ત આવે, ને શરીર અસકત થતુ જાય, પરસેવો બહુ છુટે, વા ઘણી વારંવાર આવે, વખતે મરડો કે જુલાબ થાય, મોં ગંધાય, હાડમાં તાવ તો હોય, તે ઉપર તાહાડ વાહીને બીજો આવે, ઉલટીઓ થાય અન્ન ખવાય નહી, તરશ બહુ લાગે, આંખો ખાડામાં પેસી જાય, શરીર કાળુ, કળાહીન તથા અશકત થતું જાય, પીઠ, પાંસળાં, પેટ, પેડુ, છાતી કાળજુ, ઈ. ભાગપર સોજા આવે ને દરદ ઘણું થાય તથા કાળજુ બધુ પાકી જાય, પછી તે ગાંઠ પાછળ પીઠથી માંડીને આગળ પેડુથી તે છાતી લગીના ગમે તે ભાગમાં મોં કરેછે. તેમાંથી લોહી પરૂ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્કળ નીકળે છે, જેને આપણા લોકો **મુંઝારાની ગાંઠ ફાટી** એમ કહેછે. આ દરદિને ઉધરસ, દમ, થાય બળખા બહુ નીકળે, વખતે તેની સાથે લોહી કે પરૂ પણ નીકળે છે. જો ગાંઠ પેટમાં ઊતરીને ફાટેતો, ઝાડામાં કે, ઊલટીમાં બહુ પરૂ પડેછે; તેને ઊંઘ જરાભર આવતી નથી, દમ રૂંધાયા કરે, પેટમાં બહુ દરદ વધી નાડી તુટી જાય, ને દરદી વેહેલો મરણ પામે છે. **સાધ્ય લક્ષણ**—ટાડ સાથે એક તાવ હોય તે ઉપર બીજો વધારે જોરથી આવે, છીક ખાવાથી, બગાસાથી, દમ લેવાથી, જોરથી બોલવાથી, વીગેરે કારણોથી, છાતી બહુ દુખે, પીશાબ લાલ રંગનો ઉતરે, ઉલટીઓ થાય, પેટ સજડ, ને નળ કઠણ થઈ જાય તરસ બહુ લાગે માથુ બહુ દુખે, અન્ન ખવાય નહી, સાંધા દુખે, તાવ, ચઢતો ઊતરતો થાય, શરીરમાં સુળ ચાલે, અને દરદીનું કાળજુ પાકી જઇ ફુટીને પરૂ નીકળે તોપણ તેને આરામ વેહેલો થાયછે.

**સળેકમનો નીદાન.** સળેકમ ઘણું કરીને સરદીથી તથા ગરમીથી થાયછે. રૂતુના બદલાવાથી, પાણી ફેર થવાથી, બદ હજમી, તથા રસવીકારથી. થાક લાગે તે વખત સરદીની વસ્તુઓ ખાવાથી યા. ઠંડી હવામાં ફરવાથી, મરચા ઇ. ગરમ વસ્તુઓ ખાઇ ઉપર તરત પાણી પીવાથી વીગેરે કારણેથી પણ થાયછે. તેના **ચીન્હ** ઝીણો તાવ આવે, માથું દુખે, નાક, આંખોમાંથી પાણી ટપકે, નાક બંધાઈ જાય, દમ રૂંધાય, અન્નપર અરૂચી, અજીરણ જણાય, દસ્ત કબજ, નાડી ઉતાવળી પીતના ઘરની હોય, પાણીની તરસ બહુ લાગે, ગળુ બળે, ને વખતે તેમાં ગરમી જણાય તેથી ખોરાક ગળતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ મુશ્કેલ પડે, તેનું જોર બે દીવસ લગી રહી ઘણું કરી ત્રીજે દીવસે નરમ પડેછે. કોઇ વખત ઘણો મંદાવાડ આવવાનો હોય ત્યારે કફ પ્રકોપી, કફ જવર આવી, તે સાથે સલેખમ બહુ જોરમાં થાયછે.

## પીનસનના દરદનું નીદાન.

નાકની અંદર કોઈ ચીજ પેસી જવાથી, માંહેના હાડકા ઉપર સક્ત ચોટ લાગવાથી, મગજમાં ઘણી ગરમી હોવાને લીધે નાકની અંદરનું હાડકુ સુઝી જઈ સડી જાય છે, તેમાંથી પરૂ ઈ. બહુ વહેછે ત્યારે તેને આપણા લોકો પીનસનું દરદ કહેછે. તેના લક્ષણ પહેલાં આ દરદીને તાવ આવે, માથું દુખે, દમ બરાબર લેવાય નહી, નાક બંધ રહે, ને તેમાંથી પાણી ટપક્યા કરે. પછી ધીમે ધીમે માંહેનું હાડકુ સડી, પરૂ નીકળે વખતે તે પરૂ સુકાઇ જઇ તેનાં ભીગડાં તે જખમપર વળે, અને જ્યારે માંહેથી નવું પરૂ થઇ નીકળે ત્યારે ભીગડાં ઉખડી પડી એટલું ગંધ મારતું નીકળે કે, પોતાને કે સામા માણસને તે ગંધ વેઠાય નહી. પછી નાકનું હાડકુ છેક ખવાઈ જઇ, ટેરવું ટુટી પડે, નાકની દાંડી ઉપર ને ભ્રગુટીની નીચે ખાડો પડે, વખતે તાલવામાં તથા મોંમાં કાંણાં પડી જાય, ત્યારે તે પાકી જઈ તેમાંથી લોહી પરૂ બહુ વહે છે. આ દરદ અસાધ્ય છે.

## વરાધનું નીદાન.

આ દરદ સરદીથી થાયછે. ઘણા થાકથી, તાવથી, ઈ, સબબથી પરશેવો બહુ વળે તે વખતે ખુલી હવા એકદમ ખાવાથી, ધુળ, એરો પેટમાં જવાથી તથા વાત, પીત, અને કફ પ્રકોપથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દરદ થાયછે. તેના ચીન્હ—આ દરદીને કફનું જોર ઘણું હોયછે, થુક ફીણનું ભરેલ નીકળે, તે સાથે પરૂ નીકળે, શરીર માં તાવ રહે સ્વાસ રૂંધાય, માથુ દુખે, અન્ન ખવાય નહી. તરસ બહુ, લાગે, છાતીને પાંસળાં બહુ દુઃખે પીશાબ લાલ રંગનો તથા બળતરા બહુ થાય, ઉધરસ ઘણી આવે ઘણું હાંફે છાતી રૂંધાય, ગળામાં કફ બોલે, ઝાડો ઉતરે નહી, શરીર લેવાતું જાય, ચીકણો કફ પરૂ સાથે બહુ નીકળે, નીરાંતે ઉધાય નહી, ઘરડાં ને નાનાં બાળકને આ રોગ એ મોટો શત્રુછે.

## લુ લાગવાનું નીદાન.

સુર્યના તાપથી, અગર તાપમાં ઘણું ફરવાથી આ દરદ થાયછે. તે ફક્ત **પીત પ્રકોપથી** થાયછે. તેના **કારણો**. મુળતો સુર્યના તાપની ગરમી હોય તેમાં જે માણસ બહુ દારૂ પીએ ઈ. વસન કરે, યા એવી ગરમ ચીજો ખાયકે લોહી તપી જાય ને પીત હમેશાં પ્રકોપમાં રહે, તેવા માણસને આ દરદ જલદી લાગુ પડેછે. તેના **લક્ષણ** આ દરદીને પ્રથમ ઘણો સખ્ત તાવ આવે, તે સાથે હાથ પગના સાંધા દુખે ને તુટી પડે, માથુ બહુ દુખે, ચકર આવે, તરસ છીપે નહી, દમ પુરો લેવાય નહી અકળામણ બહુ થાય, ઝાડો પીશાબ કબજ થાય, આંખો બળી ઉડે, ને તેજ ઈ. બહુ ઉજળી વસ્તુ દેખી શકાતી નથી, ખાલી ઉલટીઓ થાયછે 'કોઈ વખત તો તે માણસને બેશુદ્ધી થઇ મુરછાઓ આવી જાયછે, હાથ, પગ, અને મોંની નસો ખેંચાઈ જાયછે, દમ બીલકુલ લેવાતો નથી તેથી અકળામણ બહુ થાયછે, નાડીનું ઠેકાણું રહે નહી, પાણી પીપી કરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાડો, પીશાબ, એકદમ છુટી જાય, ને સનેપાતવાળા દરદીની માફક વીચીત્ર ચાળા કરે તો તેને જીવવાની આશા બીલકુલ કમ રહે છે.

## શીળસનું નીદાન.

અજીરણ વીકારથી, ઝેરી પદાર્થોના ખાવાથી ઝેરી જાનવરોના સ્પર્શથી અથવા કરડવાથી, ઈ૦ બીજા કારણોને લીધે શરીર ઉપર જાડાં જાડાં ચાઠાં પડી જાય છે તેને આપણા લોકો શીળસ કહે છે. તેનાં લક્ષણ આખું શરીર લાલ રંગનું થઈ જાય. માંકડ ઈ૦ જાનવર કરડે ને જેવા ચાઠા ઉપડી આવે તેવા, બધે શરીરે ઉપડી આવે ખરજ આવે ઓડકાર ખાટા, છાતીને ગળુ બાળી નાંખે એવા આવે, તાવ આવે, માથુ દુઃખે, શરીર બધુ ફાટે ને બળતરા થાય, વખતે ઝાડો પણ થઈ જાય છે. તે બેચારેક દીવસ રહી મટી જાય, વખતે ફરીફરીને અઠવાડીએ, મહીને પણ ઉપડી આવે છે, તે સર્વ અજીર્ણ વીકારમાં પીતપ્રકોપથી થાય છે.

## કખવા—બામલાઇનું નીદાન.

આપણા લોકો આ દરદને બામલાઈ તથા બગલનું ગુમડું કહેછે. તે ફકત લોહી વીકારથી તથા અસ્કતીને લીધેજ થાયછે એમ મનાય છે. તેની પીડા સાધારણ ગુમડાં જેવી, તથા બળતરા બહુ બળે છે.

## લુખસનું નીદાન.

આ દરદ એક જાતની સુકી ખસ છે, આખે શરીરે ઝીણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝીણી લાલ રંગની ફોલીઓ બહુ થાય, મીઠી મીઠી ખરજનો પાર નહી અને ખણ્યા પછી તેટલીજ બળતરા સમજવી, કોઈ કોઇ વખત ગુપ્ત ભાગમાં થવાથી તે માણસને એટલો શરમીદો કરે છે કે તેનાથી લોકોમાં બેસાતું નથી, સબબ તેપર મીઠી ખરજ બહુ આવેછે.

### ખીલનું નીદાન.

જુવાની ફુટી હોય ત્યારે ચેહેરાના ભાગ ઉપર જીણી ફોલીઓ થાય, તે પાકી જાય ત્યારે ફુટે, ને માંહેથી દાણો નીકળી જાય છે. પણ જો તેને અદક્કચરી ફોડી નાખી હોય તો તે જગાપર કાળો ડાગ પડી રહે છે. તેતે લોહી વીકારનું કારણ છે. કોઈ વખત ખીલ જરા મોટો થાય ત્યારે તેની આસપાસની ચામડી લાલ થઈ જાય છે પણ તે ઉપર જરા ચીકણી વસ્તુનો સ્પર્શ થયો કે તેના ઝેહેરથી તે ગુમડાનું રૂપ ધારણ કરે છે, જો તેનું જોર બહુ વધે તો ઘણો ભયંકર થઈ પડે છે.

### ખસનું નીદાન.

આ દરદ એક જાતના કીડા શરીરે લાગવાથી થાય છે, એમ મનાય છે; પણ લોહીનો બીગાડ શરીરમાં હોવો જોઇએ. ઘણા ગંધાને મેલા માણસને, તે બહુ થાય છે. આ દરદ ઘણું કરીને બે હાથપર જોવામાં આવે છે. અને વખતે આખા શરીરપર પણ થઈ આવે છે. તે પર ખરજ બહુ છુટે તેના દાણા જુવારના દાણા જેવા થાય છે, તે પાકે ફુટે, રૂઝાય, ને જોડે ચેપ લાગવાથી નવા નવા ફોલા ઉઠી આવે છે. તેની પીડા જ્યારે તે બહુ જોરમાં હોય ત્યારે સાધારણ ગુમડાં જેવી સમજવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બળવું—દાઝવાનું નીદાન.

અગ્ની, જલદ તેજાબ વ૦ વસ્તુઓ શરીરને લાગવાથી શરીરનો ભાગ લાલ થઈ આવે, બહુ લાગે તો ફોલા ઉઠે, ને ઘણોજ લાગે તો ચામડી બળી જાય. શરીરમાં કેટલાક ભાગ એવા છેકે તેપર જરાક આંચ, લાગે કે તરત પાકી ઉઠી ભયંકર થઇ પડે ને કેટલાક ભાગ એવા છે કે મસ દાઝેલા હોય તોપણ ઘણાદુખે તરત આરામ થાય. દાઝવાથી અંદરનું માંસ પાકી ઉઠે તે ફેલાતું ફેલાતું બહુ વધી પડે તો તે દરદીને શરીર બહુ કાંપવા લાગે તાવ સજડ રહે, મુરછા આવે શરીર ઠંડુ પડતું જાય, તથા નાડી પણ ક્ષીણ પડતી જાય તેમાંથી નાના પ્રકારનાં બીજાં ઘણાંક દરદો જેવાં કે ધનુર આંચકી, અને વાત વ૦ થાય છે.

## હડકવાનું નીદાન.

આ દરદ, માણસને હડકાએલું કુતરૂં કરડવાથી એક અઠવાડીએ, મહીને કે વરસની આખરે થયા વગર રહેતું નથી. કુતરાંને હડકવા કેમ થાય છે, તેનું ચોકસ કારણ કોઇથી કહી શકાતું નથી, પરંતુ સાધારણ રીતે એમ મનાય છે કે, હડકાએલી શીઆળના કરડવાથી, ઉધાઈ, વ૦ જનાવરોને ખાઇ જવાથી, તેના ઝહેરવડે ગાંડુ થઇ જઈ લોકોને, જનાવરોને, તે કરડતું ફરે છે, તે અવસ્થામાં તેના મોઢામાંથી લાળ ચુએ છે તે પુંછડી પાછલા બે પગની વચે સીધી લટકતી રહે છે; ને વખતે તેને ખાવા પીવાનું ભાન નથી રહેતુ ને રીબાઇને ચોથે દહાડે, તે મૃત્યુ પામે.વળી એમ પણ મનાય છે કે જે જનાવરો મૈથુન કરતાં ગંડાઈ જાય, તેમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપે આ ગ્રંથમાં પ્રગટ કરધું જેને વાંચીવીદીત થવું; કાનના રોગ ૧૮ પ્રકારનાછે અને તે, ખાંડ, ખટાસ, ખારાસ, મગજના બગડવાથી કાનમાં પાણી જવાથી, મેલ ભરાવાથી, ઝીણા જીવો કાનમાં પેસવાથી, વાગવાથી, ભયંકર અવાજ સાંભળવાથી આ રોગ ઉત્પન્ન છે.

વાયુના પ્રબળથી, કાનમાં ધોંઘાટ થાયછે, જીણો ચસકો આવેછે, મેલનું શોસણ થઇ પાણી જેવું બારીક નીકળેછે, પીતથી કાનનો ભાગ રાતો થઇ સોજો આવેછે, અને બળતરા થાયછે અને પીત્તાશયર દુર્ગંધીવાળુ પાણી કાનમાંથી નીકળે છે, કફના પ્રકોપથી કાનની અંદર સોજો ચડી પીડા થાયછે, જાડુ અને ધોળુ અને ચીકણું પાણી નીકળેછે, અને કાનમાં બેહેરાશ આવેછે.

કાનના અંદર, રતાશ, થઈ, તેની અંદર રોગોની ઉત્પતી થાયછે તેમજ કાનની અંદર વાગવાથી, અથવા કાંઇ ભરાવાથી, ત્વચાની અંદર બગાડો થઇ કાનમાંથી પર નીકળેછે, વખતે રૂધીર નીકળી, બળતરા થાયછે, ત્રિદોષના પ્રકોપ વડે કાનની અંદર સોજો ચડી ફોલાઓ થાયછે, અને તે પાકીને બધો સડી જાયછે, અને દુર્ગંધી મારેછે, વખત કાનમાં જીણા કપાસીઆ જેવા અંકુરો થાય છે, તે વખતે, બેસી જાય કે પાકી ઉઠેછે. રોગ ઘણા દીવસનો જુનો થાય તો કાનમાં છીદ્ર પડે; અંદરનો પડદો ટુટી જાય તેથી ધોળુ દુર્ગંધી વાળુ પાણી નીકળે કે લોહી નીકળે, કાને બેહેરાસ આવે તેથી કાંઇ સંભળાય નહી, અને તરેહવાર ગગણાટ સંભળાયાં કરેછે. માથામાં બગ વ્રાયું પેદા થવાથી કાંનમાં ઘોંઘાટ થાયછે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપાળ છાળીથી કાનમાંથી પરૂ આવેછે આંખો સુજી જાય, પીડા કરેછે. કાનમાં પવન ભરાવાથી ચસકા અને સુળ આવેછે, ખટાસથી કાનમાં દુખાવો થાયછે, અને જમતાં બોલતાં સાંભળતાં બહુ દરદ થાયછે, આ રોગ ઘણા દીવસના તાવથી, વાગવાથી, રક્તશ્રાવથી કાનનો પડદો ફુટવાથી મગજમાં બીગાડ થવાથી, કાનમા પાણી જવાથી અને જીણા જંતુઓના પેસવાથી, તેના તમામ અવયને બગાડી બેહેરાપણુ લાવેછે. માટે બહુ સાવચેતીથી હમેશાં કાન જાળવી રાખવા.

કાનના બહારના ભાગમાં એટલે તેની નજદીક જે ગાંઠ થાય તેને કર્ણક કહેછે, અને છાલી તથા કાનની નીચે જે રોગ થાય છે તેને કર્ણપાળી કહેછે. આ દરદ નીકળવાની જગાએ પહેલા ખરજ બહુ આવેછે. પછી ચામડી લાલ થઈ મોટી ગાંઠ થાયછે જેથી કાનના તમામ સાંધા ઝલાઈ જઈ દુખાવો બહુ ફેલાય છે અને પીડા થાયછે; ઘણી ખરીવાર તો બેસી જાયછે પણ વખતે તે ગાંઠ ફાટી પરૂ નીકળી આસપાસના તમામ ભાગપર સોજો લાવે છે અને માંહેના ભાગમાં ચાંદી પાડેછે. માટે આવા કર્ણ રોગને વધવા ન દેતાં તરત ઉપાય કરવા જોઇએ. વખતે કાનની બુટ ઉપર પણ ખરજ આવી જીણા ફોલ્લીઆ જેવા માંસના અંકુરો ફુટે છે, ચામડી બધી લાલ થઈ પાકેછે, અને તેમાંથી લોહી, પરૂ વીગરે નીકળે છે અને તેથી કરીને કાનમાં સુળ ચસકા બહુ આવે છે.

## નેત્રરોગની સમજ.

નેત્ર રોગ ૭૫ પ્રકારનાં છે, તેના જુદા જુદા ગ્રંથોમાં પ્રમા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણો લખ્યાં છે. આ રોગ ઘણું વાંચ્યાથી ગરમીમાં ફરવાથી બહુ ગરમ ખોરાક ખાવાથી, બોજો ઉચકવાથી, બંધકોસથી, મુત્રરોધથી, દાંતે સખ્ત વસ્તુ ચાવવાથી કડવું, તીખુ, ખાંડ, ખટાસ, બહુ ખાવાથી વાળટુ પાવાથી (ચુટાવવાથી) આંખમાં જખમ થવાથી ઝીણું કાંમ વારંવાર જોવાથી દ્રષ્ટી સ્તંભથી, ધુમાડાથી, શીતળા, ઓરીથી, અથવા નહારા ચેપથી તથા ઉજાગરાથી આ દરદ પેદા થાયછે.

આંખ દુખવા આવવાની હોય તે વખતે તેમાં ખરજ બહુ આવે, તેથી તેને ચોળવી પડે છે, ત્યાર બાદ પંદર વીસ મીનીટમાં તે લાલ થઈ જાયછે. પાંપણો સુજી જાયછે. અંદરનો ભાગ લાલચોળ થઈ જઈ, તેમાં બહુ દરદ થાયછે, ઝીણી કાંકરીની માફક ખુચે છે, તથા પાણી ટપકવા માંડે છે, પીયા બાઝે છે, અને તે ચીકણા હોવાથી પાંપણો ચોટી જાય છે; જેમ જેમ દરદનું જોર વધતું જાય, તેમ તેમ તેમાં ખટકો વધેછે. અજવાળામાં ઉઘડતી નથી, તથા તેમાં, ને ડોળામાં રતાશ ફેલાતી જાયછે, અને પોપચાં લાલ થઈ જઈ સોજો ચડેછે. નેત્ર વ્યાધી મટવા આવે કે મટ્યા પછી, પ્રથમ ડોળા સાફ થાયછે, પછી પોપચાંમાંથી રતાશ કમી થઈ જાય, પરૂ નીકળતું બંધ થાય, અને બેચાર દીવસમાં આરામ થઈ જાય. તેમજ આંખો થોડી દુખવા આવી હોય તો, રતાશ જરાક આવી, તથા થોડું દરદ થઇ, તેનું જોર કમી પડી જાયછે.

જો આંખોના દુખવાનું જોર વધી પડ્યું હોય તો પેહેલાં તેની આગળ પાછળનો ભાગ સુજી જાય, આંખો મીંચાઇ જાય અજ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળામાં ઉઘડે નહીં, સફેદ ને તેજવાળી વસ્તુ જોઈ શકાતી નથી, તેમાંથી પાણી, પરૂ નીકળી ચોટી (આંખો) જાય છે, ને રતાશ એકદમ અંદરના ભાગમાં ફેલાઈ જાયછે. ડોળાનો ભાગ ઉપર સુંજી આવે છે, આંખો ઉઘડતી નથી. સોજા બહુ ચડી, પીડા ઘણી થાયછે. આ દરદીની આંખનો ચેપ બીજા માણસની આંખે લાગે તો, તેની આંખો પણ દુખવા આવે, કોઈ લોકોને આંખો દુખવા આવે ત્યારે તેમાં કસ્તર (કણું) પડ્યું છે એમ સમજી ખુબ ચોળે છે તેથી દરદનું જોર વધી પીડા ઘણી કરેછે.

**આંખમાં રસપડનું વધવું.** આ દરદ ઘણું કરીને જુવાન સ્ત્રી તથા પુરૂષોને સ્નાયુના જોરથી આંખમાં રસપડ વધી, કાળા ભાગપર ચડી આવેછે. પણ તે કાંઈ આંખને વધારે હરકત, કે લાલ કરતું નથી. ઘણુંકરીને તે ખુણામાંથી શુરૂ થઈ, કીકી ઉપર આવી જાયછે; કે થોડે વધી. વધીને, અટકી જાયછે, આ દરદથી પણ આંખને નુકસાન થાયછે.

**આંખમાં વાવલું થાય તે**—પેહેલાં આંખો દુખવા આવી, પીડા બહુ થાય, તેથી તે મીંચાઈ જાય, અજવાળું કે તેજદાર ચીજો જોઈ શકાય નહી. આ પ્રમાણે બે ત્રણ દીવસ લગી આંખો ઉઘડે નહીં ત્યારે તેમાં કીકીની ઉપર, અગર બાજુના ભાગમાં, બાજરીના દાણા જેવાં ધોળાં ચીન્હ દેખાય છે. આ ચીન્હો વખતે બંને આંખોમાં એકદમ થઈ આવેછે. મગજ ખાલી પડવાથી, માથામાં બહુ ગરમી હોવાથી, અથવા કોઈપણ પ્રકારનો શરીરમાં વ્યાધી વડે તે અશકત થઈ જાય ત્યારે આ દરદ પેદા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયછે. નાનાં બચ્ચાંને એ બહુ થાયછે.

**આંખમાં ખીલ તાપોડીયાં થાય તે.**—આંખો દુખવા આવે, કે તે વગર આંખની અંદર સરસવનાં દાંણા જેવા ઝીણા દાણા પાંપણોની હેઠળ થાયછે. તે રંગે ધોળા દેખાય છે, અને તેને ખીલ કહેછે. તે પાંપણોના અંદરના ભાગમાં થાય છે તેથી તેમને ઉંચી કરી જોઇએ એટલે તેઓ દેખાય છે, જો ઘણા થાય, તો ધોળા ને કાળા ભાગપર પણ આવી જાયછે, (આંખની અંદર) તે વખતે તેમનો રંગ લાલાશ પડતો દેખાય છે, તેમને તાપોડીયાં કહે છે. તેમના થવાથી આંખોમાં દુખાવો થાય છે.

આ તાપોડીયાંની ત્રણ જાતછે, એકતો સખ્ત પડવાથી આંખો લાલ થઈ, બહુ દુખવા આવેછે ને તેજવાળો પદાર્થ જોઈ સકતા નથી તેથી આંખની અંદર ખટકો પેદા થાયછે. તથા તે ભાગ ઉપર લાલ રંગ દેખાય છે, કેટલાકને તો આંખ દુખવા આવી તેમાં મોટા ખીલ થઈ જાયછે. ને કેટલાકને આંખ દુખવા આવેછે ને મટી જાયછે. વારે ઘડીએ થયા કરેછે. જેથી કરીને આંખ ચુચળીને જીણી થઈ જાયછે, તથા તેમાંથી પાણી ઝર્યા કરેછે. સબબ આમ થવાથી આંખો ખેડોળ સ્થીતીમાં આવી જાય છે.

**આંખની અંદર ફુલાંનું પડવું.**

જેમ શરીરના કોઇપણ ભાગ ઉપર ચાંદી પડી જાય છે, તેમ આંખની અંદરના કાળા ભાગ ઉપર જે ચાઠુ પડેછે તેને ફુલુ કહે છે. તે થતી વખતે આંખો દુખવા આવી લાલશ બધે ફેલાઈ જાયછે તથા અંદર સફેદ ડાગ પડેછે તેનું તેજ બહુજ કમ હોયછે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુલુ પડતી વખતે આંખમાં દુખાવો થાય, સોજો વખતે આવેછે ને વખતે નથી આવતો. જો તે ફુલુ પાતલું હોય તો દવાના જોરથી આરામ થતી વખતે કાંઈ જરા પણ નીસાની રહેતી નથી પણ તે વધારે જાડુ હોય તથા તેનું જોર બહુ હોય તો રૂઝ ન આવતાં આંખના કાળા ભાગને ફાડી નાખી અંદરનો રસ નીકળી જાયછે, ને કીકીને નુકશાન પહોચાડી, વખતે ડોળો આંખની બહાર નીકળી પડેછે, તેથી આંખના તેજમાં ફરક બહુ પડી જાયછે, આ ફુલુ સરસવના દાણાંથી તે પાઈ જેવડું મોટું અથવા એટલું મોટું થાય છે કે આંખનો કાળો બધો ભાગ ઢકાઈ જાયછે. આ દરદ ઘણું કરીને શીતળાના રોગથી અથવા જેની આંખે બહુ ગરમી હોય તેનેજ થાય છે.

**આંખનું તેજ કમી થવાથી મોતીયાની સમજ**—આ દરદ પ્રમેહ, નેત્રમાં પાણી વીકાર ઘણા અસાધ્ય દરદના પ્રબળથી વૃદ્ધાવસ્થામાં, અથવા નાની ઉમરમાં બાળકો ને બહુ થાય છે. મોતીયો ઉત્પન્ન થતી વખતે, બીજો કોઈ પણ જાતનો બાધી થતો નથી, ફકત નજર કમ પડતી જાય છે. મોતીયાના બે પ્રકાર છે, એક કઠણ તથા બીજો સકોમળ, વૃદ્ધ માંણસને કઠણ ને બાળકોને સકોમળ થાય છે. સકોમળ ત્રીસવરસની અંદરના માણસનેજ થાય છે, ને કોઇને જન્મથીજ પણ હોય છે; તે બંનેને આરામ કરવામાં જુદો જુદો પ્રયાસ કરવો જોઈએ. તેને પાકો થતાં ઘણો વખત લાગે છે. પણ જ્યારે પકવ થયો ત્યારે હરેક ચીજ જોવામાં તેને હરેકત બહુ આવેછે. (નજર બહુજ ટુંકી પડી જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોતીઆવાળો માણસ જ્યાં સુધી કોઈ પણ વસ્તુને જોઇ શકેછે ત્યાં સુધી તે કાચો સમજવો, ને કાચો હોય ત્યાં સુધી શસ્ત્રનો ઉપીયોગ થઈ શકતો નથી. મોતીયા વિશેની દવા હમેશાં નેત્ર વૈદની સલાહથી લેવી, સબબ આખા શરીરની મુખ્યઇન્દ્રી તેજ છે. માટે તેને કાંઈ નુકશાન થયું તો આખી જીંદગી રદ થઈ સમજવી.

**ઝામરવાની સમજ**—આ એક ભયંકર નેત્રનું દરદછે, આનો યોગ્ય ઉપાય ન લેવાય તો તે દરદી આંધળો થાય. આ દરેદથી દરદીના માથામાં સુળ આવે, આંખે કમ દેખાય, તથા પુખ્ત ઉમરના માણસને આ દરદ થાય છે, તેના બે પ્રકાર—એક સખ્ત તથા બીજો નરમ, તે દરદ થતાં કેટલાક ચીન્હો જણાય છે અને પછી નેત્રાંધ થાય છે. નરમ દરેદમાં નેત્રમાં સાધારણ સોજો હોય છે. પણ કઠણમાંતો પાંપણ ઉપર સોજો, આંખમાં દરેદ તથા ડોળો કઠણ થાય છે.

**પરવાળાના દરદની સમજ**—આ દરેદીને આંખમાં પાંપણોમાં હેઠળના બાગમાં વાળ ઉગે છે, તે વળીને આંખમાં આવે છેઅને બહુ હરકત કરેછે. આવા બે ચાર વાળ હોય છે, ને આંખ વીચતાં બહુ અડચણ કરે છે. પરવાળાને લીધે આંખોમાં કાંટાની માફક ખુચે છે તેથી પાંણી વહેછે, અને આંખને લાલ લાલ કરી નાખે છે. આ વાળને ચુટાવી કાઢે છે પણ ફેર પાછા ઉગીને એટલુંજ દરદ કરેછે. આંખના ડોળા ઉપર વારે વારે વાગવાથી તેના ઉપર ધોળી ઝીણી જારી વળેછે તેથી તેમનું તત્વ ઘટીનેજ કમીથઈ જાય છે આ દરદ સ્ત્રીઓને ઘણું કરીને વધારે થાય છે અને તેથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને તેમને બહુ અડચણ વેઠવી પડે છે.

## મુખરોગ.

**મુખ રોગ**—આ રોગ ઘણા પ્રકારે ઉત્પન્ન થાય છે, પેટમાં ગરમ વસ્તુ ખાવાથી ઉત્પન્ન થાય છે, ને તેથી લોહી બીગડે છે, જેથી મુળ, દંત, જીભ, હોઠ અને ઘંટિકા (એટલે ગળાના તમામ) રોગ ઉપજે છે તેની **સમજ** મોઢે લોહી પડે છે તેને મુખ રક્ત કહે છે. મોહોમાં ચાંદી પડે છે તેને ફુલીઓ કહે છે, મોઢેથી લોહી નાંખે તેને ઉદ્રસ થાય તેમાંથી સેન્ટ ઉપજે, ને મ્હોડું પાકી આવે અથવા ગરમીનું લોહી આવે. **જીભ્હા રોગની સમજ**—જીભ પાકે, જીભેફોલ્લા થાય, તે ત્રીદોષના પ્રકોપે થાય છે, વાયુને કફના પ્રકોપથી જીભે કઠણ ફોલ્લા થાય છે, ને પીતના પ્રકોપથી જીભ પાકીને જીભ સુજી જાય છે. બાળકને જીભ પાકે છે તેને ફુલીઓ કહે છે, તેને લાળ પડે તો તે બાળકને આરામ થાય છે, ત પેટમાં લાળ ઉતરે તો તે બાળક જીવે નહી, આ દરદ ગોળ, તેલ, રીગણાં, લસણ, ડુંગળી, ખટાસ, છાશ, આંબલી, કેરી, એવા ગરમ પદાર્થ ખાવાથી પેદા થાય છે.

**હોઠ રોગની સમજ**—આ રોગ વાયુના પ્રકોપથી પેદા થાય છે, ને તેથી હોઠ ફાટે છે, અને તેમાંથી લોહી નીકળે છે ને જો પીતનો પ્રકોપ થયો હોય તો હોઠે બળતરા બળે છે. ને હોઠ ફાટે છે, વખતે જરા સુજી આવે છે.

**દાંતનારોગની સમજ**—જેને દાંતમાંથી લોહી નીકળે તે પીત વીકારથી જાંણવું, ને દાંત પીડા કરે દાંત ઉપર ખેરી જામે તે જી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનો વીકાર જાણવો. ને તેથી દાંતોને પીડા થાય છે, તે દરદ મીઠાશ, ખટાશ ને ખારાથી ઉપજે છે, ને વાયુના વીકારથી દાંત ડગે છે, ને કેટલાકનું મુખ ગંધાય છે તેને આગરૂ કહે છે.

**મુખપાકની શમજ**—આ દરદ નાનાં બચ્ચાંને ( એટલે પાંચ વર્ષની ઉમરના) મોહોઢામાં આ રોગ થાય છે, તેથી ગળાનો કેટલોક ભાગ સડી જાય છે, ગળાપર સોજો આવી કઠણ ચળકતોને રતાશપર દેખાય છે, તેથી ગળાની અંદર ચાંદુ પડે છે, મોહોઢુ બહુ વાસ મારે છે; લાળ પર નીકળી તેની સાથે તાવ આવે છે, અનાજ ખવાતું નથી, તેથી શરીર છેક નબળુ થઈ જાય છે. ગળાનું ચાંદુ સડી ગળાની બહાર છીદ્ર કરે છે, યા, પહેડાં, હોઠ, અને દાંતમાં પીડા બહુ કરે છે.

**ગાલ પચોળીઆની સમજ**—આ દરદ ત્રીદોષના પ્રકોપથી ઉપજી વાયુને સંચય કરી તેને સુજાવેછે તેથી આ રોગ પેદા થાય છે. આ દરદ બચ્ચાં અને મોટાને પણ થાય છે, ને તેથી જ્વર ભરાઈ આવે છે ગાલ અને કાનના મુળમાં સોજો આવે છે. તેથી મોહોડામાં પીડા થાય છે, આ દરદ ઘણું કરીને અઠવાડીઆની અંદર મટી જાય છે.

**ગળાનું દરદ**—આ દરદથી ગળાનો ભાગ સુજી લાલ થાય છે ને તેથી આજુ બાજુ પર દુખાવો થાય છે ગળામાં થુંક ચીકણું થઈ અટકી રહે છે, તેથી ગળામાં પીડા થાયછે, જીભની ઉપર સુપેત છારી પડે છે, પાંણી યા ખોરાક ઉતારતી વખતે બહુ દરદ થાય છે, કોઈ વખત ગળુ પાકીને ફુટે છે તેથી આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરદ થાય ને મટે, એમ થયા કરે ને ગોળીઆ ગુજીને મોટા થાય તેથી ગળામાં પણ સોજો આવે છે, જીવને ચેન પડતુંનથી. આ દરદ ઘણું ભયંકર છે.

વાજીકર્ણની સમજ—આ દરદ ઘણો વીષય કરવાની ઇચ્છા થી ગુહ્ય ઇંદ્રીને પટા લેપ વીગેરે કરવાથી અથવા કામ વૃધીનાં ઓષધો ખાવાથી, લીંગની વૃધી થઇને પુરતો ખોરાક ન મળવાથી નપુંસકપણું પ્રાપ્ત થાય છે, અથવા ઘણો હાથ રસ કરવાથી, યા કા મી સ્રીથી, બીભીત્સ પુસ્તકનો ઉપયોગ કરવાથી, કામ નાશ પામી ઇન્દ્રી મોટી થઈ આ દરદ પેદા થાય છે, કોઇને તે પથ્યના દોષથી ઇ-ન્દ્રીની ઉપર સોજો રહે છે, ને કોઇને થોડો થોડો દુખાવો રહે છે. તેમાં દોષોત્પતી થઈ આ દરદને વ્રધી પમાડે છે, ને તેના વધ-વાથી પુરૂષાર્થ રહીત મનુષ્ય થાય છે.

સ્રી રોગની સમજ—આ દરદ ઘણા પ્રકારે થાય છે ને તેનો બહુ વિસ્તાર થવાથી આ જગાએ માત્ર સારાંશ દાખલ કર્યા છે, ને વીશેષ માટે બીજા ગ્રંથો જોવા, યોની રોગ ૨૦ પ્રકારે થાય છે તેની સમજ, યોનીના બહાર ભાગ ઉપર થતા દરદની સમજ—આ દરદ નબળાઇ અને રૂધીર વીકારથી થાય છે. યોનીના બાહારના ભાગની ઉપર ખરજ આવી રૂધીર નીકળે છે, ને તેથી તીક્ષણ વેદના થાય છે ને યોનીનો ભાગ વખતે સુજી આવે છે. અથવા બીજા રોગોના સંસર્ગથી પણ આ રોગ થાય છે તેને યોની કંદ અથવા યોની કડુ કહે છે, ને તે ગર્ભાશયના કમળની સાથે તે પ્રગટ થાય છે, આ દરદ યોનીની અંદર મસ, પ્રદર અને હરેશ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાધી અને રૂતુ બંધ થતી વખતે આ દરદ પેદા થાય છે; ને તે દરદ ઝીણા કૃમી, યોનીની અંદર થવાથી ખરજને પેદા કરી યોની કડાને ઉત્પન્ન કરે છે. **યોનીના મોહોઢામાં ગાંઠની સમજ**—યોની બહારે નરમ ગાંઠો થાય છે ને તે પાકીને તેમાં પરૂ થાય, તેથી કેટલીકવાર યોનીના બંને ભાગ સુજી આવે છે; ને તેમાં બળતરા પેદા થાય છે, ને તેથી યોનીના ઓષ્ટપર મસા થઈ આવે છે. ને તેથી તે ભાગ વૃધીને પામે છે, જેથી સ્રીને બેસતાં ચાલતાં બહુ દુખ ઉત્પન્ન થાય છે.

**યોનીના સોજાની સમજ** યોનીના આજુ બાજુના ભાગની ઉપર સોજો આવી તેમાં બળતરા પેદા થાયછે, ને તે મૈથુન ગરમી, અને ગંદકીના કારણથી થાયછે, તેને લીધે સોજો આવી તે ભાગ લાલ થાયછે, તેમાં બળતરા યા દુખાવો થઈ સફેત પાણી અવેછે જેને પ્રદર કહેછે.

**નાના બાળકોને પ્રદરની સમજ**—નાની વયની છોકરીને પણ કેટલીક જગાએ આ દરદ જોવામાં આવે છે તેને યોની દ્વારાએ સફેદ પાણી અવેછે, જે નિર્બલ છોકરીને આ દરદ થાય છે, આ દરદ મલીનતા અથવા કુપથ્યના પ્રકોપવડે થાયછે, જેથી બહુ દુખ ઉપજેછે.

**યોની ઉપર થતા દર્દની સમજ**—યોની ઉપર કેટલાક ખરાબ ખત થાયછે, તથા, યોની ઉપર રૂધીરના બગાડથી મસા જેવા અને મોટા અંકુરો પેદા થાયછે, ને તે વધી પામીને મોટા થઈ યોનીને બહુ નુકસાની કરેછે. તેમજ મુત્રાસયની વ્યાધી પેદા થાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ત્યારે **સ્ત્રીની** યોની ઉપર ઝીણા ઝીણા મસા થાયછે ને વ્રધી પામીને મોટા થાયછે, ને તેથી પેશાબ સાફ નથી આવતો ને પેશાબ કરતી વખતે બહુ પીડા થાયછે જેથી લોહી નીકળેછે ને તેની સાથે ધાતનો પણ શ્રાવ થાયછે.

**મુત્રદ્વારની ઉપર સોજાની સમજ**—મુત્ર માર્ગની અંદર સોજો થઈ પેશાબ નીહાજત બહુ થાયછે ને પેશાબ કરતાં બળત્રા પેદા થાયછે, ને પેશાબ બરાબર થઈ શકતો નથી જોરથી પેશાબ કર્તા લોહી આવેછે, ને અંદરનો ભાગ સુજેલો ને લાલ દેખાયછે.

**યોની હર્ષની સમજ**—સ્ત્રીને યોનીની અંદર એક જાતનો બાધી થાયછે, તેથી યોનીને સ્પર્સ થઈ શકતો નથી અને યોની દ્વાર સંકોચાઈ જાયછે, જેથી સંભોગ કરી શકાતો નથી, ને દરદ યોનીની આજુ બાજુ ઉપર પણ થાયછે. જે તેને લીધે પીડા થઈ સ્ત્રી નીર્બળ, અને શોકાતુર રહેછે.

**યોની પ્રદરની સમજ**—આ દરદ ઘણું અસાધ્ય છે ને તે સ્ત્રીની યોનીની અંદર સોજો થઈ પેદા થાયછે તે ઘણુ કરીને દરેક સ્ત્રીને જોવામાં આવેછે ને તે ગર્ભાસયના કેટલાએક બાધીના સંયોગથી પેદા થાયછે. તેના ચાર પ્રકારછે. ધોળુ પાણી દેખાય (જેને ધાત કહેછે) લોહી આપે તેને વાંધો કહેછે. નીલુ પાણી દેખાય, અને કાળુ પાણી દેખાય તેને અસાધ્ય રોગ કહેછે. આ દરદ બે પ્રકારે થાય છે, એક તો ગર્ભાસયની અંદર અને બીજુ આખા શરીરની અંદર થાયછે. તે દરદના ચિન્હ—યોની દ્વારાએ સ્વેત પાણી શ્રવેછે. કમ્મર દુઃખેછે, નબળાઈ જણાયછે, ક્ષુધા મંદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયછે, ચિંતાતુર રહેછે, યોનીના ઉપરના ભાગ અને કમળમાં સોજો રહેછે ને લાલ થઈ ધાતુ અવેછે, ને કેટલીક વખત ત્વચાના પડ પણ ઉખડેછે, ને ક્યારેક બે ત્રણ દરદો ભેળા થાયછે ને યોનીની ધાતની અંદર ખટાસ અને જાડાસ, ચીકણી સ્વચ્છ હોયછે, એ સીવાય બીજા નીર્બલતા વીશે ઘણા ભાગો જોવામાં આવેછે.

### રજોદર્શન પ્રકાર.

સ્ત્રી યુવાવસ્થાને પ્રાપ્ત થાયછે ત્યારે રૂતુ આવેછે, તે ઘણું કરીને તેર યા પંદર વર્ષે આવેછે, જે રજો દર્શન કહેછે, ગર્મ દેશ માં રૂતુ પ્રાપ્ત થયા પછી ત્રીસ વર્ષ રૂતુકાળ રહેછે, ને એથી ૫૦ સુધી રજોદર્શન થાયછે ને પછી બંધ થાયછે, સ્ત્રીના સંતતીના સંબંધમાં રૂતુની ગોઠવણ કરીછે, સ્ત્રીને પ્રતિ માસે કુદરતી નીયમથી રૂતુ દર્શન થાયછે ને તે ૪-૫ દીવસ રૂતુ અવેછે, ને તે રૂતુનો કાળો રંગ હોયછે, ને તે દસથી બાર તોલા રૂધીર અવેછે ને ગર્ભોઉત્પતી સ્થાનમાં ફેરફાર થાયછે, રૂતુની બાબતમાં કેટલી વખત બાધી ઉત્પન્ન થાયછે. ને રૂતુનું દેખાવુ જાસ્તી કમ થાયછે.

રૂતુના ત્રણ પ્રકાર છે—એકતો સહેલી રીતે રૂતુ આવે છે, બીજુ મહા કષ્ટે, અને ત્રીનુ ઘણું રૂતુ દેખાય છે ને થોડી પીડા થાય છે. રૂતુ થોડું અને અંદરજ દેખાય છે ને બહાર પ્રગટ નથી થતું, એમ કેટલીક સ્ત્રીને મોહોડુ દેખાય છે, ને કોઈ વખત દસ્તાન પેદા થવામાં ફેરફાર થાય છે, ને કેટલીક ને ગર્ભાશયમાં રોગના કારણથી રૂતુ આવતુજ નથી તો તેને સંતાન થતું નથી. કેટલી એક સ્ત્રીને રૂતુ આવતી વખતે બહુ પીડા થાય છે, પેટ પેડુમાં દુખાવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે ને બરાડા મારે છે. તે પીડા ત્રણ પ્રકારે થાય છે, એકતો તરણ સ્ત્રીને, ઘણું કરી ઋતુ દેખાતી વખતેથી એક બે દીવસ અગાઉ કમર અને પેડુમાં દુખાવો શરૂ થાયછે. મસ્તક અને જાંગની અંદર પીડા થઈ બેચેનપણું પ્રાપ્ત થાય છે ને પછી રૂતુશ્રાવ થવા માંડે છે ને રૂતુશ્રાવ થયા પછી આરામ થાય છે. બીજો કેટલી એકને ગર્ભસ્થાનમાં સોજો હોવાથી, પીડા થાય છે. ને તે રૂતુ દેખાયા અગાઉ ત્રણ ચાર દીવસ પીડા થાય છે, કમર અને પેડુમાં દુખાવો થાય છે, સુસ્તી, અને આળસ વધે છે. રૂતુ શ્રાવ પછી આરામ થાય છે, રૂતુ શ્રાવ વખતે, યોનીની અંદર ચામડી ઉખડે છે ને બળતરા થાય છે, ને કમળનો ભાગ આળો અને સુજેલો રહે છે. ને ત્રીજો—રૂતુ વેહેવામાં અડચણ થવાથી; માર્ગમાં કાંઈ ગાંઠ થવાથી, અને ગર્ભાશય દોષ ઉત્પન્ન થવાથી રૂધીર શ્રાવ થવામાં અડચણ ઉપજે છે તેથી બાધી પેદા થાય છે તેમજ ગર્ભાશયમાં કેટલાએક રોગોને લીધે અન્યમીત પણે (એટલે સમય વીના) ઘણી વખત રૂતુ દેખાય છે, ને ઘણી વખત રહેછે ને તેથી શરીરને હરકત કરે છે.

સુવારોગ—સ્ત્રીને પ્રસવ થયા પછી દસ દીવસની અંદર ઘણું કરીને આ રોગ થાય છે. તેનું કારણ કે. સુવાવડી સ્ત્રીની બરાબર સંભાળ નથી રહેતી. વા, ઠંડીને હવાવાળી જગામાં સુવાવડ કરવાથી, અથવા સુવાવડી સ્ત્રી ઘણી ભયંકર વાતો સાંભળે, ચમકી ઉઠે, મનમાં વીચાર કર્યા કરે, હર્ષની વાત સાંભળે, એવા ઘણાક કારણોથી આ દરેદ પેદા થાય છે, તેમાં શરૂવાતે દાંત બીડાઈ ધનુર થાય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેથી તાંણુ આવે છે તે ઘણું કરી સાત દીવસમાં મરે છે માટે તેની બહુ સંભાળ રાખવી, ખાંડ, ખટાશ, તેલ અને ઠંડી હવા, વાયુના વેગ અનો ત્યાગ કરવો.

બાળકનારોગ—બાળકનો રોગ ઘણે પ્રકારે થાયછે. પણ ઘણું કરીને નાની વયના બાળકને માના ધાવણથી પણ રોગ થાય છે, તેથી બાળક ગળતું જાય, ઝાડો, અને સસણી થાય છે, તેમજ દાંત આવતી વખતે, અથવા માતાના ઉદરમાં ગર્ભ રહ્યા પછી આગલો છોકરો ધાવતો હોય તો તેથી પણ રોગ થાય છે, તેને પારમલાનો રોગ કહેછે, માથુ કળે, કપાળછાળીથી બગવા થાયછે. બાળકને વામીટ, મોઠી ઉધરસ, અતીસાર, સંગ્રણી એવા રોગમાતાના દેખરેખમાં ફેરફારથી થાય છે, તેમજ રતવા, યુલીઆ, માતાના પ્રકોપથી થાય છે, માટે માતાએ બાળકનો જન્મ આપી જ્યાં સુધી બાળક ધાવે છે ત્યાં સુધી પથ્યની અવશ્યછે જેથી ઉપર કહેલા તમામ રોગ નાશ પામશે.

# પ્રકરણ ૩ જું.

## (અ)

અકલગરો—ઉષ્ણ, વાતહર, તથા પેટ, દાંત; અને મોઢાના દરદો ને મટાડે.

અગથીઓ—વાયુ, ખાસી, કફ, ઝાડો, અને સુળને હરે

અઘાડો—કફ, દમ, ખાસી, સ્વાસ, ગુલ્મ, સુળ, પાંડુરોગ, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાયુના રોગને હરે.

અજમો—વાયુને હરે, દીપન, પાચન, ચુક, અજીર્ણ તથા પેટના તમામ દરદોને મટાડેછે,

અતીવિશની કળી—દીપન, ચુક, ઉલટી, તૃષા, કરમ હરસ જવર વીગેરેને મટાડેછે.

અફીણ—ઝાડો, ઉલટી, ખાસી, અને દમને ટાળેછે.

અબરખ—કમળો, ખાંસી, અજીરણ, સંગ્રહણી, પાંડુરોગ અતીસાર, ઉદર રોગ, મસ્તક રોગ ઉપર કામ આવે છે.

અરણી—સુવારોગ, સોજા, વાયુને હરેછે.

અરડુસી—અતીસાર, સંગ્રહણી, ત્રીદોષ, સ્વાસ, તાવ પ્રમેહના રોગો ઉપર કામમાં આવેછે.

અડુસો—તાવ, ઝાડો, અરૂચી, અતીસાર, એવા બીજા દરદો ઉપર કામમાં આવેછે.

અરીઠા—ઉલટી કરવામાં, તથા આધાસીસીમાં કામમાં આવેછે.

અળસી—ગડગુમડાને પકવવાના કામમાં આવેછે.

અસાળીઓ—આંખનું દુખ મટાડવાને માટે, સુળ, કુમ તાકતમાં વીગેરે કામમાં આવેછે.

(આ)

આકડો—રક્તપીત, નબળાઈ, સંધીવા, મરડો, ઝાડો, અતીસાર સોજો, કબજીઆત, દમ, સંસણી, વગેરેમાં વપરાયછે.

આદુ—સુળ, વાયું, મંદાગ્ની અજીર્ણવીકાર, ગોળામાં વપરાયછે,

આમલી—ઉલટી, પીતવીકાર, ઉધરસ, ક્ષયમાં, કામમાં આવેછે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમલીનાં પાંન—ઉદર રોગ, મસ્તક રોગ ઉપર બાંધવામાં કામમાં આવે છે.

આમળાં—પીતવીકાર, ઉલટી, બહુ તરસ લાગે, ઉધરસ, અજીરણ પ્રમેહ, તાવ, લોહીવીકાર, અરૂચી એવા બીજા દરદો ઉપર કામમાં આવેછે.

આંબાહળદર—બહારના લેપ કરવામાં આવેછે તથા ક્વાથમાં વપરાય છે.

આંબાની ગોટલી—ઝાડો, મરડો, અને અતીસાર, રક્તશ્રાવના રોગો ઉપર કામમાં આવેછે.

આલુબુખર—હલકો જુલાબ લેવાના કામમાં આવેછે.

આવળ—પેટની કબજીઅત સંધીવા, પીતવીકાર, લોહીવીકાર એવા બીજા રોગો ઉપર કામમાં આવેછે.

આસોદ—સંધીવા, નપુશકપણું, ઉધરસ, ક્ષય, અજીર્ણના રોગો ઉપર કામમાં આવેછે.

આદુના ગુણ—પાચન, દીપન, તીખું, અને કફના દરદો ઉપર કામમાં આવે છે.

(ઇ)

ઈંદ્રજવ—પેટમાં કરેમ, અતિસાર, હરસ, સંગ્રહણી, લોહી સાથે મરડો, તાવ, સંધીવા, ચુક, અજીર્ણ, કાળજામાં દરદ વીગેરે રોગો ઉપર વપરાયછે.

ઈંદ્રવરણા—ઉદરરોગ, જુલાબ વીગેરે કામમાં આવેછે.

(ઉ)

ઉતકંઠો—તાવ, પથરી, બહુ પીશાબ થાય, તાવ, કફ એવા રોગો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર વપરાયછે.

ઉપલેટ—મસ્તક રોગ, મુખરોગ, એવા દરદો ઉપર વપરાયછે.

(એ)

એખરો—ધાતુક્ષય, પીતવીકાર, કમજોરી, વીગરે ઉપર વપરાયછે.

એળીયો—કૃમિ, અજીર્ણ, વીગરે કામમાં આવે છે.

(ક)

કચોરો—ત્વચા ઉપર લેપ તથા કવાથના કામમાં આવે છે.

કડાછાલ—ઉષ્ણ, તાવ, હરશ, અતીસાર, મરડો, ઇ૦ એવા રોગો ઉપર ઓસડ સાથે વપરાય છે.

કડુ—પાચન કરે; તાવ, મંદાગ્ની, અરૂચી, મળરોધ, ઇ૦રોગોને ટાળે.

કપીલો—કૃમીને ટાળે, બંધકોસ કરે, તથા મલમ, પટાના કામમાં આવે છે.

કપુર—આનો ગુણ ઠંડો છે.

કપુરકાચલી—સુગંધી તથા ઠંડુછે.તે રક્તવીકારના કામમાં આવેછે

કમળકાકડી—મધુર બળવાન તથા વાયુને હણનાર છે.

કરંજ—વાયુને હરે.

કરીઆતુ—અગ્ની દીપાવે, તાવ, અજીર્ણ જ્વર, નબળાઈ, મંદાગ્ની ઇ૦ રોગોને ટાળે છે.

કઉઆં—મધુર તથા પૌષ્ટીક છે.

કસ્તુરી—સુગંધીદાર તથા ઉષ્ણ છે, અને પુષ્ટીકારક છે.

કાચકા—જ્વર, કૃમીને ટાળે, પાચન કરતા, શીતજવર, વાયુ, કમર, ચુક, ઉલટી, વીગરે રોગો ઉપર વપરાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાકડાશૃંગી—કફને ટાળે, તાવ, ઉધરસ, વીગેરે ઉપર વપરાય છે.

કાંટાશળીઓ—ત્વચાના રોગો ઉપર તથા કવાથમાં વપરાય છે.

કાથો—ઠંડો ને ગ્રાહી છે ઝાડો બંધ કરે છે. મોડુ આવ્યું હોય તે ઉપર, તથા ચાંદી ઉપર ચોપડવાના કામમાં આવે છે.

કાળાદાણા—જુલાબમાં વપરાય છે.

કાળીજીરી—જ્વરને ટાળે તથા કૃમીવાયુને હરે.

કાળીપાટ—(પાહાડ મુળ) શોધક (લોહી સાફ કરેછે) ખરજ, શીળસ, ઈ૦ રોગો ઉપર કામમાં આવે છે.

કાયફળ—કફ તથા વાયુને હરેછે.

કીડામારી—જ્વરને કૃમી ટાળેછે.

કુવાર—ઉષ્ણ, વાત, કફને હરતા, તાવ, ચુંક, પાંડુ, દમ, સ્વાસ ઉધરસ અને ઉદરરોગો ઉપર ઘણી કામમાં આવેછે.

કકોમનું તેલ—હાથ પગ ફાટી જાય, મળવીકાર વીગેરે રોગો ઉપર વપરાય છે.

કોઠ—એના ગુણ બીલાના ગુણને મળતા આવેછે.

કોલટાર અથવા ડામર—ખરજ, ત્વચારોગ, જીવાત પડી હોય ત્યારે કામમાં આવેછે.

કોળુ—પુષ્ટી, ધાતુ ક્ષય, અશકતી હોય, છાતી માંહેથી લોહીનું પડવું વીગેરે બીજા રોગો ઉપર કામમાં આવેછે.

કેસુડાં—બંધારણ, રૂતુ નાશ કરવાના કામમાં આવેછે.

કારેલાં—અગ્ની દીપક, કફ નાશક, તથા સ્વાદે કડવાં લાગે છે.

કંકોડાં—તાવ, સ્વાસ, દાદર, કોહોડ, વીષ વીગેરેનો નાશ કરેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમળના ગુણ—પીત, લોહી વીકાર વીગેરેનો નાશ કરેછે.

કંદના ગુણ—વાયડુ, બળવાન, કફને પ્રકોપને કરવાવાળું એવા બીજા દરદો ઉપર કામમાં આવેછે.

સર્વ કંદના ગુણ—વાયડાં, ભારી, કફ, અજીર્ણને પેદા કરનાર જાણવાં.

## (ખ)

ખડસળીયો—શોધક જ્વરનો નાશ કરેછે.

ખસખસ—પુષ્ટી ને રૂચીકારક છે.

ખેરસાર—કાથાના ગુણને મળતા ગુણ છે.

ખડબુચ—પીતકારક, ઠંડુ, મુત્રને સાફ કરનાર, રૂચીને પેદા કરેછે.

ખજુર—વાત, પીત, રક્તનો નાશ કરે.

## (ગ)

ગજપીપર—ઉધ્ણ, તાવ, ઉધરસ, ઉલટી, ઉપર વપરાય છે.

ગરણી—જુલાબના કામમાં આવેછે.

ગરમાળો—રેચક, મળના રોગ, ગુલ્મ, ત્વચારોગ, ઉદર, એ દરદની અંદર જુલાબ તરીકે વપરાય છે.

ગળો—જ્વરનાસક, પીતને સમાવેછે, અને ઠંડો છે.

ગાજર—આની પોટીસ, ગડ, ગુમડાં, ચાંદા ઉપર બાંધવામાં આવેછે

ગાંજો—હેડકીને દુર કરે કફ વધારનાર, નીશાવાળી ચીજ છે.

ગળજીભી—શોધક તથા પુષ્ટીકારક છે; વીસફોટક, સંધીવા, ફડક અને પ્રમેહ વીગેરે ઉપર કામમાં આવેછે.

ગુગળ—ઉષ્ણ અને વાયુ હરતા છે. સંધીવા, સુળ, ચસકા, કટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુળ, મંદાગ્ની, વાતરકત, પ્રમેહ, ધાતુનો દોષ, જીર્ણ તાવ, ત્વચા રોગ, તથા મુત્ર રોગ ઉપર વપરાય છે તેમજ સુળ વીગેરે ઉપર લેપ કરવાના કામમાં આવેછે.

ગુંદર—બળવાન તથા પોષ્ટીક છે.

ગુલાબનાં ફુલ—રેચક, તથા ઠંડાં છે.

ગોખરૂ—ધાતુ ક્ષય, અશક્તી, મુત્રરોધ, પથરી, પ્રમેહ, ઉનવા તાવ અરૂચી, વીગેરે રોગો ઉપર કામમાં આવેછે.

ગંધક—ગંધકના ચાર પ્રકાર છે. ૧ લકડીઓ, ૨ આમલસારો ૩ કચ્છીક ૪ દાળ ગંધક તે શીવાય વળી રાતા રંગનો ગંધક થાયછે ત્વચારોગ, સંધીવા, વગેરે ઉપર ખાવાના તથા લગાડવાના કામમાં આવેછે.

ગરજનનું તેલ—પ્રમેહ, પ્રદર મટાડે, કોઢ, પત્ત, વીગેરે ઉપર આ તેલ બહુ વાપરે છે.

ગાયનું દુધ—પાતળુ, સ્નીગ્ધ, ભારે રશાયણ, ધાતુપુષ્ટ તથા નેત્રને બળ આપેછે, પુષ્ટી આપે, બળ વધારે, ચીત પ્રસન્ન રાખે, રક્તપીતનો નાશ કરે થંડુ તથા સ્વાદે મીઠુ લાગેછે. જો કાચુ ખવાય તો નાંના કે મોહોટાને પેટમાં કૃમિ પેદા કરેછે.

ગાયની છાશ—દીપન, બુદ્ધીવર્ધક, મૂળવ્યાધી ઉત્પન્ન કરનાર, ત્રીદોષ નાશક.

(ધ)

ઘર્ઊ—સાધારણ મીઠો, સ્વચ્છ, તથા પુષ્ટીકારક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ચ)

ચોખા—રાતા, ધોળા, તથા જાડાએ ત્રણ પ્રકારના ચોખા છે. કેટલાએક ખાવામાં સારાછે. તેનો પાક અથવા રસ મીઠોને ચીકણો હોય છે. પુષ્ટીકારક બળવાન, જરા કબજીઅત કરતા, તથા મળવીકારને પેદા કરતા છે. બારીક ચોખા પથ્યમાં વપરાય છે, તેનો રસ ખાધા પછી જરા તુરો લાગે, તેથી મુત્ર પેદા થાય છે, તેનો ગુણ ટાડો છે. જે ચોખા બે મહીને પાકે તે પાક ઘણો સરસ તેમાં જરા કાળાશ પડતા, ને ધોળા શ્રેષ્ટ સમજવા.

ચણીકબાબ—પ્રમેહ તથા બીજાં પેશાબનાં દરદો ઉપર વપરાયછે.

ચણાનો ખાર—ઉનવા, તણખીઓ, બરોળ, અજીર્ણ, પેટનુંસુળ, ચુંક વીગેરે ઉપર વપરાય છે.

ચવક—કાળાંમરીના મૂળને ચવક કહે છે, તે તાવ, વાયુ, મંદાગ્ની, અરૂચી પેટનાં દરદ, ચુંક, કમળો ઈ૦ બીજાં દરદો ઉપર ક્વાથ, યા, ચુર્ણમાં વપરાય છે.

ચાતુરજાતક—તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, તેમને ચાતુર જાતક કહેછે. તેનું ચુર્ણ ખાંસી, ઉધરસ, અરૂચી અજીર્ણ તથા વાયુ વીગેરે ઉપર કામમાં આવેછે.

ચીતરો—તાવ, અજીર્ણ, મંદાગ્ની, ઉદરરોગો, હરસ ઉપર અપાયછે

ચોપચીની—ક્વાથ તથા પાકમાં કામ આવે છે, તણખીયો, ઉપદંશ, સંધીવા ઈ૦ ને મટાડે છે.

ચંદન—ખીલ, ગુમડાં તથા સોજા ઉપર ઘસીને ચોપડાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદનનું તેલ—પ્રમેહ ઉપર બહુ ગુણકારી છે.

(જ)

જટામાંસી—વાઈ, આંચકી, હીસ્ટીરીઆ જેવાં દરદો, ઉપર કામમાં આવે છે.

જમાલ ગોટો—નેપાળો જુલાબના કામમાં વપરાય છે.

જવ—ઉનવા, તથા તણખીઆની બળતરા મટી જાય છે.

જવખાર—કફ, ખાંસી, સુળ, ગુલમ, ઉદરરોગ, અરૂચી, અજીર્ણ બરોળ, તથા મુત્ર રોગ ઉપર કામમાં આવે છે.

જાવંત્રી—ઝાડો, પેટની ચુંક, તથા ઉટલી ઉપર અપાય છે.

જીરૂ—અજીર્ણ, પીતવીકાર, અરૂચી ઉપર અપાય છે.

જેઠીમધ—તાવ, પીતવીકાર, દાહ, ઉનવા, તણખીઓ, પ્રમેહ, ખાંસી, દમ વીગેરે કામમાં આવે છે.

(ઝ)

ઝેરકચોલાં—તેને ઘસીને ખીલ, ગુમડાં તથા સોજા ઉપર ચોપડાય છે ને ઘીમાં તળીને પેટની ચુંક, દુખાવો, કૃમી, ઝાડો ઉલટી ઉપર ખાવામાં આવે છે.

(ટ)

ટંકણખાર—ખાંસી, દમ, સંગ્રહણી, અજીર્ણ વીગેરે દરદો ઉપર કામમાં આવે છે.

(ડ)

ડીકામારી—ચુંક, અને પેટના દુખાવાને માટે બાળકોને પાવામાં અપાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડુંગળી—તેનું પોટીસ ગુમડાંને પકવવાના કામમાં આવે છે તથા વીંછીના દંશ ઉપર ચોપડાય છે. કોલેરા, વીકારરસ, ધનુર્વા, આંચકી તથા સુળ ઉપર પીવામાં અપાય છે.

ડોડી—તેલમાં ભીજવીને જખમ ઉપર લગાડાય છે.

(ત)

તાલીસપત્ર—ખાંસી, કફ, અને ત્વચારોગ ઉપર અપાય છે.

તુળશી—આંચકી, શુળ, અજીર્ણ ઉપર અનુપાંન તરીકે અપાય છે.

ત્રાયમાણ—પીતરોગ, ઉલટી, ગુલ્મ, કફ, તાવ, ત્રષા, શુળ વીગેરેમાં કામમાં આવે છે.

ત્રીકટુ—અજીર્ણ, ચુંક, અરૂચી, અને આફરા ઉપર કામમાં આવેછે.

(થ)

થોર—સંધીવા, દાદર, સુળ, બરોળ, એવા રોગો ઉપર તથા દમ, ઉધરસ, સ્વાસ કફ, સંગ્રહણી ઉપર તેનાં પાંદડાં કામમાં આવેછે.

(દ)

દસમુળ—પક્ષઘાત, સંધીવા, આંચકી, ધનુર, કેફરૂં, સુવાવડ, અડદીઓ વા ઉદરરોગ એવા બીજા રોગો ઉપર વાપરવામાં આવે છે.

દારૂહળદર—પ્રમેહ, તણખીઓ, કમળો, લોહીવીકાર, પાંડુરોગ, બરોળ, એવા બીજા ઉદરના રોગો ઉપર વપરાય છે.

દાહાડમ—ઉધરસ, પીતવીકાર, કફ વીકાર ઝાડા ઉપર, મરડો હરસ, સંગ્રહણી અતીસાર એવા બીજા રોગો ઉપર કામમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે.

દંતીમુળ—જળોદર, માથામાં સુળ, મળવીકાર, જુલાબ લેવામાં વીગેરે વપરાય છે.

દેવદાર—સુવાવડ, ઉદરરોગ ઉપર કામમાં આવે છે.

(ધ)

ધંતુરો—સોજો, સંધીવા, ઉધરસ, દમ, સંગ્રહણી, ઝાડો, એવા બીજા રોગો ઉપર કામમાં આવે છે.

ધમાસો—લોહીવીકાર, તાવ, ઉધરસ, દમ, વાયુના રોગો, લુખસ, ખસ, વીસ્ફોટક, ઉદંશ, લોહી સુધારવાના કામમાં આવે છે.

દ્રાક્ષ—મળવીકાર, દમ, ઉધરસ, સોસ, તાવ, પીતવીકાર, એવા બીજા રોગો ઉપર વપરાય છે.

ધાણા—તાવ, બહુ સોસ, ઉલટી, પીતવીકાર વીગેરે ઉપર કામમાં આવે છે.

ધાવડીનાંફુલ—ગરમીનાં ચાંદાં, લોહીવીકાર, અતીસાર, સંગ્રહણી હરસ. દરેક જાતનો મરડો, તાવ, પુષ્ટાઈ વીગેરે ઉપર કામમાં આવે છે.

(ન)

નગોડ—અડદીઓ વા, વાયુપ્રકોપ, સુવાવડ, ધનુર, આંચકી, સંધીવા સોજા ઉપર કામમાં આવે છે.

નસોતર—ઉદરરોગો ઉપર કામમાં આવે છે.

નાકછીકણી—ધાતુ મારવામાં અને માથાના રોગો ઉપર વપરાયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગકેસર—શરીરમાં આતસ ફુઝતા હરસ, લોહીખંડ મરડો, અતીસાર એવા રોગો ઉપર વપરાય છે.

નેપાળો—જળોદર, મળવીકાર તથા ઉદરના રોગો ઉપર કામમાં આવે છે.

(પ)

પટોળ—મરડો, વીસ્ફોટક, સંધીવા, વાયુનો પ્રકોપ અજીર્ણના રોગો ઉપર કામમાં આવે છે.

પાખણભેદ—ઉનવા, મળવીકાર, બહુ પીશાબ ઉતરે, પરમીઓ, એવા રોગો ઉપર વપરાય છે.

પીપર—આંચકી, ધનુર, તાવ, ઝાડો, અજીર્ણ, અરૂચી, મંદાગ્ની દમ, ખાંશી, હરસ એવા બીજા રોગો ઉપરકામમાં આવેછે

પીપરીમુળ—તાવ, મસ્તકસૂળ, ધાતુક્ષય, ઉદર રોગો ઉપર વપરાયછે

પંચલવણ—સુળ, ગુલ્મ, ઉદર રોગો ઉપર કામમાં આવે છે.

(ફ)

ફુદીનો—ચુક, ઝાડો, ઉલટી, એવાં દરદો ઉપર અપાય છે.

ફનસનાગુણ—ત્રીદોષને ઉપજાવે, મીઠું, પીતને ટાળે.

(બ)

બહુફળી—ધાતુદોષ, ઉનવા, મુખરોગ, તણખીયો, પ્રમેહ ઉપર વપરાય છે.

બાવચી—ત્વચાના રોગ, ખરજવા ઉપર વપરાય છે.

બાવળ—મુખરોગ, ઉધરસ, તણખીયો, પ્રમેહ, ઉનવા ઉપર વપરાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજોરૂં—ગુલ્મ, દાહ, તાવ, બરોળ, તૃષા, ખાંસી, મરડો વીગેરે ઉપર કામમાં આવે છે.

બીલી—ઝાડો, જળોદર, રોગો ઉપર કામમાં આવેછે.

બોદારસીગ—મલમના કામમાં આવેછે.

બ્રાહ્મી-સીતજ્વર, કમળો, પીતજ્વર વીગેરે રોગો ઉપર કામમાં આવેછે

બનફસા—તાવ, તણખીયો, સળેખમ, ઉધરસ વીગેરે ઉપર કામમાં આવે છે.

(ભ)

ભીલામાં—અજીર્ણ, હરસ, નબળાઈ, વીગેરે રોગો ઉપર વપરાયછે

ભોંયરીંગણી—ખાંસી; કફ, તાવ, વીગરે ઉપર વપરાય છે.

ભાંગરો—તાવ, આંચકી, વીગરે ઉપર કામમાં આવેછે.

(મ)

મજીઠ—વીસ્ફોટક, પત, લુખસ, રોગો ઉપર કામમાં આવેછે.

મધ—તાવ, દમ, ઉલટી, પર અપાય છે.

મરડાસીંગી—મરડો, અતીસાર એવા રોગો ઉપર વપરાય છે.

મહુડાં—ઉનવાપર કામમાં આવેછે.

માલકાંકણી—સંધીવા પક્ષઘાત, અજીર્ણ વીગરે રોગો ઉપર અપાયછે.

મીંઢળ—ઉલટી કરવાના કામમાં લેવાય છે.

મુગલાઈ બેદાણા—ધાતુક્ષય, મરડો, તણખીયો પ્રમેહ ઉપર કામમાં આવે છે.

મુસળી— ધાતુ પુષ્ટી ઉપર કામમાં લેવાય છે.

મેંદી—બળતરાને શાંત કરેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોચરસ—મરડો, ઝાડો એવા બીજા રોગો ઉપર કામમાં આવે છે.
મોથ—અરૂચી, રક્તદોષ, વાયુ, પીત રોગો ઉપર આપવામાં આવેછે
મેથી—વાયુ, સુળ, ચુંક, સંધીવાપર વપરાય છે.

(ર)

રાસના—દમ, ખાંસી, સોજા, સંધીવા, ગાઉટ વીગરે ઉપર વાત રોગો ઉપર વપરાય છે.
રીસામણી—મરડો, ઝાડામાં લોહી કે પરૂ પડતું હોય તે ઉપર અપાય છે.
રેવંચી—પરમો, ઉનવા, એવાં બીજાં દરદો ઉપર કામમાં આવેછે.
રૂમીમસ્તકી—દાંતે ઘસવાના કામમાં આવેછે.

(લ)

લસણ—ગુલ્મ, કોગળીયું, ચુંક વીગેરે દરદો ઉપર કામમાં આવેછે
લીંબુ—તાવ, ઉલટી વીગરે ઉપર આપવામાં આવેછે.
લોદર—મરડો ઝાડા ઉપર વાપરવામાં આવે છે.

(વ)

વછનાગ—તાવ, કફ, સંધીવા, રોગો ઉપર કામમાં આવેછે.
વરીઆળી—ઉલટી, દાહ, તૃષા ઉપર વપરાય છે.
વાપુબાં—ઉલટી ચુંકપર આપવામાં આવેછે.
વાયવડીંગ—ઉલટી, તાવ, ચુંક, તથા ત્વચાના રોગો ઉપર કામમાં આવે છે.
વાંસકપુર—ઉધરસ, શ્વાસ, ક્ષય ઉપર વપરાય છે.
વાળો—પરમીઓ, ઉનવા પ્રદરના રોગો ઉપર કામમાં આવેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સ)

સરપંખા—ઉદરરોગ, વાત રોગ, સોજા ઉપર કામમાં આવે છે.
સાલમ—પાકના કામમાં આવે છે તેથી નબળાઈ દુર થાય છે.
શેતુર—ઉનવા, તણખીઓ દાહ ઉપર વપરાય છે.
શેથ ગુંદર—તણખીઓ પરમીઓ, ઉનવા, ગુલ્મ, ચુંક, પેટના દુખાવાને માટે વાપરવામાં આવે છે.
શંખજીરૂં—ગુમડાં, ખીલ, સોજો, ત્વચાના રોગો ઉપર ચોપડવામાં આવે છે.
શતાવરી—પ્રદર, ધાતુ ક્ષય, અગ્નીમંદ, ઉપર કામમાં આવે છે.
સરગવો—સંધીવા, ગુલ્મ, સોજો, કંઠમાળ, ઉપર અપાય છે.
સાજીખારે—સુળ, ગુલ્મ, આફરો વીગરે રોગો ઉપર વપરાય છે.
સાટોડી—તાવ, સોજો, કમળો, આવાં દરદો ઉપર કામમાં આવેછે
સુરંજન—સંધીવા ઉપર કામમાં વપરાય છે.
સીલાજીત—પ્રમેહ, ઉનવા, પથરી, તાવ, વીગેરે દરદો ઉપર વપરાય છે.
સુવા—સુવાવડમાં સ્ત્રી ખાય તો ધાવણ આવે છે.
સુંઠ—ચુંક મરડો, તાવ, ઝાડા ઉપર કામમાં આવે છે.
સોનાગેરૂ—રતવા, ચાંદી ઉપર ચોપડાય છે.
સોનામખી—રેચક છે. જુલાબ લેવામાં આવે છે.
સંચળ—ચુંક, ગુલ્મ, વીગેરે પર અપાય છે.

(હ)

હરડે—ચુંક, ગુલ્મ, વીગેરે નારોગો ઉપર વપરાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીંગળોક—ચાંદી, પ્રમેહ, ગુલ્મ, તથા બરોળ ઉપર વપરાય છે.
હીરાદખણ—ઝાડો, મરડો, હરસનું લોહી, પેશાબ, તથા ખાંશીનું લોહી બંધ કરવામાં કામમાં આવેછે.

---

# વિષ પ્રકરણ.

## સોમલ.

આ ખનીજ પદાર્થ ત્રણ જાતનો છે. ૧ ધોળો સોમલ ૨ રાતો સોમલ જેને મનસીલ કહેછે. તથા ૩જો પીળો સોમલ જેને હરતાળ કહેછે. તાડીઆ તાવમાં જ્વરાંકુશ વીગેરે બીજાં દરદો ઉપર એ ત્રણે વપરાય છે. વાજીકરણમાં પુષ્ટી માટે તે બહુ ઉપયોગી છે. તેનું ઝેર બહુ ભયંકર છે. ફક્ત સફેત સોમલ વાટીને ખાવાની વસ્તુઓમાં ભેળી અપાય છે. સબબ—તેનો કાંઈ સ્વાદજ નથી. ને પેટમાં ગયા પછી કલાક બે કલાકમાંજ પેટમાં અગ્ની ઉઠે ઉલટી થાય પેટ પાસામાં દુખાવો વધતો જાય, મરડાની પેઠે ઝાડો ઉતરે ને ફાટ બહુ થાય. લોહી પરૂ જળસ પડવા માંડે, ત્યારે ઝાડો ને પેશાબ રંગે પીળાં હોય, દાહ ઉઠે ગળું સુકાઈ ને બેશી જાય, તમામ મોં ને કંઠમાં ગરમી છવાઇ જીભ મોં આવી જાય, આંખો બળી ઉઠે, પગે ગોટલા ચડે, હાથે પગે વીંટા આવે, બેશુદ્ધી વધતી જાય ને છેવટ જો વધારે ઝેર લેવાયું હોય તો સાત કલાક, જરા ઓછું હોય તો બે દીવસ ને તેથી ઓછું હોય પણ તમામ દેહમાં પસરી ગયું હોય તો પાંચમે દીવસે જરૂર મરણ પામે તેનો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાય. ઝેર ખવાયું જણાય કે તરતજ તેપર દુધ ખુબ પાવું, અગર ઝાડો ઉલટી થાય તેવી દવાઓ આપ્યાં કરવી સબબ—જો કાંકરો ગળી જવાયો હોય તો વખતે ઝાડા ઉલટી વાટે નીકળી પડે તે દરદી બચે.

## રસકપુર.

આ વસ્તુના ખાવાથી મોં કંઠ તથા ગળાની બારી તથા તે નીચેના ઘણા ભાગની ચામડી બળી જઈ, ઉપર ચાંદાં પડેછે. પેટ ઇ. ભાગમાં અગન બહુ ઉઠેછે, ઝાડો ઉલટી ઘણી થવા માંડે, મરડાની પેઠે લોહી પરૂ જળસ ઈ૦ સોમલના પ્રકરણમાં બતાવ્યાં સરવ ચીન્હ થાય, પેટ ફુલી જાય, તાવ જોરભર ચઢી આવે, દમ બહુ જોરમાં ચાલે ને અંતે તે માણસ મૃત્યુ પામે. ઉલટી ઝાડાની દવા આપતા રહેવું, ને મોં આવી જાય તો મુખપાકમાં બતાવેલી દવાઓ મોંમાં લગાવી લાળ પડાવવી.

## તાંબાનું ઝેર—નીદાન—ઈલાજ.

તાંબાના ઝેરને જંગાલ કહેછે તેમાંથી મોરથુથુ બનેછે. તે બહુ તુરૂં ને બદસ્વાદ લાગેછે તથા તેનું ઝેર બહુ જલદ છે. તે ખાવાથી ઝાડો ઉલટી થાય પેટમાં દરદ થાય ને ફુલી જાય, તથા તેનો રંગ તમામ પેટના ભાગમાં છવાઈ જાય તેથી ઝાડો પેશાબ પણ તેવાજ રંગનાં ઉતરે. આ દરદીને ઝાડો તથા ઉલટી ખુબ થાય તેવી દવાઓ આપવી.

## ભીલામાનું ઝેર.

ભીલામાં ઘણાં ગરમ છે તે ખાવાથી ઝાડે તથા પેશાબે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોહી વહેછે. તમામ શરીરમાં લાલ ચાઠાં પડી લુખ્પસ જેવી ફોલ્લી થઈ બળત્રા બહુ બળે છે. તેનો ચેપ લાગવાથી શરીરના બાહારના ભાગમાં પણ તેમજ થાય છે. ઈલાજ મીઠું તેલ કોપરાનું તેલ તથા આમલીનું પાણી લગાડવાથી આરામ થાય છે. કોપરૂં, ઘી, તલ, ઈ. ખાવાથી પણ ફાયદો થાયછે અગર છાશ ખુબ પાય તોપણ આરામ થાય.

## થોરનું ઝેર.

થોરનું દુધ ખાધામાં આવે તો ઝાડો તથા ઉલટી થાય છે. આંખે લાગવાથી તેપર સોજો ચડે, શરીરે લાગવાથી દાહ તથા ફોલા ઉઠેછે.

નેપાળો, એળીઓ, ઇંદ્રવરણું, ઈ. વસ્તુઓ દવામાં વપરાય છે. તેમને પ્રમાણથી વીશેશ લેવાથી ઉલટી દસ્ત થાયછે. વખતે બહુ દેવાયાથી મૃત્યુ પણ થાયછે. ઇલાજ—નેપાળો, થોર, એળીઓ ઇ. માટે ઘી ખુબ ખાવું. શરીરના બાહારના ભાગપર ઘી ચોપડવું.

## તમાકુ.

તમાકુ ખાવાથી, દાંતે લગાડવાથી, ધુમ્રપાન (પીવાથી) કરવાથી, તથા અંગ સ્પર્શ કરવાથી માપ ઉપરાંત લેવાય તો તેનાં ઝેરનાં ચીન્હ જણાય છે. ફેર આવે, ઉલટી થાય, નાડી મંદ પડતી જાય, શરૂઆતીમાં જલ્દ રેહે, અંગ તુટે, નબળાઈ પ્રાપ્ત થઈ રક્તાશય સ્થીત થાયછે. તથા મૃત્યુ થવાનો પણ સંભવ રેહેછે. ઈલાજ એરંડીયુ ઈ. હલકો જુલાબ આપવો, ઉટલી કરાવવી, વીષનાં ચીન્હ મલમમાં તમાકુ મીવાથી લગાડવાથી દેખાઈ આવે તો ગરમ ઉ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચાર કરવો.

### વછનાગ.

આની બે જાત છે ૧ તેલીઓ, ૨ જો સીંગડીઓ, રસાયણ શાસ્ત્રની વીધી મુજબ એનો અર્ક તથા સત્વ નીકળે છે. એનું ઝેર બહુ ભયંકર છે. ચીન્હ—જીભ હોઠ મોં વીગેરેની અંદર ઝણઝણાટી કરે અગન બળેછે. મોં આવી જઇ તેમાં પાણી ભરાઈ આવે છે. આંખે અંધારાં તથા ચક્કર આવે, ઉલટી થાય. કાને ગણગણાટ અવાજ આવે શરીર કાંપી ઉઠે, કાળજામાં દુખાવો, છાતીમાં ધબકારા વાગે, શક્તી હીણ થતી જાય અંગ બહેરૂ થાય, બેશુધી આવે, હાથ પગ તોડાય મોંએ ફીણ આવે એવા ચીન્હો જણાય તથા અંતે મૃત્યુ થાય. ઇલાજ—દીવેલ ઇ. નો હલકો જુલાબ તથા ઉલટીની દવાઓ આપવી.

### અફીણ.

આપણા દેશમાં અફીણ બહુ વપરાય છે, બાળકોને બાળાગોળીમાં, મહા દરદમાં દરદીને ઊંઘ ન આવે તે વખતે તથા મરડાઇ ઇ. દવામાં પણ તે કામમાં આવે છે. જો હદ ઉપરાંત તથા જેને ટેવ ન હોય તે માણસ ખાય તો વછનાગ, એવી બીજી ઝેરી વસ્તુઓ ખાવાથી જે ચીન્હો થાયછે તે આમાં પણ જણાય છે. ઇલાજ—ઉલટી વારંવાર કરાવવી, જુલાબ આપવો, દરદીને ઊંઘવા ન દેવો. થંડુ પણી છાંટ છાંટ કરવું ભીનાં કપડાં શરીર ઉપર રાખવાં; બને તો વીજળી લગાડવી.

### ધંતુરો.

આનાં બીયાં બહુ ઝેરી હોયછે. દમ ઉધરસ, ઇ. દવામાં તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વપરાય છે; પણ હદ ઉપરાંત લેવાય તો; બેશુદ્ધી વધતી જઈ આંખો લાલ થઈ, શરીરે દાહ ઉઠે, દીવાનાની પેઠે ચીન્હો કરે, શ્વાસ જોરમાં આવે, ચકર આવે તરસ બહુ લાગે અંધારાં આવે, નાડી ક્ષીણ પડતી જઈ તથા અશક્તી બહુ થઈ મૃત્યુ થાય. ઈલાજ—ઉલટી કરાવવી તથા હલકા હલકા જુલાબ આપવો.

### દારૂ

દારૂ બહુ પીવાથી માણસમાં ઘેલછા ઉત્પન્ન થાય, રક્તાશય મંદ પડી જાય, ને આખરે બહુ પીવાથી મૃત્યુ થાયછે. ઇલાજ—ઉલટીઓ કરાવવી, જુલાબ આપવા, શરીર ગરમ રાખવું. થંડુ પાણી છાંટ છાંટ કરવું

### ઝેરકોચલાં

એક જાતનાં ઝાડનાં આ બીયાં છે. તે નબળાઈ અશક્તીને ટાળવામાં, મરદાઈ પુષ્ટાઇ બળ, ઇ. વધારવામાં, અજીર્ણ, તાવ, શીત સનેપાત વીગેરે દરદો ઉપર દવા તરીકે બહુ કામમાં આવે છે પણ વીશેષ ખવાવાથી આંચકીના જેવાં સરવે ચીન્હો દેખાય છે. ને આખરે પાંચ સાત કલાકમાં તે મત્યુ પામે છે.

# પ્રકરણ ૪ થું.

## તાવ.

નં ૧ **સાદો તાવ.**

નાગરમોથ, વાળો, કડુ, કરીઆતુ, લીબડાની ગળો, (ન મળે તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમ તેના) દરેક વસ્તુ એકેક તોલો લેઈ ૧॥ શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી રાખી સવાર સાંજ સાત દીવસ સુધી પાય તો ફાયદો થાય.

નં ૨

આંબળાં, દ્રાક્ષ, અડુસો, ધાણાં, ધમાસો, દરેક એકેક તોલો લેઈ ઉપર મુજબ ક્વાથ કરી સાંજ સવાર દીવસ સાત સુધી આપવો.

નં ૩

કડુ, કરીઆતુ, પાણીમાં ઘસી સવાર સાંજ પાવાથી પણ ફાયદો થાય છે.

નં ૪

ગરમાળાનો ગોળ, નાગરમોથ, ત્રીફળા, પીતપાપડો, દ્રાક્ષ, દરેક અડધો તોલો લઈ, ઉપર મુજબ ક્વાથ કરી, સવાર સાંજ આપવાથી, સરદી, હવામાં ફરવાથી, એવા બીજા તાવો દુર થાય છે.

નં ૫ વાયુનો તાવ.

વાયુપ્રકોપના તાવ વાળાને વરીઆળી, પીતપાપડો, કાળી દ્રાક્ષ, ને પીપર, એકેક પૈશાભાર લઈ ક્વાથ કરી, સવાર સાંજ પાયાથી તાવ જાય.

નં ૬

પહાડમુળ, એરંડાના મુળ, (પુશ્કર મુળ) અડુસો, કચુરો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીબડાની અંતરછાલ, ધમાસો, સુઠ, દરેક અડધો તોલો લઈ ક્વાથ કરી સવાર સાંજ પાવો.

નં ૭

હીગલોક, (ઘી, દુધને મધમાં સોધેલો) પીપર, વચ્છનાગ, (ભેસનાં છાંણમાં અને મુત્રમાં સોધેલો) સરખે વજને સર્વ લઈ આદાના રસમાં તથા પાણીમાં સવા રતી પ્રમાણે ગોળી વાળી સાત દીવસ આપવી તેના ઉપર વાયડી અને ભારે ચીજો ખાવા દેવી નહી.

નં ૮

ઈંદ્રજવ, મરી, પીપરીમુળ, કરીઆતુ, રાસના, દરેક એકેક તોલા લઇ ખાંડી કુટી ત્રણ ભાગ કરવા દરેક ભાગનો ઉપર પ્રમાણે ક્વાથ કરી ત્રણ દીવસ પાવો,

નં ૯ પીતજ્વર.

ગળો, અરસળીયો, કરીઆતુ, વાળો, અને લીબડાની અંતરછાલ, દરેક સરખે વજને તોલો તોલો લઈ બે પડીકાં કરી ઉપર પ્રમાણે બે દીવસ સુધી ક્વાથ પાવો.

નં. ૧૦

દ્રાક્ષ, હીમજ, અથવા હરડેદળ, લિંબડાની ગળો, ભોયરીગણી તથા હળદર, દરેક એકેક તોલો લઈ અધકચરા કરી ક્વાથ કરી નવટાંક પાંણી રહે તેમાં મધ તોલો ૧ નાખી સવાર સાંજ પાવું.

નં. ૧૧

લીબડાની અંતરછાલ, પીતપાપડો, કડુ કરીઆતુ, વાળો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગરમોથ, દરેક પૈશા બાર લઈ ઉપર મુજબ ક્વાથ કરી, દીવસમાં બેવાર પાવો.

નં. ૧૨

હરડેદળ, કડુ કરીઆતુ, ધમાસો, ગરમાળો, નાગરમોથ, પીતપાપડો, દરેક પૈશાભાર લઈ ક્વાથ આપવો.

નં. ૧૩

નારંગી, દ્રાક્ષ કે દાહાડમના સરબતથી પણ એ તાવ જાયછે.

નં. ૧૪

એરસારનો ભુકો પૈસાભાર, કડુ પાવલીભાર, સાકરનું પાણી પૈસા બેભાર કરી, મેળવીને પાવું ઉપર ગરમ પાણી પીએતો તાવ જાય.

નં. ૧૫

તુવેર કે મગની દાળનું પાણી તેમાં ૨૦ાા ભાર ઘી નાખી ગરમ ગરમ પીએ તો ફાયદો થાય.

નં. ૧૬ કફજ્વર સાથે ઊધરસ.

ભારંગ, અડુસો, પીપરીમુળ, ત્રાયમાન કાંટાસળીઓ દરેક એકેક તોલો લઈ ખાંડી કુટી બે પડીકી કરવી તેનો ક્વાથ કરી બે દીવસ સુધી પાવો.

નં. ૧૭

અડુસો, સતાવરી, પીપરીમુળ, પીપર, કાયફળ, પુસકરમુલ, લીબડાની અંતરછાલ, ગળો, ભારંગ, કડુ, કરીઆતુ, સુઠ, દરેક ૦ાા તોલો લઈ ક્વાથ કરી સવાર સાંજ આપવો આ તાવવાળાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉકાળેલુ કે લોઢાનો કડકો તપાવીને છમકારીને પાણી પાવું તથા અન્ન થોડું ને લુખ્ખુ ખાવા આપવું.

નં. ૧૮

દીવચી અજમોદ, અજમો, શેકેલી હીંગ, જીરૂ, શાજીરૂં, લવિંગ પીપરીમૂળ, પીપર, સુંઠ, એલચી—

એ સર્વે ઓષધી શરખે વજને લઈ ખાંડી કપડ છાણ કરી સવારે અને સાંજે તોલા અરધને આશરે લેવી, ઉપર ઉનું પાણી પીવું, તેથી, તાવ, જાય, શક્તી વધે, અન્ન હજમ થાય, અને ખાવાની રૂચી થાય.

નં. ૧૯. વાયુને કફના તાવનો ઈલાજ.

નિદાન—આ તાવ વાળાને બાર દીવસ પુછી ઉકાળો કે દવા આપવી તેથી તાવ પાકી જઈ જોર નરમ પડેછે. બનતા સુધી કમ ખોરાક, ભારે તથા ચીકણી વસ્તુઓ ખાવા આપવી નહી, પણ ગરમ પાણી પાયા કરવું.

કાયફળ, ધોડાવજ, ગળો, કડુ, કરીઆતુ, હળદર, દરેક અડધો તોલો લઈ ક્વાથ કરી, સવાર સાંજ આપવું.

નં. ૨૦

કડુ, કરીઆતુ, મોથ, લીમડાની ગળો, સુઠ, દરેક પૈસાભાર લઈ કવાથ કરી આપવો.

નં. ૨૧

કદાપી શરીરે થોથર હોય. ઉધરસનો ઠસકો, છાતીમાં રૂધણ થતી હોય તો હેડકની દવા આપવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હળદર, દેવદારૂ, કાયફળ, ધાણા, મોથ, ધમાસો, પીતપાપડો હરડેદળ કે હીમજ, સુંઠ, એકક તોલો લઈ કવાથ કરી દીવસમાં ચાર વખત પાવું જો ઉલટી થાય તો ગળો પૈસા એક ભાર અરધોશેર પાણીમાં ઉકાળી ૦। શેર રહે ત્યારે તેમાં થોડુંક મધ નાંખી દીવસમાં ત્રણવાર પાવું.

**નં. ૨૨ કફ પીતના તાવનો ઈલાજ.**

નીદાન—આ દરદીને ઉકાળેલું પાણી પાવું, તથા બીલકુલ કમખોરાક આપી દસબારે દીવસ પછી કવાથ આપવો.

હળદર, કાયફળ, રતાંજળી, ગળો, મોથ, ધાણા—દરેક અડધો તોલો લઈ કવાથ આપવો.

**નં. ૨૩**

લીંબડાની અંતરછાલ, ધાણા, મોથ, ગળો, વાળો સર્વે અડધો અડધો તોલો લઈ કવાથ આપવો આ કવાથથી ઉલટી, દાહ, તરશને બહુ ફાયદો કરે છે.

**નં. ૨૪**

જો ઉધરસ, સુળ, છાતી ભીસાતી હોય, દમ ન લેવાતોહોયતો પીપર, નાગરમોથ, સુખડ, કડુ, કરીઆતુ, પટોળ, સુંઠ, ઈંદ્રજવ, હળદર, લીંબડાની અંતરછાલ, કાયફળ, ગળો, સમભાગે લઈ ચુરણ કરી, સવાર સાંજ પૈસા એક ભાર ગરમ પાણી સાથે લેતો ફાયદો થાય.

**નં. ૨૫**

કડુ, કરીઆતુ, પટોળ, લીંબડાની અંતરછાલ, હલદર, પીપર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોરંગણી, ગળો, સમભાગે પૈસા એક ભારની ફાકી કરી સવાર સાંજ ગરમ પાણી સાથે લેતો ફાયદો થાય.

નં. ૨૬

સુંઠ, પીપર, પીપરીમુળ, હરડેદળ, મોથ, કડુ, ગરમાળો, ધાણા, કરીઆતુ, દ્રાક્ષ, સમભાગે ખાંડી ચુર્ણ કરી પૈસાભાર સવાર સાંજ ગરમ પાણી સાથે લેતો ફાયદો થાય.

નં. ૨૭ સર્વ જ્વર ઉપર સાધારણ કવાથ.

દેવદાર, ધાણા, ઉભી રીંગણી, બેઠી રીંગણી, સુંઠ દરેક અડધો તોલો લઇ ખાંડી કુટી બે સમાન ભાગ કરવા એક ભાગનો કવાથ કરી પાવો.

નં. ૨૮

**ચીંતામણી રસ,** પારો, ગંધક, (શોધેલો) ત્રીફલા, પીપર, સુંઠ મરી, નેપાળાનાં બીજ, અબરખ તથા ત્રાંબાની ભસ્મ, પ્રથમ ગંધક પારાની કાજલી કરવી અને સર્વ દવા સમભાગે લઈ ખાંડી કુટી કાજલીમાં મેળવી આદાના રસમાં બે દીવસ ખરલ કરી રતીપુરની ગોળીઓ વાળવી તેમાંથી દરરોજ એક ગોળી ખાવા આપવી.

નં. ૨૯

**વસંતમાલતી રસ**—ગૌમુત્રમાં શોધેલું ખાપરીયુ તો. ૮—કાળાંમરી તો. ૪ સોનાનો વર્ગ તો. ૧ હીંગલોક તો. ૩, સાચાં મોતી તોલા ૨ સર્વ દવા ખાંડી બારીક કરી માખણમાં ખરલ કરી પછી લીંબુના રસમાં ત્રણ દીવસ સુધી ખરલ કરવો, તેમાંથી એક રતી સુધી મધને પીપર પા રૂપૈયાભારમાં આપે તો ફાયદો થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૩૦

**લીંબાદી ચુરણ.** લીંબડાનાં પાન, ત્રીફલા, કરીઆતુ, પીતપાપડો, કડુ, જવખાર, ચીત્રક, સંચળ, બીડલવણ, સુંઠ, મરી, પીપર દીવેચી અજમો, સીંધવ, સમભાગે ખાંડીકુટી ચુરણ કરી સવારે રોજ તો ૦ાા ગરમ પાણી સાથે ફાકે તો દરેક જાતના તાવ જાય ભુખ લાગે, શકતી આવે, કૃમી મટે.

નં ૩૧

**સુદર્શન ચુર્ણ**—વંસલોચન, ચવક, ચીત્રક, તમાલપત્ર, લવીંગ હળદર, અતીવીસની કળી, વાવડીગ, ઘોડાવજ, કમળકાકડી, તજ, ફટકડી, ભારંગ, ઇંદરજવ. જેઠીમધ, અજમો, વાળો, લીબડાની અંતરછાલ, સરગવાનાં બીજ, પુષ્કર મુળ, પીતપાપડો, મોથ, ત્રાયમાન, કરીઆતુ, કડુ, ધાણા, ગળો, અરડુસો, સુવા, પીપર, પીપરીમુળ, સુંઠ, મરી, ત્રીફલા, ભોંરીગણી, સર્વેને બરાબર વજને લઈ ખાંડી ચુર્ણ કરી પૈસાભાર સવારે થંડા પાણીમાં ફાકે તો દરેક જાતનો તાવ જાય.

નં. ૩૨

અતી વીષની કળી—ગળો મોથ કાચકાના ગોળા દરેક અકેક તોલો લઈ ચૂર્ણ કરી પાવલીભાર થંડા પાંણીમાં ફાકવું. તેથી ચુંક, ઊલટી, તાવ, હરસ, કરમ, પાણીનો સોસ દુર થાય.

નં. ૩૩

કડાછાલ—અતીવીષની કળી મોથ, સુઠ, ગળો દરેક તો ૦ાા લઈ ખાંડી ૦ાાા શેર પાણીમાં ઉકાળી પાશેર પાણી રહે તે તાવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર દીવસમાં ત્રણ વખત પાવું. તેથી ઝાડો ને તાવ, ખાંશી, કરમ વીગરે રોગોનો નાશ થાય.

નં ૩૪

કાકડાસીંગ, પીતપાપડો, કડુ, કરીઆતુ, પટોળ, દ્રાક્ષ, સુંઠ, અડુસો, ધાણા રાસના, ત્રાયમાન, મોથ, ત્રીફલા, સીંધવ, સંચળ, પીપર, ગળો, કચુરો સર્વ સમભાગે બારીક ચુર્ણ કરી રોજ અધેલી ભાર પાણીમાં ફાકવું. તેથી એકાંતરીઓ તથા શીતજ્વર જાય છે.

નં ૩૫

ઈંદ્રજવ, પુવાડીયા, અડુસો, ગળો, નગોડબીજ, ભાંગરો, સુંઠ ભોરીંગણી, જવાન, એ સરખે ભાગે લેઇ સાત પડી કરવી પ્રત્યેક પડી ૦ાા તોલા એકને આશરે લઈ ઉપર પ્રમાણે સાત દીવસ પીવી તેથી સીતજ્વર જાયછે.

નં ૩૬ સર્વજ્વરની ઉપર જ્વરાંકુશ.

ત્રાંબાની ખાખ ગંધક, ટંકણ, મોરથુથુ, ખાપરીયુ, પારો, હડતાલ એ સર્વે ઓષધો સમભાગે શોધન કરેલાં લેવાં. તે ખરલની અંદર વાટી ગુંજા (ચણોઠી) જેવડી ગોળી કરવી ને પછી તે સવારે સાકર સંગાતે ખાવી ઉપર પાણી પીવું નહીં. પથ્ય તેલ, ખાંડ, ખટાશ, મરચાં, ઇ. ખાવા નહી એથી સર્વ જ્વર જાયછે.

નં ૩૭

સોમલ સંખીયુ તો ૦ાા ફટકડી તો. ૧ તેને માટીના કટોરાની અંદર નાખી ઉપર કપડુ લપેટવું અને તેના ઉપર છાંણનો લેપ કરવો તેને ગજ એકનો અગ્નીપુટ આપવો. આપ્યા બાદ ઔષધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાહાડી લેવી અને તે ઔષદીમાંથી ચોખાભારને આશરે દુધ સાકરની સાથે આપવું તેથી સર્વ જ્વર જાય. પથ્ય, તેલ, મરચુ, ખટાસ, ખાંડ, તજવાં અને અલુણું પથ્ય ખાવું.

નં ૩૮

ગંધકનો અરક સાકરના પાણીમાં રતી ૦ાા આપવો તેથી ગરમી મુત્રકચ્છ, પીતજ્વર, વીસ્મજ્વરને ટાળે.

નં ૩૯

## ત્રત્યજ્વરનો ક્વાથ.

સુકડ, મોથ, સુઠ, વાળો, પીપર, અરડુસો એ ઔષદો લઇ અરધા તોલાને આશરે ઉપરની રીત પ્રમાણે ક્વાથ કરવો તે ક્વાથની અંદર મધ સાકર ૦ાા તોલાને આશરે ભેળવીને પીવું જેથી ત્રત્યજ્વર જાય એમ સાત દીવસ કરવું, તેમજ ભેંસનું દુધ અને ખજુર મીશ્ર કરી ખાવાથી ત્રત્યજ્વર જાય મનસલ અગથીઆના રસમાં ઘસી અંજન કરે તો ત્રત્યજ્વર જાય.

## સનેપાત.

નં ૪૦

ગંધક, હીંગલોક, વચ્છનાગ, સોપેલા, સીંધવ, હરડેદળ, અતિવિષની કળી, બાળેલા ઘાપાહાણનો ભુકો, સર્વ વસ્તુઓ સમભાગે લઈ ખાંડી કપડછાંણ કરી ત્રીફલાના ઉકાળામાં ત્રણ પુટ દેવા પછી ચાર દીવસ લગી ફક્ત ખરલ કર્યા કરવો તેમાંથી માત્ર એક વાલથી તે ૨ાા વાલ સુધી આપવા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૪૧

પારો રરાા ભાર ગંધક રરાા ભાર ખુબ ખરલ કરી કાજલી કરવી તેમાં ત્રીકટુ નવટાંક ખાંડી કુટી મેળવી દેવું પછી કાળા ધંતુરાના રસમાં ખરલ કરી એકથી અઢીવાલ સુધી આપવું.

નં. ૪૨

પાહાડમુળ, પુસ્કરમુળ, અરણી, બીલીનો ગર્ભ, વાવડીંગ, સરગવો, અડુસો, સુઠ, હળદર, ત્રીફલા, રાસના, લીબડાનીગળો કડુ, પીપર, ભોરીંગણી, દરેક અડધો તોલો લઇ દીવસ ચૌદસુધી દીવસમાં ચાર વખત ક્વાથ કરી આપે તો ફાયદો થાય.

નં. ૪૩

નાગરમોથ, દ્રાક્ષ, હરડે દળ, પીતપાપડો, પીપર, કડુ, વાવડીંગ, હળદર, ગરમાળો, ચીત્રક, સુઠ, પાહાડમુળ, દરેક ચીજ બબે રૂપૈઆભાર લઈ દીવસમાં ચાર વખત ક્વાથ કરી પાય તો દરદી સારો થાય.

નં. ૪૪

અરણી, પાહાડમુળ, બ્રહ્મી, ભાંગરાનામુળ, ગરમાળો, કડુ, લીંબડાની અંતરછાલ, બીલીનો ગર્ભ, ભોરીંગણી, મણુકા દ્રાક્ષ, ગોખરૂ, હળદર, સર્વે અડધા ભાર લઈ ક્વાથ કરી દીવસમાં, ત્રણ ચાર વખત એમ એકવીસ દીવસ સુધી આપે તો ફાયદો થાય.

નં. ૪૫.

ગંધક ૧ાા રૂ. ભાર પારો ૧ાા રૂ. ભાર સોધેલો વચ્છનાગ ૦ાા રૂ. ભાર અકલગરો ૧ાા તોલો, જાયફળ ૧ાા તોલો, ફુલાવેલો ટંકણ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાર ૧ાા તોલો, ધંતુરાનાબીજ ૦ાાા તોલો, લવીંગ ૧ાા તોલો, પીપર રાા તોલા, મરી ૧ાા તોલો, પ્રથમ પારા ગંધકની કાજલી કરી સર્વે વસ્તુઓ ખાંડી કપડ છાંણુ કરી કાજલીમાં મેળવી આદાના રસમાં બે દીવસ લીંબુના રસમાં ચાર દીવસને કેળામાં એક દીવસ ખુબ ખરલ કરી રતી ૧ાાની ગોળી કરી દીવસમાં બેવાર આપે તો ફાયદો થાય.

નં. ૪૬

સુંઠ, મરી, ટંકણખાર ફુલાવેલો દરેક તો. ૮ વચ્છનાગ શોધેલો તો. ૨ ખાંડી કુટી એકત્ર કરી લીંબુના રસમાં ત્રણ દીવસ પાનના રસમાં ચાર દીવસ અને આદાના રસમાં ખરલ કરી અડધી રતીની ગોળી કરી દીવસમાં બેવાર આદાના રસમાં આપે તો બહુ ફાયદો થાય.

નં. ૪૭

પીપરામુળ, ઇંદરજવ, દેવદાર, વાવડીંગ, ભોરીંગણી, ભાંગરો, ત્રીકટુ કાયફળ, પુસ્કરમુળ, રાસના, હરડે, અજમોદ, કરીઆતુ, ખોરાસાની વજ, ચવક, ખડબચ્છી, (બચ્છી) લવીંગ સર્વ દવા સરખે વજને લેઈ અઢી રૂપૈયાભારની સાત પડીકીઓ કરી તેમાંથી એકેકીનો ક્વાથ કરી સાત દીવસ સુધી આપવું.

## અતિસાર.

નં. ૪૮

કુંડીમાં આદાનો રસ ભરી રાખવાથી અતીસાર મટે છે.

નં. ૪૯

ગળો, અતીવીસની કળી, કડાછાલ, કરીઆતુ, મોથ, વાળો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાંણા, સુંઠ, મરી, બીલીનો ગર્ભ. એ સર્વ ઔષદ તોલો અડધો અડધો લેઈ તેની સાત પડીકી કરી એકેકી પડીકીનો ક્વાથ કરી આપવો. પથ્ય ચોખા સીવાય બીજુ કાંઈ ખાવું નહીં.

નં. ૫૦

જાયફળ, પાસાણ ભેદ, અતીવીસની કળી, મોચરસ, રાળ, સાકર, એ બધા સમભાગે લેઈ ખાંડી કુટી તો. ૦॥ ભારની ફાકી આપવી તથા બાળકોને સર્વે દવાની સોગઠી બનાવી ઉમરના પ્રમાણમાં ઘસીને પાવી.

નં. ૫૧

કેશર, હીંગલોક શોધેલા, જાવંત્રી, જાયફળ, છુવારી ખારેક, ગોરછડ, અતીવીસની કળી, આદની અફીણ, કેવડીઓ કાથો.

એ સર્વ દવા અડધો અડધો તોલો લેઈ ખાંડી બારીક કરી ચણા પ્રમાણે ગોળી કરવી તેમાંથી સવારે ચોખાના ધોવણમાં એક ગોળી આપવી.

નં. ૫૨

કેરીની ગોટલી, જાયફળ, ધાવડીના ફુલ, મોચરસ, સોધેલું અફીણ, પાટીયો ટંકણખારફુલાવીને, મરડાસીંગ, દાહડમની છાલ, બીલીનો ગર્ભ, ઇંદ્રજવ, અતીવીસની કળી અજમોદ.

એ દરેક દવા અડધો અડધો તોલો લેઇ ખાંડી કુટી ચુરણ કરી તો.૦॥ સવારે ફાકવું પથ્ય—ચોખા ખાવા આ દરદીને સોજો હોય તો આરામ થાય નહીં.

નં. ૫૩

ડાડમસારની ગોળી, જાયફળ, જાવંત્રી, અફીણ શોધેલું, કે·

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર, એલચી, હીંગલોક, મોચરસ, અતીવીસની કળી, ધાવડીના ફુલ, બીલીનો ગર્ભ, સુંઠ કડાછાલ દરેક દવા તોલો તોલો લેઈ ખાંડી કુટી કપડછાંણ કરી ખાટા દાહાડમની અંદર ભરી તેનું મોઢું બંધ કરવું પછી ત્રણ વાર કપડ મટી કરી તડકે સુકાવી અગ્નીમાં ખુબ પકવવું, પછી કાહાડી લેઇ માટી ઉખેડી નાખી અંદરથી દાહાડમ કાઢી વાટી નાંખવું તેની ચણીબોર જેવડી ગોળી વાળી સવાર સાંજ એકેકી ઠંડા પાણીમાં આપવી.

નં. ૫૪ વાયુનો અતીસાર.

બીલીનો ગર્ભ.—આંબાની ગોટલી, દ્રાક્ષ, નાગરમોથ, લોદર, સુઠ, ઇદરજવ, ધાવડીના ફુલ એ સર્વે ઔષધો.

સરખે વજને લેઈ ખાંડી ચુરણ કરી દરરોજ રૂપૈઆભારને આશરે ગાય કે ભેંશના પાતળા દહી કે છાશની સાથે ફાકે તો ફાયદો થાય.

નં. ૫૫ પીતનો અતીસાર.

વાયુનાઅતીસારનું ચુર્ણ લેઈ થોડુક ચોખાના ધોવણમાં મધ ૧॥ ભાર નાખી ફાકે તો ગમે તેવો અતીસાર હોય તે મટે.

નં. ૫૬ કફનો અતીસાર.

સુઠ, સંચળ, કાળાંમરી, સેકેલી હીંગ, અતીવીષની કળી, પીપર. સમભાગે લેઈ ચુરણ કરી દરરોજ અડધા રૂપૈઆ ભારને માફક આવે તો રૂપઇઆ ભાર સુધી દસબાર દીવસ ઠંડા પાણીમાં લેવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૫૭ લોહી પડતો અતીસાર.

બકરીના કે ગાયના દુધ સાથે માખણ સાકર ને મધ રૂ. ૨ ભાર લેતો ફાયદો થાય.

નં. ૫૮

કુડાછાલ—અતીવીશની કળી, ડાહાડમના છોડાં, ધાવડીના ફુળ, લોદર, પાહાડમુળ સરખે વજને લેઈ ખાંડી બે રૂપીઈ આભાર ક્વાથ કરી નત્રઠાંક પાણી રાખી તેમાં રૂ. ૧ ભાર મધ મેળવી દીવસ બાર સુધી પીયે ફાયદો થાય.

નં. ૫૯

સંચળ, સીંધવ, શેકેલી હીંગ, ચીકુલા, અતીવીશની કળી સમ ભાગે લેઈ ચુરણ કરી રૂ. ૧ ભાર ગરમ પાણી સાથે ફાકે તો ગમે તેવા લોહી પરૂ પડતાં હોય તેને ફાયદો કરેછે.

નં. ૬૦

ધાવરીના ફુલ રૂ. ૧ ભાર અથવા લોદર રૂ. ૧ ભાર રોજ દહીમાં ખાય તો ફાયદો બહુ થાય,

નં. ૬૧ સંગ્રહરણી.

સુઠ, મરી, અજમોદ, પીંપર, ચીત્રક, ચવક, જવાન, સંચળ, સીંધવ, દરેક અકેક તોલો સાજી, સુવા, જીરૂ, મોથ ઇનદરજવ, બીલીનો ગરભ દરેક અડધો તોલો લઈ સર્વેતે બારીક ખાંડી અડધો તોલો ચુર્ણ ચોખાના પાણીની સાથે લેવું. ખાવામાં કઠોળ આપવું.

નં. ૬૨

ગૃહણીપાટની ગોળી—જાયફળ, જાવંત્રી, લવંગ, કેસર, સુઠ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાવડીનાફુલ—મોચરસ, કપુર સોધળો, હીંગ શેકેલી, ગોરૂચંદન, સર્વ સમભાગે ને અફીણ સોધેલું પાંચગણું. ખાંડી વસ્ત્રે ગાળી મધમાં ગોળી ચણા જેટલી વાળવી. વાયુના અતીસારને ને સંગૃહણીવાળાને સુંઠ, ભાંગ, મેથી સુવા, ઈંદ્રજવ એના પાણી સાથે ગોળી આપવી; પીતના અતીસારને સંગૃહણીવાળાને ચોખાના ધોવરામણ તથા ગાયનું દહીં, દાડમનો રસ, બીલીનો ગરભ મોચરસ, આબાંની ગોટલી એની સંગાથે અપાવું;

પથ્યઃ—સર્વ અતીસાર અને સંગૃહણીવાળાને રાઈના વઘારેલા ભાતમાં સાકર નાખી ખાવા આપવા અથવા ઘઉંની શેવ સાકર સાથે આપવી પણ ઘી ખાવા આપવું નહીં.

નં. ૬૩

સુંઠ, અજમો, ધાવડીનાં ફુળ, મોચરસ, અતીવીશની કળી, મરડાશીંગ, દાહાડમની છાલ, જાયફળ.

એ સર્વે સમાન ભાગે લઈ ઓસડને જીણાં વાટી વસ્ત્રે ગાળીને પછી મોટી ખારેક લઈ તેમાં પ્રત્યેક ઓષડ લીધું હોય તેના પ્રમાણ મુજબ અફીણ લેવું પછી તેને ખારેકની અંદર પકાવવું, પછી તેને વસ્ત્રથી ગાળેલા ઓસડ સાથે મેળવી દેવું તેમાંથી ફાકી દરરોજ તો. ૧ લેવું તે છાશની સાથે ફાકી જવું. પથ્ય, ચોખા રાઈથી વઘારેલા સાકર નાખીને ખાવા આપવા આ ઓષડથી સુતીકા રોગવાળી સ્ત્રીને પણ સંગ્રહણી અતીસાર મટી જાયછે.

નં. ૬૪

પીપરીમૂળ—કઉચા, મરી, ચીત્રક, ચવક. એ સર્વે ઓષધ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમભાગે લેઈ ચુરણ રૂ. એક ભાર ગાયની છાશ સાથે ફાકિં તથા ભોજન વખતે દહીં, છાશ ખાવાને આપવા.

નં. ૬૫

જાંબુના ઠળીઆ, કેરીનીગોટલી, લોદર, ધાવડીનાંફુલ, મોચરસ, અજમોદ, ઈંદ્રજવ, મોથ, બીલીનો ગર્ભ, સુઠ, વાળો, પાહાડમુળ, અતી વીષની કળી, સર્વે સમભાગે ખાંડી કુટી ચુર્ણ કરી રૂ. ૧ ભાર છાસમાં લે તો ગમે એવો અતીસાર મટી જાય.

નં. ૬૬

કોઠ તો. ૮, એલચી તો. ૧ પીપરીમુળ, ભાંગ, સીંધવ, સંચળ, નાગકેસર, મોથ, ધાણા, તમાલપત્ર, તજ, મરી, લવીંગ, દરેક અકેક તોલો લઈ ખાંડી કુટી ચુર્ણ કરી તો. ૧ છાસમાં લઈ પીવું.

નં. ૬૭

ધાવડીના ફુલ, બીલીનો ગર્ભ, દાહાડમના છોતરાં, પીપર, અજમોદ, સાકર, કોઠનો ગર્ભ.

દરેક ત્રણ ત્રણ તોલા લઈ ખાંડી કુટી ચુરણ કરી. તો. ૧ છાસમાં લેતો ગમે તે પ્રકારના અતીસાર, સગ્રહરણી મટે.

નં. ૬૮ પ્રાણદા ગુટીકા.

જુની ગોળ શે. ૨ જીરૂ, શાહાજીરૂ, એલચી, લવીંગ, નાગકેસર, પીપરામુળ, ચીત્રક, ચવક, મોથ, મોચરસ, જેઠીમધ, મજીઠ, અજમોદ, કાળાંને ધોળાં મરી.

દરેક રૂ. ૭ ભાર આદુ તો. ૧૦ પીપર તો. ૧૨ સર્વેને ખાંડી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટી બારીક કરી પેલા ગોળ બશેરમાં ગોળી વાળવી, તેમાંથી દર-રોજ ૨૨ાા ભારની ગોળી રોજ ખાવી.

નં. ૬૯ વીજય ચુરણ.

બીલીનોગર્ભ, વરીઆળી, અજમોદ, સંચળ, સીંધવ, બીડ-લવણ, કાચલવણ, વરાગડુ મીઠુ (એ પંચલુણ) સાજીખાર, જવ-ખાર, ટંકણખાર, ત્રીફલા, સોનામુખી, પહાડમુળ, શેકેલીહીંગ, ધોળાનિ કાળા મરી, સુંઠ, ધોડાવજ, તમાલપત્ર, શેકેલાં લવંગ, તજ, પીપર, એલચી, પીપરીમુળ, કડુ, કરીઆતુ, ચીત્રક કણેચા, ઈંદ્ર-જવ, સાટોડીનામુળ, લીંબડાની અંતરછાલ, પટોળ, દારૂહળદર.

સર્વે દવાઓ વાટી ધુંટી ચુરણ કરી રોજ રૂપૈઆ ભાર ને આ-શરે ગરમ પાણી સાથે લેવું.

નં. ૭૦ લવણ ભાસકર ચુરણ.

પંચખાર રૂ. ૮ ભાર વાવડીંગ, ધાણા, પીપરીમુળ, પીપર, કડુ, કરીઆતુ, કાળીજીરી, તમાલપત્ર, નાગકેસર, ચીત્રક, ચવક, કણેચા, દરેક પાંચ પાંચ રૂપૈઆભાર તજ, એલચી, રૂપૈઆ રૂ-પૈઆભાર, શેકેલાં લવીંગ બે રૂપૈઆભાર. કાળાં, ધોળાં, મરી, સુંઠ દરેક ૨ાા રૂપૈઆભાર, મોથ ત્રણ રૂપૈઆભાર, ત્રાયમાન ચાર રૂપૈ-આભાર, દ્રાક્ષ દસ રૂપૈઆભાર.

સર્વે દવાને ખાંડી કુટી ચુર્ણ કરી રોજ પાવલી ભાર છાસમાં પીએ તો ફાયદો કરે.

નં. ૭૧

જાયફળ, અફીણ, અબરેખ, ટંકણખાર, ધંતુરાના બીજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક અકેક તોલો અફીણ બે તોલા.

સર્વને ખાંડી કુટી આદાના રસમાં મગ જેવડી ગોળીઓ વાળી અકેક આપવી.

નં. ૭૨

અરડુસાના પાંદડાનો રસ તો. ૧ મધ, પીપર, સાથે આપે તો ફાયદો થાય.

નં. ૭૩

જવખાર, ધાવડીનાફુલ, સીંધવ, જીરૂ, પીપર, ઈંદ્રજવ, સંચળ દરેક બીજ અધોળ લઈ ખાંડી ચુર્ણ કરી રોજ પૈસા એકભારને આસરે મધ રૂ૦ા ભાર નાખી ચાટે તો ફાયદો થાય.

નં. ૭૪

વાંસકપુર તો. ૨ તજ, એલચી, નાગકેસર દરેક તોલા પાંચ દાહાડમના છોતરાં શે. ૧ા સાકર શેર ૧ા અજમોદ, ધાંણા, જીરૂ, સાજીરૂ, ઓથમીજીરૂ (ઇસબગુલ) સુઠ, સફેદ, કાળાં મરી, ઈંદ્રજવ દરેક રૂ. ૧૦ ભાર ખાંડી ચુરણ કરી તેમાંથી પાવલીભાર સવારે સાંજ ફાકે તો ફાયદા થાય.

નં. ૭૫

ઇસબગુ રૂ૦ા ભાર સાકરને દહીં સાથે મેળવી ખાય તો ફાયદા થાય.

નં. ૭૬

સુઠ, સંચળ, સીંધવ, ગળો, ધાણા, જીરૂ, સાજીરૂ, કાળાં મરી, લવીંગ, એલચી, અજમા, દીવચી અજમોદ, દરેક અકેક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોલો, કેસર, ધોળાં મરી અડધો અડધો તોલો. કાળીજીરી તો. ૨ ધાવડીના ફુલ, બીલીનોગર્ભ, ઝીફલા, પીપર, દ્રાક્ષનો રસ, આંબલી, દરેક ત્રણ ત્રણ તોલા મધ તો. ૦ાા સાકરને કોઠનો ગર્ભ તો. ૬

સર્વેને ખાંડી ચુરણ કરી પાવલીભાર સવાર સાંજ ઠંડા પાણી સાથે લે તો બહુ ફાયદો થાય.

નં. ૭૭ હરસનો ઉપાય.

ઈંદરજવ, સાકર, નાગકેસર, હરડે, દરેક ટાંક ૦ાા સર્વેને વાટી ઘુંટી તો. ૧ને આશરે સવારમાં છાશ સાથે પીવું. પથ્ય—ગરમ ન ખાવું. સૌમ્ય કુંડળી ઉપર રસવંતી ઘસી ચોપડવી.

નં. ૭૮

ગળજીભીનો રસ ટાં. ૨ાા જીરૂ ટાંક. ૦ાા સુરોખાર ટાં. ૦ા સર્વેને બારીક ઘુંટી કરી ગળજીભીના રસમાં નાંખી રોજ સવારે પાવલીભાર પી જવું.

નં. ૭૯

કીડામારીનો રસ ગાયના માંખણમાં મેળવી તોલા ૧ને આશરે રોજ સવારે દીવસ ૨૧ સુધી પીવું તથા ઝેરી કોચલું ઘસીને ગુદાના મસા ઉપર ચોપડવું.

નં. ૮૦

હાથીના દાંતનો ભુકો, ચામાચીડીયાંની હગાર, વાગોળની હગાર ત્રણેનો ભુકો કરી ગુદાદ્વારમાં ભુગળી મુકી તેનો તમામ ધુમાડો અંદર જવા દેવો આ પ્રમાણે સાત દીવસ સુધી ધુણી લેવાથી હરસ ટળે. પથ્ય—ચોખા ને દુધ ખાવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૮૧

સુરણને ખુબ ઘીમાં તળી ખાવાથી આ રોગ મટે છે.

નં. ૮૨

સોમલ તો. ના એળીઓ તો. ૦ા એના પડીકાં ચૌદ કરવાં તેને ગુદામાં ભુગળી મુકી સવારે સાંજ એ પ્રમાણે સાત દીવસ સુધી ધુણી લેવાથી આ રોગ ટળે છે.

નં. ૮૩

નં ૭૨માની દવા આ રોગ ઉપર લાગુ પડે છે.

નં. ૮૪

સીંધવખાર પાવલી ભાર થોડા દીવસ પછી અધેલી ભાર હમેશાં ગાયની છાશમાં નાખી પીએ તો વાયુનો હરસ ટળે.

નં. ૮૫

સુરણને માટી લપેટી અગ્નીમાં ખાફી કાહાડી રોજ ત્રણ ચાર તોલા ઘી સાથે ખાય તો હરસ મટે.

નં. ૮૬

આકડાના નવા પાંન લાવી આંબલીનું થોડું પાણી કરીને તેમાં તેલ તથા પંચખારનો ભુકો નાંખી જાડુ જાડુ પેલા પાંદડા ઉપર ચોપડી એકપર એક ગોઠવી છાંણાંની આંચમાં બાળી નાંખવાં પછી ધીર રહીને પેલા પાંદડાની રાખ જાળવીને કાહાડી લઈ તેમાંથી રોજ રૂ૦ા ભાર ગરમ પાણી સાથે ફાકવી.

નં. ૮૭

લીંબોડીના બીજ—ને કાચએળીઓ સમભાગે લઈ વાટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાણીમાં રતીભારની ગોળીઓ વાળી દરરોજ સવારે એકેકી ખાય તો પીતના હરસ ને લોહી પડતા મટે.

નં. ૮૮

નાગકેસર, માંખણ, સાકર ત્રણે મળી ૨ા તોલા રોજ ખાય તો ગમે તેવા હરસ હોય તો મટી જાય.

નં. ૮૯ સર્વે જાતના હરસ ઉપર દવા.

જીરૂ, અજમોદ, ચીત્રક, એલચી, પીપરીમુળ, નાગકેસર, કાળા મરી, ચવક, દરેક પાંચ પાંચ તોલા તેમાં પીંપર તથા આદુ મળી શે. ૦। વાટી ઘુંટી ગોળ શે. ૩ માં ગોળીઓ નવટાંકની વાળી દરરોજ એક ખાય પરેજી જડ સખ્ત પાળે તેથી હરેક જાતના હરસ મટે.

નં. ૯૦

કળીચુનો, મોરથુથુ ફુલાવેલો સાજીખાર, સમભાગે લઈ વાટી લીંબુના રસમાં દીવસ ત્રણ પલાળી રાખી મસા ઉપર લગાવે તો તરત ફાયદો થાય.

નં. ૯૧

નં ૭૨ની દવા એ રોગ ઉપર કામમાં આવેછે.

નં. ૯૨

ધાવડીના ફુલ તો. ૦।। દહીં સાથે ફાકે તો ફાયદો થાય.

નં. ૯૩

ભાંગ તો. ૬ પીંપર, કોઠ, પાખણ ભેદ, વાવડીંગ, મરી, દરેક તોલા ૪ સુંઠ, ચીત્રક, ત્રીફલા, પીપરીમુળ, એલચી, સીંધવ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધેલા ભીલામા, દરેક તો. ૮ સુરણ, સતાવળી, દરેક તો. ૧૬ સુરણને કપડમટ્ટી કરી દેવતાની આંચમાં કલાક છ સુધી રાખવું. તેથી બફાઇને પાકી જસે તે ઠંડુ પડ્યા પછી તેનો ચુરો કરવો સર્વ દવાનો ભુકો કરી બમણો જુનો ગોળ નાંખી અઢી રૂપૈઆભારની ગોળીઓ કરી દરરોજ ખાય તો ફાયદો થાય.

**નં. ૯૪**

નં. ૬૬-૬૭-૬૮ ની દવાઓ આ રોગ ઉપર કામમાં આવેછે.

**નં. ૯૫ કૃમીરોગના ઉપાય.**

વાવડીંગ—ઈંદ્રજવ, કપીલો, ધીતપાપડો, કરમાંણી અજમોદ સર્વે અડધો અડધો તોલો લેઈ ચુરણ કરી છાશ યા પાણી સાથે હમેશાં અડધો તોલો ફાકવું.

**નં. ૯૬**

ઝેરી કોચલું નં. ૧ સાત દીવસ પાણીમાં ઘશીને પીવું.

**નં. ૯૭**

અતીવિષની કળી—ગળો, મોથ, કાચકાના ગોળા, દરેક અ-કેક તોલો લેઈ પાવલી ભાર ટાઢા પાણી સાથે ફાકવું.

**નં. ૯૮**

કડાછાલ—અતીવીષની કળી, મોથ, સુઠ, ગળો.

દરેક તોલો ૦ા લેઈ ૦ાા શેર પાણીમાં ઉકાળી પાશેર પાણી રહે ત્યારે ઉતારવું તે દીવસમાં ત્રણ વખત પીવું.

**નં. ૯૯ પાંડુરોગનો ઉપાય.**

આ દરદીને પેહેલો હલકો જુલાબ આપવો. મંડુર તો. ૧૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરડે તો. ૫ અજમોદ તો. ૨ સર્વેને વાટીગુટી તો. ૧ સવારે મધ સાથે અઠાવીસ દીવસ સુધી ખાય તો પાંડુરોગ જાય.

નં. ૧૦૦

અબરખભસ્મ બે રતીપુર મધ, સાકરમાં, આપવી.

નં. ૧૦૧

કોહોળાપાક—આ દરદ ઉપર સારી અસર કરેછે.

નં. ૧૦૨

નં. ૯૬-૯૭-૯૮ ની દવા આ રોગ ઉપર પણ ચાલેછે.

નં. ૧૦૩

હરડે, બેડાં, આંબળાં, ગળો, કડુ, લીંબડાની અંતરછાલ કરીઆતુ, અરડુસો, એ આઠ ઓષડોનો, ક્વાથ કરવો તે વસ્તુઓ દરેક અડધા અડધા તોલાને આશરે લઈ ખાંડીને બશેર પાણી મુકી ઉકાળવું ને ૦। શેર પાણી રાખવું તેને અડધો તોલો મધ નાંખી પી જવું તેથી સર્વે પ્રકારના પાંડુરોગ દુર થાય.

નં. ૧૦૪

સોટોડીનામુળ—હરડાં કડુ, કડવા લીંબડાની છાલ, દારૂ, હળદર પટોળ, ગળો. સુઠ, એ આઠ વસ્તુઓ અડધો અડધો તોલો લઈ ખાંડી ઉપરની રીત પ્રમાણે ક્વાથ કરી ગાયનું મુત્ર તો. ૦॥ નાંખી પી જવું તેથી પાંડુરોગ, ઉદરરોગ, સ્વાસ, સુળ, એ રોગનો નાશ થાયછે.

નં. ૧૦૫ પાંડુરોગ ઉપર વૃધમાન પીપરી.

ત્રણથી પાંચ, પાંચથી સાત, સાતથી નવ, એમ દરરોજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દસ દીવસ સુધી વધતા જવું તેમજ બબે દરરોજ દસ દીવસ સુધી ઉતરતાં જવું. પીપળીનો બારીક ભુકો કરી નાખવો અને તે પીપળીના પ્રમાણ થકી ચારઘણું દુધ લેવું અને તે દુધની અંદર પીપળીનો ભુકો નાખી પી જવું તેથી સનેપાતનો પાંડુરોગ, વાતરક્ત, ઉધરસ, સ્વાસ, જ્વર, ઉદરરોગ, મુળ બાધી, ક્ષય કફ એ રોગો દુર થાયછે.

નં. ૧૦૬

ચીત્રક—હરડાં, બેડ, આંબળા, નાગરમોથ, વાવડીંગ, સુંઠ, મરી, પીપરીમુળ, એ નવ ઔષડ સમાન ભાગે (અડધો અડધો તોલો) લઈને તેને ખાંડી કપડછાંણ કરી ચુરણ કરવું તે ચુરણ તો. ૦॥ ને આશરે મધ યા ઘીની સાથે ભેળીને આપવું તેથી મોટો સનેપાત યા વાયુ પીત અને કફનો પાંડુરોગ, ત્રીદોષ, ભગંદર, સોજો, કોઢ, ઉદરરોગ, મુળ બાધી, પેટના કૃમી વીકાર એ રોગો દુર થાયછે.

નં. ૧૦૭ કમળાનુ ઔષડ.

ત્રીફલા તો. ૩. ગળો, સીંધવ, પટોળ, લીંબડાની અંતરછાલ કડુ, કરીઆતુ, અરડુસો, દરેક અકેક તોલો લઈ અધકચરા કરી તેમાંથી નવટાંક લઈ ૧॥ શેર પાણીમાં ઉકાળી પાણી શેર ૦॥ રહે ત્યારે ઉતારી દીવસમાં ચાર વખત પીવું.

નં. ૧૦૮

ત્રીફલા તો. ૭ અરડુસો, કરીઆતુ લીંબડાની અંતરછાલ, ગળો, કડુ, દરેક બબે તોલા લઈ ખાંડી કુટી પકડીઓ આઠ કર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી. તેમાંથી એક પડકી લઈ સવારે અશેર પાણીમાં ઉકાળી પાશેર પાણી રહે ત્યારે મધ તો. ૨ નાંખી પાવું તેથી કમળો તથા પાંડુરોગ જાય,

નં. ૧૦૯

કુકડવેલના રસનાં ટીપાં ત્રણ ચાર નાકમાં સવારે પાડવાથી કમળો મટે.

નં. ૧૧૦

કડવાં તુરીઆના પાંદડાંના રસના ટીપાં ત્રણ ચાર નાકમાં પાડવાથી કમળો મટે.

નં. ૧૧૧

ગધેડાના લીંડા તો. ૫ જીરૂ તો. ૨ જીણાં વાટી સવારે ટાઢા પાણી સાથે તો. ૧ ફાકે તો પીતકમળી સનેપાત, કમળો તથા પાંડુરોગ મટે.

નં. ૧૧૨

નવસાર, સાકર, જીણા વાટી ઠંડા પાણી સાથે તો. ૦ાા હમેશાં ફાકે તો કમળો, સનેપાત, પાંડુરોગ મટે.

નં. ૧૧૩

સુરોખાર, કળીચુનો, સાકર, સમાન ભાગે લઈ તો. ૧ ને આશરે ખાવું. પથ્ય—ઘઉં, ચોખા, ચણા ને સાકર ખાવા આપવા. ઘી તથા દુધ બીલકુલ આપવું નહિ.

નં. ૧૧૪

### રક્તવીકારના રોગનું ઔષધ.

રકતવીકાર ઉપર અવલેહ—પાકેલું અને સારૂ કોહોળું બીઆં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોતરી કાહાડી લઈ જીણું સમારવું. પછી પાણીમાં બાફીને કાહાડી લેવું તે નીકળેલા પાણીમાં સાકર સે. ૨ ની ચાસણી કરી લેવી. કોહોળાના કડકાને લાલ સાંતળીને પેલી ચાસણીમાં નાંખી દેવા. ધાંણા, એલચી, તમાલપત્ર, તજ, મરી, વંસલોચન દરેક નવટાંક નવટાંક પીપર, સુંઠ, જીરૂ દરેક પાશેર પાશેર તથા મધ શેર ૧ મેળવી આથા જેવું કરવું, તેમાંથી દરરોજ નવટાંકને આશરે ખાવું.

નં. ૧૧૫

પીપર. વંસલોચન, દ્રાક્ષ; તમાલપત્ર, એલચી, સમભાગે ચુરણ કરી તેમાં જેઠીમધ, દ્રાક્ષ, ખારેક, સાકર, દરેક નવટાંક નવટાંક લઈ મધમાં ગોળીઓ રૂ ०॥ ભારવાળી દરરોજ ખાય તો બહુ ફાયદો થાય.

નં. ૧૧૬

આસોંધ તો. ૧ ગોખરૂ તો. ०॥ સતાવરી તો. ૧ સાટોડીના મુળ તો. ૧ પીપરીમુળ તો. ૧ સુંઠ તો. ૧ કમળબીજ તો. ૧ એ સર્વે ઓષધો ખાંડીને એથી ચાર ઘણું પાણી મુકીને ક્વાથ કરવો તે પાણી ¼ રહે ત્યારે ઉતારી જેઠીમધ તો. ०॥ નાંખવું. પદમકાષ્ટ (કમળની દાંડીઓ) રતાંજળી, તમાલપત્ર, પીપર, દ્રાક્ષ, કવચબીજ નાગકેસર, કાળી મુસળી, ધોળી મુસળી, એ સર્વ ઓષધો તો. ०ને આશરે લેવા, તે સર્વે ઓષધોને બારીક કરી ઉપરના કાહાડાની સાથે મેળવવાં, તે ઓષધીના પ્રમાણે ઘી નાંખવું તે કાહાડાને થોડો અગ્ની આપવો જ્યાં સુધી ઘી અંદરનું સોસાઈ જાય ત્યાં સુધી પછી તેને કપડેથી ગાળી લેવું તે ઘી તો. ०ને આશરે ખા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વા આપવું તેથી રક્તપીત, ઉરૂષસ્તંભન, પાંડુરોગ, ક્ષય, વાતરક્ત મુત્રકચ્છ, પડખાનું સુળ, ધાતુ ક્ષય, શરીરે દાહ થાય, શરીરનું દુરબળ થવું, એટલા રોગ જાયછે. આથી જે સ્ત્રીને છોકરૂ ન થતું હોય તે આપવાથી છોકરા થાયછે, તેમજ પુરૂષને ધાતુની વૃધી કરેછે

નં. ૧૧૭

લીંબુને લેઇ અગ્નીએ પકાવી તેની અંદર સાકર નાખી ચુસવાથી લોહીને સુધારેછે,

નં. ૧૧૮ વાતરક્ત અથવા ગજચર્મનો ઇલાજ.

મીઠીઆવળ, તો. ૫ ત્રીફલા તો. ૫ મજીઠ તો. ૧ અડુસો તો. ૧ જેઠીમધ તો. ૧ ધમાસો તો. ૨ સાકર તો. ૨ સર્વે ને ખાંડીને ચુર્ણ કરી રોજ તોલા ૦॥ ભારે ખાવું પથ્ય, ઘઊ, ચોખા તથા મીઠુ ન ખાવું.

નં. ૧૧૯

ગંધક તો. ૫, ત્રીફલા તો. ૨॥ સાકર તો. ૭ ખાંડી કુટી ચુરણ કરી હમેશાં અડધો તોલો ખાવું. પથ્ય, ઉપર પ્રમાણે.

નં. ૧૨૦

ગળો તો. ૧ એને ખાંડીને એ ગળોના પ્રમાણ કરતાં ચાર ઘણુ પાણી મુકવું પછી કાહાડો કરવો. દુધ અને ઘી ચચાર તોલા નાંખવા અને ચુલાની ઉપર ચઢાવી ઘીનું સોસન થાય ત્યાંસુધી પાક કરવો પછી હેઠે ઊતારી ગાળી નાખવું પછી તેમાંથી તો. ૦। ખાવા આપવું. તેથી વાતરક્ત, ગજચર્મ નાશ થાય.

નં. ૧૨૧

અતીવીષ, કડુ, પહાડમુળ, નાગરમોથ, વાળો, હરડાં બેડાં,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંબળાં, પીતપાપડો, કડવા લીંબડાની અંતરછાલ, મજીઠ, પીંપળી, પદમ કાષ્ટ (કમળની દાંડીઓ) કઓરો, સુકડ, ધમાસો, હળદર, દારૂહળદર, ગળો, કાળીમુસળી, ધોળી મુસળી, મોરવેલ, અડુસો, સતાવરી, કાયફળ, ઇન્દ્રજવ, જેઠીમધ, કરીઆતુ એ સર્વે ઔષધો સમાન ભાગે (અડધો તોલો) લેઇને તેથી ચાર ઘણુ પાણી મુકીને કાહાડો કરવો અને તે કાહાડાના પ્રમાણથી નીચે ભાગે આંબળાનો રસ નાંખવો. આંબળાના રસથી આઠ ગણુ ઘી નાખવું પછી તેને મંદા અગ્નીએ તપાવી ગાળી નાખવું તે ઘીની અંદરથી તો. ૦ ખાવાને આપવું તેથી વાત રક્ત, કોડ, રક્તપીત, હરસ, પાંડુરોગ, રક્ષરોગ, ગુલ્મ, વીસર્પ (ચેપીઓ વા) જ્વર ઇ. રોગો દુર થાય છે.

નં. ૧૨૨

મજીઠ તો. ૧ા કાળી મુસળી તો. ૦ાા રાળ તો. ૦ાા જેઠીમધ તો. ૦ાા મીણ તો. ૦ાા લેઈ ચુર્ણ કરવું સર્વેના વજનથી ચારગણુ એરંડીયુ તેલ તેમાં સર્વ દવા નાંખવી તેમાં ચાર ગણુ પાણી નાખી ચુલે ચઢાવવું, પાણી બળી જતાં જે તેલ રહે તેમાંથી થોડુ થોડુ આ દરદીને શરીરે લગાવે તો સાર થાય.

નં. ૧૨૩ અજીર્ણના રોગનું ઔષધ.

જીરૂ, મરી, સમભાગે લેઈ ગોળમાં ગોળી ૩૦ાા ભારની કરી ખાય તો ફાયદો થાય.

નં. ૧૨૪

મરી, ઘીમાં મેળવી ૩૦ાા ભારને આશરે લેઈ ખાયતો ફાયદો થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૨૫

મીઠીઆવળ તો. ૦ll હીમજ તો. ૦ll સીંધવ તો. ૦l સર્વની ફાકી કરી ત્રણ દીવસસુધી ફાકે તો સીજસ, અજીર્ણ મટે.

નં. ૧૨૬

ગોળ તો. ૧ સોનાગેરૂ તો. ૦ll પાણીમાં વાટી શરીરે મરદન કરે તો અજીર્ણ ટળે.

નં. ૧૨૭

એલચી. કાથો. દરેક તોલો એક સોમળ તો. ૦ll વાટી ખરલ કરી ગુલાબ જળમાં સરસવાના દાણા જેવડી ગોળી વાળી દરદીની શક્તી પ્રમાણે આપવી તેથી અજીર્ણ, સંધીવા, ત્વચારોગ વીગેરે મટેછે.

નં. ૧૨૮ રામબાણ ચુર્ણ.

સોધેલા ગંધક, પારો, વછનાગ, મરી દરેક રૂ૫) ભાર જાયફળ રૂ. ૧ ભાર. પારા, ગંધકની કાજલી કરી બીજા ઓષધો ખાંડી ચુરણ, કરી મેળવી પંચરસમાં (આદુ, ડુંગળી, પાન, લસણ ફુદીનો) રતીભારની ગોળી બાંધી દરરોજ એકેકી આપે તો અજીર્ણ જ્વર મટે ને ભુખ લાગે.

નં. ૧૨૯ ક્ષુદ્રબોધરસ.

સુઠ તો. ૧ મરી તો. ૨ પીપર તો. ૩ સીંધવ તો. ૪ અને શોધેલો ગધંક તો ૫. વાટીઘુંટી લીંબુંના રસમાં આઠ દીવસ સુધી ખલ કરી રોજ એની ગોળી નં ૧ ખાય તો અજીર્ણ મટે ને દુખ ટળે.

નં. ૧૩૦ સર્વ પ્રકારની ઉધરસના ઇલાજ.

લવીંગ, હળદર, બેડાંછાલ, મરી, દરેક તો. ૦ll એરસાર તો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ સર્વને બારીક કપડછાણ કરી બાવળની છાલના ક્વાથમાં ચણી-બોર જેવડી ગોળીઓ વાળી એક ગોળી મોંઢામાં રાખવી.

નં. ૧૩૧

બેહેડાં નંગ ૧૦૦ બકરીના મુત્રમાં ત્રણ દીવસ પલાળી તેમ મધમાં દીવસ સાત રાખી એકેક બેહેડું મોંમાં રાખે ઉધરસ મટે.

નં. ૧૩૨

ભારંગ, અરડુસો સુંઠ, કાંટાસળીઓ, સમભાગે લઈ તો. ૨ ની પડી કરવી, તેનો ક્વાથ કરી ખાવાથી ઉધરસ ટળે.

નં. ૧૩૩

કાકડાસીંગ, પીપરીમુળ, કાયફળ, પુષ્કરમુળ, અરડુસો, બેહેડાંછાલ, આકડાનાં ફુલ સર્વ સમભાગે (તો. ૦॥) લઈ કપડ છાણ કરી મધમાં તો. ૦॥ ચાટે ઉધરસ મટે.

નં. ૧૩૪ વછનાગની ગોળીઓ.

સોધેલો વછનાગ તો. ૧ જાયફળ તો. ૦॥ કેસર તો. ૦॥ ધોળી-મુસળી તો. ૦॥ કાળીમુસળી, લવંગ, એલચી, અકલકરો, તજ, હીંગળોક અફીણ દરેક તો. ૦॥ સાકર શેર. ૦॥ પ્રથમ જાવંત્રી કેસર તથા હીંગળોક વાટવાં વછનાગ જાયફળને અફીણ વાટવાં પછી બાકીનાં બીજાં વાટી એકત્ર કરી સાકર મેળવી બે દીવસ લગી ખરલ કરવું તેમજ મધમાં ચણીબોર જેવડી ગોળીઓ વાળી સવાર સાંજ એકેકી ગોળી દુધ શેર ૧ સાકર શેર ૦ નાંખી લેવું. તેથી અશક્તી ઉધરસ તાવ, શ્વાસ ક્ષીણતા, તથા સંગ્રહણી ટળે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૩૫ અફીણુની ગોળીઓ.

જુનું અફીણ, જાયફળ જાવંત્રી, કેસર અકલકરો પીપર મરેઠીનાં ફુલ, લવીંગ, દરેક તો. ૦॥ કસ્તુરી અમર વાલ ૧ ત્રીફળા વાલ ૩ સરવેને ખાંડી કપડછાણ કરી આકડાના ફુલના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ વાળી દરરોજ સવાર સાંજ એક એક ખાવાથી ઉધરસ, શ્વાવ, ક્ષીણુતા, મંદાગ્ની ટળે.

નં. ૧૩૬ અફીણુપાકની ગોળીઓ.

અકલકરો, કેસર, જાયફળ, હીંગળોક, તજ, દરેક તો. ૦॥ અફીણ તો. ૨ સોધેલું, સરવને બારીક કપડછાણ કરી અફીણ સાથે ઘુંટવું તેમાં સાકરનું બુરૂં શેર ૦॥ મેળવી દીવસ ૧ ખુબ ઘુંટી મધમાં ગોળીઓ વાળવી, એક ગોળી સવારમાં ખાવી. તે ઉપર દુધ અછેર ગરમ કરી સાકર નાંખી પીવું. તેથી ઉધરસ શ્વાસ, ક્ષય, ધાતુક્ષય, સંગ્રહણી અનીંદ્રા પગે કળતર મટે.

નં. ૧૩૭

નં. ૨૯ ની દવા વસંતમાલતીથી આ દરદને ફાયદો થાયછે.

નં. ૧૩૮ આ દવા લાગુપડે છે.

નં. ૬૮-૮૪-૬૧-૭૮-૯૬ ની દવાઓ આ દરદને ફાયદોકરેછે.

નં. ૧૩૯

આકડાનાં ફુલ, અજમો, સમભાગ ને અફીણ અરધે બાગે લેઈ મગપુર ગોળીઓ વળી રાત્રે સુતી વખત મોંમાં રાખે, દમ, સસણી વીગેરેને ફાયદો કરેછે. આકડાનાં પાંદડાની રાખ તથા જેઠીમધ સમભાગે લેઈ ૨-૩ રતી દર વખતે દીવસમાં ત્રણેક વખત આપે ફાયદો થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૪૦

પીપર, કાળીમરી, દરેક નવટાંક, દાડમનાં છોડાંને ગોળ દરેક શેર ૦ાા જવખાર રૂરાા ભાર બારીક વાટી ચણીબોર જેવડી ગોળીઓ પાણીમાં વાળી ત્રણ ચાર આખા દીવસમાં આપે. પીતની ઉધરસને ફાયદો કરે.

નં. ૧૪૧ લવીંગની ગોળીઓ.

જાયફળ પીપર લવંગ દરેક અધોળ સુંઠ તો. ૧૬ મરી રૂ. ૫ ભાર ખાંડી ગોળીઓ રૂ ૧ ભારની વાળી દરરોજ પાણી સાથે ખાય તો ફાયદો થાય.

નં. ૧૪૨

વછનાગ, હીંગળોક સોધેલાં કાળામરી, નાગરમોથ, સમભાગે વાટીઘુંટી આદાના રસમાં મગ જેવડી ગોળીઓ વાળી દરરોજ એક આપે ફાયદો થાય.

નં. ૧૪૩

કડુ નાગરમોથ, સુંઠ, કાકડાસીંગ, પુષ્કળ મૂળ, સર્વ સમભાગે લઈ મધ અથવા આદાના રસમાં મેળવીને તો. ૦ાા લેવાથી વાયુની ઉધરસ ઓકારી, સુળ તથા ક્ષય મટેછે.

નં. ૧૪૪

કડુ પુષ્કરમુળ, કાકડાસીંગી, મોથ, સુંઠ, મરી પીપળીમુળ, કચુરો, એ આઠે ચીજોને સમભાગે ચુર્ણ કરી તો. ૦ાા ને આશરે આદાના રસમાં અથવા મધમાં લેવાથી કફની ઉધરસ ઉલટી, સુળ, ક્ષય, મટે.

નં. ૧૪૫

તજ, તમાલપત્ર, એલચી દરેક તો. ૦ાા પીપર તો. ૨ સાકર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો. ૪ દ્રાક્ષ તો. ૪ જેઠીમધ તો. ૪ ખજુર તો. ૪ સરવે બરાબર લઈ ખરલ કરી મધમાં ગોળીઓ ચણીબોર જેવડી વાળી દરદીની શક્તી પ્રમાણે એક બે આપવી તેથી ત્રીદોષી અસાધ્ય ઉધરસમાં ઉલટી થતી હોય તેમાં લોહી પડતું હોય, ક્ષયસ્વરભંગ, છાતીમાં દુખાવો, પાસાનું સૂળ જ્વર નાશ પામે.

નં. ૧૪૬ ક્ષય ઉપર ઈલાજ.

નં. ૯૮–૨૯–૧૩૨–૧૩૯–૧૪૦ ની દવાઓ સારી અસર કરેછે.

નં. ૧૪૭ અરડુસાનો રસ ટાંક ૫ તેમાં મધ ટાંક ૨ નાંખી અરધ ટાંકને આશરે રોજ દીવસ ૧૪ ખાયતો ફાયદો થાય.

નં. ૧૪૮

ગળો તો. ૧૦ પીપર તો. ૨॥ તેની પડીકી નં. ૭ કરી તેમાંની એકેક પડીનો ક્વાથ કરી પીવાથી ક્ષય રોગ જાય.

નં. ૧૪૯

ધોળા ચોખા ટાંક. ૨॥ તેને આકડાના દુધમાં પલાળવા તે સુકાય એટલે જીણા વાટી તેમાંથી વાલ ૨ સાકર તો. ૧ સાથે દીવસ ૨૧ સુધી આપે એથી ક્ષય ટળે. પથ્ય—ચોખા, દુધ ખાવું.

નં. ૧૫૦

મીંડળ, ઘોડાવજ, પીપર, પ્રત્યેક સમાન ભાગે લેવું ખાંડી બારીક કરી તેમાંથી તો. ૦॥ પ્રભાતે ઉના પાણી સાથે આપવું. તેથી ઉછાળો, કફ, હૃદય રોગ, ને ક્ષય ઇ. રોગો નાશ થાયછે.

નં. ૧૫૧ દમ (સ્વાસ)નો ઉપાય.

નં. ૨૯–૯૮–૧૩૦–૧૩૧–૧૩૨–૧૩૫–૧૩૬ ની દવાઓ આ દરદ ઉપર બહુ ફાયદો કરેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૫૨

સાકર ૦ાશેર, વંસલોચન નવટાંક, પીપર અધોળ, એલચી ૨૧ બાર, તજ ૨૦ાા બાર, વાટી ચુરણ કરી ૨૦ાાબાર મધ તથા માખણમાં ચાટે તો ફાયદો થાય.

નં. ૧૫૩

અરડુસો, હળદર, પીપર, ગળો, ભારંગ, મોથ, સુંઠ, ભોરીંગણી, મરી, પીપરીમુળ, પ્રત્યેક ઔષધ તો. ાાને આશરે લેવી. તેની પડકી પાંચ કરવી તેનો કવાથ કરી દીવસ સાત સુધી પીવો, એથી સ્વાસ, ધકાનોસ્વાસ, ઉધરસ, હૃદયનો દુખાવો એટલા રોગો ટળે.

નં. ૧૫૪

અકલકરો, અજમો, હળદર, સુંઠ, પીપર, મરી, પીપરીમુળ અરડુસો, લવીંગ, જવખાર, અઘાડાનો ખાર, એ સર્વ ઓષધો સમાન ભાગે (તો. ૦ાા લેવું) તેઓને જીણા વાટી કપડછાંણ કરી તો. ૦ાા મધની સાથે ખાવાથી સ્વાસ ટળે.

નં. ૧૫૫

હીંગળોક, લવીંગ, અકલકરો, સુંઠ, પીપર, મરી, પીપરીમુળ, એરસાર, ચીનીકબાબ, ટંકણ ફુલાવેલ, એ સર્વે ઓષધો સમ ભાગે (તો. ૦ાા) લેવાં અને વચ્છનાગ, સોનાગેરૂ, પા પા તોલો એ સર્વે ઔષધો જીણાં વાટી કપડ છાંણ કરી નાગરવેલના પાંનના રસની અંદર ચણા જેવડી ગોળી કરવી તે સાંજ સવારે ખાવા આપવી તેથી સ્વાસ ટળે.

નં. ૧૫૬ ભૈરવરસ.

હીંગળોકમાંથી પારો કાઢેલ, આમલસારો ગંધક સોધેલ, ટંકણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુલાવેલ, અકલકરો, વચ્છનાગ, ધંતુરાના બીજ સોધેલ, હીંગળોક, કકેચ, તમાલપત્ર, એ સર્વ ઓષધો સમાન ભાગે (તો. ૦॥) લેવું ને અફીણ તો. ૧ લેવું. ગોળી બનાવવાની રીત—પારાને ગંધકની કાજલી કરવી. મરી અને વચ્છનાગ, અફીણ અને હીંગળોક એઓને ભેળાં વાટવા, અને બાકીના સર્વે ઓષધો ઝીણા કપડછાંણ કરી ઉપરના ઓશધ સાથે મેળવવાં ને ઓષધોની અંદર નાગરવેલના પાંનનો રસ કાહાડીને નાખવો પછી તે મરી જેવડી ગોળી કરવી તે ખાવા આપવી તેથી સ્વાસ, ઉધરસ અને કફને ટાળે.

**નં. ૧૫૭ સ્વાસ ઉપર સોમલ આપવાની રીત.**

સોમલ તો. ૨ શંખનાભી તો. ૨ એને આકડાના દુધમાં દીવસ ૧ વાટવું પછી તેની લુબદી કરી મટોડીના વાસણમાં નાખી સંમપુટ કરવું, પછી તેના ઉપર કપડામાટી ત્રણ પુટ દેવા પછી તેને સુકાયા પછી અડાઇઆં છાંણાની અગ્ની દેવી, પછી સંપુટ કાહાડી ને પક્વ થયેલા સોમલમાંથી ગુંજા બાર (ચણોઠી બાર) પતાસાની સાથે આપવાથી સ્વાસ ટળે.

**નં. ૧૫૮ સોમલના ફુલ પાડવાની રીત.**

સોમલ શેર ૦। ને લીંબુના રસમાં વાટવું; પછી કોરી મટોડીની હાંલ્લીની અંદર નાંખી યંત્રવડે ફુલ પાડવા. ડમરૂ યંત્રની સમજ—કોરી હાંલ્લી બે લેવી તેની અંદર સોમલ વાટેલો મુકવો તે બેમાંની એક હાલ્લી ઉપર ઢાંકવી ને તેનું મોઢું બંધ કરવું ઉપર કપડાં મટી લપેટવું પછી સુકાવીને ચુલે ચઢાવવું, હેઠે સાધારણ અગ્ની આપવો અને ડમરૂ યંત્રની ઉપર બીનું કપડુ કરીને રાખવું એમ બે પહોર સુધી કરવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પછી બીજે દીવસે તે ડમરૂ યંત્રની અંદરથી સોમલનાં ફુલ કાહાડી લેઇ એક શીશીની અંદર ભરી દેવા. તેમાંથી ગુંજા પ્રમાણે પતાસાની અંદર આપવાં. પથ્ય—દુધ, સાકર, ઘી, ચોખા, ખાવાને આપવા એથી સ્વાસ, દમ, ઉધરસ ને ક્ષય ટળે.

નં. ૧૫૯

મરી, એ બે ઓષધો સમાન ભાગે લઈ દીવસ ત્રણ સુધી વાટવાં પછી તેમાંથી વાલ ૩ પ્રભાતે પાનની સાથે આપવા. પથ્ય—મીઠા વગરનું ખાવું, એમ દીવસ સાત કરવાથી સ્વાસ ટળે.

નં. ૧૬૦ કપુરાદી ચુરણ.

નાગકેસર, પીપર, મરી, દરેક તો. ૧॥ કપુર, વાલો, લવીંગ, જાવંત્રી દરેક તોલો એક ખાંડીકુટી ચુરણ કરવું તે સર્વની બરોબર સાકર મેળવી સવાર સાંજ પા થી અડધા રૂપૈયા ભાર લીવે ફાયદો થાય.

નં. ૧૬૧

જેઠીમધ, સાકર, દ્રાક્ષ દરેક રૂ૪ ભાર તમાલપત્ર, એલચી, તજ, દરેક રૂ.૦॥ ભાર ખાંડી ચુરણ કરી તેમાં પીપર રૂ૨) ખાડી મધમાં ગોળીઓ વાળવી તેમાંથી મોટા માણસે બેથી ત્રણ સુધી લેવી, તથા નાના બચ્ચાંને પાથી અડધી ગોળી સુધી દુધના અનુપાંનમાં આપવાથી ઉધરસ, સ્વાસ, દમ દુર થાયછે.

નં. ૧૬૨

મરી, બેડાં, લવીંગ, સમ ભાગે તે સર્વની બરાબર બેરસાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેઈ બાવળના પાંદડાના રસમાં ખરલ કરી ચણા જેવડી ગોળી મોંમાં રાખેથી ઉધરસ ને દમ મટે.

નં. ૧૬૩ અરૂચીના ઔષધો.

નં. ૭૦ નંબરની દવા આ દરદ ઉપર ફાયદો કરેછે.

નં. ૧૬૪

કડુ, લીમડાની અંતરછાલ, કરીઆતુ, દ્રાક્ષ, મોથ, દરેક છ રૂપૈઆ ભાર લેઇ અધકચરા કરી કવાથ રૂ.૧) ભારનો દીવસમાં બેવાર સાત દીવસ સુધી પીએ તો ફાયદો થાય.

નં. ૧૬૫ ભૈરવરસ ગુટીકા.

વચ્છનાગ, હીંગલોક, ટંકણ ફુલાવેલ, મરી, પીપર એ સર્વે ઔષધો સમાન ભાગે (એક તોલો) લેઇ જીણા બારીક કરી ખરલની અંદર ત્રણ દીવસ સુધી લીંબુના રસમાં ખરલ કરવા પછી ગુંજા પ્રમાણે ગોળી કરવી તે ગોળી એક લેવા થકી ભુખ લાગે, અગ્ની દીપે.

નં. ૧૬૬ ત્રૈલોક્ય ચીંતામણી રસ.

પારો સોધેલો તો. ૧ ટંકણ સોધેલો તો. ૧ વચ્છનાગ દુધમાં શોધેલ તો. ૦।। હીંગળોક તો. ૦।। એ સર્વે ઔષદોને ખરલની અંદર દીવસ ત્રણ વાટવું પછી ત્રણ દીવસ આદાના રસમાં વાટી ગુંજા પ્રમાણે ગોળી કરવી તે ગોળી એક આપવા થકી અગ્ની દીપે બળ વધે, શ્વાસ, ઉધરસ, સુળ, જળોદર, પથરી, અષ્ટજ્વર બંધકોશ એટલા રોગો ટળે.

નં. ૧૬૭

ત્રીકટુ તો. ૩ હળદર તો. ૦।। ત્રીફલા તો. ૩ જીણા વાટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધમાં તો. ૧ આવાથી અરૂચી મટે.

નં ૧૬૮ ચીંતામણી રસ.

પારો, ગંધક સોધેલા, પીપર, હરડેદળ, નેપાળાના બીજ સર્વ સમભાગે લઈ ખાંડીને ગંધક પારાની કાજલીમાં મેળવી આદાના તથા પાનના રસમાં ખરલ કરી રતીભારની ગોળીઓ કરવી તેમાંથી ગોળી એક આપ્યાથી સર્વ પ્રકારના તાવ, અજીર્ણ, મરડો, પેટમાં સુળ, સંગ્રહણી ઈ. રોગો દુર થાય.

નં. ૧૬૯ મૃતસજીવીક ગોળીઓ.

મરી અધોળ, તાંબાની ખાખ અધોળ, ટંકણખાર ફુલાવેલો, તો. ૧॥ સોધેલો વચ્છનાગ તો. ०॥ ગંધક તો. ०॥। પારો તો. ०॥। પ્રથમ ગંધક પારાની કાજલી કરી બીજા ઓષધો ખાંડી મેળવી બ્રહ્મીના રસનો એક પુટ આદાના રસના બે પુટ સુંઠ, મરી, નેપીપર દરેક તો. ૧ના ઉકાળાના પાંણીનો એક પુટ દેઈ રતી ૧ પ્રમાણે ગોળીઓ બાંધવી તેમાંથી ગોળી એક રોજ આદાના રસમાં અગર મધમાં આપવાથી સર્વે પ્રકારના સનેપાત વાયુનું સુળ, ક્ષીણતા, મંદાઅગ્ની, અશક્તી મરડો ત્રીદોષ ઈ. સર્વે રોગોને ફાયદો કરેછે.

નં. ૧૭૦ વડવાનલ ચુર્ણ.

સીંધવ તો. ૧ ભાર, પીપરીમુળ તો. ૨ ભાર. પીપર તો. ૩ ચવક તો. ૪ ચીત્રક તો. ૫ સુંઠ તો. ૬ હરડે તો. ૭ એ સર્વે ઓષડો લઈ ખાંડી કપડ છાંણ કરી તો. ૧ પ્રભાતે લેવાથી અગ્ની પ્રદીપ્ત થાય.

નં. ૧૭૧ યવાનીખાંડવ ચુર્ણ.

અજમોદ તો. ૧ દાહાડમસાર, સુંઠ, આમલીની છાલ, આ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળવેટસ, ખાંટાંબોર, તજ, સંચળ, ધાંણા, જીરૂ, એ સર્વ ઓષડો સમાન ભાગે લેઈ ખાંડી બારીક કરી તે ચુરણ તો. ૧ પ્રભાતે લેવાથી અરૂચી, મંદાગ્ની, મુળ વ્યાધી, પાંડુરોગ, રકતરોગ, સંગ્રહણી જવર, ઓકારી, અતીસાર. સુળ, બંધકોશ, એટલા રોગો નાશ પામેછે.

નં. ૧૭૨ તાલીસાદી ચુર્ણ.

તાલીસપત્ર તો. ૧ વંસલોચન તો. ૫ પીપર તો. ૪ તજ તો. ૧ એલચી તો. ૧ સુંઠ તો. ૩ મરી તો. ૨ કલઇનો બંગ તો. ૯ સાકર તો. ૧૫ એ સર્વેનું ચુરણ કરી મધ અગર માખણ સાથે તો. ૦ા સવાર સાંજ ખાય તો ક્ષુખવધે, અરૂચી, મદાંગ્ની, અજીર્ણ ઉધરસ, દમ ઇ. રોગોને મટાડે.

નં. ૧૭૩

મરી, નાગરકેસર, તાલીસપત્ર, સીંધવ સંચળ, બીડલવણ, મીઠું, બંગડીખાર, એ આઠ ઓષડો સમભાગે લેવા. પીપરીમુળ, ચીત્રક, તજ, પીપળી, આમલીની છાલ એ છ ઓષડો બે ભાગ લેવા. આમળવેટસ, સુઠ, અજમોદ, નાગરમોથ એ ચાર ઓષડો ત્રણ ત્રણ તો. લેવા, પછી એ બધાને ખાંડી ભુકો કરી દાહાડમનો રસ તેની અંદર મેળવી એ સર્વે ઓષડોનું ચુર્ણ તો. ૦ા અને સાકર તો. ૧ ભેળીને ખાવું તેથી અગ્ની પ્રદીત થાય, રદયરોગ, સ્વાસ, અતીસાર, કંઠરોગ ઉદરરોગ મુખરોગ, ગુલ્મ અને કૃમીવીકારને ટાળે.

નં. ૧૭૪ ઉલટીના ઉપાયો.

નં. ૯૫ ની દવા તે ઉપર ફાયદો કરેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અફીણ તો. ૧ તજ તો. ૧॥ કપુર તો. ૨ લવીંગ તો. ૧॥ ખાંડીકુટી ગુદરના પાણીમાં મગપુર ગોળીઓ વાળી એકથી બે સુધી આપવી જરૂર પડે તો વધારે પણ આપવી તેથી ચુક, ઉલટી, મરકી, ઝાડો મટે છે.

નં. ૧૭૫

ગજપીપર, સુંકડ, એલચી, મોથ, બોરના કળીઆના બીજ વરીઆળી, સાકર, મરી, ઈંદ્રજવ, વાવડીંગ એ સર્વે ઓસડો સમભાગે લઈ મધમાં ગોળી કરવી, એ ગોળી ખાવાથી ઉલટી બંધ થાય.

નં. ૧૭૬

જાવંત્રી, વાવડીંગ, લોબાન, મરેઠી ફુલ, તજ, એલચી, વરીઆળી એ સર્વે ઓસડો સમભાગે લઈ ચોણીબોર જેવડી ગોળી મધ સાથે આપવાથી ઉલટી ટળે.

નં. ૧૭૭

મોરની પીછીની રાખ, ભમરીના ઘરની મટોડી, મધમાં ચાટવાથી ઉલટી મટે.

લોબાન પાણીમાં ગસી પીવાથી ઉલટી મટે.

નં. ૧૭૮ એળીઆદી ચુર્ણ.

એલચી, નાગરમોથ, બોરના બીજ પીપર, સુખડ, ચોખાનીસાલ, લવીંગ, નાગકેસર, એ સર્વે ઓસડો સમાન ભાગે લઈ ખાંડી કપડછાંણ કરીને મધ મેળવી તો. ૦॥ આપવાથી વાતપીતકફના પ્રકોપની ઉલટી બંધ થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૭૯ ઉન્માદના ઉપાયો.

ખોરાસાની વજ, લવીંગ, અકલકરો, માલકાંગણી, એ સર્વે ઓસડો જીણાં ખાંડી મધની અંદર તો. ા ની ગોળી કરી ખાવાથી ઉન્માદ ટળે અને વાત, પીત, ને કફનો ઉન્માદનો નાશ કરે,

નં. ૧૮૦

સુંઠ, મરી, પીપર, હીંગ, સીંધાલુંણ, કડુ, કરંજના બીજ, ધોળાસરસવના દાંણા, એ સર્વે ઓષડો ગૌમુત્રમાં વાટી નેત્રમાં અંજન કરવાથી અનિયમીત અને ચોથીઓ તાવ જાય.

નં. ૧૮૧

ધોળાસરવ, હીંગ, કરંજબીજ, દેવદાર, મજીઠ, હરડાં, બેડા, આંબળાં, તજ, સુંઠ, મરી, પીપર, રાળ, દારૂ, હળદર, એ સર્વે ઓષડોને જીણાં બારીક વાટી બકરાના મુત્રમાં અંજન કરવાથી યા નાકે સુંઘવાથી અથવા શરીરે લેપ કરવાથી મૃગી, વીશઉન્માત (ઝેરી વસ્તુઓ ખાવાથી). જ્વર, ઉન્માદનો નાશ થાયછે.

નં. ૧૮૨ ફેફરાના ઉપાયો.

ખોરાસાનીવજ શે. ા મરી શેર ા તે વાટીને પડી ૩૫ કરવી તેમાંથી પડીકી નંગ ૧ પ્રભાતે દુધ સાથે ખાવી એથી ફેફર ટળે પથ્ય, ખટાશ, વાયડી વસ્તુ ખાવા આપવી નહી.

નં. ૧૮૩

આકડાના મુળને જીણું વાટી તેમાં અડધા મરી વાટવા પછી તેને આકડાના દુધમાં પલાળી સુકાવવું પછી તેને જીણાં વાટી જ્યારે ફેફર આવે ત્યારે નાકમાં ભુંગળીથી નાંખવું તેથી આરામ થાય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એ રોગ અસાધ્ય છે. ઓષડોવડે આરામ ભાગ્યેજ થાયછે.

નં. ૧૮૪

નં. ૭૭ ની દવા આ રોગ ઉપર કામમાં આવેછે.

નં. ૧૮૫

પારો અબરખ ગંધક, મનસીલ, હડતાલ, એ સર્વ ઓષડો શોધન તથા મારણ કરેલાં લેવા પછી ગૌમુત્રમાં દીવસ એક ખરલ કરવાં તેમાં લોઢાના વાસણમાં દીવસ એક ખરલ કરવો, પછી એ લુગદીથી બે ગણો ગંધક લેવો તેમાંથી અડધો ગંધક મટોડીના વાસણની અંદર મેલી અને તેના ઉપર ઓષધની વાટેલી લુગદી મુકવી પછી તેના ઉપર અરધો ગંધક મુકવો, અને તેને પહોર એકની અગ્ની આપી કાહાડી લેવો પછી તેમાંથી રતી એક આપવાથી ફેફરાનો રોગ જાય, એમ દીવસ સાત સુધી આપવું. પથ્ય, તેલ, મરચુ, ખટાશ, ખાવું નહી.

નં. ૧૮૬

સુઠ, મરી, પીપર, સંચળ, લવણ શેકેલી હીંગ એ સર્વ ઓષડો સમાન ભાગે લેઈ વાટી અને તેમાંથી તોલો ૧ રોજ ઘૃત સાથે દીવસ ૧૫ ખાય તો ફેફરૂ જાય.

નં. ૧૮૭

સંખાવળીનાં રસની સાથે વજ,કુઠ, એ બેને વાટીને પીવાથી તે રોગ જાય.

નં. ૧૮૮

પીપર, પીપરીમુળ, ચવક, ચીત્રક, સુઠ, ત્રીફલા, વાવડીંગ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીધાલુણ, અજમોદ, ધાંણા, જીરૂ, એ સર્વે ઓષડો સમાન ભાગે લઈ ખાંડી તેનું ચુર્ણ કરી તો. ૧ ગરમ પાણી સાથે ખાવાથી મૃગી, સંગ્રહરણી ઉન્માત દુર થાય છે.

નં. ૧૮૯ પક્ષઘાતના ઉપાયો.

દશમુળનો ક્વાથ પીપર નાખી આપવાથી અથવા તેલ શરીરે ચોળવાથી તીખી વસ્તુઓનો નાસ લેવાથી ધીને પીવાથી આ રોગ જાય છે.

નં. ૧૯૦

અડદ, કઉચના બીજ, પુશકરમુળ, ખરેટીની જડ, એ ત્રણ વસ્તુઓ સમાન ભાગે લઈ તેનો કાહાડો કરીને શેકેલી હીંગ અને સીંધાલુણ મેળવી પાવાથી પક્ષઘાત રોગ દુર થાય.

નં. ૧૯૧

પીપરીમુળ, ચીત્રક, પીપર, સુંઠ, રાસના, સીંધાલુણ, અડદ એ સર્વે ઓષદો સમાન ભાગે લઈ તેનો કાહાડો કરી તેમાં તેલ નાંખી પકાવી તે તેલનું મરદન કરવાથી (શરીરે લગાડ્યા)થી પક્ષઘાત રોગ જાયછે.

નં ૧૯૨

અડદ, કઉચના બીજ, એરંડીના મુળ, રાસના, સીંધાલુણ, એ સર્વેને વાટી જીણાં બારીક કરી અંદર તેલ નાંખી પકાવી એ તેલનું મરદન કર્યાથી એ રોગ દુર થાય છે.

નં. ૧૯૩ સુળના ઉપાયો.

લસણ, કાળીજીરી અજમોદ, સુંઠ, પીપર, મરી, હીગ ઘૃતમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલેળ, લવીંગ, એ સર્વ ઓષડો સમ ભાગે લઇ વાટી લીંબુનો રસ નાંખી ચણીબોર જેવડી ગોળી કરવી ને તે પ્રભાતે આપવાથી સુળ ને પેટ ચઢયું હોય તે મટે.

નં. ૧૯૪

રાઇ ને ગોળ સમભાગે લેઈ તો. ૧ ને આશરે છાશમાં પીવાથી પેટનું સુળ મટે.

નં. ૧૯૫

કુટ, હીંગ, હરડે, જવખાર, ઝેર કોચલું એ સર્વે ઓષડો સમ ભાગે લેઈ વાટી ચુર્ણ કરી ઉના પાણીથી તો. ૦ાા લેવું તેથી પેટના સુળ ટળે.

નં. ૧૯૬

ઝેરકોચલુ, તો. ૧ મરી, તો. ૩ હિંગ, તો, ૧ ઘીમાં તળેલી પ્રથમ ઝેરકોચલાને છાશમાં રાંધવા પછી સર્વે ઓષડોની સાથે વાટવાં અને તેની અંદર લીંબુનો રસ નાંખી ચણીબોર જેવડી ગોળી કરવી ને તે પ્રભાતે આપવાથી પેટના સુળને ટાળે.

નં. ૧૯૭

ઝેરકોચલા, ગંધક શોધેલ, સીંધાલુણ, સુંઠ, પીપર, મરી, હીંગ શોધેલ, હરડે છાલ, એ સર્વે ઓષડો સમભાગે—લેવા પછી ઝેરકોચલા ઉપરની રીત પ્રમાણે શોધી લીંબુના રસમાં સર્વે આષડો વાટી ચણીબોર જેવડી ગોળી કરવી તે ગોળી પ્રભાતે એક આપવાથી ભયંકર સુળ, અરૂચી, વધ્રાવળ, સંગ્રહણી, ગુલ્મ વાયુ, કફ એટલા રોગોને દુર કરેછે તે ગોળી ઉના પાણીથી લેવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૧૯૮ વડવાનલ રસ.

પારો શોધેલ તો. ૧ વચ્છનાગ શોધેલ તો. ૧ હીંગલોક શોધેલ તો. ૧ અકલકરો તો. ૧ એ સર્વ ઓષડો સમાન ભાગે લેવાં અને હળદર તો. ૬ પીપર તો. ૪ મરી તો. ૪ સુંઠ તો. ૧ ચીત્રક તો. ૪ સિંધવ તો. ૧ **બનાવટ**—વચ્છનાગ, હીંગળોકને ભેળાં વાટવાં પછી બીજા સર્વે ઓષદો કપડછણ કરી ભેળાં વાટવાં પછી લીંબુના રસના પુટ ત્રણ દેવા પછી ગુંજા પ્રમાણે ગોળી કરવી તે ગોળી નંગ ૧ સવારે ઉના પાણી સાથે આપવી એથી સુળ, ઉદર વાયુ, અરૂચી મટે.

નં. ૧૯૯ કાળો રસ.

પારો શોધેલ તો. ૧ ગંધક શોધેલ તો. ૧ એ બેને વાટી દીન બે સુધી કાજલી કરવી પછી ફુલાવેલ ટંકણ તો. ૪ નેપાળો શોધેલ તો. ૭ એરંડી બીજ તો. ૮ સુંઠ તો. ૫ કાળા મરી તો. ૩ નસોતર તો. ૫ હરડે છાલ તો. ૬ એ સર્વ ઓષદો દીન ૭ સુધી ખરલ કરવાં એટલે કાળો રસ થાય. (કાળો રસ જુલાબ લેવાના કામમાં આવે છે.) એ રસમાંથી રતી એકથી બે ઉના જળ સાથે આપવાથી પેટ સુળ, શ્વાસ, ઉધરસ મટે. અફીણના ઝેરવાળાને ચાર રતી દેવાથી ઝેર ઉતરે, હડકીઆ વાને પાંચ રતી દીન ૧૫ ઉના પાણીમાં આપવાથી હડકવા ટળે. પાંડુ રોગવાળાને રતી ચાર દેવાથી પાંડુરોગ મટે. તાવવાળાને રતી બેઉના પાણી સાથે આપવાથી ઉષ્ણજ્વર, શીતજ્વર, ત્રસજ્વર, જીર્ણજ્વર, ટળે. કોડ, પીત, ટાંકી સનેપાત, મળવીકાર, અરૂચી, વધ્રાવળ, બંધકોશ, શીળસ એવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરદો ઉપર આ રસ ઉતમ છે.

નં. ૨૦૦ સુળ ઉપર લેપ.

એરંડીઆના બીજ તો. ૧ ગોળ તો. ૦ાા સંચળ તો. ૧ કાળા તલ તો. ૧ ગુગળ તો. ૧ કસુબો તો. ૧ દેવદાર તો. ૧ ઘરનો ધુસો એક હીરાબોળ તો. ૧ હીંગ તો. ૦। એ સર્વે ઓષદોને પાણીમાં વાટી લેપ કરવાથી પાસાની શુળ મટે.

નં. ૨૦૧ ગુલ્મવાયુના ઉપાયો.

સાજીનું સત્વ તો. ૫ જવખાર, ટંકણખાર, સંચળ, સીધાલુણ, કાચલવણ, બીડલવણ, પાપડીઓખારો એ સર્વે ઓષદો સમભાગે લઈ જીણાં વાટી વસ્ત્ર ગાળીત કરી પ્રભાતે તો. ૦ાા કુવારના ગર્ભમાં તથા બીજોરાના ગર્ભમાં આપવું. એમ દીન ચૌદ કરવું પથ્ય, ચુરમાનો લાડુ ખવરાવવો. ઓષદ ચોમાસુ અને શીયાળામાં ખવરાવવું એથી પેટની સર્વે પ્રકારની ગાંઠો ટળે.

નં. ૨૦૨

અજમો શે. ૧ ઝેરકોચલા શે. ૧ તેને ગાયના મુત્રમાં દીવસ ત્રણ પલાવવા પછી તેને કાહાડીને ઉપર છાલ ઉખેડી નાંખવી અને તેના જીણા કડકા કરી તેને ઘીમાં તળી નાંખવા પછી તેની સાથે સુઠ તો. ૧૦ સીંધવ તો. ૧૦ ખારો તો. ૧૦ સાજીખાર તો. ૧૦ સંચળ તો. ૧૦ હેમજ તો. ૧૦ વધારણી તો. ૧ એ સર્વે ઓષદો ખાંડી જીણાં વાટી કપડછાંણ કરી તેમાંથી તો. ૦ાા પ્રભાતે અને તો. ૦ાા સાંજે ઉના પાણીથી ખાવું ઉપર પથ્ય. મગ, ચણા, અડદ, કઠોળ ખાવું એમ દીવસ ૨૮ ઓષદ ખવડાવવું એથી આઠ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની પેટની ગાંઠ, બરોલ આફરા, વા, અગ્નીબંધ, બંધકોશ ને ઉલટીને ટાળે.

નં. ૨૦૩

નં. ૬૫-૬૬-૬૮ ની દવાઓ આ રોગ ઉપર કામમાં આવેછે.

નં. ૨૦૪

ગરમ દુધ કરી તેની અંદર એરંડીયુ તેલ અને હરડેનું ચુરણ તો. ૦ાા નાંખી પીવાથી જુલાબ લાગે એમ દીવસ ૧૫ કરવાથી ગુલ્મરોગ ટળે.

નં. ૨૦૫ હીંગવાદી ચુર્ણ.

હીંગ શેકેલી, પીપરીમુળ, ધાંણાજીરૂ, વજ, ચવક, ચીત્રક, કચુરો, આમળવેટસ સંચળ, સીંધાલુણ, જવખાર, સાજીખાર, અનારના બીજ હરડેછાલ, પુશકરમુળ એ સર્વે ઓષદો સમાન ભાગે લેઈ કુટી કપડછાંણ કરી આદાના રસના પુટ સાત દઈ તથા બીજોરાના રસના પુટ સાત દેવા પછી તે ચુર્ણમાંથી તો. ૧ લેતો. આફરો સગ્રહણી ઉદાનવર્ત, ઉદર, ઉરૂષસ્તંભન, ઉન્માદ, સુળ, એટલા રોગો નાશ થાયછે.

નં. ૨૦૬ વજ્રક્ષારચુરણ.

સિંધાલુણ, કાચલવણ, બીડલવણ, જવખાર, સંચળ, સુવા, સાજી, એ સર્વે ઓષધો સમાન ભાગે લેવા અને તેને વાટી બારીક કરી થોરના દુધમાં દીવસ ત્રણ પલાળી તેને તડકે સુકાવી પછી તેને આકડાના પાનમાં વીંટી મટોડીના વાસણમાં મુકીને ગજપુટ અગ્ની દેવો પછી તેમાં સુઠ, કાળાંમરી, પીપર, ત્રીફળા, અજમોદ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીરૂ, ચીત્રક એ સર્વે ઔષધો વાટી બારીક કરી ઉપરના ઔષધો ને મેળવી દેવા પછી તેમાં તો. ૦ાા ગરમ પાણી અથવા ગાયનાં મુત્ર સાથે આપવું કે તેથી ગોળો સુળ, અજીર્ણ, સોજો અને મંદાઅગ્ની, ઉદાનવર્ત, કીઓ, ગુલ્મ એ રોગોને દુર કરેછે.

નં. ૨૦૭ કંકાયણ ગુટીકા.

અજમો તો. ૧૬ જીરૂ તો. ૫ ધાણા તો. ૫ મરી તો. ૫ કંડાછાલ તો. ૫ અજમોદ તો. ૫ કાળીજીરી તો. ૫ શેકેલી હીંગ તો. ૬ જવખાર તો. ૮ સાજીખાર તો. ૮ પંચલવણ તો. ૮ નસોતર તો. ૮ કચુરો તો. ૧૦ પુશકર મુળ, વાવડીંગ, અનારના દાંણા, હરડેની છાલ ચીત્રક, આમળવેટસ, સુઠ, એ સર્વે ઔષધો તો. ૧૦ લેવા એ સર્વે ઔષધોને ખાંડી બારીક કરી બીજોરાના પુટ ૧૦ દેવા પછી તેમાંથી તો. ૧ ની ગોળી એ કરવી તે ગોળી એક ઘીની સાથે ખાવી તેથી ગુલ્મરોગ દુર થાય, દુધ સાથે લેવાથી પીતનો ગોળો, અને મધ્ય ( દારૂ ) ની સાથે લેવાથી વાયનો ગોળો, દસમુળના કાહાડા સાથે લેવાથી કફનો ગોળો દુર થાયછે, તથા ત્રીદોષનો ગુલ્મ, હૈયાનો રોગ, સંગ્રહણી સુળ, ક્રમી, એ રોગો દુર થાય.

નં. ૨૦૮ બરોળના ઊપાયો.

નં. ૨૮—૬૮—૧૯૭ ની દવાઓ આરોગ ઉપર કામમાંઆવેછે.

નં. ૨૦૯ મુત્રકૃચ્છના ઉપાયો.

એલચી, પાશણભેદ, રેવંચીની, સુરોખાર, જેઠીમધ, સાકર એ ઔષદો સમાન ભાગે લેઈ તો. ૧ પ્રભાતે બકરીના દુધની સાથે ખાવું એથી મુત્ર જુલાબ થાય અને ઇંદ્રીની ગરમી ટળે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૧૦

ગોખરૂ, જેઠીમધ, ગરમાળો, હરડે, એ સર્વે ઓષધો અડધો અડધો તોલો લઈ તેનો ક્વાથ કરી મધની સાથે પીવો તેથી મુત્ર-કચ્છ ટળે.

નં. ૨૧૧

જવખાર તો. ૦।। સાકર તો ૨ એનું પાણી કરીને પીવું તેથી મુત્રકચ્છ મટે.

નં. ૨૧૨

ત્રનુમુળ, હેમજ, એનો ક્વાથ કરી પીવાથી મુત્રકચ્છ ટળે.

નં. ૨૧૩

પાશણભેદ, એલચી, સુરોખાર, હેમજ, જીરૂ, ગુલાબના ફુલ, સાકર એ સર્વે ઔષદ અડધો અડધો તોલો લઈ બારીક કપડ-છાંણ કરી તોલો ૦।। ની ફાકી ભરવી ટાડા પાણી સાથે એથી પાણવી, મુત્રકચ્છ, તણખીઓ ટળે.

નં. ૨૧૪

કેસુડાં પેડુની ઉપર બાધવાથી મુત્રકચ્છ ટળે.

નં. ૨૧૫

નં. ૯૮ ની દવાઓ આ રોગ ઉપર કામમાં આવેછે.

નં. ૨૧૬

પારો તો. ૧ ગંધક તો. ૪ તેને ખરલ કરી કજલી કરવી પછી માટીના વાસણમાં નાંખીને ૦। તોલુ ટકણખાર દુધમાં વાટી સંપુટ બંધ કરવું પછી તેને ગજપુટ અગ્ની દેવો, થયા પછી ઉતારી બહાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢી નાખવું પછી ગુંજાએ ને પ્રમાણે ઘીની સાથે આપવું તેથી મુત્રકૃચ્છ મટે, વીશેષ–મરી તો. ૪ જાઇના મુળ તો. ૧ બકરીનાં દુધની અંદર સીજાવી તેની સાથે ઉપરનો ઓષધો ભેળી ખરલ કરવાથી અતી ઉત્મ થાયછે.

નં. ૨૧૭

કપુરને પાણીમાં વાટી જીણુ કપડુ માંહી ભીંજાવી તેની બતી કરી સુકવી ઇંદ્રીમાં મુકે તો મુત્ર કૃચ્છનો રોગ જાય.

નં. ૨૧૮

ધાણા તથા ગોખરૂ સુવા રૂપૈઆભાર લઈ તેનો કહાડો કરી અછેર પાણી રાખી તેમાં ઘી શેર ૧ નાખી ઉકાળીને પાણી બાળી નાંખતાં જે ઘી રહે તેમાંથી રોજ સવાર સાંજ બે રૂપૈઆ ભાર ઘી ખાયતો મુત્રકૃચ્છ, મુત્રઘાત, ધાતુનો દોસ નાશ પામે.

નં. ૨૧૯

મોટા આંબળાં નંગ ૧૦ ખરંટી તો. ૫ ચીત્રક. ઇંદ્રવરણાની જડ, ગોરીસર, દરેક તોલા ૨ાા ત્રીફલા મઉડાં દરેક તો. ૫ પીપર તો. ૨ાા દ્રાક્ષ પાશેર સર્વને અધકચરાં કરી ાા મણ પાણીમાં ઉકાળવાં પાણી બળતાં પાંચશેર રહે ત્યારે ઉતારી ગળી નાખવું તેમાં ઘી શે. ૫ ને આશરે નાખી ફરીથી ચુલે ચઢાવવુ તમામ પાણી બળી જાય એટલે નીચે ઉતારી તેમાં શે. ાા ને આશરે વંસલોચન નાખી નવટાંકને આશરે પાક રોજ ખાય તો, વીર્યદોસ, નપુંસક પણાનો દોશ, મુત્રઘાત, યોનીના રોગ, મુત્રકચ્છ, ઇ. રોગો દુર થાયછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૨૦

ત્રીફલા તો. ૨ાનો ક્વાથ કરી તેમાં શે. ૦ા દુધ; થોડો ગોળ નાખી રોજ પીએ તો મુત્રઘાતનો રોગ જાયછે.

નં. ૨૨૧

કાકડીના બીજ, ત્રીફલાને સીંધવ ત્રણે દરેક તો. ૨ા લેઈ વાટીને તો. ૧ાને સુમારે ગરમ પાણીમાં પીએ તો એ રોગ મટે.

નં. ૨૨૨

જો પીશાબમાં બળતરા બળતી હોય અને ગરમ ઊતરતો હોય તો ચંબેલીની જડ તો. ૦ા બકરીના દુધમાં ઘસીને પીએ તો આરામ થાય.

નં. ૨૨૩

કમળની જડ તો. ૦ા ગૌઊમુત્રમાં તલ નાંખી પીએ તો મુત્રકૃચ્છનો રોગ જાય.

નં. ૨૨૪ **પથરીના ઉપાયો.**

સુઠ, અરણી, પાસણભેદ, ગરમાળાનો ગોળ, કાંટાળા ગોખરૂ, એરંડાની છાલ, સમભાગે લેઈ અધકચરાં કરી ૨૨ા ભારનો ક્વાથ કરવો તેમાં થોડીક સેકેલી હીંગ, જવખાર, તથા સીંધવ નાંખી દરદી પીએતો પથરી, મુત્રકચ્છ, હરસ, પેટના વાયુ, ઉપદંશ વીગેરેને દુર કરે, અગ્ની દીપે અને ભુખ બહુ લાગે.

નં. ૨૨૫

નં. ૧૯૦ દવા આ રોગ ઉપર લાગુ પડેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૨૬

એરંડાની જડ, એલચી, પીતપાપડો, પીપર, મહુડાં, ગોખરૂ, અડુસો, પાષણભેદ સમભાગે લઈ ૨૨ા ભારનો કાહાડો કરી તેમાં થોડો સીલાજીત નાખીને પીએતો પથરી તથા મુત્રકચ્છને ફાયદો કરે.

નં. ૨૨૭

ગોખરૂ તો. ૨ા ખાંડી કુટી તેમાં થોડુક મધ, બકરી અથવા ગાડરના દુધમાં મેળવી પીએતો પથરીનો રોગ જાય.

નં. ૨૨૮

ચંદન, હરડાછાલ, આદાનોરસ તથા જવખાર સમભાગે ખાંડી કુટી થોડીક હીંગ સેકેલી નાંખી રૂપૈઆ ભારને આશરે પીએ તો પથરીના રોગ જાય.

નં. ૨૨૯

ગોલ તો. ૫ હળદર તો. ૨ા કાંજીમાં અકેક માસો નાંખી પીએ તો પથરીના કડકા થઈ પીશાબ વાટે નીકળી જાય.

નં. ૨૩૦

તલના સાંઠાની રાખ, દુધ, મધ તથા સંચળ, દરેક તો. ૦ા લઈ જલદ દારૂ નાંખી પીએ તો પથરીનો રોગ જાય.

નં. ૨૩૧

કાકડીના મુળ તથા ગોળ તો. ૧ા લઈ રાત્રે પાણીમાં પલાળી સવારે વાટી ગુટી દીવસ દસ પીએતો પથરીનો રોગ જાય.

નં. ૨૩૨ પ્રમેહના ઉપાયો.

આંબળાં તો. ૨ા હળદર તો. ૦ા રાતે પલાળી મુકીને પ્ર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાતે વાટી પાણીને ગળી સાકર તો. ૧ મધ તો. ૧ નાંખી પીવું. એથી સર્વ પ્રકારના પ્રમેહ મટે.

**નં. ૨૩૩**

ગળોનુ સત્વ તોલો ૧ એરસાર તોલો ૧ સાકર તો. ૫ તેની ફાકી કરી તોલો અડધ પ્રભાતે રોજ ખાવું તેથી સર્વ પ્રકારના પ્રમેહ જાય.

**નં. ૨૩૪**

ગોખરૂ અને ગળોને વાટી તેનો રસ કહાડવો તેની અંદર સમાન ભાગે સાકર નાંખી તો. ૧ રોજ પ્રભાતે પીવું એમ સાત દીવસ સુધી કરે તો પ્રમેહ ટળે.

**નં. ૨૩૫**

હરડેછાલ, કાયફળ, નાગરમોથ, લોદર, સમભાગે લેઈ તેમાંથી ૨૨ાા ભારનો ક્વાથ કરી થોડુક મધ નાંખી હમેશાં પીએ તો પીતપ્રકોપનો પ્રમેહ દુર થાય.

**નં. ૨૩૬**

વાસી પાણીમાં દ્રાક્ષનો સરબત કરી તેમાં ચંદન ઘસી ડોળીને પીએ તો પ્રમેહ જાય.

**નં. ૨૩૭**

કમળની જડ, ઇંદ્રજવ, આમલીનાં છોડાં, ધાવડીની છાલ, આમળાં, લીંબોરી સમભાગે લેઈ તેનું ચુર્ણ કરી તેમાંથી ૨૦ાા ભાર સાકર નાંખી પીએતો પીતનો પ્રમેહ જાય.

**નં. ૨૩૮ મધુ પ્રમેહના ઉપાઓ.**

પ્રથમ સાધારણ જુલાબ દેવો. જુલાબ, કપીલો, સુઠ, પીપર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નસોતર, હરડે એ વાટીને એનું ચુર્ણ કરી પ્રભાતે. ટાંક ૦॥ લેવું એથી જુલાબ લાગશે ઉપર પથ્ય, કમોદના ચોખા ગાયના દહીની સાથે ખાવા આપવા.

નં. ૨૩૯

ગાયનું દુધ શે. ૦॥ પાણી શે. ૧ ભીલામાં નં. ૩ લેઇને તેને જીણા કડકા કરવા ખોખરાં કરી દુધની અંદર નાંખી અગ્નીએ પકાવવા પાણી બળી જાય ત્યારે એકલું દુધ રહે ત્યારે તે દુધમાંથી દુધ શેર ૦। લેવું તેને ચીનાઈના વાડકાની અંદર ઠારીને પીવું, તેમજ બીજે દીવસે દુધ શે. ૧ ભેસનું ને પાણી શે. ૨ ભીલામાનાં ૪ ઉપરની રીત પ્રમાણે દુધની સાથે ભીલામા પકાવી ભીલામા કાહાડી બાકીનું રેહેલુ દુધમાંથી ૦। શેર પ્રભાતે પીવું એમ દીવસ ૨૧ કરવું અને પ્રત્યેક દીવસે એક એક વધારે ભીલામુ લેવું જેમ ચઢવું તેમજ ૨૧ દીવસે ઊતરવું અને દુધ પીતે જવું તેથી મધુ પ્રમેહ ટળે, આ ઔષદ જ્યાં સુધી ખવાતુ હોય ત્યાં સુધી સ્ત્રી સંગ કરવો નહી અને **પથ્યમાં** ઘઉની થુલી ને દુધ ખાવું તેથી મધુ પ્રમેહ જાય આ પ્રમેહ ઊપર બંગ મારેલ પણ આપવામાં આવેછે.

નં. ૨૪૦

વંસલોચન, કચુરો, પીપર, ચંદન, પાસણભેદ, સોનામુખી, શીલાજીત સર્વ બરાબર વજને લેઈ બારીક વાટી તેમાંથી ૩॥ભાર ચુર્ણ તથા નવટાંક મધ નાંખી ગાયના દુધ સાથે પીએ તો મુત્રરોધ, તથા મધુ પ્રમેહ મટે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નં. ૨૪૧ ચંદ્રપ્રભા ગુટીકા.**

ધાણા પીપરીમુળ, અવક, જવખાર, સાજીખાર, સીંધવ, સંચળ, વરાગકુમીઠુ, ચીત્રક, ગજપીપર, દારૂહળદર, હળદર કરીઆતુ નાગરમોથ, કચુરો. વજ, લોઢાનોસાર દેવદારૂ, ત્રીફળા, દરેક તોલો અડધો અડધો શોધેલો ગુગળ, શોધેલો શીલાજીત દરેક તો. ૨ સાકર તો. ૧ સર્વેને અલગ વાટી ગુટી એકત્ર કરવાં પછી તેમાં પારો. ગંધક, અબરખ, દરેક તો. ૦ાા લેઈ વાટીગુટીને કાજલી કરી મેળી દેવા તેમાંથી બે માસાને આશરે મધમાં લેતો. સર્વ પ્રકારના પ્રમેહ, હરસ, ક્ષય, ધાતુક્ષય, આંખના રોગ, દાંતનારોગ પાડુંરોગ, સુળ, ઉદરરોગ, મુત્રકૃચ્છ, મુત્રઘાત, બરોળ, ઉધરસ, કોડ, ઇ. રોગોને બહુ ફાયદો કરે.

**નં. ૨૪૨**

ત્રીફળા, કઉચબીજ, નાગકેસર, તુકમરીઆ, એલચી, લવીંગ, તજ, ધાણા, જીરૂ, આ સર્વને વાટીને તેમાં ઘી સાકર મેળવીને લાડુ બનાવીને દરરોજ એક પ્રભાતે ખાયતો દરેક તરેહના પ્રમેહ દુર થાય.

**નં. ૨૪૩ મેદરોગના ઉપાયો.**

સુંઠ, મરી, પીપર, ચીત્રક, ત્રીફલા, નાગરમોથ, વાવડીંગ, એ સર્વ ઔષધો સમાન ભાગે લેઈ ખાંડી એનો કાહાડો કરવો. તે કાહાડાની અંદર પા તોલો ગુગળ નાંખી પીવું તેથી મેદરોગ જાય.

**નં. ૨૪૪**

અવક, જીરૂ, સુઠ કાળામરી, પીપર, શેકેલીહીંગ, સંચળ, લુણ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સર્વે ઓષધો સમાન ભાગે લેઈ તેની અંદર પા તોલો યવાન નાંખી દસ દીવસ સુધી પીએ તો મેદરોગ જાય.

નં. ૨૪૫

વાવડીંગ, સુઠ, જવખાર, પીપર, એ સર્વે ઓષદો સમાન ભાગે વાટી તેમાંથી ટાંક ૧ લેઈ આંબળાના ચુર્ણની સાથે મીલાવી ખાવાથી મેદરોગ જાય.

નં. ૨૪૬

ત્રીફલા, વાળો, નસોતર, ચીત્રક, અડુસો, લીંબડાની અંતરછાલ, ગરમાવાનો ગોળ, પીપરીમુળ, હળદર, આબા, હળદર, લવીંગ ગળો, ઇંદ્રવરણીના ફળ, પીપળ, કુટ, સુઠ, એ સર્વ ઓષધો સમાન ભાગે લેઈ એ ઓષધથી બમણુ સરશીયું તેલ લેઈ તેની અંદર બીજા ઓષધો નાંખી પકાવી તેને ગાળી તેનો શરીરે લેપ કરવો તેથી મેદરોગ જાય.

નં. ૨૪૭

બોલીનામુળ, એરંડીઆનામુળ, ડીકુનામુળ પાહાડમુળ એ પાંચ ઓષધો ખાંડી કાહાડો કરી તો. ૦ll મધ નાંખી પીવાથી મેદરોગ દુર થાય.

નં. ૨૪૮ ઉદરરોગના ઉપાયો.

## નારાયણચુરણ.

ચીત્રક ત્રીફલા, સુઠ, મરી, પીપર, જીરૂ, વેખંડ, અજમોદ, પીપળીમુળ, કચુરો, ધાંણા, વાવડીંગ, કાળીપાટ, સંચળ, બીડખાર, સમુદ્રમીઠું, વાંગડખાર, કોઠ, એ ઓષધો સમાન લેવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નસોતર, ત્રણગણું લેવું. એ સર્વે ઓષધો ખાંડીવાટીને તો. ૦॥ મધ સાથે આપવું તેથી રદયરોગ, પાંડુરોગ, અગ્નીમંદ ગુલ્મ, એ રોગ જાય.

**નં. ૨૪૯ દસમુળી ક્વાથ.**

સાલવણ, પીઠલવણ, પાહાડમુળ પીપર, અરણી,બીલીનો ગર્ભ ગોખરૂ ઉભીરીંગણી, બેઠીરીંગણી, આપટો, ખાખરો, સમભાગે લઈ ૨॥ ભારનો લઈ સવાર સાંજ એરંડીયુ નાંખી પાયતો પેટનું વાતોદય મટે. પણ આ દરદીને ઝાડો હોય તો જુલાબ આપવો નહી.

**નં. ૨૫૦**

ત્રીફલા તો. ૨॥ ને ક્વાથ કરી ગૌમુત્રમાં નાંખી પીએ તો ફાયદો થાય.

**નં. ૨૫૧**

લસણ તો. ૧ ભાર અને પાણી તો. ૬ ભાર વાટી ખુબ ઉકળવું ને પછી નીચે લખેલી દવાઓ નાંખવી. સુઠ, દાંતીમુળ. અજમો, ગજપીપર, ત્રીફલા, સંચળ, પીપર, બીડલવણ, કાળમરી નસોતર, જીણાં બારીક વાટી પેલા કાહાડામાં નાંખવા તેમાં તેલ શે. ૦ ને આશરે નાંખી ધીમી આંચે પાણી બળી જાય ને તેલ રહે ત્યાંસુધી પકવવું. પછી તેમાંથી ૨॥ ને આશરે તેલ પોતાની શકતી માફક હમેશાં સવારે પીએ તો સર્વે પ્રકારનો મુત્રકચ્છ, ઉદરરોગ, ઉદાવર્ત, અંડવૃદ્દી, કેડોમાં સુળ, મરડાનીસુળ, અરૂચી, બરોળ, સર્વવાયુના રોગને એક માસની અંદર દુર કરે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૫૨

ચવક, ચીત્રક, સુંઠ, દેવદાર, એ સર્વ ઓષધો સમાન ભાગે લઈ તેનો કાહાડો કરી તે સમાન ઔષધોના પ્રમાણ મુજબ નસોતરનું ચુર્ણ નાંખવું પછી તે કાહાડમાંથી તો. ૧ સવારે પીવું તેથી ઉદરરોગ દુર થાય.

નં. ૨૫૩

પીપરીમુળ, ચીત્રક, ત્રણે અધેલી ભાર લઈ, ગરમ દુધની અંદર એક માસ સુધી પીએ તો ફાયદો થાય.

નં. ૨૫૪

સુઠ, મરી, પીપર, જવખાર, સીંધવ, દરેક અઢી તોલા લઈ ચુર્ણ કરી ગરમ પાણી સાથે ફાકે તો સનેપાતનો ઉદરરોગ જાય.

નં. ૨૫૫

સુઠ, ત્રીફલાનો કાહાડો, દહીમાં કરી તે ખાયતો ઉદરરોગ જાય.

નં. ૨૫૬ ચીત્રકચુર્ણ.

ચીત્રક, સુઠ, હીગ શેકેલી, પીપર, પીપરીમુળ, ચવક, અજમોદ, મરી, એ સર્વ ઓષધો સમાન ભાગે લેવા અને સાજીખાર, જવખાર સીધવ, સંચળ, બીડલવણ, સમુદ્રલુણ, બંગડીખાર, એ સાત ઓષદો તોલો તોલો લેવા એ સર્વ ઔષધો વાટીને બીજોરાના રસની અંદર નાંખી એક કપડપટ કરવો પછી તેને ગજપુટ અગ્ની આપવી તે પછી તે ઓષધ કાહાડી વાટી તેમાંથી તો. ૦ા આપવાથી સર્વ પ્રકારના ઉદરરોગ જાય. નં, ૬૬-૬૭-૬૮-૧૬૭-૧૯૩ ૨૦૦ એ દવો આ રોગ ઉપર કામમાં આવેછે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નં. ૨૫૭ જળોદરના ઉપાયો.**

પીપર નં. ૧૦૦ ને થોરના દુધના પુટ સાત દેવા હરડેના ચુર્ણના પાણીમાં તથા દુધેલીના રસમાં સાતપુટ દઈ હમેશાં તો.૧ ગૌમુત્ર સાથે લેતો જળોદર ઈ. સર્વ ઉદર રોગોને ફાયદો કરેછે.

**નં. ૨૫૮**

ગંધક, મોરથુથુ, પીપર, હરડેદળ સમભાગે લેઈ વાટી ઘુંટી થોરના દુધમાં દીવસ પાંચસુધી, અને ગરમાળાના ગોળમાં પાંચ દીવસ ખરલ કરી તેમાંથી માસો ૧ ગરમ પાણી સાથે હમેશાં લેતો જળોદર મટે તે ઉપર ચોખાને આંમલીનું સરબત ખાય તો સારૂ

**નં. ૨૫૯**

સુંઠ, કાળામરી, ટંકણખાર, સાજીખાર, પંચલુણ, પીપર, સર્વેને બરાબર વજને લેઈ તેની બરાબર નેપોળાના બીજ ખાંડીને દાંતી મુળના ઉકાળાના ત્રણ પુટ તથા બીજોરાના રસના ઉકાળાનો ત્રણ પુટ દઈ ખુબ ખરલ કરવું તેમાંથી હમેશાં ૦ા રતી પ્રમાણે લેઈ ખાય સર્વે પ્રકારના ઉદર રોગ, બરોળ, ગોળો આફરો, શુળ, હરસ, વીગેરે દરદોને દુર કરે તેમ સર્પદંસ ઉપર આંખમાં આંજેતો બહુ ફાયદો થાય.

**નં. ૨૬૦**

આકડાનું દુધ તો. ૫ કડાનીછાલ તો. ૫ ચીત્રક, પીપર, સંભાવસી, કમળની જડ, નસોતર, હરડેદળ, કપીલો, દરેક તો. ૨ા ગાયનું ઘી શેર. ૨ થુવેરનું દુધ પાશેર સર્વે ઓસધો ખાંડીને ઘી સહીત આઠ શેર પાણીમાં અગ્નની ઉપર આંચ દેવી બધુ પાણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળી જઈ ફક્ત ઘી રહે ત્યારે ઊતારી રાખી મુકવું તેમાંથી દરદીની સકતી પ્રમાણે જેટલા જુલાબ ખમી શકાય તેટલાં ટીપાં ઘીના આપવાં તેથી તમામ જાતનો ઊદર રોગ, ભગંદર, ચીન્જે, ઇ. રોગોને દુર કરે.

નં. ૨૬૧ સોજાના ઉપાયો.

નં. ૨૫૪ની દવાઓ રોગ ઊપર કામમાં આવેછે.

નં. ૨૬૨

સોટાડી, સુંઠ, લીબડાની અંતરછાલ, પટોળ, કડુ, ગળો, દારૂહળદર, હરડે એ સર્વે ઓસધો તોલા એકેક ને આશરે લેઈ પડી સાત બનાવવી તેમાં એક પડીનો ઉપર કહેલી રીત પ્રમાણે કાહાડો કરી દીન સાત પીવો તેથી શરીરે સોજા મટે પથ્ય— બાજરો આપવો.

નં. ૨૬૩

હરડે મોટી તો. ૦ાા તેને તુના ફળમાં ઘાલી કપડા મટી આપી અગ્નીમાં પકવવું એમ સાત ત્રફળમાં હરડેના ઉપર કહેલી રીત સાત પટ, દેવા, તે પકાવેલી હરડે, દેવદાર, સુઠ, આંબાહળદર, સોટાડી, બકરીના બચ્ચાના મુત્રમાં ભેળીને દીન સાત પ્રભાતે તો. ૦ાને આસરે પીવું એથી સોજો ઉતરે.

નં. ૨૬૪

અરણીનોરસ, ધંતુરોનોરસ, એરંડાના પાંનનોરસ, સરસીયુ તેલ તેમાં ભેળીને શરીરે મરદન કરવું એથી સર્વ સોજા ઉતરે, અને સોજાવાળાને અતીસાર થયો હોયતો તે જીવે નહી. સોજાવાળાને પથ્ય, ખટાશ ખાવા દેવી નહી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૬૫

સુંઠ, સાટોડીનામુળ, એરંડાની છાલ, પીપર, પીપરીમુળ, ચવક, ચીત્રક દરેક તોલો અડધો અડધો લેઇ ૨૨ા ભારનો ક્વાથ કરી હમેશાં પીએ તો વાયુ પ્રકોપનો સોજો દુર થાય.

નં. ૨૬૬

પટોળ, ત્રીફલા. લીબડાની અંતરછાલ, દારૂહળદર દરેક રૂ૧ ભાર લેઈ ક્વાથ કરી તેમાં થોડોક ગુગળ નાંખી હમેશાં પીએ તો, પીતપ્રકોપનો સોજો મટે.

નં. ૨૬૭

પીપર અથવા હરડેને થોરના દુધમાં ત્રણ દીવસ સુધી પલાળી છએ સુકાવી વાટી તેમાંથી ચુર્ણ તો. ૦ા લેવું એમ દીવસ દસ સુધી ઔષધ ખાધાથી પીતનો સોજો જાય.

સાટોડીનામુળ, દારૂ, હળદર, ગળો, મુઠ, ગોખરૂ, એ સર્વ ઔષધો સમાન ભાગે લઈ તેમાંથી ચુર્ણ તો. ૧ ને આશરે લેવું ઉપર ગૌમુત્ર પીવું તેથી સર્વ શરીરમાં ફેલાઈ ગએલો સોજો આઠ પ્રકારના ઉદરરોગ ટળે.

નં. ૨૬૮ આંતરગળના ઉપાયો.

તમાકુંનુ પાન લીલુ તેના ઉપર મીંધ લગાવી બાંધવાથી અંડવૃધી મટે અથવા સેલારસને તમાકુના પાન ઉપર લગાવી બાંધવાથી તે રોગ મટે અથવા દુધ તો. ૧ અને તો. ૦ા એરંડી. યુંતેલ નાંખી એક મહીનો પીવાથી તે રોગ મટે. તેમજ ગુગળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો. ૦ાા એરડીયુ તેલ ૦ાા ગૌમુત્ર તો. ૧ ની અંદર પીવાથી પીતની અંડવૃધી મટે.

નં. ૨૬૯

સુઠ, મરી, ત્રીફલા, પીપર, એ સર્વે ઔષધો સમાન ભાગે લઇ તેને ખાંડી તેનો કાહાડ્રો કરી અડધો તોલું જવખાર અડધુ તોલું સીધાલુણ નાંખી પીવાથી કફની અંડવૃધી ટળે.

નં. ૨૭૦

એરીઆ ગુંદર તો. ૫ વજ તો. ૧ સુઠ તો. ૫ સાકર તો. ૮ ગાયનું દુધ તો. ૮ એ સર્વે ઔષધો મેળવી તેમાંથી તો. ૧ હમેશાં એકવીસ દીવસ સુધી ખાવાથી અંડવૃધી મટે.

નં. ૨૭૧

રાસના—ગળો, એરંડોઆના મુળ, ખરેઠી, ગરમાળાનો ગોળ, ગોખરૂ પટોળ અડુસો, એ સર્વે ઔષધો સમાન ભાગે લઈ તેનો કાહાડો કરી તો. ૦ાા એરંડીયુ તેલ નાંખી પીવાથી અંડવૃધી મટે

નં. ૨૭૨

હરડેદળ, લવીંગ, સોનામખી, સાકર, એ સર્વે ઔષધો સમાન ભાગે લઈ તેમાંથી તો. ૧ ખાવાથી અંડવૃધી મટે.

નં. ૨૭૩ સારંગગાંઠના ઉપાયો.

અંડવૃધી—આંતરગળ તથા સારંગગાંઠના ઔષધો આંતરગરના ઉપાયોમાં જુઓ.

નં. ૨૭૪ બદના ઉપાયો.

હરડેછાલ—પીપર સીંધવ, સમભાગે લઈ વાટીગુટી એરડી-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાના તેલમાં તળીને રૂ૧ા ભારની ફાકી ભરે તો બદનો રોગ જાય.

નં. ૨૭૫

કીરૂપ, ગાડરના દુધમાં ઘસીવાટીને લેપ કરે તો બદ મટે.

નં. ૨૭૬

સાદા મલમને પારાની પટીમાં લગાવી ચોડે તો બદ મટે.

નં. ૨૭૭ કંઠમાળના ઉપાયો.

કંઠમાળની ગાંઠને પ્રથમ પકાવવી અને પછી ખાર મુકીને ફોડવી હવે કેળાંથી અથવા ઘઉની પોટીસથી યા ચણાના આટાની પોટીસ કે અળશીની પોટીસ મુકી ગાંઠને પકાવવી.

નં. ૨૭૮

ગુગળ તો. ૫ નો ક્વાથ કરી તેમાં જળભાંગરાનો રસ તો. ૫ નાંખી તેમાં તેલ તો. ૪ નાંખી ધીમી આંચે પકવવું. જ્યારે રસ બની રહે અને તેલ રહે તેને ઉતારીને સીંદુર નાંખી તેના ઉપર લેપ કરે તો કંઠમાળ જાય.

નં. ૨૭૯

સુઠ, પીપર, મરી, વાવડીંગ, જેઠીમધ, સિંધાલુણ, દેવદાર, એ ઓષધો સમાન ભાગે લઈ ખાંડી તેની અંદર તેલ નાંખી તેને પકાવી તેનો નાસ લેવાથી કંઠમાળ જાયછે.

નં. ૨૮૦

ગાંઠ ફાડવાને માટે ખાર બનાવાનો વીધી.

ચુનો શેર ૧૦ વગર ફાડેલો લઈ તેને છાંણા અડકી પકાવવો અને તેની અંદર થોડું થોડું પાણી નાંખી ફોડવો પછી તેમાં સા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાર શેર ૧૦ વાટી નાખવો પછી તેને મટોડીના વાસણની અંદર નાંખી તેમાં મણ બે પાણી નાંખવું તેને લાકડેથી હલાવી તડકે મુકવું એમ દીવસ ચૌદ કરવું. પછી પાણીને હલાવીને દરવખત ગળી નાંખવું પછી તેને લોઢાની કઢાઈની અંદર નાંખી તાપ કરવો અને બધું પાણી બળી રહે ત્યારે હેઠે ઉતારી તેની અંદરનો ખાર લેઈ સીસીની અંદર ભરી મુકવો. પછે તે સીસાને બુચ મારવો ઉપર મીણથી લેપ કરવો જેથી હવા જાય નહીં એ ક્ષારની અંદરથી રતી એક લઈ જે જગ્યાએ મ્હો કરવું હોય તે જગ્યા ઉપર મુકી ઉપરે કાળા મલમની પટી મારવી જેથી કલાક ત્રણની અંદરે ગડ ફોડી તેનું મોંઢુ કરશે.

નં. ૨૮૧ કાળો મલમ બનાવવાની રીત.

સીંદુર શેર ના મોરથુથુ ફુલાવેલ તો. ૧ રાળ તો. ૨ સફેતો તો. ૧૦ કપુર તો. ૨ એ સર્વે ઓષધો ઝીણાં વાટી લોખંડની કઢાઈની અંદર મીઠુ તેલ શેર ના નાંખી તેની અંદર બધાં ઓષધો નાંખવાં પછે તેને ચુલે ચડાવી ગરમ કરીને પાશેર મીણ નાંખવું પછી તેને કપડે ગળી ચીનાઈ વાસણમાં રાખવું તે મલમની પટી ગડ, ગુમડ, આંઠ ૪૦ રોગો પર કામમાં આવેછે.

નં. ૨૮૨

અરૂઝ ચાંદીને રૂઝ લાવવાને માટે અસ્તિનો મલમ.

મનુષ્યના અસ્થી એટલે (હાંડકાં) તો. ૧૦ રાળ તો. ૨ કાથો તો. ૧ હીરાદખણ તો. ૧ સોનાગેરૂ તો. ૧ સફેતો તો. ૧ મોરથુથુ ફુલાવેલ તો. ૧ બોદાર તો. ૧ સેષગુંદર તો. ૧ કપુર તો. ૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીંદુર તો. ૭ એ સર્વે ઓષધો ખાંડી કપડછાંણ કરી તેને લોખંડની કઢાઈની અંદર સરસીયુ તેલ શે. ૨ નાંખી બધો મલમ પકાવવો જો નરમ થાય તો અંદર મીણ નાંખવું પછી તે મલમને કપડા વતી ગળી નાંખી એક વાસણમાં ભરી મુકવું તેની અંદરથી પટી લગાવ્યાથી જે ચાંદી ન રૂઝાતી હોય તેને રૂઝ આપે.

નં. ૨૮૩ ભગંદરના ઉપાયો.

ભગંદર રોગવાળાને ક્ષારવડે રોગની તપાસ કરવી- ભગંદરની ઉપર લીંબડો બાફી બાંધવો મલમ,—શીંદુર, રાળ, મોરથુથુ ફુલાવેલ મુએલ કુતરાના અસ્થીને બાળીને રાખ કરવી તેની અંદર ઉપર કહેલી વસ્તુઓ બારીક કરી નાંખવી પછી તેની અંદર ઘી નાંખી મલમ બનાવવો. તે મલમની પટી આપવાથી ભગંદર રોગ દુરથાય.

નં. ૨૮૪

નં. ૨૭૯ ની દવા આ ઉપર કામમાં આવેછે.

નં. ૨૮૫

મરીગયેલા શીળાની રાખ તો. ૧ માણસના હાડકાની રાખ કાચબાની પીઠની ખોપરીની રાખ, મોરથુથુ ફુલાવેલ, શીંદુર, રાળ એ સર્વે ઓષધો સમાન ભાગે (તોલો એકેક લઈ) તેને ખાંડી ખરલની અંદર વાટી કપડછાંણ કરવું અને પછી તેમાં મીણ પાશેર નાંખવું અને ચુલા ઉપર લોખંડની કઢાઈમાં ઉપર કહેલા સર્વે ઓષધો નાંખી તેમાં તેલ શેર ૦।। નાંખવું પછી તેનો મલમ કરી તેની પટી મારવાથી ભગંદર રોગ દુર થાય. આ રોગ ઘણો અસાધ્ય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૮૬

ચંમેલીના પાંન, વડનાપાન, ગીલોડીના પાન, સુંઠ, સીંધાલુણ એ સર્વે ઓષધો લેઈ વાટી લગાડ્યાથી બગંદરનો રોગ જાય.

નં. ૨૮૭

ગુગળ, ત્રીફળા, પીપર, એ સર્વે સમાન ભાગે લેઈ તેઓને ખાંડીને તેમાંથી તોલો ૧ સવારે લેવાથી બગંદર રોગ દુર થાય.

નં. ૨૮૮

પારો તો. ૭ તાંબાનો મેલ તો. ૪ તે બે ઓષધોને ભેળા વાટી નાંખવા પછી તેને હરીના રસની અંદર પંદર દીવસ સુધી ખરલ કરવો. પછી ત્રાંબાના સંપુટમાં મુકી તેની ઉપર મટોડી લીપી લેવી અને પછી તેને જમીનની અંદર દાટવું. પછી તેની ઉપર આઠ પહોરનો અગ્ની આપવો ત્યાર બાદ તે સંપુટ કાહાડી ઠંડો પાડી તેમાંથી રતી ૩ બાર ઘી સાથે આપવાથી બગંદર જાય ઉપર ત્રીફળાનો કાહાડો પાવો.

નં. ૨૮૯ ઉપદંશના ઉપાયો.

ભાંગરાનો રસ કાહાડીને તેથી ઈદ્રી ધુવે તો ફાયદો થાય. વરીઆળી અને સાકર પીવાથી, ત્રીફળાના કાહાડાથી; તથા કમળના પાણીથી, ધોવાથી ફાયદો થાયછે. આ દરદ ઉપર સાધારણ જુલાબ આપવો તેની વીગત ગુલાબના ફુલ તો. ૧ લેઈ ચોખાની અંદર બાફી ઘી સાકરની સાથે ખાવું પછે બે કલાકે જુલાબ લાગશે. તે બેચાર જુલાબ થયા પછી તે ઉપર ખીચડીને ઘી ખાવું તેથી જુલાબ બંધ થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૯૦

કરીઆતુ, લીંબડાનીછાલ, ત્રીફળા, પટોળ, આખળાં, ખેર-સાર, ગુગળ સમભાગે લેઇ તેનો કવાથ કરી તેમાં ઘી શે. ૧ નાંખી ચુલે ચઢાવી ખુબ પકવવું; પાણી બળી ગયા પછી ઘી રહે ત્યારે તેને ઈંદ્રીપર લેપ કરે અથવા જમતી વખતે ખાય તો ઉપદંશ ટળે.

નં. ૨૯૧

લીબડાનીછાલ, પટોળ, ત્રીફળા, ખેરસાર, કરીઆતુ, ગુગળ સમભાગે લેઈ તેનો કવાથ કરી હમેશા પીએ તો ઉપડંશ મટે.

નં. ૨૯૨

મોરથુથુ તો. ૧ હીમજ તો. ૧ એ બે ઓષધીને લીંબુના રસમાં વાટવી દીવસ ત્રણ સુધી; પછી તેની ચીણીબોર જેવડી ગોળી કરવી અને તે ગોળી દીવસમાં બે વખત ઘૃત અથવા દહીંમાં ખાવી માસ બે સુધી તો ઉપદંશ ટળે.

નં. ૨૯૩ પાઠાના ઉપાયો.

પાઠાને પહેલા પકાવવું અથવા બાળવું. અલશીની પોટીસથી અથવા લીંબડો બાફીને બાંધવાથી અથવા કેળાને ખાંડ બાંધવાથી પાકશે અથવા કાળા મલમની સાથે ખાર મુકી પાઠાને પકાવી ફોડવું પછી તેના ઉપર મલમની પટી લગાવવી. મલમની બનાવટ નવસાર તો. ૦ાા સંખીઓ સોમળ તો. ૦ાા ચુનો તો. ૦ાા પાપડીઓખારો તો. ૦ાા એ સર્વે ઔષધ સમાન બાગે વાટી તેની લુગદી કરી પાઠાના મોંઢા ઉપર બાંધવાથી પાઠુ રૂઝાય તે મલમ એકવીસ દીવસ સુધી લગાવવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૨૯૪

રસકપુર, હીંગળોક, મોરથુથુ ફુલાવેલ, કપુર, સોનાગેરૂ, સફેતો, હીરાદખણ, કાથો, બોદાર, પારો, ગંધક માણસના અસ્થીની રાખ એ સર્વે ઓષધો સમાન ભાગે લઈ પારાને ગંધકની કાજલી કરવી. અને પછી તેની અંદર બીજા ઓષધો નાંખીને પાશેર મીણ નાંખવું. પછી તે ઓષધોને ગળી નાંખી અને તેમાંથી મલમની પટી પાઠાની ઉપર લગાવવી; તેથી પાઠુ મટે.

નં. ૨૯૫

પારો ગંધક, હીરાદખણ, રાળ, કેવડીઓ કાથો, બોદાર સીંદુર, મનસલ, એ સર્વે ઓષડ સમાન ભાગે લઈ વાટી તેને ગાયના ઘીમાં નાંખી પાઠાની ઉપરે ચોપડવાથી પાઠું મટે.

નં.૨૯૬ દાદર અથવા ગજકરણના ઉપાયો.

સોમળ સંખીયુ, મોરથુથુ, મનસલ, રસકપુર, કપુર, માયા, હીમજ એ સર્વે ઓષધો સમાન ભાગે લઈ કપડછાંણ કરી લીંબુના રસમાં સોગટી કરી તે સોગટીને પાણી સાથે ઘશીને દાદર ઉપર ચોપડવાથી દાદર અથથા ગજકરણ મટે.

નં. ૨૯૭

કેળના પાનની રાખ તો. ૨ હળદર તો. ૨ ટંકણખાર તો. ૧ અફીણ તો. ૦ાા ગુગળ તો. ૦ાા સાકર તો. ૧ ગંધક તો. ૧ હરડે તો. ૧ મોરથુથુ તો. ૦ાા પીતપાપડો તો. ૦ાા એ સર્વે ઓષધો ખાંડી બારીક કરી ચોપડવાથી દાદર, ગજકરણ મટે.

નં. ૨૯૮

પારો, ગંધક, મોરથુથુ, નવસાર, સાકર, અફીણ સીંધાલુણ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફટકડી, કુઠ, પીતપાપડો, ત્રીફળા, ટંકણખાર, જીરૂં, કાળીજીરૂ, હળદર, મીઠીઆવળ, ગળી, બોદાર, કર્પીલો, મરી, દારૂ, હળદર, હીરાદખણ, કાથો, સોનાગેરૂ, હીમજ, એ સર્વે ઓષધો સમાન ભાગે લેઈ વાટીગુટી કપડછાંણ કરી લીંબુના રસની અંદર સોગટી કરવી પછી તે સોગટી ઘશીને ચોપડવાથી ગજકરણ, દાદર, અરૂઝ ચાંદી તરત મટે.

નં. ૨૯૯

ફટકડી તો. ૨ પાપડીઓખારો, તો. ૨ સંખીયો સોમળ તો. ૦॥ એ સર્વે ઔષધો વાટી લેપ કરવો, તેથી દાદર, ગજકરણ મટે

નં. ૩૦૦

હેમજ, સોનામુખી, મોરથુથુ, હીરાકશી, બાવચી, પુવાડીયા એ સર્વે ઔષધો સમાન ભાગે લેઈ વાટી બકરાના મુત્રમાં લેપ દીવસ ૨૮ કરવાથી ગજકરણ, દાદર, જાય.

નં. ૩૦૧ ખરજવાના ઉપાયો.

કોલટાર એના ઉપર લગાડવાથી મટેછે, અથવા કાસ્ટીક લગાડવાથી ખરજવાનો ભાગ પાકીને મટેછે, કાળા મલમની પટી લગાડવાથી પણ પાકીને મટેછે, લાલગાજરનો છુંદો કરી બાંધવાથી ખરજવું મટે, અથવા મછીનું તેલ લગાડવાથી ખરજવું મટે. મછીનું તેલ કાઢવાની વીગત, મછી જીણી શેર ૧ લેઈ લોખંડની કઢાઇની અંદર શેર ૦॥ તેલ મુકી તેમાં તળી નાંખવી પછી તે તેલ ગળી તેલની અંદર મરી તો. ૦॥ નાંખી ચોપડવાથી, દાદર, ખસ ગજકરણ ખરજવું મટે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૩૦૨

ખરજવાની ઉપર ચીકાકઈ ઘશીને ચોપડવાથી મટે છે, અથવા એરંડોચલું, રેવંચીનો શીરો બંને ઘશી ખરજવાની ઉપર ચોપડવું ઉપરજીણી ગમપલાસની પટી લગાવવી તેથી તે મટે.

નં. ૩૦૩ વાળાના ઉપાયો.

સમળીની કોકડી તો. ૦ાા સાંહોડી તો. ૦ાા એ સર્વે ઓષધો જીણાં વાટીને ગોળમાં ગોળી કરી ખવરાવવી ઉપર પથ્ય ખીચડી ખાવા આપવી એથી વાળાની પીડા મટે.

નં. ૩૦૪

સફેતો તો. ૧ સુરોખાર તો. ૧ લુવારની ભઠ્ઠીની રાખ તો. ૧ એ સર્વે જીણાં વાટી કાંસાની થાળીની અંદર વાટીને ચીનાઈ વાસણમાં ભરી રાખવું. તેમાંથી જરા વાળા ઉપર લગાડવાથી મટે.

નં. ૩૦૫

હીંગ તો. ૦ાા ઠંડા પાણીમાં દીવસ ત્રણ લગી ખાય તો ફાયદો થાય.

નં. ૩૦૬

નીરગુંડીનો રસ ચાર પૈસા ભાર દીવસ ત્રણ સુધી પીએ તો તે મટે.

નં. ૩૦૭

નાગરમોથ, ભારંગ, સુઠ, પીપર, ભેડાંછાલ, સમભાગે લેઈ ચુરણ કરી અધેલી ભાર પાણીથી લેતો આરામ થાય.

નં. ૩૦૮

ધંતુરાનું પાંદડાને તેલ લગાડી તે ઉપર બાંધે તો ફાયદો થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૩૦૯

ઝેરીકોચલુ, અફીણ, વચ્છનાગ સોમળ, દરેકનો ઘસારો કરી વાળા ઉપર ચોપડે તો ફાયદો થાય, કદાચ ફોલો ઉઠી ફુટી ગયો હોય તો ઝેરીકોચલું, અફીણ, વચ્છનાગ, ગમે તે ઘશી ચોપડવું, તેથી ઝેર ચઢીને વાળો નીકળી જશે.

નં. ૩૧૦ વીસફોટકના ઉપાયો.

પ્રથમ ઇંદ્રી ઉપર જખ્મ થઈ ચાંદી પડે અથવા ફોલીઓ થાય તેને મોરથુથુ બાળીને ચોપડવું એથી આ રોગ આગળ વધારે વધશે નહીં, કદાચીત ફોલી ઘણી કઠણ હોય તો બધી ફોલીઓને મોરથુથુથી બાળીને ચાંદી પડવા દેવી કદાચ શરીરે બળતરા થાય તો તેની હરકત નહીં, હવે ચાંદીને કપુરનું પાણી લઈ કપાસવડે સાફ ધોઈ નાંખવી અને તેના ઉપર ઉભેરો (ભુકો) અથવા મલમપટી દેવી.

ભુકી— કેવડીઓ કાથો તો. ૦ાા ચીનઈ કપૂર તો. ૧ બારીક જીણાં ગુટી ચાંદીની ઉપર ભભરાવવું, તેથી ત્રણ ચાર દીવસમાં ચાંદી મટે.

નં. ૩૧૧

બોયડીની લાખ, હીરાદખણ, માયા, બોદાર, એ સર્વે ઓષધો સમાન ભાગે લઈ માટીના વાસણની અંદર બાળી તેની રાખ ચાંદીની ઉપર ભભરાવવ્યાથી ચાંદી મટે.

નં. ૩૧૨

(૧) સોપારી કાળી બાળીને તેની રાખ તો. ૧ સીંદુર તો. ૦ા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધોળો કાથો તો. ૦। એલચીના દાણા તો. ૦। ચીનકબાલ તો. ૦। એ સર્વે ઓષધો એકઠાં વાટી ચાંદીપર ભભરાવ્યાથી આરામ થાય. (૨) હીંગળોક, ચીનઈ કપુર, હીરાદખણ, સોનાગેરૂ, મોરથુથુ બાળેલુ કેવડીઓ કાથો, સોપારીની રાખ એ સર્વે ઓષધો સમાન ભાગે લેઈ. ઝીણાં વાટી કપડછાંણ કરી ચાંદીની ઉપર ભભરાવ્યાથી આરામ થાય. (૩) માણસના અસ્થીની રાખ, જુના ચામડાની રાખ, કપુર, રસકપુર, એ સર્વે ઔષધો સમાન ભાગે લેઈ વાટી બારીક ભુકો કરી ચાંદીની ઉપર ભભરાવ્યાથી ચાંદી મટે.

**નં. ૩૧૩ ચાંદીને સાફ રાખવાની સમજ.**

પ્રથમ તો ઈંદ્રીનું મુખ રાતું થાય, પીશાબ બળે, સાફ ન આવે, શરીર ગરમીથી બળે અને પછી પાંચ સાત દીવસ પછી ઈંદ્રીએ સોજો થાય ને ઈંદ્રી ગરમીથી બળીને ચાંદી પડે ને ઘણા દીવસ થાય ત્યારે ઈંદ્રીનું ફુલ સડી જાય ને ખરી પડે ને ઈંદ્રીમાંથી પાચ વહે, ઈંદ્રીમાં તંણખા નાખે, કામ પ્રગટ થાય, ઈંદ્રી તણાય કોહને ઈંદ્રી ખવાઈને ખરી પડેછે. ઉપાય જ્યારે ઈંદ્રીએ સોજો હોય તો અરણીના પાન વાટી ઈંદ્રી ઉપર બાંધવાથી ઈંદ્રીનો સોજો મટે લીંબડો બાફીને વાટી બાંધ્યાથી સોજો ઉતરે પ્રથમ ઈંદ્રીને બાવળ, બોરડી, કાથો, ને ધમાસો એનું પાણી કરી ઉકાળી તેમાં કપુર નાંખી ઈંદ્રી ધોઈને સાફ કરવી પછી લીંબડાની પટી ત્રણ ચાર દીવસ સુધી મારવી તેથી ઈંદ્રીની ચાંદી માંહેથી પાચ, પરૂ તથા સડેલી ચાંમડી નીકળી જાય ત્યારે લીંબડાની પટી મારવી નહી, પછી તેના ઉપર મલમની પટી આપવી તેની બોધી રાળયોખી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો. ૨ તેને ઘીમાં રાધવી પછી તેને હેઠે ઉતારી મીણ તો. ૧ નાંખી બધુ હલાવી પછી પાણીવતે પચીસવાર ધોઇ નાંખવું તેની અંદર કપુર તો. ૧ વાટી નાંખી ઇંદ્રીની ઉપર પટી મારવી તેથી ઇંદ્રીની ચાંદી રૂઝાશે.

નં. ૩૧૪

રસકપુર, હીંગલોક, મોરથુથુ, ફુલાવેલ, કપુર, સોનાગેરૂ, હીરાદખણ કાથો, બોદાર, પારો, ગંધક, માણસના અસ્થીની રાખ એ સર્વે ઓષધો સમભાગે લઇ પારાના ગંધકની કાજલી કરવા તેની અંદર ઓષધી નાંખવી પછી તેને દીવસ એક વાટવું. પછી મીણ ઘીની અંદર ઉનું કરી મલમની અંદર નાંખવું તે મલમ પાણીથી ધોઇને સાફ કરવો પછી ઇંદ્રીની ઉપર પટી મારવી તેથી ઇંદ્રીની ચાંદી મટે.

**નં. ૩૧૫ વીસફોટક ઉત્પંન ન થવાના સાધારણ કારણો.**

રૂતુવાળી, ગરમીવાળી, રોગવાળી, સ્ત્રી સાથે સંભોગ કરવાથી વીસફોટનો રોગ ઉત્પંન થાયછે, અથવા સંભોગ પુરો ન થવાના કારણથી, અથવા નવી સ્ત્રીનો ભોગ કરવાથી તે રોગ ઉત્પન થાય છે. તેના ચીન્હો પુરૂષને સંપોગ કરવા પછી એક કલાકે ઇંદ્રીમાં બળતરા બળે, પીસાબમાં તણખા નાંખે અને પીસાબ પીળો થાય, પીસાબ આવતો અટકે, પીસાબ વાટે પરૂ નીકળે અને ઇંદ્રીના મોહોડામાંથી પાચનું તંતુ નીકળે સોજો આવે, કામ ઘણું ઉત્પંન થાય, શરીર આખુ ગરમીથી બળે, કોઇને એ રોગના ઝેરથી તાવ આવેછે. ઉપાયો પ્રથમ ટાંકીવાળાને જુલાબઆપવો. જુલાબના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફુલ, મીઠીઆવળ, હીમજ, નસોતર, ધ્રદ્ર વરણાના મુળ, ત્રનુંમુળ, ગરમાળો, કાળીદ્રાક્ષ, વરીઆળી, એ સર્વે ઔષધો સમાન ભાગે લેઈ તો. ૨ નો ક્વાથ કરી ત્રણ દીવસ આપવાથી વીસફોટકની ગરમી ટળે અને ઇંદ્રીનો સોજો, શરીરની બળતરા મટે. ત્રનુમુળ, હેમજ, પાશણભેદ, નસોતર, ધાણા એ સર્વેનો ક્વાથ કરી દીવસ ત્રણ આપવાથી ઇંદ્રીનો સોજો, પીસાબની ગરમી અંગની બળતરા મટે.

**નં. ૩૧૬**

હીંગળોકમાંથી પારો કાહાડેલ તો. ૧ જાવંત્રી તો. ૨ એ બેને ભેળાં વાટવાથી પારો અને જાવંત્રીની કાજલી થશે, તેમાંથી વાલ એક પતાસામાં આપવો તે ઉપર વરીઆળી, ધાણા, એલચી સાકર દરેક તો. ૦ા લેઈ વાટીગુટી છ વાર ગાળીને પાવાથી ગમે તે પ્રકારનો પ્રમેહ, વીસ્ફોટક મટે પથ્ય અલુણુ સાકર, દુધ, મગનીદાળ, તાંજલજાની ભાજી, ઘઉ, સીંધવ, ચોખા, ખાવા, અગર મોંમાં ફોલા પડી ગયા હોય તો ખેરસારનો ભુકો મોંમાં રાખવો, અગર ધાણા, ધમાસો, કાથો, ફટકડી, સમભાગે ઉકાળી કોગળા કરાવવા. જો ઇંદ્રીપર સોજો આવે અને ગરમી બહુ લાગતી હોય તો. ૧૦૮ વાર ઘી ધોઇને તેમાં થોડુંક કપુર નાંખી ચોપડવું.

**નં. ૩૧૭ શરીરે ચાંદી પડી ગઈ હોય તેના ઉપાયો.**

જો શરીર ઉપર કાળી અથવા રાતી ચાંદી બહુ ઊંડી પડી ગઈ હોયતો પારો તથા ગંધક બેને શોધેલા સમભાગે લેઈ ખરલ કરી કાજલી કરવી તેમાંથી વાલ ૧ ને સુમારે પાકાં કેળાંમાં તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતાસામાં ખવરાવવાથી આરામ થાયછે. પથ્ય ઉપર પ્રમાણે આ લુણ ખવડાવવું.

## પારાની વીકીયાની સમજ.

વીસ્ફોટક દાદર, પીતની ગરમી, એ રોગવાળાને બેસના છાં-ણનો રસ અને સાકર પાવાથી ઉપરના રોગ મટે તેમજ તે દરદની ઉપર ખાધેલા ઔસધનું જો ઝેર ચઢ્યું હોય તેને ઉતારે પારાની વીક્રીયા થઈ હોય તો લાવ આવે, શરીરમાં છાતીમાં, પેટમાં દાહ ઊત્પંન થાય, નેત્રે ગરમી જણાય પીશાબને ઝાડા વાટે બળતરા થાય, હાડ દુખે નસો ઝલાય, શરીરમાં લોહી બળી જાય તેથી શરી-રમાં ખરજ આવે ને ચાઠાં નીકળે અને કેટલા એક દીવસ પછી શરીરમાં પારાની વીક્રીયા પ્રગટ થાય તેથી ધોળા મોતીના દાણા જેવા શરીર ઉપર ફોલા થાય તે ફુટીને ચાંદા પડે પાચ પરૂ વહે પગ, હાથ, માથુ, ઇંદ્રીને સ્ત્રીઓને યોનીના સ્થાનકે સોજો થાય તૃષા ઘણી લાગે પેટમાં સુળ, અને અતીસાર થાય. શરીરના વાળ ખરી પડે નખ ઉખડી જાય ગળામાં ગાંઠો થાય, ચીતભ્રમ થાય, પછી કેટલેક દીવસે પેટના આંતરડામાં ચાંદી પડે એવાં ચીન્હો થાય-

નં. ૩૧૯

જવાસો સુકેલો તો. ૦ાની ફાકી પ્રભાતે ઠંડા પાણીથી ભરવી ઉપર રેવંચી, પાસણભેદ બંને તો. ૧ પ્રભાતે દુધ અને પા-ણીની સાથે ફાકી ભરવી દીવસ સાત સુધી તેથી પારો જેટલો ખાધો હશે તે સર્વે પીસાબને રસ્તે નીકળી જશે.

ધાણા શે. ૦ા તેનો ક્વાથ કરી તેની અંદર સાકર તો. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંખી પ્રભાતે પીવાથી પારાની વીક્રીયા ટળે ગંધક શોધેલ, ત્રીફલાની, અંદર આપવાથી પારાની વીક્રીયા ટળે.

નં. ૩૧૯

શરીરે પારો ફુટી નીકળ્યો હોય તેના ઉપર લેપ, પારો, હડતાલ, ગંધક, મોરથુથુ, કપીલા, એ સર્વે ઓશધોને ત્રાંબાના વાસણમાં દીવસ સાત વાટી શરીરે મરદન કરવું તેથી પારો ફુટી નીકળ્યાથી ચાંદી પડી હોય તે મટે.

નં. ૩૨૦

જવાસો, સોનાગેરૂ, કપુર, એલચીનાદાણા, વાળો, મોથ, ધાણા, ગુલાબના ફુલ, વરીઆળી, જીરૂ, પાસણભેદ, સુખડ, કુટ, કપુર કાચલી, એ સર્વે ઓષધો વાટી શરીરે ચોપડીએ તો પારાનો વીકાર મટે.

નં. ૩૨૧ શીતળાના ઊપાયો.

ટાઢા પાણીમાં થોડીક હળદર નાંખી પાય તો સીતળાના ફોલા સારા રહે. ચંદન, અરડુસો, નાગરમોથ, ગળો દ્રાક્ષ, સમભાગે લઈ ૨૨॥ ભારનો ક્વાથ કરી આપે તો સીતળાનો તાવ વીગેરે બ્યાધી મટે આ દરદીને સાકરની રાબડી, દુધ, ચોખા, રોટલી વીગેરે પુષ્ટીકારક ખોરાક આપવો. નારંગી અંજીર, દ્રાક્ષ, દાહાડમ, મીઠા લીંબુ તેનો તથા ગુલાબનો સરબત આપવો. અઠવાડીઆમાં બે ત્રણ વાર જુલાબ આપવો તેથી પેટ સાફ રહેશે. સીતળા નીકળ્યા પછી શરીરે દાહ થાય તો મધ ને પાણી પીવું અથવા ગળી ઘીમાં વાટીને ચોપડવી અથવા ગળજીભીનું મુળ ચોખાના પાણી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ઘસીને પાવાથી શરીરની દાહ ટળે.

નં. ૩૨૨

ધાણાજીરૂ, એલચી. ગુલાબ ફુલ એ સમભાગે લેઈ તેની પડી તો. ૧ ની કરી રાત્રે કોરા મટોડીના વાસણમાં પલાળી રાખવી પછી તેને પ્રભાતે વાટી ગળીને સાકર નાખી પીવું તેથી તે રોગની શાન્તી થાય છે.

નં. ૩૨૩ મસ્તક રોગના ઉપાયો.

કુટ, કાયફળ. મજીઠ, પુસકરમુળ, એ ચાર ઔસધોને પાણી સાથે ઘસીને માથે ચોપડવાથી વાત, પીત, કફને ત્રીદોષ થકી ઉત્પંન થયેલો મસ્તક રોગ મટે.

નં. ૩૨૪

મસ્તક રોગવાળાને હલકો જુલાબ આપવો પ્રભાતે શે. ૧ દુધ તેની અંદર પા તોલા મરી નાંખી ઉનું કરી પ્રભાતે દીવસ સાત પીવાથી મસ્તક રોગ ટળે.

નં. ૩૨૫

અડદના લોટને પાણીમાં ખદખદાવી તેની રોટલી કરી બે ત્રણ કલાક સુધી માથે બાંધી રાખે તો વાયુથી માથુ દુખતું હોય તે મટે, અથવા અડદના લોટને પાણીમાં ખદખદાવી લાંબો વાટો કરી તેલમાં તળી નાખવો પછી તે તેલ પાંચ કલાક સુધી માથામાં ભરી રાખે તો વાયુ પ્રકોપથી માથુ દુખતું મટે.

નં. ૩૨૬

ચંદન, કમળ કાકડી સમભાગે ટાઢા પાણીમાં વાટી માથે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેપ કરે તો પીતના જોરથી માથુ દુખતું મટે અથવા ૧૦૮ વાર ઘી ધોઈ માથે ભરે તો આરામ થાય.

નં. ૩૨૭

સુઠ, ધાણાં નાગકેસર, પીપરીમુળ, જેઠીમધ, તપખીર એ સર્વે ઓષધ સમાન ભાગે લઈ ઘી સાકરની સાથે મેળવી પ્રભાતે દીવસ સાત ખાવાથી સર્વ પ્રકારના મસ્તકરોગ મટે. ધાણાને દ્રાક્ષ ખાવાથી તે રોગ ટળે; અથવા ધાણાને દ્રાક્ષ દુધમાં ઉકાળી પીવાથી તે રોગ મટે. ઉના પાણીમાં સાકર તો. ા નાંખી પીવાથી તે રોગ મટે. નવસાર ને સાકર તો. ા ને આશરે ખાવાથી પીતનો મસ્તકરોગ મટે. સુંઠને ગોળ પાણીમાં ઘશી નાકમાં બે ત્રણ ટપકાં પાડવાથી મસ્તક મટે. સુઠ, સમુદ્રફળ વાટી નાંકમાં સુંઘવાથી મસ્તકરોગ મટે. રાતીકણેરના પાનનાં રસની અંદર સાકર નાંખી એક બે ટીપાં નાંખવાથી મસ્તકરોગ મટે. નવસાર ને કળીચુનો સુંઘવાથી મસ્તકરોગ મટે.

નં. ૩૨૮

કાયફળ, તો. ા છીંકણી, તો. ા અફીણ, રતીભાર કેસર, રતીભાર, નવસાર, ચાર રતીભાર એને વાટી જીણા કરી નાકમાં સુંઘવાથી મસ્તકરોગ મટે. નવસારતા ફુલ સુંઘવાથી મસ્તકરોગ મટે.

**નં. ૩૨૯ મસ્તકરોગથી મગજ ખાલી પડે તેના ઉપાયો.**

બદામના બીજ શેર બે, સાકર શે. ૪ ઘી શે. ૨ જાયફળ તો. ા જાવંત્રી તો. ા કેસર તો. ા ધોળીમુસળી, તો. ૧ કાળીમુસળી તો. ૧ એખરો તો. ા તજ તો. ા લવીંગ તો. ા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોખરૂં તો. ૦॥ ખસખસ તો. ૦॥ કસ્તુરી વાલ ૧ અમર વાલ ૧ વંસલોચન તો. ૦॥ મોચરસ તો. ૦॥ એલચીના દાણા તો. ૨ સાલમ તો. ૧ એ સર્વે ઔષધ વાટી સાકરની ચાસણી કરી તેમાં ઘી નાંખી ઉતારીને ઠારવું પછી તેને ચીનીના વાસણમાં ભરી મુકવું, તેમાંથી પ્રભાતે પાશેર ખાવું તેથી મગજ તર રહે.

**નં. ૩૩૦ બદામના આથાની રીત.**

બદામના બીજ શે. ૧ લેઈ તેને મટોડીના વાસણમાં નાખી તેમાં નીચેના ઔષધો નાંખવા. જીરૂ તો. ૧ ધાંણા તો. ૧ વરીઆળી, ગુલાબનાફુલ, મરી, પીપરીમુળ, પીપર, જાયફળ, જાવંત્રી, એલચીદાંણા, લવીંગ, એ સર્વ ઓષધોને કપડછાંણ કરી ઉપરના મટોડીના વાસણમાં બદામની સાથે ભેગા કરવા પછી તેમાં સાકરનું બુરૂ શે. ૨ ઘી ભેંશનું શે. ૧ નાંખી વાસણનું મોઢું બંધ કરી દેવું પછી તે વાસણને દીવસ સાત ધાનના વાસણમાં રાખવું પછી તેને સાત દીવસ પછી કાહાડી તેમાંથી પ્રભાતે શે. ૦। ખાવું તેથી આંખની ગરમી, માથાનો રોગ મટે અને મસ્તક તર રહે.

**નં. ૩૩૧**

બદામબીજ શેર ૦। ખસખસ સે. ૦। સુઠ સે. ૦। એ ત્રણે જુદાં વાટવાં પછી નાળીએર પાંણીવાળુ લેવું તે નાળીએરની અંદર પાંણી કાહાડી નાખી તેની અંદર બીજુ પાંણી નાખી બુચ બંધ કરી પહોર આઠ રાખવું પછી તેની અંદરથી કોપરા સહીત ભાગ કાહાડી લેવો તેને લોખંડની કઢાઇની અંદર ઘી નાંખી તળી નાંખવું પછી નાળીએરના તજેલા, કોપરાને ખાંડી નાખવું પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોખંડની કઢાઇની અંદર કોપરાને નાંખવું પછી તેને ચુલે ચઢાવી ઝીણો તાપ દેવો, ખસખસના દાંણા જેવો કોપરાનો રંગ થાય ત્યારે ઉતારી સાકર સે. ૦।। નાંખવી પછી તેની માંહે ઉપરના ઓષધો નાંખી એ સર્વેને એકઠા કરવા પછી તેની અંદરથી તો. ૨ ને આશરે રોજ ખાઈ ઉપર દુધ પીવું એમ ૨૧ દીવસ કરવાથી મગજ તર રહે.

**નં. ૩૩૨ સંધીવાના ઉપાયો.**

ત્રીકટું; ત્રીફલા, તમાલપત્ર, મોથ, એલચી, વાવડીંગ, સમભાગે પાસેર લેવાં તેમાં નસોતર ૦।। સેર તથા લવીંગ પાસેર ખાંડી બારીક ચુરણ કરી સાકરે સાથે રોજ સવાર સાંજ રૂ૦।। ભાર ફાકે તો જુનો સંધીવા તથા સાંધા ઉપર સોજો દુર થાય અને પેટ હમેશાં સાફ રહે.

**નં. ૩૩૩**

દેવદાર, પુશ્કરમુળ, ગળો, રાસના, સાટોડી, સુંઠ, ગરમાળો ગોખરૂં, સમભાગે લેઈ અધકચરા કરી નવટાંકને સુમારે ક્વાથ કરી સવાર સાંજ પાવો.

**નં. ૩૩૪**

ગરમાળાનો ગોળ, ભોંયરીંગણી, અતીવીસનીકળી, ધાણા, પીપર, સતાવરી, આસોદ, અરડુસો, સુઠ, હરડે, વરીઆળી, ગોખરૂં, ગળો, મોથ, સાટોડી, ધમાસો, વજ, પુશ્કરમુળ, દેવદાર, ઉભીરીંગણી, સર્વે સમભાગે લેઈ તેમાં ત્રણ ગણી રાસના મેળવી અધકચરાં કરી નવટાંકને સુમારે લેઈ ક્વાથ કરી સવાર સાંજ ગુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળ અથવા સુઠ મેળવી આપે તો બહુ ફાયદો થાય.

નં. ૩૩૫

જવખાર. વાળો, તજ, ધાણા, ત્રીફળા, એલચી, સીંધવ, નાગરમોથ, રાસના, દેવદાર, ત્રીકટુ પીપરીમુળ ચીત્રક, ચવક, હિંગ, સરસવ, ઇંદ્રજવ, પાહાડમુળ, વાવડીંગ, કડુ, વજ, જીરૂ, સાહાજીરૂ, તમાલપત્ર, દરેક સમભાગે લેઈ તેમના વજન પ્રમાણે ચોખો ગુગળ લેઈ ઘીમાં મેળવવો તેમાંથી રાસનાના ક્વાથ સંગાથે દરરોજ તો. ૦ાા ખાય તો ફાયદો થાય.

નં. ૩૩૬ લસણપાકની વીગત.

લસણ સે. ૧ાા લેઈ એક રાત દહીમાં પલાળવું સવારે કાહાડી લેઈ છસેર દુધમાં ખુબ ઉકાળવું. દુધ બળી જઈ માવો થાય ત્યારે ત્રીફલા વાવડીંગ, કચુરો સુઠ, દેવદાર, ચીત્રક, અજમો, અડુસો, સતાવરી, રાસના, સુવા, દરેક અકેક તોલો લેઈ ખાંડીકુટી દોડપાસેર ઘીમાં લસણનો માવો મેળવી દેવો. તેમાં મધ તથા સાકર બંને દોડપાસેર નાંખી પાક કરવો. તેમાંથી દરદીની સકતી પ્રમાણે આપવું તેથી ફાયદો થાય.

નં. ૩૩૭

ચોપચીની તો. ૫ આસોદ તો. ૨ાા, સુઠ તો. ૧ા સતાવરી તો. ૧ા રાસના તો. ૧ા હરડે તો. ૧ા લવીંગ તો. ૧ા સાકર ૦ા સે. એ સર્વે ખાંડીકુટી ચુરણ કરી હમેશાં સવારે ૩૦ા ભાર આપવું. ખારૂખાટુ ખાવું નહી તથા સરીરે વચ્છનાગના તેલનું મરદનકરવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નં. ૩૩૮**

વચ્છનાગ તો' ૦ા ઘોડાવજ, માલકાંકણી લસણ, દરેક તો. ૦ા ઘોળી ચણોઠી ૨૨ાા ભાર સર્વે જીણા વાટવા તલનું તેલ સે. ૦ા સરસવનું તેલ સે. ૦। અને એરંડીયુ તો. ૨ સર્વ તેલ તથા ઓષધો એકઠાં કરી ઉકાળીએ તે સાંધા દુખે ત્યાં મરદન કરવું. આ તેલ આંખે ઉપર માથે કાંઈ અડકાવવું નહી.

**નં. ૩૩૯**

હીગલોક ભેંસાંગુગળ, હીરાબોળ રાતો, લવીંગ, તજ, પીપર, જાયફળ, જાવંત્રી, કેસર, દરેક તો. ૦ા લેવાં. ગુગળ તથા હીરાબોળને ઘીમાં તળી લેવા, સર્વ દવાને ખાંડી કુટી મધમાં ચણીબોર જેવડી ગોળી વાળવી. તેમાંથી એકેક ગોળી આપવી.

**નં. ૩૪૦ ગુગળપાકની વીધી.**

ભેંસાગુગળ ચોખો સે. ૦ા દુધ સે. ૧૦ માં નાંખી દાંણો પાડવો તેમાં પીપર તથા ગોખરૂ દરેક સે. ૦ લવીંગ, તજ, અકલકરો, જાવંત્રી, જાયફળ, દરેક તો. ૧ાા ચોપચીની સે. ૦। ગોળ સે. ૩ સર્વે દવાને કપડછાંણ કરી ઠારીને ગોળ પાપડી કરવી તેમાંથી રોજ ૩૦ાા ભાર આપવું. પથ્ય, બાજરી, મેથી, વંતાક પથ્ય દેવું. વાયુ સર્વે મટે, કેડ દુખતી હોય, વાંસો દુખતો હોય, સર્વે સાંધા દુખતા હોય તેને મટાડે છે.

**નં. ૩૪૧ સધીવાની ગોળી.**

સોમળ સંખીયો તો. ૦ા ભાર, માયા તો. ૧ ભાર અફીણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો. ૨।। ચનીકપુર શોધેલો તો. ૧ સર્વે વાટીને નાગરવેલના પાંનાના રસમાં ગોળીઓ મરી જેવડી કરવી તેમાંની એક એક ગોળી ટાઢા દુધમાં આપવી. પથ્ય—અલુણું આપવું. તેથી સંધીવા, હાડ કળતર મટે.

નં. ૩૪૨ સોમળની ગોળી.

દાહડમીઓ સોમળ તો. ૨।। દુધ સે. ૧૫ માં નાંખી દોલીકા- યંત્રવડે પકાવવુ, દુધ સે. ૫ રહે ત્યારે ઉતારી કાથો, નવટાંક નાંખી ખુબ ઝીણો વાટી મરી જેવડી ગોળી કરવી તેમાંથી એક રોજ સવારે આપવી તેથી સંધીવા તથા હાડવાયુ, વીસ્ફોટકના, સાંધા દુખતા હોય તે મટે.

નં. ૩૪૩

સોમળ તો. ાા કાથો તો. ૧ વાટીગુંદી આદાના રસમાં ચણોઠી પ્રમાણે ગોળી વાળી દરરોજ સવાર સાંજ એકેકી આપવી તે પ્રમાણે સાત દીવસ સુધી આપ્યા કરવું તથા દરદી ને પડદામાં રાખવો. પથ્ય—તાજુ ઘીને ઘઉ ખાવા સારૂ આપવા ને ઉપર સાકરનો શીરો ખવડાવવો. તેથી સર્વે સંધીવા હાડકામાં કળતર, વીસ્ફોટકથી સાંધા દુખે તે વીગેરે મટે. પથ્ય ન પાળે તો હાથે પગે સોજો આવે.

નં. ૩૪૪ રક્તપીતના ઉપાયો.

અડુસાનો રસ, મધ, સાકર, સર્વે મળી ૩ાા ભારને આશરે પાવું તેથી ભયંકર રક્તપીત શાંત પડશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નં. ૩૪૫**

વાળો, ધાણા, સુંઠ, ચંદન, જેઠીમધ, અરડુસો, કાળોવાળો, સમભાગે લઈ ૨૨ાા ભાર નો કાહાડો કરી મધ સાકર નાંખી પાવો તેથી રક્તપીત, ત્રષા, દાહ, તાવ, દુર થાય.

**નં. ૩૪૬**

અડુસો, મણાકા દ્રાક્ષ, હરડે, સમભાગે તો૦ ૨ાા નો ક્વાથ કરી મધ, સાકરને પીપર નાંખી પાવાથી રક્તપીત, શ્વાસ વીગેરેનો નાશ થાયછે.

**નં ૩૪૭**

પાકાં ઉમરાં (ગુલર) હરડે, ખજુર, મણકા દ્રાક્ષ, આમાંનું કોઈ પણ ફલ લઈ મધ સાથે ખાય તો રક્તપીતનો નાશ થાય.

**નં. ૩૪૮**

પાકાં ગુલર મધમાં કે ગોળમાં ખાવાથી નાકમાં લોહી પડતુ બંધ થાય.

**નં. ૩૪૯**

હરડાં, દાહડમના ફુલ, ધ્રોનો રસ એ સર્વને વાટી તેના ટીપાં નાકમાં પાડ્યાથી ઘણા દીવસનું નાકમાં લોહી પડતુ બંધ થાય.

**નં. ૩૫૦**

કમળકાકડીના બીજ, અડુસો, ગળો, નસોતર, મહુડાં, નાગરમોથ, રાતુંચંદન, ધાણા સમભાગે લઈ ૨ાા ભારનો ક્વાથ કરી મધ નાંખી પાયતો રક્તપીત જાય. નસોતર, ત્રીફલા કે હરડે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો જુલાબ લે તો તેનાથી પણ ફાયદો થાય તથા પાકાં ગુલર, દ્રાક્ષ. મધમાં ખાય તોપણ ફાયદો કરે.

નં. ૩૫૧ રતવાના ઉપાયો.

દશાંગલેપ.—કુઠ, હળદર, દારૂ હળદર, વાળો, રતાંજળી તગર, જેઠીમધ, સરસડાની છાલ, વાળો, એલચી, સમભાગે લઈ પાંણીમાં ઝીણું વાટી લેપ કરવો.

નં. ૩૫૨

હીંમકંદ તથા સાકર વાટીને પાવાથી પણ ફાયદો થાયછે.

નં. ૩૫૩ કોલેરાના ઉપાયો.

સોધેલાં ઝેરીકોચલાં તો. ૨ અફીણ તો. ૧ સુંઠ તો. ૩ મરી તો. ૨ હીંગ તો. ૨ ખાંડીકુટી કપડછાંણ કરી ચણોઠી જેવડી ગોળી વાળવી તેમાંથી એકેક ગોળી દર બબે કલાકે આપવી.

નં. ૩૫૪ લસણાદીચુર્ણ.

ત્રીકટુ, જીરૂ, લસણ, સીંધવ, સંચળ, હીંગ સમભાગે લઈ તો. ૦ાને આશરે લીંબુના રસમાં કાળવીને આપવું તેથી ફાયદો થાય.

નં. ૩૫૫ કટુત્રરસ.

ગંધક, લસણ, ત્રીકટુ, સીંધવ, હીંગ, જીરૂ, સમભાગે ચુર્ણ કરી લીંબુના રસમાં આપવું.

નં. ૩૫૬

અફીણ, તજ, મોચરસ, જાયફળ, જાવંત્રી, લવીંગ, હીંગલો-ક, દરેક તોલો ૦ાા ભાંગ તો. ૫ સર્વે દવાને (ભાંગ શીવાય) અ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાના રસ નવટાંકમાં ખુબ ખરલ કરવું. ભાંગને ખુબ ઉકાળીને તે પાણીમાં બે દીવસ ખરલ કરવો; ગોળી વાળવા જેવું થાય એટલે ચણાપુર ગોળી વાળી ઉમરના પ્રમાણમાં આપ્યાથી તે બે સુધી આપવી. જો ફાયદો માલમ પડે તો બબે ત્રણ ત્રણ કલાકને આંતરે આપવી તેથી તે રોગ મટે.

નં. ૩૫૭ મુઝારાની ગાંઠના ઉપાયો.

નવસાર ના તોલો ગરમાળાનો ગોળ તો. ૩ સુરોખાર તો. ૦ અને ઈંદ્રજવનો ક્વાથ તો. ૨ માં ઉપરની વસ્તુ ખાંડીને ૩ ના ભારને આશરે સવાર સાંજ લેવું. અને જો જુલાબ બહુ લાગે તો ગરમાળાનો ગોળ ઓછો કરવો. **પથ્ય.**—ચોખા, મમરા, કાંજી દુધ, વગેરે હલકો ખોરાક આપવો. અને જેમ જેમ આરામ પડે તો જાય તેમ તેમ ભારે ખોરાક આપતાં જવું.

નં. ૩૫૮

સાલવણમીઠ લવણ પાહાડમુળ પીપર અરણી બીલીનો ગર્ભ ગોખરૂ બંન્ને રીંગણીઉભી, ને ભોંયરીંગણી, ખાખરો આપટો સરવે દવા સમભાગે લેઈ તોલા ૨ નો ક્વાથ સવાર સાંજ આપે ફાયદો થાય.

નં. ૩૫૯

સુંઠ, મરી, ત્રીફળા, પીપર, વાવડીંગ, ચીત્રક, ચવક, સમભાગે લેવાં તેમના વજન પ્રમાણે મંડુર તથા જુનો ગોળ લેવો. તમામ વજનથી ૬ ગણું ગાયનું મુત્ર લઈ સરવે દવા તેમાં નાંખી ખુબ ઉકાળી મુત્ર બધું બાળી નાંખી એક લુગદી કરી ખુબ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરલ કરવું, તેમાંથી જમવા પેહેલાં તો. ૧ ખાય તો તમામ જાતનાં સૂળ, પાંડુરોગ, કમળો, સોજા હરશ મુઆરો ઉદરરોગો સંગ્રહણી, ગોળો, કમીવીકાર વીગેરે મટે.

નં. ૩૬૦ સળેખમના ઉપાયો.

નાકે તથા કપાળે શેક કરવો, અથવા લવીંગ શેકીને કે કાચાં વાટી કપાળે લેપ કરવો, ગરમ પાણીમાં હલકો જુલાબ લેવો, નાકમાં ઘી બે દીવસ પછી સુંઘે ફાયદો થાય. સબબ બે દીવસમાં તમામ મગજનો બીગાડ ઘણુંકરી નીકળી જાયછે. કાગળની કે આપટાના પાંદડાની બીડીમાં હળદર ભરી સળગાવી નાકમાં ધુમાડો ખેંચવાથી મટેછે. સુતી વખ્ત દુધ ગરમ કરી સાકર નાંખી પીએ તો ફાયદો થાય.

નં. ૩૬૧ પીનસના ઉપયો.

દહી, મરી ને ગોળ સરવે બરાબર લઈ હમેશાં સવારે તો. ૧ ખાય તો પીનસ મટે.

નં. ૩૬૨

કલોજી, પુષ્કરમૂળ, કાકડાસીંગ, કાયફળ, સુંઠ, પીપર, મરી, સમભાગે લેઈ વાટી ચુર્ણ કરી આદાના રસમાં હમેશાં તો. ૧ ખાયતો ફાયદો થાય, અથવા તેનો કાઢો કરી આદાનો રસ નાંખી પીએ તો પીનસ, ઉધરસ, સનેપાત, કફ વીગેરેને ફાયદો કરે.

નં. ૩૬૩

સુંઠ, મરી, પીપર, ચીત્રક, તમાલપત્ર, આમલવેતસ (મોટું પાકું બીજોરૂં) ચવક, જીરૂ, એલચી, તજ, આમલીની છાલ તા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીપત્ર સમભાગે લઈ ખાંડીકુટી તે સરવ વજન પ્રમાણે જુનો ગોળ લઈ તો. ૧ પ્રમાણે ગોળી કરી સવારે હમેશાં ૧૫ દીવસ સુધી ખાય તો પીનસ ઉધરસ અરૂચી, શ્વાસ મટે.

નં. ૩૬૪

હીંગળોક વાલ ૨ ને વાટી કપાસમાં મેળવી (રૂમાં) હુકામાં પાવાથી પીનસ મટે.

નં. ૩૬૫

મરી, ગોળ, દરેક તો. ૦ાા ગાયનું ઘી તો. ૨ાા સરવે એકત્ર કરી હમેશાં સવારે ખાવું એ પ્રમાણે ૨૧ દીવસ સુધી દવા ખાવી.

નં. ૩૬૬

કાળીપાટ, હળદર, મોરછડ, (બાજ્ઞજ) પીપર જાઈનાં પાદડાં નસોતર એ સરવે સમભાગે લઈ તલના તેલમાં ઉકાળી, ગળી નાંખવું તેમાંથી સવારે હમેશાં એક ટીપું નાકમાં પાડવાથી પીનસ મટે છે.

ન. ૩૬૭ **સસણી તથા વરાધના ઉપાયો.**

પીપરીમુળ, તો. ૦ાા બેડાની છાલ તો. ૦ાા ઉંટના લીંડા તો. ૧ સુકો અડુસો તો. ૦ાા જીણાં મધની સાથે વાટી તેમાંથી તોલુ ૦ા ને આશરે સાત દીવસ ચટાડ્યાથી સસણી તથા વરાધ મટે.

નં. ૩૬૮.

ખજુર, સાકર, દ્રાક્ષ. જેઠીમધ દરેક ચાર ચાર તોલા પીપર તો. ૨ તજ, તમાલપત્રને એલચી (ત્રીજાતક) દરેક તો. ૦ાા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સર્વે દવાને ખાંડી કુટી મધમાં ચીનીબોર જેવડી ગોળી કરી બેથી ચાર સુધી મોટા માણસને આપવી ને બચ્ચાંને દુધ તથા ગોળ ની સાથે અડધી આપવી તેથી મોટી ઉધરસ, દમ, સસણી, વરાધ ઉટાંટીઓ વીગેરે મટે.

નં. ૩૬૯.

નાગરમોથ, અતીવીષની કળી, પીપર, કાકડાશીંગ, મરી, જેઠીમધ, સમભાગે લેઈ ખાંડી કુટી મધમાં કાળવી રાખવું તેમાંથી એકથી બેવાળ સુધી સવાર સાંજ નાનાબાળકને આપેથી ફાયદો થાય. નં. ૩૧, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૮૪, ૯૮, ૧૩૫, ૧૫૧, ની દવાઓ તે રોગ ઉપર પણ ફાકદો કરેછે.

નં. ૩૭૦.

સીતાપત (વરાધ ઉપરના પાદડાં) ના પાંદડાં થોડાંક તથા મરી લેઈ દીવસમાં બે વાર પાય ને છાતી પર લગાવી શેક કરે તો ફાયદો થાય.

નં. ૩૭૧.

રેવંચીનો શીરો તથા કાચએળીઓ સમભાગે લેઈ રાઇના દાંણા જેવડી ગોળીઓ વાળી બચ્ચાંની શકતી તથા ઉમર પ્રમાણે ગરમ પાણીમાં પાય તો દસ્ત તથા ઉલટી થઈ સસણી વગેરે મટે.

નં. ૩૭૨.

પારો તો. ૧ ગંધક તો. ૨ અરકુસી તો. ૬ પીપર તો. ૩ બેરસાર તો. ૩ ત્રીફલા તો. ૯ મરી તો. ૩ એ સર્વને ખાંડી કુટી તથા ગંધકપારાની કાજલી કરી એકઠાં કરવા તેમને બાવળની છાલના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉકાળામાં પંદર વીસ પુટ દેવા તેમાંથી મોટા માણસને તો. ૦ા મધમાં તથા બચ્ચાને તેની શકતી પ્રમાણે મધમાં આપવાથી ફાયદો થાય.

નં. ૩૭૩. લુ લાગે તેના ઉપાયો.

આ દરદીને ચા, બરફ આપવા ગરમ પાણીએ ખુબ નવરાવી પરસેવો થાય તેવી દવા આપવી. માથા ઉપર ઠંડુ પાણી છાંટ છાંટ કરવુ બને તો રાઇનું પલાસ્ટર પગે મારવું હલકો જુલાબ આપવો તથા તાવ ઉતરવા માટે સાદા તાવનો લખેલો ક્વાથ આપવો. માથે બરફ મુકવો તથા બોચી ઉપર પણ પલાસ્ટર મારવું.

નં. ૩૭૪. સીલસના ઉપાયો.

કાળાં મરી તો. ૦ા જીણાં વાટી ઘી સાથે ખાવા આપવાં ઉલટીની તથા જુલાબની દવા આપવી તેથી ફાયદો થાય.

નં. ૩૭૫.

ગરમાળાનો ગોળ તો. ૫ કડુ તો. ૪ દેવદાર તો. ૪ નાગરમોથ તો. ૪ અતી વીષની કળી તો. ૨ એ સર્વને ખાંડી કુટી તો. ૨ા નો કવાથ કરી પાવું તેથી તે રોગ દુર થાય.

નં. ૩૭૬.

કરંઢીયું, ઇંદરજવ, પાહાડમુળ, સુઠ, મરી, ઈંદરવરણાનાં મૂળ સમભાગે લેઈ ખાંડી કુટી રૂ ૦ા ભારનો કવાથ કરી સવાર સાંજ ખાય તો ફાયદો થાય.

નં. ૩૭૭.

કાળામરી પાવલો ભાર જીણાં વાટી પાણીમાં ખુબ ઉકાળી માંહે મીઠુ નાખી પાય તો ફાયદો થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં ૩૭૮ બામલાઈ (બગલનું ગુમડું) ના ઉપાયો.

નં. ૨૮૦–૨૮૧ નો ખાર તથા મલમ નં. ૨૯૩–૨૯૪–૨૯૫ ની દવાઓ આ રોગ ઉપર કામમાં આવેછે.

નં. ૩૭૯ લુખસના ઉપાયો.

પુંવાડીઆનાં બીજ તથા માળવી બાવચો સમભાગે પાણીમાં વાટી શરીરે લેપ કરવાથી ફાયદો થાય સુતી વખતે હરડે કે સોનામખી ગરમ પાણી સાથે ફાકવી, ચુનાનુ નીતરતુ પાણી શરીરે ચોપડવાથી સુરકો તથા પાણી લગાડવાથી પણ ફાયદો થાયછે.

નં. ૩૮૦. ખીલના ઉપાયો.

સાધારણ ખીલ પોતાની મેળે પાકીને ફુટી જાયછે. પણ જો વીકીયા પાંમે તો નં. ૨૮૦ ૨૮૧ ની દવાઓ લગાડવી.

નં. ૩૮૧ ખસના ઉપાયો.

પારો તો. ૧ મોરથુથુ તો. ૧ ગંધક તો. ૧ ત્રણે ચીજો ખરલ કરીને માખણમાં મેળવી ચોપડવું તેથી નક્કી ખસ દુર થશે.

નં. ૩૮૨

ગંધક દુધમાં શોધીને તે દુધ પાઈ દેવું. રાત્રે હલકો જુલાબ આપી સવારે તે શોધેલો પાવલી ભાર ગંધક સાકર સંગાથે ફાકવા-થી ખસ મટે.

નં. ૩૮૩ દાઝવાના ઉપાયો.

કળીચુનો દસેકવાર ધોઈ ઉપરનું નીતરતું પાણી કાઢતા જવું પછી તેમાં દીવેલ નાં ી લગાડવાથી રૂઝ આવે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૩૮૪

આબળા બાળી રાખ કરી ઘીમાં મેળવી લગાડવું, બાવળની છાલની ભુકી ભભરાવાથી અથવા બકરીની લિંડીની રાખ પણ ભભરાવ્યાથી ફાયદો થાયછે. જેઠીમધ, રાળ, ઝીરૂ, આંબળા, સમભાગે ખાંડીકુટી તેમાં થોડો કપીલો તથા સીંદુર અને ચાર ગણું મીણ નાંખી ગરમ કરી મલમની પટી લગાડવાથી ફાયદો થાયછે. અળશીના તેલના પોતા પણ મુકયા કરવાં. દાઝવાથી ઉંડો જખમ પડી ગયો હોય તો ઘઉનો ને ચોખાનો આટો ખુબ ભભરાવી મલમની પટી મારવાથી રૂઝાઈ જાયછે.

નં. ૩૮૫ હેડકાવાના ઉપાયો.

છીકણી અથવા મરચાં દાબવાં.

નં. ૩૮૬ ધનુર અથવા આંચકીના ઉપાયો.

નં. ૧૯૯ ના ઓષદોથી પણ ફાયદો થાયછે. વછનાગનું તેલ શરીરે ચોળવાથી ધનુર જાય. વછનાગનું તેલ બનાવવાની વીધી વછનાગ તો. ૨ ખારૂ તેલ તો. ૪ તેમાં વછનાગને તળી નાંખવો. પછી તેની અંદર કસ્તુરી વા. ૧ નાંખી શરીરે મરદન કર્યાથી ધનુર મટે.

નં. ૩૮૭ અંબર કસ્તુરીની ગોળીઓની વીધી.

અંબર વા. ૫ કસ્તુરી વા. ૪ કેસર. ગા સોનાનો વર્ગ તો. ૦ા હીંગલોક તો. ૦ા સુઠ તો. ૦ા પીપર, મરી, અકલકરો, તજ, જાવંત્રી, લવીંગ, ખોરાસાની અજમોદ, મરેઠી, ફુલ, પીપરમુળ, બ્રહ્મી, કળજર, કાળી તુળસીના બીજ, એલચી, ખોરાસાંની વજ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગકેસર, કમળકાકડીનાં બીજ, ચીનકબાલા, કાળા ધંતુરાના બીજ, ગજપીપર, ખસખસ એ સર્વે ઔષદો સમાન ભાગે (અડધો અડધો તોલો) લઈ કપડછાંણ કરી તેની અંદર અફીણ તો. ૧॥ નાંખી નાગરવેલ અથવા તુલસીપત્રના રસની અંદર દીવસ ત્રણ વાટવું; પછી તેમાંથી ગુંજા બે પ્રમાણે ગોળી કરવી તે ગોળી દીવસમાં એક વખત સવારે આપવાથી ધનુંર જાય.

## નં. ૩૮૮ કસ્તુરીની ગોળી.

કસ્તુરી તો. ०। અંબર તો. ०। જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧ તજ, તમાલપત્ર, નાગકેસર, એલચી, લવીંગ, અકલકરો, અગર, જેઠીમધ, સુઠ, પીપર, મરી, ધોળીમુસળી, કાળીમુસળી, બદામબીજ, ગળજીભી, ધોળી કણેરના મુળ, પીપરીમુળ, ધાંણા ચીનીકબાલા વાળા, સુખડ, સાલમ, એ સર્વે ઔષદો કપડછાંણ કરી ખરલમાં પહોર ત્રણ વાટવું પછી તેની અંદર નાગરવેલનો રસ નાંખી ચણા જેવડી ગોળી વાળવી તે ગોળી આદાના રસની સાથે આપવાથી ધનુંર ટળે.

## નં. ૩૮૯ કરણરોગના ઉપાયો.

કાળીજીરી તથા સુઠ, સમભાગે પાણીમાં વાટી ઉના કરી ચોપડવા અંકોલનાં પાદડાં વાટી બાંધે તો સર્વે પ્રકારના કાનના રોગની ગાંઠો મટે. ત્રીકટુ, પીપળીમુળ, અકલકરો, લવીંગ, કણજર, દરેક અડધો તોલો લઈ જીણા વાટી ગોળમાં ૩०॥ ભારની ગોળી કરી સવાર સાંજ ખાયતો કાનની બેહેરાશ મટે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. ૩૯૦

કાનમાં વછનાગનું તેલ કાનમાં પાડવાથી કાનમાં ગણગણાટ થતો મટે, મીઠાતેલમાં કપુર વાટી કાનમાં ટીપાં પાડે તો કાનમાં ચસકા મટે. લસણ ઘીમાં જીણું વાટી આકડાના પાક પાન ઉપર લગાડી અગ્નીએ શેકી તેનો રસ કાહાડી ટીપાં પાડે તો કાનનો ચસકો મટે. શીકોતરીઓ એળીઓ જીણો વાટી મધમાં મેલવી તેના ટીપાં કાનમાં પાડે તો કાન વેહેતો બંધ થાય. એરંડીયુ તેલ તાળવે ઘસે તો કાન વેહેતો બંધ થાય.

નં. ૩૯૧ નેત્રરોગના ઉપાયો.

રસવતી, હીમજ, સાકર પાણીમાં ઘસી આંખમાં આંજીએ તો આંખની ગરમી મટે. ખાપરીયુ તથા ગાજેલ સીસું ખરલ કરી આંખમાં આંજે તો ગરમી ટળે. પારો તો. ૦ા સીસુ તો. ૦ા કાળોસુરમો તો. ૧ કપુર તો. ૧ સર્વને વાટી જીણા સુરમા જેવું કરી આંખે આંજે તો આંખની ગરમી દુર થાય. સીસુ તો. ૪ ગાળીને સુદ્ધ કરવું તેમાં પીપર તથા કપુરકાચલી દરેક તો. ૧ લેઈ તે સીસા સાથે વાટી ખરલમાં સુરમાં જેવું કરવું પછી બાર પહોર સુધી લીંબુના રસમાં ખરલ કરવું સુકાયા પછી ભીમસેની કપુર વા. ૫ નાંખી ખુબ ખરલ કરી આંખમાં આંજેતો ફુલું. ઝામર, પાણી જમી ગયું હોય તે વીગરે મટેછે. સોનામખી જીણી વાટી મધમાં ખુબ ખરલ કરી આંખમાં આંજે તો ફુલું મટે. મોરથુથુનું પાણી કરી આંખમાં ટીપાં પાડે તો ફુલું કપાય સમુદ્રફીણ તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાકર દરેક તો. ાા લેઈ આંખમાં દીવસ ૧૪ આંજે તો રતાંધળો મટે, અને ફુલું કપાય, પીપર ઝીણી વાટી ગાયના છાણના રસમાં ખરલ કરી દીવસ ૧૪ સુધી આંજે તો રતાંધળો મટે, ફટકડી, મોરથુથુ, ખાપરીયુ દરેક તો. ાા સાકર તો. ૨ સર્વે ઝીણાં વાટી ગાયના દુધમાં પહોર એક સુધી ખરલ કરી ચણાપુર ગોળી વાળી ગાયની છાશના પાણીમાં દીવસ સાત સુધી આંજે તો આંખના સર્વે રોગ; આંખની ઝાંખ, પાણી ઝરતુ, આંખમાં લોહી ચહડી આવેલું, ફુલું વીગેરે રોગને મટાડે છે. ગળોનું સત્વ તથા સીંધવ સમભાગે લેઈ ઝીણાં વાટી મધમાં કાલવી આંખમાં આંજે તો તેજ વધે. ઝાંખ, પડળ, લોહીનું વધવું વીગેરે રોગો દુર થાયછે. રાતો સુરમો, ચીનીકબાલા, દરેક તો. ાા સુરોખાર, એલચી, ચકલાની હગાર પીપરીમુળ મામીરો ( મામેરો ) મોતીનો ભુકો, પરવાળાનો ભુકો, કપુર દરેક તો. ા ઝીણાં સુરમા જેવો ખરલ કરી આંખમાં આંજે તો સર્વ પ્રકારનાં આંખનાં રોગો મટે.

### નં. ૩૯૨ મુખરોગના ઉપાયો.

#### હોઠરોગ.

જેના હોઠ પીતથી ફાટી જતા હોય તેને સોનાગેરૂ, ધોળીરાળ, તથા મીણ, સમભાગે લેઈ ગાયના ઘીમાં મલમ કરી ચોપડેથી ફાયદો થાય. આંબાના પાંદડા ઉપર સરસીયુ તેલ લગાડી અગ્ની ઉપર ધરી ગરમ કરી હોઠે બાંધવું. મધ તથા પાષાણભેદ વાટી હોઠે લેપ કરવો. સાકરને ઝીણી વાટી હોઠે લેપ કરે તો ફાયદો થાય દાંતના રોગ કડુ, માલકાંકણી, હળદર, કુટ, દારૂ, હ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખદર, મજીઠ, સર્વે સમભાગે લેઈ વાટી હમેશાં દાંત્તે ઘસે તો દાંતની એરી વીગેરે મટે. મો વાસ મારતું હોય તો બીજોરાની છાલ મોંમાં રાખવી, દાઢ તથા દાંત બહુ કળતા હોય તો અફીણ, કપુર, વાવડીંગ સમભાગે વાટી ગોળી કરી તે જગા ઉપર રાખવાથી આરામ થાય; ત્રાંબાના વાસણની અંદર અરડુસાના પાનનો રસ નાંખી પા કલાક રેહેવા દઈ તેના ટીપાં કાનમાં પાડવાથી દાંતના ને કાનના જીવ નીકળી જઈ આરામ થાય. કીડામારીના રસના ટીપાં કાંનમાં પાડવાથી દાંતના જીવડા મરી એરી મટે. દાંતના પેહેડા ઉપડ્યા હોય તો ફુલાવેલી ફટકડી તથા નવસાર વાટીઘુંટી દાંતે ઘસે પેહેડાં મટી જાય. દાંત હાલી ગયા હોય તો બોરસળીનું, જુઇનું, કે આકડાનું દાતણ કરે તો દાંત કળતા હોય તો મટે. લીબડાનું દાંતણ કર્યાથી પણ દાંત કળતા મટે. કાથો તથા રૂમીમસ્તકી સમભાગે ભેગાં વાટી જુઇના રસનાં પાંચ પુટ દઈ છાંયે સુકવી ઘસે દાત હાલતા મટે.

## જીભના રોગ.

વાયુ અને કફના પ્રકોપથી જીભે ફોલા પડે તો મોરથુથુ ફુલાવી ખાંડીને જીભે હળવે હળવે ઘસે તો ફાયદો થાય. પીતના પ્રકોપથી જીભ ઉપર છાલા પડ્યાં હોયતો બાવળની છાલ, વાળો, એરનાછોડા, મોથ, ત્રીફલાને કાથો, સર્વે સમભાગે લઈ ચારસેર પાણીમાં ઉકાળી બશેર રાખી ગાળી સેહેવાતા ગરમ પાણીએ કોગળા કરાવવા. પછી એરસારનો ભુકો એરસારનું પાણી અગર ગુલાબનું પાણી મોમાં રાખી મુકી લાળ પાડેતો આરામ થાય. અર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડુસો તો. ૦ા પાનમાં ખવડાવ્યાથી ફાયદો થાય. પાષાણભેદ, ધાણા દરેક તો. ૦ા લઈ ચોખાના ધોવણમાં દીવસ સાત આપવું. ઉમરાનું મુળ ચોખાના ધોવણમાં ઘસી આપ્યાથી ફાયદો થાય. બેડાંછાલ, તપખીર, કાથો, જેઠીમધ, રસવંતી પાસણભેદ અડુસો હરેડેછાલ, આંબળા દાહાડમની છાલ સમભાગે વાટી મધમાં ગોળીઓ કરી સાંજ સવાર ખવડાવવી. આ દરદીએ ગરમ વસ્તુ ખાવી નહી. ગાલપચોળાં. અતીવીશની કળી ઈંદ્રજવ દેવદાર, કણજરો, પહાડમુળ, કડું, સમભાગે લઈ તેમાંથી ૩૨ાા ભાર ગોમુત્ર શેર ૧ માં ક્વાથ કરી અધોળ પાણી લેવું તેમાં ૩૦ાા ભાર મધ નાંખી પાવું. જવખાર, માલકાંકણી, પહાડમુળ, રસવંતી, દેવદાર, હળદર, ઈંદ્રવરણાં, સમભાગે લઈ ઝીણાં વાટી મધમાં ચણીબોર જેવડી ગોળી વાળીને મોંમાં રાખવી. ગળાનું દરદ. પીપર, મરી, હરડે, ખોરાસાની વજ, ધાંણા, યવાન, સમભાગે લઈ ક્વાથ કરી કોગળા કરાવવા, મજીઠ, મોરછડ, (બાલછડ,) બીલી, સુઠ, કરંજ, હળદર, ત્રાયમાન, ઉભી તથા બેઠીરીંગણી, પીપર મરી, સમભાગે લઈ ૨૨ાા ભારનો ક્વાથ કરી દીવસ ત્રણ પીએ તો ફાયદો થાય.

## નં. ૩૯૩ વાજીકરણના ઉપાયો.

નેપાળાની પટી ઈંદ્રીપર મારવાથી ફાયદો થાય. પાતાલયંત્રવડે ધંતુરાનું તેલ કાહાડી ઈંદ્રીએ મરદન કરે તો ફાયદો થાય. દુધ સે. ૧ાા ઉકાળી સેર ૧ રહે ત્યારે ૩૦ાા ભાર સાલમ માંહે નાંખી ખીર જેવું કરી જાયફળ, ૨૦ા) ભાર ખાઈ ઉપર તે ખીર ખાવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પ્રમાણે દીવસ ૧૪ કરવું, હીંગળોક, પારેવાની હગાર, કેસર, જાયફળ, લવંગ, ખોરસાની અજમો, દરેક તો. ૦॥ અકલકરો તો. ૧ અફીણ તો. ૦। સર્વને ઝીણાં વાટી પાણીમાં ચણીબોર જેવડી ગોળીઓ વાળવી, દુધ સાથે એક સાંજે ગોળી ખાય તો કામ વધે, બંધેજ થાય, વીર્ય સ્તંભન થાય. જાવંત્રી સે. ૦। સાલમ રૂ૨॥ ભાર ઝીણાં વાટી ઘીનું મોણ દેઈ દુધ સે. ૧૫ માં નાંખી માવો કરવો, પછી ઘીનાંખી દાણો પાડવો, તેમાં જાયફળ, લવીંગ, ધોળીમુસળી કાળીમુસળી, દરેક રૂ૧) ભાર મુગલાઈ બેદાણા, ગોખરૂ રૂ૪) ભાર એખરો, કઉચા, રૂ૨॥ ભાર, કેસર રૂ૦॥ ભાર, એલચી રૂ૪ ભાર તજ રૂ.૨) ભાર બદામ સે. ૦॥ પસતા સે. ૦॥ ખસખસ સે. ૦। સર્વે ખાંડી કુટી તૈયાર રાખવા સાકર સે. ૮ ની ચાસણી કરી ઉપર બતાવેલી રૂ૦॥ ભાર કેસર નાંખી તમામ મસાલો તથા માવો નાંખવો તેમાં ઘી સેર ૫-૬ ને આસરે નાંખી ૦। સેર વજને લાડુ વાળવા તેમાંથી નીત એક લાડુ ગરમ દુધ સાથે ખાયતો પેટનો વાયુ, નબળાઈ, ધાતુક્ષિણતા, પ્રમેહ, ઈ. મટે. બંધેજ થાય ભુખ લાગે ને સુસ્તી મટે. **ભીલામાપાક.** ભીલામા નં. ૨૧ ને કલાઈવાળા તપેલામાં પેહેલા સે. ૦॥ માખણ નાંખી ઉપર ગોઠવવાં. તે ઉપર બીજુ સે. ૦॥। માંખણ નાંખી ઢાંકણીવડે મોંહ ઘઉની કણેકથી સંપુટ કરી દેવું કે મોંહેનો ધુમાડો બાહેર નીકળી શકે નહીં પછી એક પ્રહોરની આંચ દઈ નીચે ઉતારવું લાંબો સળીઓ ભીલામાંમાં ઘોચાય તો જાણવું કે ભીલામાં થઈ ગયાં અગર તેમ ન થાય તો ફરીથી ચુલે ચઢાવવાં તે ભીલામાં વાટી અલગ રાખવા, જાય-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ, જાવંત્રી, તજ, કેસર, લવીંગ, અકલકરો, ધોળીમુસળી, કાળીમુસળી, દરેક તો. ૦ll ખસખસ તો. ૧ ભાંગ તો. ૦ll બદામના મીજ સે. ૦l એલચી તો. ૨ બદામ ખસખસ જુદાં વાટવા બાકીના સર્વ ઓષધો વાટેલા ભીલામામાં મેળવી ફરીથી અંગારે ચઢાવવું ખુબ હલાવતા જવું પછી હેઠે ઉતારી બદામ, ખસખસ, ઘી શેર ૧ તથા મધ શેર ૦ll નાંખી મોંહ બંધ કરી બાજરી યા કપાસીઆની કોઠીમાં દીવસ સાત રાખી હમેશા રૂ૦ll ભારને આસરે સેવું. માફક આવે તેમ તેમ ચહડતા જવું તેથી બળ વધે શરીર પુષ્ટ થાય. ગએલો કામ જાગે, તથા હસ્તકર્મદોશ મટે.

નં. ૩૯૪ **સ્રીના રોગના ઉપાયો.**

**સ્રીઓની યોની ઉપર ગાંઠ.** તે રોગ ઘણોજ અસાધ્ય છે. નં. ૨૮૦-૨૮૧ ની દવાઓથી યોનીની ગાંઠોને પકાવવી અને મલમ વડે રૂઝ લાવવી અથવા દાક્તરની સલાહથી તેને કાપી નાંખવી. **યોની ઉપર સોજો.** ઇંદરવરણીના મુળ તો. ૦ll બકરીનું ઘી તો. ૨ નાખી પીએ યોની ઉપરનો સોજો મટે. ઘોડાવજ ઝીણી વાટી ગોળમાં ગોળી વાળી યોનીમાં રાખવાથી યોની સુળ તથા યોનીનો સોજો મટે. લીંબડો બાફી બાંધવાથી સોજો ઉતરે લીંબડાના પાંન તો. ૫ ઝેરકચોલા તો. ૨ એને દશેર પાણીથી ઉકાળી તે પાણી વડે યોની ધુવે તો યોનીની ખરજ અને દુરગંધ મટે લીંબુની છાલ તો. ૧ લીંબડાની લીંબોડી તો. ૧ ઘૃત સાથે ઝીણા વાટી યોનીમાં લેપ કરવો તેથી યોનીની દુરગંધ મટે ત્રીફલા તો. ૫ ફટકડી તો. ૨ પાણીમાં પલાળી નાખવી પછી તે પાણી ગળીને યોની ધોવી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી યોનીમાંથી પાણી ઝરતું બંધ થાય. **અધુરે મહિને ગર્ભ શ્રાવ થતો હોય.** તેનુ ઔસધ. નાગકેશર પારેવાની વીષ્ટા, ભાંગનાં બીજ એલચી એ સર્વ સમાન ભાગ લઈ પછી સાકર તો. ૧૦ નાંખી ઝીણા વાટી પ્રભાતે તોલા ૨ પાણી સાથે આપવુ તેથી ગર્ભશ્રાવ થતો ટળે **રૂતુ નાશ કીધાના ઉપાય** કેસુડાં તો. ૯ પાંણીમાં પલાળીને ગળીને તે કેસુડાનું પાણી રૂતુંની અંદર પાવું ફક્ત ત્રણ રૂતુ પરીઅંત કરવાથી રૂતુનો નાશ થાય. ગળો, ત્રીફલા, દંતીમુળ સમભાગે લઈ તેનો ક્વાથ કરવો. તેની અંદર પીપર, મરી, અડદ, સતાવરી, કોઠ, કોલીંજન, સીંધવ વાટીને આંગળી પ્રમાણે લાંબીને જાડી વાટો કરી યોનીમાં રાખે તો સર્વ પ્રકારના રોગો મટે.

**સ્ત્રીના પ્રદરના રોગોના ઉપયો.** પડવાસ તો. ૫ પીતપાપડો તો. ૨ નાગકેસર તો. ૨ વેકરીયુ તો. ૨ સાકર તો. ૧૦ એ સર્વ જીણાં વાટી તો. ૧ સવારે ટાઢા પાણીમાં ફાકે તો સર્વે પ્રકારના પ્રદર ટળે. તાદલજાની ભાજીના મુળ સુકેલાં તો. ૫ રસવંતી તો ૨ સાકર તો. ૭ એ સર્વે ઔશધો જીણાં વાટી મધમાં ગોળી તો. ०। ની કરવી તે પ્રભાતે ગોળી નંગ બે ચોખાના પાણી સાથે ખવરાવવી. પથ્ય ચોખા, ઘઉં, દુધ, ખાવા આપવા એથી સર્વ પ્રદર જાય. દાહાડમસાર તો. ०।। અજમોદ તો. ०।। વાવડીંગ તો. ०।। વાયુબા તો. ०।। ખારેક છુવારી તો. ०। જુનો કાગળ તોલો ०।। એ સરવે ઝીણાં વાટી ગોળમાં ચણા જેવડી ગોળી કરવી તેમાંથી ગોળી નંગ ૧ સ્ત્રીની યોનીમાં રખાવવી તેથી રક્તપ્રદર ટળે (લોહી વા ટળે પાસણ ભેદ તો. ०।। દાહાડમસાર તો. ०।। સાકર તો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૦ા ઝીણાં વાટી મધમાં ચણા જેવડી ગોળી કરવી તે ગોળીને સ્ત્રીની યોનીમાં રખાવવી તેથી વાંધો અથવા (લોહીવાને ટાળે) સીંધીએટ (સીંધી મટોડી) તો. ૦ા ભાંગ તો. ૦ા જાયફળ તો. ૦ા કપાસીઆનાબીજ તો. ૦ા ખારેક તો. ૦ા ધઉલો તો. ૦ા એ સર્વે ઔષધો ઝીણા વાટી ચણા જેવડી ગોળી કરવી તે સ્ત્રીની યોનીમાં રાખવાથી સફેદ પ્રદર (ધોળી ધાત જતી હોય તેને ટાળે) ભીમસેની બરાસ, વા. ૭ સોનાનો વરગ વા.૭ તે ખરલમાંહી વાટીને ગાડરનું દુધ તો. ૦ા અંદર નાંખી ચાર પોહાર વાટવું પછી બીજે દીવસે નાગરવેલના પાનના રસની સાથે ચાર પહોર વાટવું રાત્રે ઢાંકી મુકી પ્રભાતે નાગરવેલના રસની સાથે વાટી ચીણીબોર જેવડી ગોળી કરવી તે ગોળીને ચીનાઇના વાસણની અંદર નાખી છાએ સુકવવી તેમાંથી ગોળી નંગ ૧ યોનીમાં રખાવવી પથ્ય દુધ, ચોખા, સાકર, ઘઉ, ઘૃત. એ વસ્તુઓ શીવાય બીજુ ખાવું નહી.

## સુતીકા રોગ ઉપરના ઉપાયો.

**લવીંગનો અરક કાહાડયાની વીધી.** ચીનાઇનો વાડકો લઇ તેને મોહે જીણું લુગડું ગુંદરવડે ચોડવું તેના ઉપર લવીંગનો ઝીણો ભુકો પાથરવો તે ઉપર અબરકનાં પતરાં પાથરવાં તેની ઉપર પીતળની થાળી મુકવી તેના ઉપર કોલસાની અગ્ની કરવી તેને થોડે થોડે ધમવી પ્રથમ ચીનાઇના વાડકા નીચે પાણી ભરી થાળી મુકવી અને તે પાણી થાળીની અંદર વાડકો અરધબુડે ત્યાં રાખવું એટલે લવીંગનો પાતાળયંત્રે અરક નીકળે તે અનુપાને દેવો **તેની રીત** દાંતે ઘસવાથી દાંત બીડયા હોય તે ઉઘડે. કૃમીને વાયુને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીતાંગને ટાળે. કાળારસની ગોળી લવીંગમાં ઘસી પાઇએ તો ધનુર, આંચકી, સીતાંગ ટળે. **કાળા રસની ગોળી કરવાની વીધી**—પારો હીંગલોકમાંથી કાહાડેલ તો. ૩ ગંધક તો. ૩ લવીંગ તો. ૪ ધંતુરાના બીજ શોધેલ તો. ૩ પીપર તો. ૧૦ મરી તો. ૫ ચીત્રાછાલ તો. ૫ જાયફળ તો. ૫ ટંકણખાર ફુલાવેલ તો. ૫ એ સર્વે ઓષધને ભેળાં વાટી પારા ને ગંધકની કાજલી કરી વછનાગ ને મરી ભેળાં વાટી પછી એની અંદર સર્વે ઓષધોને ભેગાં કરવાં પછી નાગરવેલના પાનના રસની અંદર ત્રણ પટ દેવા તેમજ આદાના રસના પટ ત્રણ દેવા પછી ગુંજા પ્રમાણે તેની ગોળી કરવી તે અનુપાને દેવી. અઘોરશનીપાત, અરૂચી, પીનસ, ઉધરસ, સ્વાસ, શરદી તથા માથાના રોગ અનુસ્તંભન, ગલગ્રહ, વાયુ અને સુતીકા રોગને ટાળે.

**વછનાગનું તેલ કાહાડવાની રીત.**—વછનાગ તો. ૩ મીઠું તેલ તો. ૮ એને લોખંડની કઢાઇની અંદર ઉકાળી કપડે ગાળી નાખવું તે તેલથી મરદન કરવાથી સીતાંગ ટળે.

કસ્તુરી વા. ૧ અંબર વા. ૦ાા પાણીમાં ઘશી પાઇએ તો સુવાવડી સ્ત્રીને ધનુરવા ટળે. કેસુડાંને પેડુની ઉપર બાંધવાથી મુત્રકૃચ્છ ટળે. હિમજ તો. ૦ા ઝીણી વાટીને ભેંસનું માંખણ તો. ૧ લઇ તેની સાથે ભેળીને ખાવું તે દીવસ ૨૧ કરવું તેથી પથરીનો રોગ ટળે.

**નં. ૩૯૫ બાળકના રોગોના ઉપાયો.**

**બાળકને ઉછાળો થાય તેના ઉપાયો.**—વાવડીંગ, વરીઆળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધમાં અથવા પાણીમાં વાટી પાવાથી ઉછાળો ટળે, કરમાણી અજમોદ પાવાથી ઉછાળો ટળે બકરીનાં દૂધની અંદર કરમાણી અજમોદ જાયફળ, એલચી ને સાકર એ સર્વે વસ્તુ સમાન ભાગે લેઈ દૂધની અંદર નાંખી ઉકાળવું પછી તેને ગાળી નાખવું તેમાં-થી તો. ૦॥ ને આશરે પાવાથી ઉછાળો મટે નીંદ્રા આવે કોવત આવે, જઠરાગ્નની પ્રદીપ્ત કરે, ઝાડો બંધ થાય.

**બાળકને બંધકોશ થાય તેના ઉપાયો.**—હરડે ને સાકર ઘ-શીને પાવાથી બંધકોશ મટે. ગરણીના બીજ ને ગોળ પાણીમાં આપવાથી બંધકોશ મટે.

**બાળકને ઉધરશ થાય તેના ઊપાયો.**—કાકડાસીંગ, લોદર પાણીમાં ઘશી પાવાથી ઉધરસ મટે. જાયફળ, લવીંગ, સુઠ, એનો ઘસારો કરી આપવાથી ઉધરસ મટે. કાકડાશીંગ, પીપર, નાગર-મોથ, ચીત્રક, સમભાગે લેઈ ચુરણ કરી તેમાંથી થોડુંક ચુરણ બા-ળકને મધમાં આપવાથી શ્વાસ, ઉધરસ, અતીસાર, ઉછાંટ મટે.

**બાળકને ઝાડો થયો હોય તેના ઉપાયો.**—પાસણભેદ, જા-યફળ, રાળ, સુઠ, અતીવીશ, પાણીમાં પાવાથી ઝાડો મટે. બીલી-નો ગર્ભ, મોચરસ, આંબાગોટલી એ સર્વેનો ઘસારો કરી પાવાથી ઝાડો મટે. વાવડીંગ, વાળાં, સાકર, એ સર્વે ઓષધો, વાટી બાળકના પેટ ઉપર ચોપડવાથી વાનો વીકાર ટળે.

**બાળકના પેટમાં કૃમી થયા હોય તેના ઉપાયો.**—કરમાણી અજમો, પીતપાપડો, પાવાથી પેટમાં જીવ થયા હોય તે મટે. કપી-લો સાકરમાં દેવાથી, પેટના જીવ દુર થાય. ધાણા અરડુસો, ઈંદ્ર-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવ, વાળો એ સર્વે ઓષધો ઉકાળીને ક્વાથ કરી પાણી અધોળને આશરે રહે ત્યારે તો. ગા મધ નાંખી પાવાથી બાળકના પેટની અંદર બળગમ થતો મટે.

**બાળકના તાવના ઉપાયો.**—કરીઆતુ, સુંઠ, પાણીમાં ઘશી પાવાથી તાવ ટળે. ખરસળીઓ, ત્રાયમાન, પાણીમાં વાટી પાવાથી તાવ ટળે, દેવદાર, અગર પદમક, પાણીમાં ઘસી પાવાથી તાવ ટળે.

**બાળકને માથુ દુખતુ હોય તેના ઉપાયો.**—નાગોડના પાન દુધમાં બાફી માથે બાંધવાથી માથુ દુખતું મટે. કાનમાં ફુલેલ તેલનું ટીપુ નાંખવાથી બગવા ટળે, તેથી માથાનો દુખાવ મટે.

**બાળકનાં માથામાં અથવા કાનમાં ગડગુમડ થાય તેના ઉપાયો.** પારો, ગંધક, મનસીલ, બોદાર, સોનાગેરૂ, કપુર એ સર્વે ઔષધો સમાન ભાગે લઈ વાટીને ઘીમાં કાળવી ચોપડ્યાથી ગડગુમડ મટે. કંકુ ધુપેલમાં કાળવી ચોપડ્યાથી ગડગુમડ મટે. મીઢીઆવલને માળવી બાવચ્યો પાણીમાં વાટી ચોપડવાથી માથુ પાક્યુ મટે. ગળી બોદાર, સોનાગેરૂ વાટી ઘીમાં ચોપડવાથી માથાના રોગ મટે.

**નં. ૩૯૬**

૧ એક વરસની અંદરની વયના બાળકને ઓસડ આપવું તે તો. ૦ા ની અંદર આપવું, રસાયણ પદાર્થ બીલકુલ નહી આપવાં.

૨ એકથી ત્રણ વરસની ઉપરના બાળકને (ક્વાથ ચુણ વીગેરે) હલકા ઔષધો આપવા જેથી તેને પાચન થઈ શકે.

૩ ત્રણથી નવ વરસની અંદરના બાળકને અરધા તોલા સુધી ક્વાથ આપવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ નવથી પંદર વરસ સુધીનાને દરવખત ચુર્ણ તો. ાા થી તો. ૧ સુધી ક્વાથ તો. ૨ સુધી આપવો.

૫ પંદરેથી પચાસ સુધીનાને ચોપડીમાં બતાવ્યા પ્રમાણે દવા વજનથી આપવી.

૬ વૃદ્ધાવસ્થામાં શક્તી પ્રમાણે દવા આપવી.

૭ સુવાવડીને ઘણી સાવચેતીથી વીક્રીયા ન થાય તેવી દવા આપવી.

૮ બાળકને તથા સક્તીહીણને ( જન્મથી રોગીષ્ટ ) શક્તી મુજબ આપવું.

૯ ઘેલછાવાળો, વેહેમી, ચીતભ્રમી, એવા દરદીને ઓસડ આપતાં બહુ વીચાર કરી રસાયણ તથા કેફી વસ્તુઓનો ત્યાગ કરી આપવું.

૧૦ દરેક દવા તોળી માપી વજન પ્રમાણે આપવી

# પ્રકરણ ૫ મું.

## ધાતુનું શોધન અને મારણ.

વછનાગને ભેશના મુત્ર તથા છાંણ મળી સે. ૮ માં નાંખી મટકામાં ભરી ચુલે ચઢાવવું, મુત્રને છાંણ સુકાઇને કોરૂં પડી જાય ત્યારે વછનાગ કાહાડી લેવો તે શુદ્ધ કહેવાય.

વછનાગ તો. ૨ ને દસેર દુધની અંદર નાંખવો પછી તેને ચુલે ચઢાવવો હેઠે અગ્નીનો તાપ કરવો, પછી દુધ બધુ બળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેશે ત્યારે વછનાગ ફુલી જશે તે વછનાગને કાહાડી લેવો તેને શોધેલો વછનાગ કહેછે.

**હીંગલોક.**—તો૰ ૫ લઈ પ્રથમ મધ સે. ૦। લઈ તેમાં ખુબ૰ ઉકાળવા તે બળીને કાળો થઈ જાય, એટલે હીંગલોક કાહાડી લેવો તેજ પ્રમાણે ઘી તથા દુધ સેર ૫ માં કરવાથી હીંગલોક સુધ થાય.

**ગંધક.**—સેર ૦। ને આશરે લઈ તેને ઘીનું મોણ દેવું પછી દુધ સે. ૦॥ એક કટોરામાં ભરી તે કટોરાનુ મોં કપડેથી બાંધવું તે કપડા ઉપર ગંધક પાથરી તવામાં દેવતા લઈ તે ઉપર મુકવો અગ્નીના જોરથી તે ગંધક કપડામાંથી ગળી દુધમાં પડે ગંધક એ પ્રમાણે ત્રણવાર કરવાથી શુદ્ધ થશે.

**ઝેરકોચલાં.**—સે૰ ૨ લઈ ગૌમુત્રમાં દીવસ ૮ સુધી પલાળવાં દર ત્રીજે દીવસે ગૌમુત્ર બદલતાં જવું જ્યારે ઉપર નખ મારવાથી ફોતરાં ઉખડવા માંડે એટલે ચપ્પુવતી તમામ સાફ કરી નાંખવા તેમને ઘી સે. ૦। અગર તેટલાજ એરંડીઆમાં તળી નાંખી કામમાં લેવાં તે શુદ્ધ કહેવાય

**કલાઈ.** શેર ૦। લઈ કઢાઈમાં ખુબ ગરમ કરી છાશસે. ૧ માં સાત વખત બુઝાવવી તેજ પ્રમાણે મીઠા તેલમાં સાત વાર કરવું.

**અફીણ.** તો૰ ૧ લઈ તેને કોરી હાંડીમાં નાંખવું પછી તેની અંદર દુધ સે૰ ૧૦ નાંખવું એ સર્વ દુધ બળી જાય અને માવો થઈ જાય ત્યારે ઉતારી લેવું એટલે અફીણ શુદ્ધ થાયછે;

**ટંકણખાર.** સે. ૦। ને આકડાના દુધમાં વાટવો પછી તેની લુગદી કરી છાંયે સુકાવવી પછી તેને સંપુટમાં નાંખી ઉપર કપડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મટ્ટી કરવું પછી અગ્ની છાંણા ત્રીસની આપવી, એટલે ટકણ શુદ્ધ થાય.

**સોમલ સંખીયો અથવા દાહાડમીયો.** સે. ૦। લેવો તેને ભેશના છાંણની અંદર નાંખી ડોલીકા યંત્રે પકાવવો દીવસ એક કોહોળાના રસમાં પકવવો તેજ પ્રમાણે ગાયના દુધમાં પકવવો પછી રીંગણાને લેઈ તેની ડગલી કાઢી તેની અંદર સોમલ નાંખવો તેને પછી ડગળી દઈને કપડમટ્ટી કરવી પછી છાંણાં ૫ લેઈ તેની અંદર નાંખી સળગાવવાં છાંણાની રાખ થઈ જાય ત્યારે સોમલ કાહાડી લેવો તેને લીંબુના રસમાં ઉપરની રીત પ્રમાણે ડોલીકાયંત્રે પકાવવું તેજ પ્રમાણે તાદળજાની ભાજીના રસમાં પકવવાથી સોમલ શુદ્ધ થાય છે.

**સોમલ.** તો. ૧ ને ગાયના દુધ સે. ૧૫ અંદર નાંખી ડોલીકાયંત્રવડે શોધવો ડોલીકાયંત્રમાંથી દુધ બળી જાય ત્યારે અંદર સે. ૦॥ તાદળજાની ભાજીનો રસ નાખી સસડાવવો રસ બળી જાય ત્યારે સોમળ કાહાડી લેવો,

**રસકપુર.** તો. ૧ ઘી સેર ૦॥ ની અંદર લોઢાની કઢાઈમાં નાંખવું પછી તેને ચુલે ચઢાવવું હેઠે અગ્ની કરવો રસકપુરની ગાંઠ તવાની અંદર મુકી તેની ઉપર ઘી રેડવું ત્યારે રસકપુર શુદ્ધ થાય તે રસકપુરની ગાંઠ પતાસાની માફક ફુલી જાય ત્યારે રસકપુર શુદ્ધ થએલો સમજવો તે શુદ્ધ થએલા રસકપુરને આડરના દુધમાં ધોઈ નાંખ્યાથી સ્વચ્છ થાય.

**હીંગળોકમાંથી પારો કાહાડી શુદ્ધ કરવાની રીત.**—હીંગ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોક સેર ૦ા ને લીંબુના રસમાં પહોર એક વાટવો તેની લુગદી કરવી પછી મટોડીની હાલ્લી નંગ ૨ લેવી તેને હીંગનું પાણી કરી હાલ્લીમાં લેપ કરવો પછી હીંગલોકની લુગદી કરેલી છે તેને હાંલ્લીની અંદર મુકવું ઉપર બીજી હાંલ્લી ઢાંકવી તેને કપડામઢી દેવું તેને સુકાયા પછી ચુલે ચઢાવી હેઠે અગ્નીનો તાપ કરવો હાંલ્લીની ઉપર ભીનું લુગડું મુકતાં જવું સુકાવા દેવુ નહીં એમ પહોર ચાર કરવું પછી ઠંડું થાય ત્યારે હાંલ્લી ઉતારી માંહેથી પારો કાહાડી લેવો, તે પારાને સાતવાર લુગડેથી ગળી નાંખવો એટલે પારો શુદ્ધ થાય.

**ચીનીકપુર.**—સે. ૦। લેઈ તેને સાતસેર દુધની અંદર નાંખી ડોલીકાયંત્રે કરી બે પહોર પકાવાથી કપુર શુદ્ધ થાય.

**રૂમીમસ્તકી**—તો. ૧ લઈને ચીનીવાડકામાં નાંખી તેમાં લીંબુનો રસ નાંખી ને પહોર બે સુધી તડકે મુકે પછી ઉપાડી લેઈ રૂમીમસ્તકી કાહાડી લે એટલે શુદ્ધ કહેવાય,

**શીલાજીત.**—નવટાંક ને સે. ૦ા ગાયના દુધમાં ત્રીફલાના કાહાડામાં અથવા ભાંગરાના રસમાં એક દીવસ પલાળી રાખે પછી બીજે દીવસે કપડામાં નાંખી ગાળી લેઈ તડકે સુકવવો સુકાયા પછી ખરલ કરી સીસામાં ભરી રાખી મુક્યું. તે શુદ્ધ કહેવાય.

**બીજી રીત**—શીલાજીતને બે પહોર સુધી ઉના પાણીમાં પલાળી રાખવો પછી તેને ખુબ ચોળીને માટીના વાસણમાં કપડેથી ગળી નાંખ્યા તેને તડકામાં મુકી સુકવે એ પ્રમાણે બે મહીના લગી કરેતો પુર્ણ શુદ્ધ થયો કહેવાય તેમાંથી લગાર અગ્ની ઉપર મુકીએ તો ધુમાડો નીકળે નહી અને ઉભો થઈ જાય. તે ખાવાથી પ્રમેહ ઈ. રોગોને દુર કરે તથા શરીરને પુષ્ટાઈ બહુ આપે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પારો.**—કુંવારનો રસ હરડાં, બેડાં, આબળા; સુંઠ, મરી, પીપર, ચીત્રક એનો કાહાડો કરવો ને તેની અંદર લીંબુનો રસ નાંખી એક દીવસ ખરલ કરવાથી પારો શુદ્ધ થાય,

**હડતાલ.**—ની પોટલી કરી ડોલીકાયંત્રની અંદર ગોમુત્ર અથવા કાંઝી નાંખી તેમાં એક પહોર તેની પોટલી રાખી અને પછી ચુલે ચઢાવી એક પહોર સુધી અગ્ની દેવી પછી તેને બાહાર કાહાડી કોહોળાના રસ, તલનું તેલ. ત્રીફલાનો કાહાડો એ પ્રત્યેક ઔાષધી નાંખી એકેક પહોર સુધી ચુલે પકવવાથી હડતાલ શુદ્ધ થાય.

**મનસલ.**—ની પોટલી કરી ડોલીકાયંત્રની અંદર અરણીનો રસ નાંખી ચુલે ચઢાવી નીચે અગ્નીનો તાપ કરવો એ પ્રમાણે એક દીવસ ર્ક્યાથી મનસીલ શુદ્ધ થાય અથવા બકરોના મુત્રની અંદર અથવા બાંગરાના રસની અંદર ઉપર રીત પ્રમાણે શોધન ક-ર્યાથી મનસીલ શુદ્ધ થાય.

**હીરા, મોતી, પરવાળા.**—ડોલીકાયંત્ર અંદર અરણીનો રસ નાંખી હીરા, મોતી, નાંખી એક દીવસ રાખવાથી શુદ્ધ થાયછે

**નેપાળાં.**—તેના બીજ કાહાડી નાંખીને ડોલીકાયંત્રની અં-દર દુધ નાંખી સીજવવાં પછી તેની અંદરથી જીભ કાહાડી લેવી તેથી નેપાળા શુદ્ધ થાય.

**સુવર્ણાદીક ધાતુ**—સોનું, રૂપુ, ત્રાંબુ, સીસુ, કલાઈ, કથીર, લોઢું, ત્રીક્ષણ લોઢું આઠ પ્રકારનું, કાંસુ પાંચ પ્રકારનું. ત્રણ પ્રકારનું પીતળ, એ સર્વેને છાશ, ગૌમુત્ર, કાંજી, કલથીનો કાહાડો એમાંથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક ધાતુને ચોપડી અગ્નીમાં તપાવવું તે પ્રમાણે પ્રત્યેક વખતે તપાવવું અને ઠંડુ અંદર કરવું એમ સાત વખત કરવાથી શુદ્ધ થાય.

## મારણ વીધી.

**સોનાનુ મારણ.**—સોનાના બારીક વરકના ઝીણાં ઝીણાં કડકા કરવા તેનાથી બમણો શોધેલો પારો લઇ લીંબુના રસમાં ખરલ કરી લુગદી કરવી પછી તે બંનેની બરાબર આમલસારો ગંધક શોધેલો લેવા પછી બે મટોડીના ચપણ લેઈ તેની અંદર અડધો ગંધક મુકી વચમાં લુગદી મુકવી અને બાકીનો ગંધક ઉપર ભભરાવી ચપણ ઉપર કપડ માટી લગાડવી સંપુટ કરી ગજપુટ આસરે આંચ દેવાં એ પ્રમાણે ત્રણ વખત કરવાથી મૃગાંક ચોખો થાય તેના ગુણ—તેમાંથી રતી ૧ મધ તથા પીપર દરેક તો. ૧ મેળવી ખાય તો શ્વાસ, દમ, ક્ષય, અરૂચી ઈ. સર્વ રોગોને દુર કરેછે.

**રૂપરસનુ મારણ.**—ચાંદી ચોખી તો. ૩ ચોખી હડતાલ તો. ૧ બંનેને લીંબુના રસમાં ખરલ કરી લુગદી કરી બે ચપણમાં મુકી કપડછાંણ કરીને સંપુટ કરી તેને ચૌદ વખત ગજપુટ અગ્ની આપવાથી ચાદીની ખાખ થાય એના ગુણ ધાતુ ક્ષીણતા, ક્ષય, ઈ, ઉદર રોગ ઉપર ચાલેછે.

**તામ્ર ભસ્મ**—તાંબાના પાતરાના કડકા કરી લીંબુના રસની અંદર નાંખી ડોળીકા યંત્રની અંદર મુકી ચુલે ચઢાવી નીચે અગ્ની કરી પકાવવાં ને ઠંડુ થયા પછી કાહાડી લેવાં પછી તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાંબાના ચોથા ભાગે પારો લેઈ તેની અંદર લીંબુનો રસ નાખીને એક પહોર સુધી ખરલ કરવો પછી તે પત્રા કહાડી તેના વજનથી બમણો ગંધક લેઈ બીલીના રસથી ધોઈ નાખવો પછી તે ગંધક ત્રાંબાના પત્રાંને ચોપડવો પછી સાટોડીનોરસ તેની લુગદી કરવી તે લુગદીને મટોડીના વાસણની અંદર મુકવી તેના ઉપર બીજુ મટોડીનું વાસણ મુકી તેને મટ્ટીથી બંધ કરવું પછી તેને આસપાસ રાખોડીથી લીપી દેવું પછી ચુલાની ઉપર મુકવું નીચે ચાર પહોર સુધી હલકો અગ્ની આપવો ઠંડુ થયા પછી હેઠે ઉતારી તેની અંદરથી લુગદી કાહાડી લેઈ સુરણના રસમાં એક દીવસ વાટવું તેનો ગોળો કરી અરધ ગંધક લેવો ને ગંધકને ઘીની સાથે વાટીને ગોળાની ઉપર લેપ કરવો પછી તેને ચપણની અંદર મુકી સંપુટ કરીને ત્રણ ગજપુટ આપવા ઠંડુ થયા પછી બહાર કાહાડી લેવું એટલે તાંત્ર ભસ્મ થાય. તેને મનુષ્યની વય જોઈ ને આપવી જેથી ક્ષય, દમ, પ્રમેહ, મુરછા, મૃગી, ધાતુક્ષય, નપુશકપણું મટે.

**પીતળ મારવાની વીધી**—પીતળના પતરાના ઝીણા કડકા કરી લીંબુના રસમાં ત્રણ અગર સાત વખત ભીજવવાથી શુદ્ધ થાયછે ને પત્રાના કડકાના વજન બરાબર ગંધક શોધેલો લઈ આકડાના દુધમાં કાલવી તે કડકા પર લેપ કરવો તેને ચપણમાં કપડ મટ્ટી કરી ગજપુટ બે વખત આપવાથી ભસ્મ તૈયાર થાય તેજ પ્રમાણે કાંસાની પણ ભસ્મ થાયછે.

**સીસુ અથવા નાગેશ્વર રસની મારણ વીધી.**—નાગરવેલના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાનના રસમાં મનસલ ખરલ કરવો તેને સીસાના બારીક પત્રાના કડકા પર ચોપડી, ચપણમાં ભરી, કપડ મટ્ટી કરી ગજપુટ આંચ દેવી એ પ્રમાણે ૩૨ ગજપુટ દેવાથી ઘણોજ ઉત્મ નાગેશ્વર રસ બનેછે. બીજીરીત સીસાને શોધી કઢાઈમાં નાંખી ચુલે ચઢાવે તે પર પીપળાના તથા આમલીનાં છોડાંનો ભુકો દર પાંચ મીનીટે થોડો થોડો નાંખી કડછીના ચાડાવતી હલાંવતાં રહેવું સાતેક કલાકમાં તેની ભસ્મ તૈયાર થશે, ફકત કચરો નીચે રહેસે માત્રા રતી ૧ બાર અગર મધ, ઘી, કે સાકર સાથે ખાય તો સર્વ રોગોને દુર કરે.

**અથ બંગેશ્વર મારણ વીધી.**—ઠીકરાના વાસણમાં કલાઈ નાંખી ચુલે મુકવી તે પર પીપળા તથા આમલીના છોડનો ભુકો થોડો થોડો નાખી કડછીએ હલાવ્યા કરવું એ પ્રમાણે બે પહોર સુધી કરવાથી ભસ્મ થાય તેની બરોબર હડતાલ લેઈ લીબુના રસમાં બંને ખરલ કરી ચપણમાં ભરી કપડ મટ્ટી કરીને ગજપુટ અગ્ની આપવો, એ પ્રમાણે બે વખત ગજપૂટ આપવો પરંતુ બીજી વખતે હડતાલ દસમે હીસે લેવી તેથી બંગેશ્વર ઘણો ઉત્મ થશે.

**અથલોહ મારણ વીધી.**—લોહું તીક્ષણ લઇ તેનો ભુકો કરવો તેનાથી બારમે હીસે હીંગલોક લેઈ તેને કુંવારના રસમાં બે પહોર સુધી ખરલ કરવો તેની લુગદી કરી ચપણમાં ભરી કપડ મટ્ટી કરી સાત ગજપુટ દેવા ત્યારે પોલાદ ભસ્મ તૈયાર થાય.

**સાત ઉપધાતુનું મારણ.—**

**સોનામખીનું મારણ શોધન.**—સોનામખી ત્રણ ભાગને સીં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધવ એક ભાગ લઈ કઢાઇમાં નાંખી ચુલે મુકવું તે ઉપર જાંબુનો રસ તથા બીજોરાનો રસ નાંખી ખુબ ઉકાળવું એટલે તે શુદ્ધ થશે પછી તેને મીઠું તેલ છાસ કે કળથીના કવાથમાં ખુબ ખરલ કરી ગજપુટ અગ્ની દેવા તેથી ભસ્મ તૈયાર થશે સોનામખી તેજ રૂપામુખી કહેવાયછે.

**અથ અભ્રકભસ્મની વીધી.**—કાળા અભ્રકને અંગારામાં નાંખી તપાવવો, ખુબ તપી જાય એટલે દુધમાં બુઝવવો, તેના પત્રાં અલગ કરી લીંબુ તથા તાંદળજાની ભાજીના રસમાં આઠ પહોર પલાળી રાખે તો શુદ્ધ થાયછે. પછી તેના કડકા કરી આકડાના દુધમાં એક પોહોર ખરલ કરવા, તે લુગદીને આકડાના પાનમાં લપેટી ચપણુમાં સંપુટ કપડમટ્ટી કરી ગજપુટ અગ્ની દેવો. બીજા ગજપુટમાં વડના મુળનો કવાથ કરી તેમાં ત્રણ પુટ દેવા બાકીના સાત રહ્યા તેને આકડાના દુધમાં ખરલ કરી દેવા એવા અગીઆર પુટ દીધેથી ભસ્મ થાયછે.

**અથ સુરમાની શોધનને મારણ વીધી.**—સુરમાને વાટી જાબુંના રસમાં ખરલ દીવસ ૧ કરવાથી શુદ્ધ થાય પછી જોઇએ તેમ વાપરવું.

**અથ મનસીલ.**—મનસીલની પોટલી કરી ડોલીકાયંત્રમાં બકરીના મુત્રવડે ત્રણ દીવસ સીજવવું, પછી બહાર કાહાડી આડરના કલેજાની બીતી ( ચરબી ) માં ખરલ કરી તેના સાત પુટ દેવા. ( સુકાય કે ફરી નાંખી નાંખી ખરલ કરતાં જવું ) એટલે શુદ્ધ થાય.

**અથ હડતાલ.**—હડતાલને કુવેળીના રસમાં બે દીવસ સુધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરલ કરવી પછી બે દીવસ અરેટીના રસમાં ખરલ કરીને છાયડે સુકાવી તેની લુગદીને અડાઈયા છાણાની તથા ખરસાણી થોરની રાખ એક મોટા મટકામાં ભરી વચ્ચે લુગદી મુકી ખુબ ઉપર નીચે દાબી દાબી રાખ ભરવી ચુલે ચડાવી મધ્ય આંચ દીવસ ત્રણ દેવી, જો ધુમાડો નીકળે તો રાખ વાળી દેવી તેથી ભસ્મ સફેદ રંગની થશે.

**બીજી રીત.**—હડતાલને કુંવારપાડાના રસમાંજ ફક્ત દીવસ ત્રણ ખરલ કરી ઉપરની વીધી પ્રમાણે કરે ભસ્મ સફેત રંગે થાય.

**અથ પારો.**—અધાડાનાબીજ, વાવડીંગ, તથા ખેરની છાલને વાટી બારીક કરી ચપણમાં ભુકી નાંખી વચ્ચે પારો મુકી ઉપર ફેર ભુકો નાંખી ઉપર કાળાં ઉમરડાનો રસ નાંખી ફરી રહેલો ભુકો નાંખી બીજુ ચપણ ઢાંકી કપડમટ્ટી સંપુટ કરી ગજપુટ અગ્ની આપવો તેથી પારાની ભસ્મ થાય.

**બીજી રીત.**—પારાને ગુલરના દુધમાં દીવસ એક ખરલ કરે પછી તે દુધમાં હીંગ નાંખી થોડી માટી મેળવી બે કુલડી સંપુટ થાય તેવી કરવી તેમાં પારાની ગોળી મુકી કપડમટ્ટી કરી સે. ૧ મોટા છાંણાની આંચ દેતાં પારો બીલી સફેદ રંગની ભસ્મ થાય.

**અથ આમરીયું.**—આમરીયાને ડોલીકાયંત્રમાં નાંખી મનુષ્યનું મુત્ર તથા ગોમુત્રમાં સાત સાત દીવસ ભીજવી રાખવું એટલે શુદ્ધ થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકરણ ૬ ઠું.

### રોગોની સંખ્યા.

તાવ ૨૫ પ્રકારના, અતીસાર ૭ પ્રકારના, સંગ્રહણી ૫ પ્રકારની, અજીરણ ૨૩ પ્રકાના, વીસુચીકા ૩ પ્રકારની, હરસ ૬ પ્રકારના, ગુદાના રોગ ૩ પ્રકારના, કૃમીરોગ ૨૧ પ્રકારના, પાંડુરોગ ૫ પ્રકારના, કમળો ૧ પ્રકારનો, રકતપીત ૩ પ્રકારના, કાસરોગ ૫ પ્રકારના, ક્ષયરોગ ૫ પ્રકારના, સોસરોગ ૬ પ્રકારના, સ્વાસરોગ ૫ પ્રકારનો, હેડકી ૫ પ્રકારની, જઠરાગ્ની ૫ પ્રકારની. છરદી ૭ પ્રકારની, સ્વરભેદ ૬ પ્રકારનો. તૃષ્ણારોગ ૬ પ્રકારનો, મુર્છારોગ ૪ પ્રકારનો, ભ્રમનિંદ્રા ઈ. રોગ ૫ પ્રકારના, મેદરોગ ૭ પ્રકારનો, દાહરોગ ૭ પ્રકારનો, ઉન્માદ ૬ પ્રકારનો, ઉદરરોગ ૭ પ્રકારનો ભુતોન્માદ ૨૦ પ્રકારના, અપસ્માર ૪ પ્રકારનો, આમવાત ૪ પ્રકારનો, સુળ ૮ પ્રકારનો, ઉદાન્વર્ત રોગ ૧૩ પ્રકારનો, અનાહરોગ ૨ પ્રકારનો, હૃદયરોગ ૫ પ્રકારનો, ઉરોગ્રહ ઉદરરોગ ૫ પ્રકારનો, ગુલ્મ ૮ પ્રકારનો, મુત્રઘાત ૧૩ પ્રકારનો, મુત્રકચ્છ ૮ પ્રકારનો, અશ્મરીરોગ ૪ પ્રકારનો, પ્રમેહ ૨૩ પ્રકારનો, સોથ ૯ પ્રકારનો, વૃષણરોગ ૭ પ્રકારનો, (અંડવદ્ધી) અંતરવદ્ધી ૧ પ્રકારનો, કંઠમાળ ૧ પ્રકાર, ગ્રંથીરોગ, ૯ પ્રકારનો, અર્બુદરોગ ૬ પ્રકારનો, શ્લીપદરોગ ૩ પ્રકારનો, વીદ્રધી ૬ પ્રકારનો, વૃણરોગ ૧૫ પ્રકારે આંગતુકષ્ટણ ૮ પ્રકારનો, કોડરોગ ૨ પ્રકારનો, અસ્તીભંગ ૮ પ્રકારે, વન્હીદગ્દ ૪ પ્રકારનો, નાડીવ્રણ ૫ પ્રકારનો, ભંગદર ૮ પ્રકરરનો, ઉપદંશ ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનો, શુક્રરોગ ૨૪ પ્રકારનો, કુષ્ટરોગ ૮ પ્રકારનો, ક્ષુદ્રરોગ ૬૦ પ્રકારનો, વીસર્પરોગ ૯ પ્રકારનો આમલપીત ૩ પ્રકારનો, વાતરક્ત ૮ પ્રકારનો વાયુના રોગ ૮૦ પ્રકારના, પીત ૪૦ પ્રકારનો, કફ ૨૦ પ્રકારનો, રક્તસંબંધી રોગ ૨૦ પ્રકારનો. **મોઢાનો ૭૪ પ્રકારનો.** હોઠરોગ ૧૧ પ્રકારનો, દાંતના રોગો, ૧૦ પ્રકારના, દાંતના મુળનો રોગ ૧૩ પ્રકારના, જીભનારોગ ૬ પ્રકારનો, તાળુરોગ ૮ પ્રકારનો, કંઠરોગ ૮ પ્રકરે, મોંની અંદરના ૮ પ્રકારેના કર્ણરોગ ૮ પ્રકારેના, કર્ણપાળી ૭ પ્રકારનો, કર્ણમુળરોગ ૫ પ્રકારનો, નાકરોગ ૮ પ્રકારનો, માથાનોરોગ ૧૦ પ્રકારનો, કપાળરોગ ૯ પ્રકારનો, **નેત્રરોગ ૯૪ પ્રકારનો.** ડોળાનો રોગ ૯ પ્રકારનો, ધોળાડોળાનોરોગ ૧૩ પ્રકારનો કીકીનો ૫ પ્રકારનો, પુરૂષને ધાતુનો રોગ ૮ પ્રકારનો, ગર્ભરોગ ૮ પ્રકારનો, સ્તનરોગ ૫ પ્રકારનો, બાળરોગ ૨૨ પ્રકારના, બાળગ્રહરોગ ૧૨ પ્રકારના. **ચેપી રોગોની સમજ.**—ખસ, કોઢો, દાદર, કોઢ, રક્તપીત, પ્રમેહ, ઉપદંશ વીસ્ફોટક, ભગંદર, હરસ, હાડગંભીર, મદરોગ, કોલેરા, સુવારોગ, ત્વચારોગ ઈ. બીજારોગો એક બીજાને સંસર્ગ થયાથી થાયછે. તેમજ વળી કેટલાએક રોગો એવાછે કે માબાપને થયા હોય તેજ તેમનાં છોકરાંને ગર્ભસ્થાનમાંથીજ લાગેછે; માટે તેવાં દરદોથી બહુ સાવચેતી રાખવી.

# પ્રકરણ ૭ મુ.

## શરીર પ્રકરણ.

વૈદ્ય લોકોને શરીર સંબંધી તમામ અવયોની રચના અને તે-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની બાંધણી સંબંધી જ્ઞાન મેળવવાની અવશ્યછે તે શરીર પ્રકરણ વીષય ઘણો બારીકીથી તપાસવાનો છે જે ઘણાક વૈદ્યકના ગ્રંથોમાં લખેલા છે તેથી જાણવા તથાપી અત્રે સંક્ષેપથી વીવેચન કરૂછું. જે ઉપર વાંચકવર્ગે ધ્યાન આપવું અવશ્ય છે ઘણા પ્રકારના પ્રાણીઓ પૃથ્વીની ઉપર જોવામાં આવેછે અને તેના શરીરના બંધારણ ઉપરથી મહતપુરૂષોએ જુદા જુદા વર્ગો પાડ્યા છે, જેઓના બે વર્ગ પાડવામાં આવ્યાછે મોટા (એટલે ચતુષ્પદ આદી દષ્ન) નાના એટલે પ્રવાહીક પદાર્થની અંદર રહેનાર જેવા કે પોરો, વીગેરે ઝીણાં જંતુઓ પેદા કર્યાછે. પરમેશ્વરે સૃષ્ટીનો નીયમ ઘણો ઉતમ પ્રકારે કર્યોછે અને તેની જુદી જુદી જાતીઓની ઉતરતી ચઢતી પંક્તી બાંધી છે. પણ મનુષ્યના શરીરની રચના તો ઘણી ઉતમજ બાંધીછે. અને શરીરનું વજન સરાસરી ગણતાં ત્રણથી સાડાત્રણ મણની અંદર હોયછે અને તે શરીર હાડસ્નાયુ માંસ અને લોહીના સંયોગે ઉત્પન્ન થયુંછે. શરીરનો આધાર હાડપિંજર ઉપર છે. અને તેથી પુષ્ટી મળી શકેછે ને તમામ બીજા ભાગો તેને વળગી રહેછે જેથી વળગેલા ભાગોનું રક્ષણ થઈ શકેછે. અને તેથી શરીરને કૌવત મળેછે. મનુષ્યના હાડપિંજરની અંદર બધા મળીને ૧૯૦ ની સંખ્યા થઈ શકેછે પરંતુ કોઇક ગ્રંથકારો તેથી વધારે યા તેથી ઓછી પણ લખેછે, તેમજ દાંન્તના વીભાગ જુદા પાડતાં ૩૨ અસ્તી વધારે થાયછે. અસ્થિના સંયોગે જુદા જુદા આકારવાળુ હાડપિંજર જણાય છે અને તેની અંદર લાંબાટુકા ચપટા અને આકાર વગરના વીચીત્ર અસ્થિ હોયછે જેને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપાસવાથી માલમ પડશે. કેટલાક અંદર પોગળ અને ઉપર સખ્ત હોયછે. લાંબા અસ્થિમાં પોગળ હોયછે અને ટુકા ગોળને આકાર વગરના સખ્તજ હોયછે અસ્થિને ભાગતાં તેના ઉપર છીદ્ર અને અંદરથી રકત શ્રાવની નળી હોયછે. અસ્થિઓ દરેક સંયોગે રહેછે અને તેના ઉપર એક પડ હોયછે અને તે પડની ઉપર રક્તશ્રાવની નળીઓ દેખાય છે જેમાંથી રકતશ્રાવ થાયછે અને તેના ઉપર વાગવાથી અસ્થિને હરકત થાયછે અને જ્યાં વાગ્યું હોય તે ભાગ નિરવીર્ય થઈ જાયછે. પ્રત્યેક અસ્થીના પોષણને માટે અંદર માંસના ભાગની વચે નળીઓ રહેછે અને તેથી તેનું પોષણ થઈ શકેછે પક્ષીઓના અસ્થી હવાવાળા અને પોગળ રહેછે જેથી વજનમાં હલકા હોયછે. અસ્થિઓના ભાગો ગોળ લાંબા અણીવાળા, અને પાતળા અને ચીત્રવીચીત્ર હોયછે. અને તે શરીરની ઉપર સ્નાયુના સંબંધે વળગેલા હોયછે.

### સંક્ષેપથી શરીરની સાથે અસ્થિનાં બંધારણની સમજ.

કરોડ તે શરીરનો મુખ્ય ભાગછે અને તે માથાની સાથે જોડાએલો છે જે ભાગ પશુના મોટા ભાગની ગણનાવાળામાં હોયછે અને તે કેટલાએક હાડકાના સંયોગે ઉત્પન્ન થાયછે અને તેના ઘણા વીભાગો જોવામાં આવેછે. તેમજ માથામાં ખોપરી વીભાગ તંતુ રહી શકે છે અને તેથી તે ભાગ પુરાએલો જણાયછે. ને તેની અંદર રક્તશ્રાવ થવાની તમામ નળીઓ પોગળ હોયછે. કપાળના ભાગના જે અસ્થિને જુદા જુદા હોયછે પણ તેનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંધાન એક બીજા સાથે મળતું છે અને બીજુ, તથા પછાડીના ભાગ મસ્તકની સાથે અનુસંધાન રાખનારોછે. અને તે ઉંચો જણાયછે ને મોડાના (લમણાનો) ભાગ કપાળની સાથે સંબંધ રાખેછે અને તેના પોષણ માટે ઝીણી નળીઓ રહેછે તેમજ નાકનો ભાગ કાનના ભાગને મળતો રહેછે અને તે એક બીજાની પોષણ માટે રતુશ્રાવ કરેવાની નળીઓ રહેછે જેથી તેને પોષણ બની શકેછે નાકની અંદર બે નાના હાડકા રહેછે અને તેના ભાગ કપાળની સાથે યુક્તછે અને અગ્ર ભાગ કઠણ રહેછે ને સ્વાસોશ્વાસ જવાની નળીઓ હોયછે, નાળવાની અસ્તિ જડબાની સાથે મળેળાં હોયછે અને તે મોઢાની અંદર રહેછે તે ઘણા સખ્ત હોય છે, હડપચીનો ભાગ અર્ધગોળ હોયછે અને તેની અંદર ૧૬ દાંત રહી શકેછે જે અગ્રભાગ બહુ કઠણ હોયછે જીમ લમણાની સાથે મળતો આવેછે. આંખનો ભાગ ઉપર ઝીણો અને હેઠેથી જાડો હોયછે, અને તે ભમરની હેઠે છીદ્રની સાથે અથવા મસ્તકમાંના ઘણાક અસ્થિ સાથે તેનો સંબંધ રહેછે જેથી તેમાં રતુશ્રાવ થતા હરકત રહેતી નથી આ ભાગના તમામ અસ્થિની અંદર છીદ્ર હોયછે, દાંત બે વખત આવેછે. એકતો ૨૦ વર્ષની અંદરના જે દાંતમાંથી કાંઈ દાંત પડે તે જગાએ બીજો દાંત આવેછે., અને તેટલી મુદત ઉપર દાંત ઉગતા નથી. દાંતના ત્રણ વીભાગ કરવામાં આવેલા છે એક તો સીધા અણીવાળા અર્ધગોળ જેઓ પડખે રહેછે અને ત્રીજા ચચારની જોડના જેને ડાઢ કહેછે તે ઘણા સખ્ત હોયછે તે પ્રત્યેક ખોરાક ખાવાના કામમાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરદનના અસ્થિની સાથે જીભના સ્નાયુનો સંબંધ રહેછે. છાતીના અસ્થિમાં ઘણા અસ્થિનો સંબંધ રહેછે અને તે લાંબુ અને અર્ધગોળ ચપટુ હોયછે. અને તેના બે ત્રણ કડકા જોવામાં આવેછે. અને તેની અંદરનો વીભાગ પોગળ અને જાળી જેવો જોવામાં આવેછે અને તે પાંસલીના ભાગ સાથે મળતો આવેછે તે પાંસળીના બે ભાગ હોયછે ને તેની આકૃતી ગોળ હોયછે તેને દરેક ચડતે દરજે જોવામાં આવેછે ને તે કાંડની સાથે મળતો રહેછે ને તે દરેક પોગળ છે તેથી સ્વાસોસ્વાસ લેવાના કામમાં આવેછે. હાથના અસ્થિ આરછે બે ઉપર અને બે નિચે હોયછે ને હાથની મધ્યમાં વળવા જેવો ભાગ હોયછે. તેથી વળી શકેછે. એની અંદર ઘણા અસ્થિનું એકત્રપણું હોયછે એટલે સાધારણ ૬૦ અસ્થિ હોયછે બંને બાજુ મળીને છાતીના ઉપર ગોળ જે હાડકું હોયછે તેને કોટની હાંસડી કહેછે તે ઘણુંકરીને વક્રગતીના જેવો હોયછે ને તે છાતીના ભાગની સાથે વળગી રહેલો હોયછે ખભાનો હાડકાનો ભાગ ત્રિકોણના જેવો હોયછે અને તે સ્નાયુથી છેક ઢાંકેલો રહેછે ને તે હાલવામાં બહુ મજબુત રહેછે તેનો ભાગ છેક પાંસળીને લગતો રહેછે ને બાકીનો ભાગ બગલની ઉપર રહેછે. હાથનું હાડકુ કોણી સુધી લાંબુ રહેછે ને તેનો આગળ પાછળનો ભાગ જાડો રહેછે. ને તેનો આગળનો ભાગ ખભા સાથે વળગેલો હોયછે ને છેવટનો ભાગ કોણીની સાથે રહેલો જાણવો ને કોણીથી કાંડાસુધીનો ભાગના બે હાડકા છે અને તે બે મળીને એક અસ્થિ જણાયછે મણીબંધની અસ્થિની આકૃતી ગોળ છે તેથી હા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચના પંજાને વળવા કશી હરકત નથી આવતી ને તેને સ્નાયુનો સંબંધ બહુ રેહેછે, તે કાંડાની સાથે વળગેલો હોયછે હાથના પંજાના ઘણા અસ્થિ હોયછે અને તે હથેલી અને કાંડા જોડે સંધાએલા હોયછે ને તે સ્નાયુના સંબંધે બહુ મજબુત રહેછે તેથી કામકાજ કરવામાં કશી હરકત આવતી નથી નિતંબના ભાગના અસ્થિ ઘણા મજબુત રહેછે ને તે ઘણા અસ્થિના યોગથી એક અસ્થિ થાયછે અને તેના ઉપર બોજો વધારે હોયછે. નિતંબનું અસ્થિ પગની સાથે અને વાંસાની કરોડની સાથે વળગેલું રહેછે જાંગનુ અસ્થિ કઠીણ અને મોટું હોયછે તેમજ લાંબુ પણ હોયછે અને તે નિતંબની સાથે જોડેલો હોયછે. અને પગના ગોઠણ સાથે તેનો યોગ રહેછે. સાંધાની આગળના બે અસ્થિની અંદર એક હાડકુ છે અને તેને ઘુટણની ઢાંકણી કહેછે પગની નળીનું હાડકુ ત્રીઅકુંશ છે અને તેને સ્નાયુ વળગી રહીછે જેથી તે ભાગ ઘણો મજબુત રહેછે અને તેનો ભાગ પિંડીથી ઢંકાએલો છે ને બહારના હાડકા અને કાંડાના સાંધામાં જોડાએલો છે ઘુટીના અસ્થિના વચેનો ભાગ કમાન જેવો દેખાયછે. અને તે પગની સાથે મળીને કાંડાનો સાંધો થાયછે, પગની સપાટપટીનાં હાડકા ઘણાછે અને તેનો આકાર કમાનના જેવોછે અને તે આંગળાઓના હાડકાઓની સાથે બંધાએલો છે તેથી શરીરના તમામ ભાગ સહન કરી શકેછે હાડકાનું એકત્વપણાને સાંધાનો સંબંધ કહેછે તેના બે પ્રકારછે સામસામા સાંધા મળેછે કેટલાકતો બીલકુલ હાલતા પણ નથી ને કેટલાક હાલેછે સાંધાના અસ્થિના બે પ્રકારછે એકતો સાંધો સાધારણ હાલી શકેછે અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજો વધારે ચાલી શકેછે બીજા કેટલાક સાંધાતો બીલકુલ ચાલી શકતાજ નથી. સ્નાયુનો જથો શરીરમાં મોટોછે અને તે વીના હાડપીંજર ઘણું વીચીત્ર લાગેછે અને હાડપીંજરની અંદર સ્નાયુ માંસ અને રકતવડે શરીરનું બંધારણ થાયછે અને પ્રત્યેક અવયનું સ્નાયુ વડે પોષણ થઈ શકેછે. અને સ્નાયુનો ગુણ શરીર સંકોચવાનો છે. અને તેના સંકોચવાથી ચાલ, હાલ, વીગેરે પ્રત્યેક કાર્ય બને છે. અને કેટલીક જગાએ સ્નાયુના બંધ હોયછે અને કેટલેક ઠેકાણે બંધની પણ જરૂર પડતી નથી તેમજ એક બીજા અવયોને સંકોચ કરવાથી તેના આગલા અવયમાં શકતી આવેછે. જેથી ધારેલા અવયથી અમુક કાર્ય બની શકેછે. તે કેટલેક ઠેકાણે તો સ્નાયુનો યોગજ રહેછે અને તે યોગ વીના અવય નીરવીર્ય થઈ જાયછે સ્નાયુનો વર્ગ વીષેશ અન્યગ્રંથથી જાણવો. શરીરના જુદા જુદા ભાગોપર અસ્થિ સ્નાયુ મનની તંતુ અને ત્વચા નિકટ સંબંધ ધરાવેછે. શરીરમાં ઘણા ભાગમાં ચરબી જોવામાં આવેછે અને તે શરીર સાથે સંબંધ ધરાવેછે, તેમજ શરીરમાં કેટલીક જગ્યાની ઉપર ચલકાટ વાળાં પડ રહેછે અને તે તંતુના યોગવડે ઉત્પન્ન થાયછે અને તેની અંદર પોગળ રહેછે અને તે શરીરમાં કેટલીએક જગ્યાની ઉપર આછાદન કરેલુંછે.

## સાધારણ સ્નાયુની સમજ.

કપાળ અને મસ્તકની સ્નાયુથી કરચલી પડેછે; તેમજ આંખોનું ઉઘડવું તથા મીચાવું તેપણ તેનાથીજ થાયછે. મનની અં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર હાસ્ય, ગુસ્સો, દીલગીરી તેનાથી ઉત્પન્ન થાયછે, ખોરાક ખાવામાં તેની મદદ જોઈએછીએ, જીભ હલાવામાં, બોલવામાં આંખોના ડોળા ફેરવવામાં, કર્ણેન્દ્રીય, મસ્તક ઉંચું નીચું કરવામાં, તેમની ઘણી જરૂર છે, હાથ ટટાર રાખવાનાં સ્નાયુનો સંબંધ ખભા સાથે છે ને નીચે રાખવાનાં બગલમાં થઈ હાથને વળગેલી છે, કોણીને વાળવાની સ્નાયુએ હાથની પાછળ કોણીનેજ વળગેલીછે, બાકીના હાથની સ્નાયુઓ આંગળાંને વળગેલી હોય છે, અને તેથીજ તે ઉંચો ચતો તથા જેમ ફેરવવો હોય તેમ ફરી શકેછે. છાતીની સ્નાયુઓ હાથની સાથે સંબંધ રાખેછે. ને દમ લેવામાં પાંસળાના સ્નાયુઓ કામ લાગેછે. રક્ષણને માટે તેમની બહુ જરૂર છે, તેમના સંકોચથી ઝાડો પેશાબ થઈ શકેછે માથાની તથા બોચીની સ્નાયુઓ વાંસે રહેછે જાંગ, પેટ વાળવામાં જાંગના સ્નાયુઓ કામ લાગેછે; નીતંબની સ્નાયુંઓનો સંબંધ જાંગ સાથે છે, પગના સ્નાયુઓ ઢીંચણ સાથે પીંડીનું બંધન એડી સાથે, અને પાટલીનું, તળીએ આંગળાં સાથે રહેલુંછે, છાતી તથા પેટની વચે તંબુ આકારે સ્નાયુનો એક પડદો હોયછે, તેનું બંધન કરોડની સાથે રહેલુંછે તેની બન્ને બાજુએ ફેફસાં તથા રક્તાસય, નીચેના ભાગમાં કાળજું આંતરડાં તથા અન્નાશય છે. તે પડદો શ્વાસોશ્વાસો લેવામાં કામ આવેછે, તેના દબાણથી ઝાડો પેશબ તથા ઉવટીને મદદ મળેછે. તેમાં ત્રણ છીદ્ર હોયછે, તેવડે શીરાઓને પોષણ, ધમની નાડીને મદદ મળેછે તથા અન્નનળ હેઠળ ઉતરે છે. આ પ્રમાણે હાડપીંજરનું સંક્ષેપમાં વર્ણન કર્યુંછે; વધારે જ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણવાની ઇચ્છા હોય તો બીજા ગ્રંથો અવલોકન કરવા.

**અસ્થિભંગનું નીદાન તના ઉપર મલમપટીની સમજ.**

માણસના શરીર ઉપર કોઈ પણ જગ્યાએ છરી અસ્ત્રો તરવાર ઈ. કોઇપણ શસ્ત્રો વાગવાથી જખમ પડેછે. તે શસ્ત્રજો વધારે ધારવાળું હોયતો રૂઝ આવતાં વધારે વખત લાગેછે ને થોડી ધારવાળું હોય તો તરત રૂઝાઈ જાયછે. જખમ લાગે અને તાજા ઘાની ઉપર તરતજ જુનું કપડું તથા કરોળીઆનું પડ અથવા વીલાયતી લીટન નામનું કપડું આવેછે તેને ઉમરાનું કે રતનજોતનું દુધ કાઢી તેમાં કપડું કે કરોળીઆનુ પડ પલાળી જખમ ઉપર મુકવું. કદાચ તે જખમ પાકે તો જુના બારીક કપડાના દોરા જખમપર પાથરવા તેની ઉપર મીણ તેલના સદા મલમની પટી મારવાથી જલદી રૂઝ આવશે. દીવસમાં બે વખત જખમને ગરમ પાણીથી ધોઈ દોરાને પટી બદલતા જવું. જ્યારે રૂઝપર જખમ આવે કે દોરા મુકવા બંધ કરી ફક્ત પટી મારવી કે રૂઝ તરત આવે. કદાપી ભારે હથીઆર જેવાંકે કુહાડો, વાંસલાનો જખમ વાગ્યો હોય તો જખમના આજુબાજુ સોજો આવેછે તો તેને તરત જળો મુકાવી રૂધીર ખેચાવી લેવું જેથી તેમાં પરૂ બંધાતું બંધ થાય ને તરત રૂઝ આવે. કદાપી જખમનું મોઢું નાનું હોય અથવા નાસુર જેવું હોયતો ગરમ પાણીની પીચકારી મારવી તેથી ઘા સાફ થશે, પછી કાકડો અથવા પટી મુકી જખમને રૂઝ લાવવી. કદાપી મોટો જખમ પડ્યો હોય કે માંસ કપાઈ ગયુ હોય તો તેપર પટી મારી પાટો ખેંચી બાંધવો ટાંકા મરવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાયક દેખાયતો સુતરના કે નરમ રેશમના ટાંકા મારી ઉપર મલમ-પટો કરવો. માથાપર જખમ હોયતો કે ફાટી ગયુ હોયતો મલમ-પાટો કરવો પણ પાટો સખત ખેંચી ન બાંધવો. જખમ કદાપી મોટો હોય ને જખમી માણસ પુષ્ટ તથા જબરો હોયતો તેના હા-હાથની ફસ ખોલાવી સેર ગા થી ળાા સુધી લોહી કઢાવવું, હલકો જુલાબ દેવો, પણ નીશાની ચીજો ખાવા આપવી નહીં. ઘા વાગ્યાની જગ્યાએથી લોહી બંધ ન થતું હોય તો પાસાણભેદ ઘીમાં વાટી ચોપડવાથી તરત લોહી બંધ થાય; અથવા લીંમડાંના પાનની લુંગ-દી તેલમાં તળી બાંધવાથી પણ બંધ થાય. નાના પ્રકારનાં શસ્ત્રો-શરીરમાં વાગવાથી તેના જખમના આકાર પ્રમાણે વ્રણ થાય. ઘા આડો અવળો વાગવાથી કોઠામાં લોહી ઉતરે તેના લક્ષણ. તાવ આવે દાહ થાય મુત્ર તથા ગુદાને નાકદ્વારાએ લોહી આવે ત્યારે કોઠે લોહી ઉતર્યું એમ સમજવું. લોહી ઉતર્યા પછી એક અ-ઠવાડીએ મુરછા સ્વાસ અતીસાર આફરો, અરૂચી બંધકુષ્ટ, મુત્ર-કૃચ્છ શરીરે સ્વેદવળે છાતી ઉંચી ચડે મોઢું ગંધાય નેત્ર લાડ કળે, શરીરે તથા માથે ઝણઝણાટ તીમર આવે પાંસળાં દુખે એ પ્રકા-રનાં ચીન્હો થાય. માંસની અંદર લોહી ઉતરે તેનાં લક્ષણ—લોહી નાંખે, આફરો થાય, સૂળ આવે શરીર ભારે થાય. શીત વા થાય, ખાલી ચડે એવાં ચીન્હ થાય. અસ્થી કપાઈ ગયું હોય તો અંગે સોજો આવે પીડા થાય, મેદ તથા લોહી વહે. લોઢાની કણી કે હથીઆરનો કોઇપણ ભાગ તુટી શરીરમાં રહેલો હોય તો તેને શરીરે સોજો ચઢે શરીર કાળું રંગે થતું જાય, ગુમડાની પેઠે દુખે ને વારં-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર લોહી ઝરે, તથા પાણીના પરપોટાની પેઠે માંસ ઉપડી આવે ત્યારે પકવીને શસ્ત્રોવડે તે કાઢી લેવું. **શસ્ત્રો લાગવાનાં અસાધ્ય લક્ષણ.**—લોહી વેહેતું રહે નહીં શરીરનો રંગ પીળો થાય, હાથ પગ ને મેં ઠંડા થાય સ્વાસ ઠંડો નીકળે નેત્ર રાતાં થાય, ચકર આવે, શરીરમાં જ્વર આવે અને વાયુના ચીન્હ ઘણાં થાય. ઘા વાગવાથી નસ કપાઈ હોય તેના ચીન્હ રૂધીર શ્રવે તેનો રંગ રાતો હોય વાયુના ચીન્હ જણાય અંગ દુખે, ઉઠી શકાય નહીં શરીરના સાંધા દુખે. **મર્મસ્થાનમાં ઘા** વાગ્યો હોય તો શરીરમાં બધે વાયુ પ્રગટ થઈ તાણ થાય ત્યારે તેનો ઉપાય ન કરવો.

**સખ્ત ઘાના ઉપાય**—ગાયનું ઘી શેર ૦ાા મધ શેર ૦ા તેમાં કપડું પલાળી ગરમ કરી તેનો શેક કરવો. જેઠીમધ શેર ૦ા ઘી શેર ૦ાા ખુબ ગરમ કરી મલમ જેવું થાય તેનો પટો બાંધે તરતનો વાગેલો જખમ રૂઝાય—

કમળનાળ ધોળાં મરી કેસર સરવે ઝીણા વાટી ઘીમાં મેળવી ઘા ઉપર ચોપડવું તથા ખાવા આપવું સુંઠને એરંડીના બીજ દરેક તોલા બે વાટી ઘા ઉપર લેપ કરવો અથવા તેની વાટ કરી તેમાં મુકે ફાયદો થાય.

## જાત્યાદી મલમ.

જાઈનાં પાન લીંમડાની છાલ, પટોળ, કડું, હળદર, મજીઠ, હરડે મોરથુથુ ફુલાવેલો, જેઠીમધ, કરંજબીજ, કરંજના પાન, સુકાં સરવે કપડછાણ કરી મીણ ઘી કઢાઈમાં નાંખી સરવ દવા મેળી ગરમ કરી મલમ કરવો, તેને ઘા ઉપર લગાવી પટો બાંધવાથી આરામ થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યંત્રોની સમજ.

## પાતલયંત્રની સમજ.

પૃથ્વીની અન્દર પાણી હોય અને તેની અન્દર અર્ધગોળ વાસણ મુકી અન્દર ઔષધી નાખી કપડમટી કરી તેની ઉપર બીજું પહોળા મહોડાવાળુ વાસણ મુકી ઊપર અગ્ની પ્રદિપ્ત કરવે. ને તે અગ્નીના પરીબળથી ઔષધનો જે તત્વ એચાય જેવાકે અરગ, ચુવા, વીગેરે તેને પાતળયંત્ર કહેછે બીજી રીત—એક ધાતુના વાસણની અન્દરે પાણી ભરી તેમાં ઉપરની રીત પ્રમાણે ઔષધનો તત્વ ખેંચવો તેને પણ પાતાળયંત્ર કહેછે.

## ડમરૂયંત્રની સમજ.

મટોડીના બે વાસણ લેવા અને તેમાંના એક વાસણની અન્દર ઔષધી નાખી તેની ઉપર બીજું વાસણ ઢંધુવાળી તેના સાંધની અન્દર ઘઉનો આટો લગાવી ઉપર કપડમટી કરવું અને પછે તેને ચુલે ચડાવી હેઠળ આગ પ્રદીપ્ત કરવી તેથી જે ઔષધી બને તેને ડમરૂયંત્રથી ઔષધી બની એમ જાણવું.

## ડોલીકા યંત્રની સમજ.

એક મટોડીના વાસણની અન્દર પ્રવાહીક પદાર્થ નાખી તેની અન્દર ઔષધી કપડાથી બાંધી અધર લટકતી રાખવી અને ઉપરે ઢાંકણું ઢાંકવું તેથી જે ઔષધી પાકે તેને ડોલીકાયંત્રવડે બનેલી ઔષધી જાણવી.

ઔષધોના પ્રતિનિધી—એટલે આ ગ્રંથની અન્દર દવાની બનાવટમાં જેજે ઔષધો કહેલાછે અને તેમાના જો કોઈ ઔષધ ન મળે તો તેની જગ્યાની ઉપર પ્રતિનીધીમાનાં કહેલાં ઔષધો વાપરવાં—

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઔષધોના પ્રતિનિધી.

| ઔષધ. | પ્રતિનિધી. |
|---|---|
| અતી વીષની કળી. | નગરમોથ. |
| આમલવેતસ. | મોટુ બીજોરૂ. |
| આદુ. | સુંઠ. |
| અમલવેદ. | ચણાનો ખાર. |
| કપુર. | રતાંજળી, સુખડ. |
| કંકોળ. | જાવંત્રી, લવીંગ, એલચી. |
| કેસર. | કસુંબી. |
| કાળીપાટ. | ધોળીમુસળી. |
| ખેરસાર. | બકામની અંતરછાલ. |
| ગજપીપર. | પીપરીમુળ, ચવક. |
| નખલો. | લવીંગ, જાવંત્રી. |
| ચવક. | ગજપીપર. |
| ચંદન. | રતાંજળી, કપુર, વાળો, નાગરમોથ |
| જાવંત્રી. | લવીંગ, જાઈનાં ફુલ. |
| જાયફળ. | જાવંત્રી. |
| તગર. | ઉપલેટ. |
| દારૂ હળદર. | હળદરના ગાંઠીઆ. |
| પીપર. | મરી. |
| પાતાળ કોહોળુ. | આસન. |
| પુસ્કરમુળ. | ઉપલેટ, તગર. |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| બાવચો. | પુવાડીઆના મુળ. |
| બાંરાગના મુળ. | રીંગણીના મુળ. |
| મોરવેલ. | તજ. |
| મોતી. | છીપો. |
| રસાંજણ. | હળદર, દારૂહળદર. |
| રતાંજળી. | વાળો, નાગરમોથ. |
| ભીલામા. | ચીત્રક. |
| બેંનેરીંગણી. | બકામની અંતરછાલ. |
| વાળો. | નાગરમોથ, રતાંજળી. |
| સીલાજીત. | સુરોખાર |
| ઘોડાવજ. | પાંનની જડ, મોરવેલ. |
| ગાયનું દુધ. | બકરીનું દુધ કે ગાડરનું દુધ. |
| સાકર. | જુનુ મધ. |
| મધ. | જુનો ગોળ, સાકર. |
| હરડે. | સુતામખી, આમળાં |

વ્યાધિવિનાશ યા દર્દિનો દોસ્ત નામે બુક તેનો પ્રગટ કર્તા ચન્દુલાલ મુકુંદરાય માસ્તર પાસેથી રોકડી કિમતે મળશે. ઠેકાણું અમદાવાદ રાયપર આકાશેઠના કુવાની પોળની સામે ત્રંબકેશ્વર મહાદેવમાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગત્યની સૂચના.

સર્વ વખતે બનતા સુધી નવાં તાજા ઓસડોજ વાપરવાં, જુના ઓસડો, મધ ગોળ, પીપર, ધાણા, વાવડીંગ વીગેરે જેમ એકાદવર્ષનું જુનું તેમ સારૂં, નવાં ઓસડો લીંબડાની ગળો તથા તેની અંતરછાલ પાનડાં, કડાછાલ, અરડુસો અરડુસી, વરીઆળી જુરૂકોહોળું, ભોંયકોહોળું, સતાવરી, આસન, ખરેટી કાંટાસળીઓ વીગેરે નવાં ને તાજાં (લીલાં) લેવા પરંતું વજન કહ્યું હોય તેટલુંજ લેવું ડોઢું બમણું ન લેવું. બીજા ઓસડો કદાપી સુંકાં ન મળે તો તેના વજનથી બમણા લીલા લેવાં. જે જગ્યાએ દવાનું અંગ ન બતાવ્યું હોય તે જગ્યાએ તેનાં મૂળ લેવા. તોલ માપ ન બતાવ્યું હોય ત્યાં તોલો ૦ાા સમજી લેવું. જે જગ્યાએ ઓસડોનો વખત બતાવ્યો નથી તે જગ્યાએ સવારેનોજ વખત સમજવો. ગોળીઓ પાક તેલ, ચુર્ણ ઘી ઈ. ચીજો જોઇતીજ બનાવવી સબબ-પડતર રહેવાથી તેમનો ગુણ જતો રહેછે જેમકે ગોળીઓ અવલેહ પાક ઈ. નો ગુણ સવાવરસ પછી ઉડી જાય, ઘી તેલ વીગેરે છ મહીના પછી નકામાં થાય ફક્ત ધાતુઓની ભસ્મોં તથા તેમને સાથે નાંખી કરેલી કેટલીક માત્રાઓ જેમ જુની થાય તેમ સરસ બને છે.

સમાપ્ત.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધિપત્રક.

| પૃષ્ટ. | પંકતી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૮ | પડે | પૈડે |
| ૧ | ૮ | સેભી | શોભી |
| ૧ | ૧૦ | સોભે | શોભે |
| ૧ | ૧૧ | સોભી | શોભી |
| ૧ | ૧૨ | નમઃકાર | નમસ્કાર |
| ૩ | ૨ | ઉચાઈ | ઉંચાઈ |
| ૫ | ૧૩ | બાળ | વાળ |
| ૬ | ૧૨ | લેહી | લોહી |
| ૬ | ૧૭ | અવઃય | અવશ્ય |
| ૬ | ૧૭ | મટે | માટે |
| ૬ | ૧૮ | હનેશાં | હમેશાં |
| ૬ | ૧૮ | રતાન | સ્નાન |
| ૬ | ૨૧ | પ્રમણે | પ્રમાણેજ |
| ૬ | ૨૨ | નત્યકર્મ | નીત્યકર્મ |
| ૬ | ૨૩ | સ્વધર્મનુસારી | સ્વધર્માનુસારી |
| ૬ | ૨૩ | તેપ | તેમ |
| ૮ | ૫ | સ્વદીષ્ટ | સ્વાદીષ્ટ |
| ૮ | ૭ | સ્વલ્પાહર | સ્વલ્પાહાર |
| ૮ | ૮ | મધ્યમાં | મધ્યમ |
| ૧૦ | ૯ | શકત | શકતી |
| ૧૦ | ૧૫ | બીપાક | વીપાક |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૨૭ | ૯ | દરદુ | દરદી |
| ૨૮ | ૩ | ઔષધ | ઔષધ |
| ૨૮ | ૬ | સ્વાધી | સ્વાર્થિ |
| ૪૨ | ૧૭ | ફી | ફીણુ |
| ૪૨ | ૧૮ | મ | માં |
| ૪૩ | ૧૯ | ઓસડના | ઓસડનું |
| ૪૫ | ૧૨ | સોજે | સોજો |
| ૪૮ | ૮ | કમ | કફ |
| ૫૨ | ૭ | પહોતાની | પોતાની |
| ૫૬ | ૨ | બેહેર | બેહેરૂ |
| ૫૮ | ૬ | તીરબળજેવું | નીરબળ |
| ૫૯ | ૯ | પીત | પણ |
| ૬૨ | ૨ | સુજી ઉઠે | સોજોઆવે |
| ૬૩ | ૩ | સમછ | સમજ |
| ૬૪ | ૧૩ | મૂત્રરંગ | મૂત્રરંગ |
| ૬૫ | ૧૩ | ઝેર એને ખાવાથી | ઝેર ખાવાથી |
| ૬૭ | ૧૬ | નરમ ઘણી | ઘણી નરમ |
| ૭૧ | ૧ | ઉપૂરના | ઉપરના |
| ૭૩ | ૯ | પાંકુ | પાકું |
| ૭૩ | ૨૨ | આંખોમાં ખાડા | અખોખાડામાં |
| ૭૪ | ૧૪ | નાકાની | ચાકાની |
| ૭૪ | ૧૪ | કીનારીએ | કીનારીઓ |
| ૭૫ | ૫ | દાવા | ચાંદાં |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૭૬ | ૧૯ | સકત | સખ્ત |
| ૭૭ | ૪ | આપના | ચાંપતા |
| ૭૭ | ૧૧ | બળી | બળીઆ |
| ૭૭ | ૨૨ | સકત | સખ્ત |
| ૭૮ | ૧૭ | ધોહી | લોહી |
| ૭૯ | ૨ | દરદી | દરદીને |
| ,, | ,, | કબજ | કબજીઆત |
| ૮૦ | ૩ | અનંત | અત્યંત |
| ૮૨ | ૬ | ફેરે છે | ફેલાયછે |
| ૮૨ | ૨૦ | સલવા | સડવા |
| ૮૪ | ૧૦ | ઉચું | ઉભું |
| ૮૪ | ૧૫ | વાઘણી | વાધણી |
| ૮૭ | ૧૨ | વસન | બ્યસન |
| ૮૯ | ૯ | નેને | ને |
| ૯૩ | ૫ | ઉત્પન્નછે | ઉત્પન્નથાયછે |
| ૧૦૫ | ૧૮ | અદરેજ | અંદરેજ |
| ૧૦૬ | ૨ | તરણુ | તરૂણુ |
| ૧૦૬ | ૧૪ | અન્યમીત | અનીયમીત |
| ૧૦૭ | ૩ | અનો | એનો |
| ૧૦૯ | ૯ | આલુબુર | આલુબુખાર |
| ૧૦૯ | ૧૪ | આકુના | આદાના |
| ૧૧૦ | ૧૩ | સુગંધી | સુગંધવાળી |
| ,, | ,, | થંડું | ઠંડી |
| ૧૧૧ | ૧૩ | કકોમ | કોકમ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૧૧૬ | ૧૩ | કેફરૂં | ફેફરૂં |
| ૧૧૭ | ૮ | ઉદંશ | ઉપદંશ |
| ૧૨૭ | ૫ | અડુસો | અરડુસો |
| ૧૫૪ | ૬ | નીચે | નીમે |
| ૧૫૭ | ૮ | ખાવાથી | પીવાથી |
| ૧૬૭ | ૧૨ | દારૂહળદય | દારૂહળદી |
| ૧૭૪ | ૨૦ | રેવંચીની | રેવંચી |
| ૧૮૩ | ૭ | લેઈ | કવાથકરી |
| ,, | ૧૬ | કાળમરી | કાળામરી |
| ૧૮૪ | ૭ | ત્રણે | બન્ને |
| ૧૮૬ | ૩ | ચીજો | બીજા |
| ૧૮૭ | ૧૧ | છચે | છાંયડે |
| ,, | ૧૩ | દારૂ, હળદર | દારૂહળદર |
| ,, | ,, | મુઠ | સુંઠ |
| ૧૯૯ | ૧૩ | ઉત્પન્ન ન થવાના | ઉત્પન્ન થવાના |
| ૨૧૨ | ૧૪ | મીંઠલવણ | પીઠલવણ |
| ૨૧૩ | ૨૨ | તાલીપત્ર | તાલીસપત્ર |
| ૨૧૫ | ૮ | એવાળ | એવાલ |
| ૨૧૮ | ૨૨ | કળજર | કણજર |
| ૨૧૯ | ૧૬ | કરણરોગ | કર્ણરોગ |
| ૨૨૯ | ૧૮ | વાળાં | વાળો |
| ,, | ૨૧ | અજમો | અજમોદ |
| ૨૪૬ | ૭ | કોડ | કોટ |
| ૨૪૩ | ૯ | કઠીણ | કઠણ |
| | ૧૯ | ભાગ | બાર |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાહેરખબર.

## ज्योतिषसिधान्त.

☞ સર્વ સદ્ગ્રહસ્થોને વિનંતીથી વિદિત કરૂંછું કે "જ્યોતિષસિદ્ધાન્ત" નામે જ્યોતિષશાસ્ત્રનો ઘણોજ ઉપયોગી ગ્રંથ અમારી તરફથી છપાઈ પ્રગટ થયોછે જેની કિમ્મત માત્ર રૂપીઓ એક દેશાવરવાળાને પોસ્ટેજ જુદું. આ પુસ્તકની અન્દર ૪૦૦ કરતાંપણ વધારે વિષય દાખલ કરી આ પુસ્તક પ્રગટ કર્યુંછે તે પુસ્તકને જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરનારા વિદ્યાર્થી અથવા જ્યોતિષ જાણવાની ઇચ્છા રાખનાર કોઈપણ સદ્ગ્રહસ્થ આ પુસ્તકને આદિથી અન્તસુધી વાંચશે તો તેને જ્યોતિષશાસ્ત્રનું સારૂં જ્ઞાન થયા વગર રહે નહી—જ્યોતિષશાસ્ત્ર ઘણું ગહન અને બહુ કઠણ છે જેથી એકદમ શમજી શકવું દુર્લભ છે કારણ કે તે વિષયનો થોડો ઘણો પણ પહેલાથી અભ્યાસ હોવો જોઈએ જેથી પ્રત્યેક વિષય વાંચતાં તરત સમજ પડે

આ પુસ્તકની અન્દર તમામ જ્યોતિષશાસ્ત્ર દાખલ કર્યું છે એ મનથી પણ ઉપયોગી બાબત તમામ દાખલ કરવા કોશીશ કરીછે. આ પુસ્તકના અનુભવજવડે જન્મપત્રીકા-વર્ષફળ-સૂર્ય-ચન્દ્રગ્રહનું ગણીત નળીકાબંધન-એટલે અમુક દિવશે-અમુક વખતે ગ્રહ નળીની અન્દરે આવશે તેની સમુજુતી-અધિક માસ-પંચાંગ (એટલે દરવર્ષે પ્રગટ થતું પંચાંગ જેમાં તીથી યોગવાર વીગેરેની સમજ અને જન્મપત્રીકા અને વર્ષફળનું ફળાધીશ અને મૂહૂર્ત (એટલે અમુક દીવશે શુભ કામ કરવું-ઇત્યાદીક બાબતોનો સમા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ કરી આ પુસ્તક પ્રસીદ્ધ કર્યુંછે જેમાં ઉપરની બાબત સીવાય કેટલીક જાણવા લાયક બાબતો પણ પ્રગટ કરવામાં આવીછે જે-થી તે બુક એક વખત અમે સર્વને વાંચવા ભલામણ કરીએછીએ.

જ્યોતિષશાસ્ત્ર જાણવાની ઇચ્છા હોયતો ત્યારાથી અમુલ્ય તક ન જવા દેતાં ગ્રહક થઈ અમદાવાદ પ્રાચીન ગ્રંથોદય મંડલીની ઓફીસમાંથી રોકડી કિમ્મતે પુસ્તક મંગાવી લેવું.

કારણ કે બાકી જુજ નકલ રહીછે.

## જાહેરખબર.

### ☞ વ્યાધિ વિનાસ યા દર્દિનો દોસ્ત.

વ્યાધિ વિનાસ યા દર્દિનોદોસ્ત—નામે પુસ્તક રોયલ સોળ-પેજી ઇગ્લિશયુંટાના સારા કાગળની ઉપર ૨૭૫ પ્રષ્ટનું પાકા પુંઠાની સુંદર બાંધણી સાથે પ્રગટ થયુંછે જેની કિમ્મત રૂપીઆ ડોઢ દેશાવરવાળાને પોસ્ટેજ ખરચ જુદું—આ પુસ્તક વૈદકશાસ્ત્રનું છે અને તે પ્રાચીન આયુર્વેદનું સોધન કરી સરળ ગુજરાતી ભાષમાં પ્રસિદ્ધ કર્યુંછે જે પુસ્તકના સાત પ્રકરણ કરવામાં આવ્યાછે. જેમાંના પ્રત્યેક પ્રકરણ ઘણી સમજુતી સાથે દર્શાવ્યા છે જેથી તે પુસ્તકને આદિથી અન્ત સુધી અવલોકન કરવાથી આયુર્વેદ એટલે વૈદક શાસ્ત્રનું સારૂં ગ્નાન સંપાદન થશે—આ પુસ્તકની અન્દર ઘણા વિ-ષય દાખલ કરવામાં આવ્યાછે છતાં મુખ્ય મુખ્ય વિષય અત્રે પ્રગટ કરૂંછું જેથી વીદિત થવું—શરૂઆતે આરોગ્યતા બિશે સૂચના અને ત્યારબાદ તમામ દર્દોનું નિદાન ઔષધીઓના ગુણ દુષણ અને તમામ ઔષધ બનાવાની રીત અને તેને વાપરવાની સમ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુતી રોગોની સંખ્યા, ધાતુનું શોધન અને મારણ તે વાપરવાની રીત, પથ્યા પથ્ય વિચાર શારીર પ્રકર્ણ અસ્થિભંગ અને સંસર્ગિ રોગોનું નિદાન અને તેના ઉપચાર વિગેરે કેટલીક બાબતો જાણવાજોગ દાખલ કરી આ પુસ્તક પ્રગટ કર્યું છે.

આ પુસ્તકની અન્દર આવેલા તમામ વિષયની સમજુતી અને ઔષધોને વાપરવાના તોલ માપ સાથે દાખલ કર્યાં છે છતાં કોઈ પણ ઔષધ વાપરતાં પહેલા રોગનું નિદાન અને વયનું પ્રમાણ વીગેરે બરાબર જાણી પછે તેને ઔષધ આપવું જેથી દરદીને આરામ થાય અને વૈદને યશ-લક્ષ્મીની પ્રાપ્તી થાય.

વિશેષ—આ બુકના જેઆને ગ્રાહક થવા ઇચ્છા હોય તેઓએ તાકીદથી **અમદાવાદ પ્રાચીન ગ્રંથોદય મંડળીની આફીસમાંથી** રોકડી કીમ્મતે મંગાતી લેવી.

## જાહેરખબર.

### ચન્દ્રકોશ.

### સંસ્કૃત શબ્દનો ગુજરાતી કોશ.

પુષ્કળ શબ્દના સંગ્રહ સાથે પ્રગટ થશે.

☞ સર્વ સદ્ગ્રહસ્થોને નમ્રતા પૂર્વક વિજ્ઞપ્તીથી વિદિત કરૂંછું કે, સંસ્કૃત શબ્દનો ગુજરાતી કોશ કેટલાક સદ્ગ્રહસ્થોની ખાસ ફરમાસથી અમોએ પ્રગટ કરવા ધાર્યોછે જે કોશનો લાભ શાસ્ત્રી પુરાણી જ્યોતિષિવૈદ્ય અને સંસ્કૃત જાણવાની ઇચ્છા રાખનાર કોઈ પણ સદ્ગ્રહસ્થ તથા નિશાળના માસ્તરો અને સંસ્કૃત શીખનાર શાળાનાં વિદ્યારથીઓને આ કોશ અત્યંત ઉપયોગી થઈ પડશે, એવા હેતુથી રોયલ આઠપેજી (૧૬૦૦) સોળસો પૃષ્ટને (એટલે ૨૦૦ ફારમને) આશરે આ બુક થશે. અને તે સારા કાગળની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર સુશોભીત ટાઈપથી છપાવી પાકા મજબુત પુંઠાની સાથે પ્રગટ કરવામાં આવશે જેની કિમ્મત અગાઉથી આપી ગ્રાહક થનારે પાસેથી રૂ૭—૦—૦ અને કોશ પ્રગટ થયા પછી કિમ્મત રૂ૯—૦—૦ લેવામાં આવશે, દેશાવરનાં ગ્રાહકોને ટપાલ ખરચ જાસ્તી પડશે, આકોશની અન્દર આવેલા શબ્દ જે તેના ખરા રૂપમાં એટલે સ્ત્રી-પુરૂષ, અવ્યય-ક્રિયાપદ અને વિશેષણ વીગેરે વચનોની જેજે સંજ્ઞા હશે તેને જુદી જુદી રીતે જાતિભેદ કરી શબ્દો ગોઠવવામાં આવશે જેથી કોશ સમજવા કશી અરચણ રહેશે નહી—સંસ્કૃતના ઈંગ્રેજી અને ઈંગ્રેજીના સંસ્કૃત કોશો પ્રગટ થયાછે, તેમજ સંસ્કૃતના મહારાષ્ટ્રી ભાષામાં અને ગુજરાતી ભાષાનાં કોશો પ્રગટ થયાછે, પરંતુ સંસ્કૃતનો શુદ્ધ ગુજરાતી ભાષામાં આ પહેલોજ કોશ પ્રગટ થશે જેના કદપર વિચાર ન રાખતા નફાપર ધ્યાન ન એંચતાં ગરીબ તવંગરને સમાન લાભ મળી શકે એવા હેતુથી તદ્દન જુજ કિમ્મત રાખીછે જેથી આર્યવ્રત નિવાસી સ્વદેશ બાંધવો આ અમુલ્ય તક ન જવા દેતાં ત્વરાથી ગ્રાહક થઈ પ્રાચીન ગ્રંથોદય મંડળીની ઓફીસમાં નામ નોંધાવવા સ્વદેશ બાંધવો ચુકશે નહી એવી આશાછે.

---

## જાહેરખબર.

**ગુર્જરવિજય માસિકપત્ર**—ચાલુ માસની પહેલી તારીખે (એટલે સને ૧૮૮૯ ના જુનની પહેલી તારીખે) અમારા તરફથી છપાઈ પ્રગટ થયુંછે જે પત્ર દરમાસે બરાબર નિયમસર પ્રગટ થાયછે જેનું વારષિક લવાજમ માત્ર આના આઠ દેશાવરવાળાને પોસ્ટેજ જુદું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચોપાનીઆની અન્દર સ્વદેશ હિત, રાજ્યહિત, અને પ્રાચિન મહન પુરૂષોના જાણવા લાયક વૃતાંત-પરચુરણ બોધ લેવા લાયક વિષયો તથા બાળ અને સ્ત્રી કેળવણી ઉપર વિવેચન કરી પ્રત્યેક વિષય અનુભવિ અને વિદ્વજનોની હસ્ત કળમથી લખાઈ પ્રગટ થાયછે જેની ખાત્રી માસિકપત્ર અવલોકન કરે થશે જેથી વધારે વિવેચન ન કરતાં સંક્ષેપથી ઉપર લખેલી બાબત દર્શાવી છે. માટે જેઓને ગ્રાહક થવા ઇચ્છા હોય તેઓએ **અમદાવાદ પ્રાચીન ગ્રંથોદય મંડળીની** ઓફીસમાંથી રોકડી કીંમતે મંગાવી લેવું,

## જાહેરખબર.

### ( બીરબલ વૃતાંત. )

બીરબલ વૃતાંન—આ નામે કવી બીરબલનું સામન્ય વૃતાંત; તેની હીમત, બાહાદુરી-બુદ્ધી, સમય સુચક વાક્ વિનોદ તથા ચાતુરી વિષે કદાચ કોઈના વાંચવામાં આવ્યુ હશે તો તેની રસીકતા વાંચક વર્ગના અંતઃકરણમાં ઠસ્યા વગર રહેશેજ નહીં; કારણ કે તેની પ્રત્યેક વાત રસ ચાતુરી અને રમુજી છે જેથી તે વધારે શ્રવણ કરવાની ઇચ્છા થાય છે એવા હેતુથી બીરબલનું બાળચરિત્ર, તેની પૂર્વ વયમાં નીરધનપણું અને નિરાશ્રયપણું છતાં તે અકબર બાદશાહને કેવી રીતે મળ્યો, તની સઘળી રાજસભાને કેવી રીતે શોભાવી, તે વખતે તેણે પોતાની વાક્ય ચાતુરી તથા કવીત્પણું કેવું દેખાડ્યું, કવીપદ શી રીતે ધારણ કર્યું, તે બાદશાહની સંપૂર્ણ મેહેરબાની કેવી રી મેળવી, તેની કીર્તી દીન પર દીન કેવી રાતે પ્રસરવા લાગી, તથા આ ફના દૂનીઆમાં પોતાનું નામ અમર કેવી રીતે કર્યું ઇત્સાદી બાબતોનો સમાવેશ કરી આ ચાતુર્ય પુરૂષનું વૃતાંત અને તેના તથા અકબર બાદશાહના કેટલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જાણવા લાયક તથા ગુણ ગ્રાહક ટુચકાએ દાખલ આ બુક અમદાવાદ પ્રાચીન ગ્રંથોદય મંડળી તરફથી સારા કાગળની ઉપર સુંદર ટાઇપથી તથા શુશોભીત બાઇડીંગથી છપાવી પ્રસીદ્ધ કરવામાં આવીછે. તેની કીંમત માત્ર "આના છ" લેવામાં આવશે. પાંચ નકલો સામટી રાખનારને એક પ્રત બક્ષીસ, દેશાવરવાળાને પોસ્ટેજ જુદું. ગ્રાહક થનારે અમદાવાદ પ્રાચીન ગ્રંથોદય મંડળાની ઓફીસમાંથી રોકડી કિમતે મંગાવી લેવું.

## વૈદ્યવત્સલ.

**વૈદ્યવત્સલ.**—આ નામે માસિકપત્ર અમારા તરફથી થોડી મુદતમાં પ્રગટ થશે, જેમાં **શરીર રક્ષક** ઉપાયો આયુર્વેદનું ભાષાન્તર અને ચરક સુશ્રુત વાગભટ અને નિઘંટ આદીક પ્રાચીન વૈદ્યકશાસ્ત્રનાં ગ્રંથોનું યથામતી તત્વરૂપે ભાષાન્તર દાખલ થશે, તેમજ ઇંગ્રેજી અને યુનાની વૈદ્યક શાસ્ત્રમાંના ચમત્કારીક ઓષધી પ્રકારો પણ દાખલ થશે. આ પુસ્તકની અન્દર તમામ દર્દોના નિદાન અને તેની ઓષધી પ્રકારો જેવા કે ક્વાથ, ચુરણ ગોળી, અવલેહ, તેલ ઘ્રતપાક અને મુરબા વીગેરે બનાવવાની રીત અને તેને પ્રત્યેક દરદની ઉપર વાપરવાની તોલમાપ સાથે સમજ શરલ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં દાખલ થશે. માટે તે પુસ્તક સાધારણ જેને ગુજરાતી વાંચતાં લખતાં આવડતું હશે તો તેને પણ અતિ ઉપયોગી થઈ પડશે. આજ કાલ વૈદ્યકશાસ્ત્રનાં પુસ્તકો અને માસિકપત્રો ઘણા પ્રગટ થાયછે, જેમાનાં કેટલાક નકામા અને કેટલાકની કિંમત વધારે હોવાથી શ્રીમન્ત શીવાય ગરીબ લાભ લેઈ શકતા નથી એવા હેતુથી ગરીબ તવંગરને સમાન લાભ મળશે. જેથી તેની કિમ્મત માત્ર રૂપીઆ એક પોસ્ટેજ સાથે રાખવામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવીછે. અને તેનું કદ ડેમી આઠપેજી બે ફારમનું રહેશે ( એટલે દર માસે સોળ પ્રષ્ટમાં પ્રગટ થશે. )

આ માસિકપત્રના જેઓ અગાઉથી એટલે ચાલુ માસની અન્દર ગ્રાહક થઈ અમારી ઓફીસમાં નામ નોંધાવવા જેથી તેઓને અમારા તરફથી દોઢ રૂપીઆની કિમ્મતનો અતિ ઉપયોગી બુક ભેટ મળશે જેથી લવાજમ કર્તા પણ ડબલ નફો મળશે—પણ તેને માટે ખાસ સરત એટલી કે પ્હેલો અંક પહોંચ્યા પછી બીજો અંક મળતાની અન્દર ચાલુ સાલનું લવાજમ માત્ર રૂપીઓ એક મોકલી આપવો જેથી ભેટનું પુસ્તક મોકલવામાં આવશે.

**ભેટ આપવાનું કારણ**—આ પત્રનો બ્હોળો ફેલાવો અને તેના ઉપયોગવડે સ્વદેશ બાંધવોની આરોગ્યતામાં વધારો થવો એજ.

## આ વ્યાધિવિનાસ યા દર્દિના દોસ્ત નામે ગ્રંથને પ્રથમથી આશ્રય આપનાર સદ્ગ્રહસ્થોનાં મુબારક નામો.

| | |
|---|---|
| રા. રા. ચુનીલાલ માણેકલાલ અમદાવાદ ફ. ક. સ. જડજ. | ૫૦ |
| રા. વીઠ્ઠલરાય ગોવરધન પ્રસાદ બ્યાસ. | ૧૦ |
| રા. શીવપ્રસાદ બેચરલાલ મ્હેતા. | ૫ |
| રા. છોટાલાલ હરીલાલ શા. | ૩ |
| રા. જેરામ રતનજી ઇં. સ્કુલ માસ્તર; | ૨ |
| રા. નાગરદાસ નરોતમદાસ નાણાવટી જોઇન્ટ સબજડજ. | ૧ |
| રા. ગોવીંદરાય ઉમ્યાશંકર. | ૧ |
| રા. કનૈયાલાલ બંશીલાલ દ્વિવેદી. | ૧ |
| રા. કનૈયાલાલ રામરાય. | ૧ |
| રા. રતીલાલ બાપાલાલ. | ૧ |
| રા. બાલાભાઈ લલુભાઈ. | ૧ |
| રા. બળવતરાય ગૌરીશંકર ત્રિવેદી. | ૧ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા. લલુભાઈ મહીપતરામ કલાર્ક સ્મોલકોઝ કોર્ટ ૧
રા. પરભુલાલ રાયજીભાઈ કારકુન. ૧
રા. કેશવલાલ મનસુખરામ કારકુન. ૧
રા. ઘેલાભાઈ. ૧
રા. કોઠારી કશલચંદ બેચરદાસ. ૧
રા. નર્મદાશંકર દયાશંકર. ૧
રા. કેશવલાલ બાપુજી. ૧
રા. મોતીલાલ મનસુખરામ. ૧
રા.બા ગીરધરલાલ ઉલટરામ. ૧
રા. જોઇતારામ વજેરામ. ૧
રા. વિજયશંકર પ્રેમશંકર. ૧
રા. ભાઇશંકર ભોગીલાલ. અમદાવાદ મ્યુનીસીપાલ ત્રીજા કારકુન. ૧
રા. જડીયા રણછોડલાલ હીરાચંદ ૧
રા. શા. ગફલદાસ ઝવેરચંદ ૧
રા. મહેતા ગીરધરલાલ મોતીચંદ સ્ટેશનમાસ્તર બી. બી. જે. પી. રેલવે. ૧
રા. મોતીલાલ વિ. પ્રાણલાલ ભરોચ પોષ્ટમાસ્તર બી. બી. જે. પી. રેલવે. ૧
રા. વામનરાવ કપીલરામ જોઇન્ટ સબજજકોર્ટના કલાર્ક. ૧
રા. ઝવેરી મોહનલાલ ગોકળદાસ. ૧
રા. મહેતાજી છગનલાલ તળસીભાઈ. ૧
રા. અંબાલાલ શંકરલાલ—પાઠક ડાકટર. ૧
રા. ચમનલાલ વિ. ગોવીંદલાલ. ૧

આ શીવાયના કેટલાક નામો અમને મ્હોડા મળવાથી અત્રે દાખલ કર્યા નથી પણ તેઓને અગાઉના ગ્રાહક પ્રમાણે ગણી પ્રથમની કિમ્મતે બુક મળશે.

For Private and Personal Use Only

Serving JinShasan
046016
gyanmandir@kobatirth.org